

પેજ-08

વિકીના બર્થ-ડે પર કેટરિનાએ પહેલો ફેમિલી ફોટો શેર કર્યો

# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

પેજ-09

ભારતીય ક્રિકેટમાં સુપરસ્ટાર કલ્ચર મુદ્દે : બે દિગ્ગજો સામસામે ખેલાડી...



હવામાન

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 44.00 | 28.00 |
| વડોદરા | 44.00 | 29.00 |
| સુરત | 39.00 | 29.00 |

પેજ 5



પેટ્રોલ તથા ડીઝલના ભાવવધારાથી રિફાઈનરીઓને મોટી રાહત

18 MAY-2026 MONDAY

ટ્રમ્પના વિધાનોથી તાઈવાન સંકટ વધુ ઘેરું બન્યું



પેજ 10

.....સુવિચાર.....

'સ્માઈલ કર્યા વગર તો સેલ્ફી પણ બગડી જાય છે, આતો જિંદગી છે, સાહેબ બસ હસતાં રહો'

વર્ષ-15 । અંક-186 । વિક્રમ સંવત-2082 । જેઠ સુદ - 02 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


# ત્રિવેન્દ્રમ-દિલ્હી રાજધાની એક્સપ્રેસના AC કોચમાં આગ

## બે કોચ બળીને ખાખ, 68 મુસાફરોનો બચાવ; દિલ્હી-મુંબઈ રેલવે ટ્રેક પર ટ્રેનો રોકવામાં આવી

(એજન્સી) કોટા । તા. 17

કોટા મંડળમાં ત્રિવેન્દ્રમ-હઝરત નિઝામુદ્દીન રાજધાની એક્સપ્રેસ (12431)ના 2 કોચમાં આગ લાગી ગઈ. આ દુર્ઘટના રવિવારે સવારે લગભગ 5.15 વાગ્યે કોટા મંડળના લૂણી રીછા-વિક્રમગઢ આલોટ (મધ્યપ્રદેશ) સ્ટેશન વચ્ચે થઈ.

આગ ટ્રેનના કોચ નંબર B-1 અને તેની પાછળ જોડાયેલા સેકન્ડ લગેજ કમ ગાર્ડ વાનમાં લાગી હતી. દુર્ઘટનાની જાણકારી મળ્યા બાદ કોટા જંકશન પર એલાર્મ વાગવા લાગ્યા. રાહત અને બચાવ ટીમ ઘટનાસ્થળ માટે રવાના થઈ હતી.

સીનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર સૌરભ જૈને જણાવ્યું કે કોચમાં 68 મુસાફરો સવાર હતા. આગ લાગવાની જાણકારી ગાર્ડે સૌથી પહેલા લોકો પાયલટને આપી હતી. ત્યારબાદ ટ્રેનને રોકવામાં આવી.

મુસાફરોને બહાર કાઢવામાં આવ્યા. લગભગ 15 મિનિટમાં આખો કોચ ખાલી કરાવવામાં આવ્યો. થોડી જ મિનિટોમાં આગ આખા કોચમાં ફેલાઈ ગઈ હતી. જોકે, આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી.

રેલવે અધિકારીઓએ જણાવ્યું કે કેટલાક મુસાફરોનો સામાન આગમાં બળી ગયો. આગ લાગવાના કારણોની તપાસ કરવામાં આવી રહી છે.



### કોટા પહોંચતા પહેલા અકસ્માત

ત્રિવેન્દ્રમ રાજધાની રવિવારે સવારે લગભગ 3.45 વાગ્યે મધ્યપ્રદેશના રતલામ જંકશનથી રવાના થઈ હતી. તેનો આગલો સ્ટોપ સવારે 8.45 વાગ્યે કોટા જંકશન હતો. રાજસ્થાનમાં પ્રવેશતા પહેલા વિક્રમગઢ આલોટ સ્ટેશન પાસે એસી કોચમાં આગ લાગી ગઈ. થોડી મિનિટો પછી આગ આગળ પાછળના લગેજ કોચ સુધી પહોંચી ગઈ. અહીં રાખેલો મુસાફરોનો સામાન આગમાં બળી ગયો. આ કોચમાં કોઈ મુસાફર નહોતો.

### વીજળીનું કનેક્શન કાપ્યું, ટ્રાફિક પણ રોક્યો

અકસ્માત બાદથી દિલ્હી-મુંબઈ રેલવે ટ્રેક પર ટ્રાફિક રોકવામાં આવ્યો છે. જ્યારે, ટ્રેનનું વીજળી કનેક્શન કાપી નાખવામાં આવ્યું છે. કોચને પણ ટ્રેનથી અલગ કરવામાં આવ્યો. લગભગ બે કલાક બાદ કોચમાં લાગેલી આગ બુઝાવી દેવામાં આવી. મુસાફરોને બીજા કોચમાં શિફ્ટ કરવામાં આવ્યા. ટ્રેનને લગભગ સાડા ચાર કલાક બાદ કોટા માટે રવાના કરવામાં આવી. કોટામાં ટ્રેનમાં એક્સ્ટ્રા કોચ લગાવવામાં આવશે.

### 6 ટ્રેનોના શેડ્યૂલ પર અસર

સૌરભ જૈને જણાવ્યું કે અકસ્માતને કારણે બંને તરફની 5 થી 6 ટ્રેનોના શેડ્યૂલ પર અસર થઈ છે. ટ્રેનોને અલગ-અલગ સ્ટેશનો પર રોકવામાં આવી હતી. જૈને જણાવ્યું કે મુસાફરો માટે હેલ્પલાઈન નંબર જાહેર કરવામાં આવ્યા છે.

### આંધ્રમાં ત્રીજા-ચોથા બાળકના જન્મ પર પૈસા મળશે

## સીએમ બોલ્યા- રાજ્યમાં જન્મ દર વધારવાની જરૂર, ઓછી વસ્તીથી અર્થતંત્ર પર નકારાત્મક અસર પડી

(એજન્સી) આંધ્ર પ્રદેશ । તા. 17

આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુએ શનિવારે જાહેરાત કરતા કહ્યું કે રાજ્યમાં ત્રીજા બાળકના જન્મ પર પરિવારને 30 હજાર રૂપિયા અને ચોથા બાળકના જન્મ પર 40 હજાર રૂપિયા આપવામાં આવશે.

નાયડુ શ્રીકાકુલમ જિલ્લામાં એક જનસભાને સંબોધિત કરી રહ્યા હતા. આ દરમિયાન તેમણે કહ્યું કે પહેલા તેઓ વસ્તી નિયંત્રણના પક્ષમાં હતા, પરંતુ હવે સમય બદલાઈ ગયો છે. હવે જન્મ દર વધારવાની જરૂર છે. એક મહિનાની અંદર તેની સંપૂર્ણ માહિતી જાહેર કરવામાં આવશે.

આ પહેલા આંધ્ર સરકારે બીજા બાળકના જન્મ પર 25 હજાર રૂપિયાની પ્રોત્સાહન રકમ આપવાના પ્રસ્તાવ પર પણ વિચાર કર્યો છે. 5 માર્ચે મુખ્યમંત્રીએ વિધાનસભામાં તેની જાણકારી આપી હતી.

નાયડુએ કહ્યું કે બાળકોને બોજ નહીં, પરંતુ દેશની સંપત્તિ તરીકે જોવા જોઈએ. કોઈપણ સમાજની વસ્તી સ્થિર રાખવા માટે પ્રતિ મહિલા સરેરાશ 2.1 બાળકોનો જન્મ દર જરૂરી હોય છે. તેમણે દાવો કર્યો કે ઘણા દેશોમાં ઘટતી વસ્તી અને વૃદ્ધ થતી વસ્તીથી અર્થતંત્ર પર નકારાત્મક અસર પડી છે.

મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુએ એપ્રિલ 2025માં મહિલાઓને વધુ બાળકો પેદા કરવાની અપીલ પણ કરી. તેમણે જાહેરાત કરતા કહ્યું હતું કે સરકારી મહિલા કર્મચારીઓને બાળકોની સંખ્યા ભલે ગમે તેટલી હોય, દરેક બાળક પર 26 અઠવાડિયા એટલે કે 6 મહિનાની પ્રસૂતિ રજા મળશે.

### SCને કહ્યું- બંધારણમાં આવી કોઈ જોગવાઈ નથી, જજને સામેલ કરવો એ સંસદનો નિર્ણય છે

## સરકાર બોલી-ચૂંટણી કમિશનરની પસંદગી પેનલમાં જજ જરૂરી નથી

(એજન્સી) નવી દિલ્હી । તા. 17

કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટને જણાવ્યું કે ચૂંટણી પંચ (EC)ના મુખ્ય ચૂંટણી કમિશનર અને ચૂંટણી કમિશનરોની નિમણૂક કરતી સમિતિમાં જજનું હોવું જરૂરી નથી. બંધારણમાં આવી કોઈ જોગવાઈ નથી.

કેન્દ્રએ કહ્યું કે કોઈ જજને પસંદગી સમિતિમાં સામેલ કરવું સંસદનો નિર્ણય હોઈ શકે છે, પરંતુ તેને બંધારણીય મજબૂરી માની શકાય નહીં.

કોર્ટમાં 'મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનર (નિમણૂક, સેવાની શરતો અને કાર્યકાળ) અધિનિયમ, 2023'ને પડકારતી અરજીઓ પર સુનાવણી ચાલી રહી હતી.

આ કાયદા મુજબ, CEC અને ECની નિમણૂક માટે વડાપ્રધાન, લોકસભામાં વિપક્ષના નેતા અને એક કેન્દ્રીય મંત્રીવાળી સમિતિ કરશે. અગાઉ સુપ્રીમ કોર્ટે વચગાળાની વ્યવસ્થામાં તેમાં ભારતના CJIને પણ સામેલ કર્યા હતા.



### 2023માં સુપ્રીમ કોર્ટે CJI વાળી સમિતિ બનાવી હતી

માર્ચ 2023માં સુપ્રીમ કોર્ટે એક નિર્ણયમાં કહ્યું હતું કે જ્યાં સુધી સંસદ આ અંગે કાયદો ન બનાવે ત્યાં સુધી મુખ્ય ચૂંટણી કમિશનર અને ચૂંટણી કમિશનરોની નિમણૂક વડાપ્રધાન, લોકસભામાં વિરોધ પક્ષના નેતા અને CJI વાળી સમિતિની ભલામણ પર થશે. ત્યારબાદ કેન્દ્ર સરકાર નવો કાયદો લઈને આવી. આ કાયદો 2 જાન્યુઆરી 2024થી લાગુ થયો. આ અંતર્ગત હવે પસંદગી સમિતિમાં વડાપ્રધાન, એક કેન્દ્રીય મંત્રી અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા સામેલ છે.

### સરકારના મુખ્ય મુદ્દાઓ...

- બંધારણમાં ક્યાંય લખેલું નથી કે ચૂંટણી પંચની નિમણૂક સમિતિમાં જજ હોવા જોઈએ. જજને સમિતિમાં સામેલ કરવો એ સંસદનો નીતિગત નિર્ણય હોઈ શકે છે, પરંતુ તે બંધારણીય ફરજિયાતપણું નથી.
- સુપ્રીમ કોર્ટનો માર્ચ 2023નો આદેશ માત્ર વચગાળાની વ્યવસ્થા હતી. કોર્ટે પોતે કહ્યું હતું કે આ વ્યવસ્થા ત્યાં સુધી લાગુ રહેશે જ્યાં સુધી સંસદ કાયદો ન બનાવે. હવે સંસદે કાયદો બનાવી દીધો છે, તેથી તે જ વ્યવસ્થા લાગુ પડશે.
- ચૂંટણી પંચની સ્વતંત્રતા માત્ર પસંદગી પ્રક્રિયાથી નક્કી થતી નથી. પંચની બંધારણીય સ્થિતિ, નિશ્ચિત કાર્યકાળ, હટાવવાની સુરક્ષા અને અન્ય કાનૂની જોગવાઈઓ તેની સ્વતંત્રતા સુનિશ્ચિત કરે છે.

### CJI સૂર્યકાંતે કોકરોચવાળા નિવેદન પર સ્પષ્ટતા કરી...

## કહ્યું- તેને ખોટી રીતે રજૂ કરવામાં આવ્યું, મેં નકલી ડિગ્રીધારકોની ટીકા કરી હતી

(એજન્સી) નવી દિલ્હી । તા. 17

ચીફ જસ્ટિસ (CJI) સૂર્યકાંતે શનિવારે પોતાની પરોપજીવી અને વંદાવાળી ટિપ્પણી પર સ્પષ્ટતા કરી. તેમણે કહ્યું કે મીડિયાના એક વર્ગે મારી ટિપ્પણીને ખોટી રીતે રજૂ કરી. CJIએ કહ્યું, મારી ટિપ્પણી ખાસ કરીને એવા લોકો માટે હતી, જેઓ નકલી અને બનાવટી ડિગ્રીઓના સહારે વકીલાત જેવા વ્યવસાયોમાં આવી ગયા છે. મીડિયા, સોશિયલ મીડિયા અને બીજા સન્માનિત વ્યવસાયોમાં પણ આવા લોકો ઘૂસી ગયા છે. તેઓ પરોપજીવીઓ જેવા છે.

ખરેખર, મીડિયા રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવ્યો હતો કે ચીફ જસ્ટિસે 15 મેના રોજ એક કેસની સુનાવણી કરતા દેશના બેરોજગાર યુવાનોની સરખામણી વંદા અને પરોપજીવીઓ સાથે કરી હતી.

સુપ્રીમ કોર્ટની બેન્ચ 15 જાન્યુઆરીએ વકીલ સંજય દુબેની દિલ્હી હાઈકોર્ટના રજિસ્ટ્રાર જનરલ વિરુદ્ધ દાખલ કરાયેલી અરજી પર સુનાવણી કરી રહી હતી. અરજદાર સિનિયર વકીલનો દરજ્જો મેળવવા માંગતો હતો.

જસ્ટિસ બાગચીએ સવાલ કર્યો કે શું સિનિયર એડવોકેટનો ટેગ માત્ર એક સ્ટેટસ સિમ્બોલ છે કે ન્યાય વ્યવસ્થામાં ભાગીદારીનું એક માધ્યમ છે. CJI સૂર્યકાંતે ત્યારે કહ્યું હતું, વંદાની જેમ ઘણા યુવાનો એવા છે, જેમને આ વ્યવસાયમાં રોજગાર નથી મળી રહ્યો. તેઓ સોશિયલ મીડિયા અને RTI એક્ટિવિસ્ટ બની રહ્યા છે. હજારો લોકો એવા છે જે કાળા ઝભ્ભા પહેરીને ફરી રહ્યા છે, પરંતુ તેમની ડિગ્રીઓ પર ગંભીર શંકા છે.

### મોદીની હાજરીમાં કરાર; ટાટા ઈલેક્ટ્રોનિક્સ અને ચિપ બનાવતી ડચ કંપની વચ્ચે પણ ડીલ

## નેધરલેન્ડથી 1000 વર્ષ જૂના તમિલ દસ્તાવેજો ભારત આવશે

(એજન્સી) એમ્સ્ટરડેમ । તા. 17

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની નેધરલેન્ડ યાત્રા દરમિયાન 11મી સદીની ઐતિહાસિક ચોલ તામ્ર પટ્ટીકાઓને ભારત લાવવા પર સમજૂતી થઈ. આ લગભગ 1000 વર્ષ જૂના તમિલ દસ્તાવેજો છે, જેમાં ચોલ સામ્રાજ્ય સંબંધિત ઐતિહાસિક માહિતી છે.

સમજૂતી હેઠળ 11મી સદીની ચોલ તામ્ર પટ્ટીકાઓ જલ્દી ભારત લાવવામાં આવશે. આ 21 મોટી અને 3 નાની તાંબાની પ્લેટોનો સંગ્રહ છે. આમાં મોટાભાગના લેખ તમિલ ભાષામાં લખાયેલા છે. મોદીએ કહ્યું કે આ પટ્ટીકાઓમાં રાજા રાજેન્દ્ર ચોલ પ્રથમ અને તેમના પિતા રાજા રાજરાજા ચોલ પ્રથમ સંબંધિત માહિતી નોંધાયેલી છે.

તામ્ર પટ્ટીકાઓ તાંબાની બનેલી પ્લેટો હોય છે, જેના પર જૂના સમયમાં મહત્વની વાતો લખવામાં આવતી હતી. નિષ્ણાતોના મતે, 19મી સદીમાં જ્યારે યુરોપિયન દેશો ભારત અને એશિયાના અન્ય ભાગોમાં વેપાર અને રિસર્ચ કરી રહ્યા હતા, તે જ સમયગાળા દરમિયાન આ દસ્તાવેજો વિદેશ લઈ જવામાં આવ્યા હતા.



### નેધરલેન્ડના રાજા-રાણીને મળ્યા પીએમ મોદી

શનિવારે મોદીએ નેધરલેન્ડના હેગ શહેરમાં ત્યાંના રાજા વિલેમ-એલેક્ઝાન્ડર અને રાણી મેક્સિમા સાથે મુલાકાત કરી. આ મુલાકાત શાહી મહેલ 'પેલેસ હાઉસ ટેન બોશ'માં થઈ. બેઠક દરમિયાન ભારત અને નેધરલેન્ડના સંબંધોને વધુ મજબૂત કરવા પર ચર્ચા થઈ. બંનેએ શિક્ષણ, ટેકનોલોજી, સેમિકન્ડક્ટર, ડિજિટલ ટેકનોલોજી, વોટર મેનેજમેન્ટ અને ગ્રીન એનર્જી જેવા ક્ષેત્રોમાં સાથે મળીને કામ વધારવાની વાત કરી.

### ટાટા ઈલેક્ટ્રોનિક્સ અને ASML વચ્ચે પણ સમજૂતી

ધ હેગમાં ટાટા દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં ઈલેક્ટ્રોનિક્સ અને ડચ કંપની ASML વચ્ચે પણ સમજૂતી થઈ. આ કરાર સેમિકન્ડક્ટર અને ચિપ ટેકનોલોજીના ક્ષેત્રમાં સહયોગ વધારવા માટે છે. ASML વિશ્વની અગ્રણી ચિપ મશીન બનાવતી કંપનીઓમાંની એક છે, જ્યારે ટાટા ઈલેક્ટ્રોનિક્સ ભારતમાં સેમિકન્ડક્ટર ક્ષેત્રમાં રોકાણ વધારી રહી છે.

### પેટ્રોલ પંપ પર કેરબે-કેરબે દે ધના ધન, લાઈનમાં ઉભા રહેવા બાબતે ઝઘડો થયો હતો

## મહારાષ્ટ્ર: ડીઝલ લેવા માટે પડાપડી, ધબધબાટી બોલી

(એજન્સી) મહારાષ્ટ્ર । તા. 17

મહારાષ્ટ્રના વાશિમમાં ડીઝલની અછત વચ્ચે એક પેટ્રોલ પંપ પર ઉગ્ર મારામારી થઈ. ડીઝલ ભરવાને લઈને બે જૂથો વચ્ચે અથડામણ થઈ, એકબીજા પર કેરબાથી હુમલો કર્યો.

વાશિમ શહેરના અકોલા નાકા વિસ્તારમાં આવેલા પેટ્રોલ પંપ પર ડીઝલ લેવા માટે ભેગા થયેલા ટોળા વચ્ચે ઝપાઝપી થઈ. ડીઝલ ટેન્કર આવતાની સાથે જ મોટી સંખ્યામાં વાહન ચાલકો અને લોકો લાઈનમાં રહેવા માટે દોડી આવ્યા હતા.

આ દરમિયાન, લોકોની ભીડ વધુ હોવાને કારણે લાઈનમાં ઉભા રહેવા બાબતે કેટલાક લોકો વચ્ચે બોલાચાલી થતા ઝઘડો થયો. ઉગ્ર બોલાચાલી થવાના કારણે ડીઝલના કેરબાથી એકબીજા પર હુમલો કર્યો. આ સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે.



### નાની એવી વાતમાં ધબધબાટી બાલી ગઈ

એક નાની વાતે ઝઘડો ઝડપથી ભારે બોલાચાલીમાં પરિણમ્યો, જેમાં લોકો વચ્ચે અથડામણ થઈ. આ ઝઘડો એટલો વધી ગયો કે કેટલાક લોકોએ ડીઝલ ભરવા સાથે લાવેલા કારબાથી એકબીજા પર હુમલો કર્યો. ઘટના સમયે પેટ્રોલ પંપ પર એક ડીઝલ ટેન્કર હમણાં જ આવ્યું હતું. મારામારી જોઈને લોકોના ટોળે-ટોળા ઉમટી પડ્યા હતા. પરિસ્થિતિ વધુ વણસી ગઈ, અને થોડા સમય માટે વિસ્તારમાં અંધાધૂંધી ફેલાઈ ગઈ.

### સોશિયલ મીડિયા પર વીડિયો વાયરલ

આ સમગ્ર ઘટનાનો વીડિયો ત્યાં હાજર કોઈ વ્યક્તિએ કેમેરામાં કેદ કર્યો હતો, અને તે હવે સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયો સોશિયલ મીડિયા પર સામે આવ્યો છે, જેમાં બે જૂથો પેટ્રોલ પંપ પર મારામારી કરતા દેખાય છે. ઝપાઝપી દરમિયાન, તેઓ એકબીજા પર કેરબાથી હુમલો પણ કરે છે. પેટ્રોલ પંપ પર મોટી ભીડ દેખાઈ રહી હતી. ઘટનાનો આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.



## દિલ્હી-NCRમાં CNG આજથી વધુ ₹1 મોંઘો

(એજન્સી) દિલ્હી-NCR । તા. 17

દિલ્હી-NCR માં આજે એટલે કે 17 મે થી CNGનો ભાવ 1 રૂપિયા વધી ગયો છે. દિલ્હીમાં હવે CNG 80.09 રૂપિયા પ્રતિ કિલોમાં મળશે. જ્યારે નોઈડા-ગાઝિયાબાદમાં તેના ભાવ 88.70 રૂપિયા થઈ ગયો છે. 2 દિવસમાં કિંમતોમાં આ બીજો વધારો છે. આ પહેલા 15 મે ના રોજ CNGના ભાવ 2 રૂપિયા પ્રતિ કિલો વધારવામાં આવ્યા હતા. 15 મે ના રોજ પેટ્રોલ અને ડીઝલની કિંમતો 3-3 રૂપિયા પ્રતિ લિટર વધી હતી.

જેના કારણે દિલ્હીમાં પેટ્રોલ 97.77 રૂપિયા પ્રતિ લિટર અને ડીઝલ 90.67 રૂપિયા પ્રતિ લિટર પર પહોંચી ગયું. જ્યારે, કંપનીઓએ મુખ્ય શહેરોમાં CNG પણ 2 પ્રતિ કિલો સુધી મોંઘો કરી દીધો હતો. દિલ્હીમાં હવે એક કિલો CNG માટે 80.09 ખર્ચ કરવા પડી રહ્યા છે.

## ધાર ભોજશાળામાં નવી ગાઈડલાઈન બાદ પૂજા-અર્ચના શરૂ : શ્રદ્ધાળુઓમાં ઉત્સાહ

### ગૌમૂત્રથી શુદ્ધિકરણ કરીને ગર્ભગૃહમાં મા વાગ્દેવીની મહાઆરતી થઈ

(એજન્સી) ધાર । તા. 17

MPના ધારની ઐતિહાસિક ભોજશાળામાં ASIની નવી ગાઈડલાઈન લાગુ થયા પછી પૂજા-અર્ચના શરૂ થઈ ગઈ. આજે (રવિવાર) સવારે મોટી સંખ્યામાં હિન્દુ શ્રદ્ધાળુઓ મા વાગ્દેવીની તસવીરો લઈને ભોજશાળા પહોંચ્યા અને વિધિ-વિધાનથી પૂજા કરી.

આ દરમિયાન ગર્ભગૃહને રંગોળીથી આકર્ષક રીતે શણગારવામાં આવ્યું. પૂજા પહેલાં પરિસરને ગૌમૂત્રથી શુદ્ધ કરવામાં આવ્યું.

ભોજશાલા પરિસરની બહાર સ્થિત જ્યોતિ મંદિરની અખંડ જ્યોતને પણ ગર્ભગૃહમાં



સ્થાપિત કરવામાં આવી. સૂર્યોદયની સાથે જ મંત્રોચ્ચાર શરૂ થઈ ગયો. શ્રદ્ધાળુઓમાં ઘણો ઉત્સાહ જોવા મળ્યો અને તેમણે નૃત્ય કરીને ખુશી વ્યક્ત કરી.

આ પહેલાં શનિવારે સાંજે કેન્દ્રીય રાજ્ય મંત્રી સાવિત્રી ઠાકુર અને માંડુના સંત મહામંડલેશ્વર નિસર્ગ દાસજી મહારાજ પણ પૂજા-અર્ચના માટે પહોંચ્યા. ત્યાં જ કલેક્ટર રાજીવ રંજન મીણા અને SP સચિન શર્માએ પણ ભોજશાળા પહોંચીને પૂજા કરી.

તેમણે કહ્યું કે હું બધા લોકોને અભિનંદન આપું છું. પહેલા શુક્રવારના દિવસે અહીં તણાવનું વાતાવરણ રહેતું હતું, પરંતુ હવે સ્થિતિ સામાન્ય થઈ ગઈ છે. હવે કોઈ પણ શ્રદ્ધાળુ ગમે ત્યારે આવીને દર્શન કરી શકે છે. મુખ્યમંત્રી ડો. મોહન યાદવે કહ્યું છે કે ભોજશાળાને વધુ સારી રીતે વિકસાવવામાં આવશે.

જેથી દેશ-પ્રદેશમાંથી લોકો અહીં આવે અને મા વાગ્દેવીના આશીર્વાદ પ્રાપ્ત કરે.

## નેધરલેન્ડ-હૈદરાબાદ ફ્લાઈટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

(એજન્સી) હૈદરાબાદ । તા. 17

હૈદરાબાદ એરપોર્ટ પર નેધરલેન્ડથી આવી રહેલી કુઆલાલંપુર એરવેઝની એક ફ્લાઈટને ઈમેઈલ દ્વારા બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી. ધમકી મળ્યા બાદથી આખું હૈદરાબાદ એરપોર્ટ હાઈ એલર્ટ પર છે. મેલમાં દાવો કરવામાં આવ્યો હતો કે પ્લેનમાં બોમ્બ છે, જે ગમે ત્યારે બ્લાસ્ટ થઈ શકે છે. જોકે, ફ્લાઈટ સુરક્ષિત રીતે હૈદરાબાદ પહોંચી ગઈ. આ પહેલા શુક્રવારે સાંજે 6:30 વાગ્યે હૈદરાબાદ એરપોર્ટ પર બોમ્બની ધમકીનો એક ઈમેઈલ મળ્યો હતો. જેના પછી આખા એરપોર્ટની તપાસ કરવામાં આવી હતી. તેમાં કહેવામાં આવ્યું હતું કે મલેશિયાથી હૈદરાબાદ આવતી એરએશિયાની એક ફ્લાઈટને તેના પહોંચતા પહેલા જ બોમ્બથી ઉડાવી દેવામાં આવશે. ગુરુવારે જર્મનીના ફ્રેન્કફર્ટથી હૈદરાબાદ આવતી લુફ્થાંસા ફ્લાઈટને પણ આવી જ ધમકી આપવામાં આવી હતી.

## સિંહ-સિંહણે ગાયનો શિકાર કર્યાનાં જીવંત દ્રશ્યોથી જંગલ સફારી રોમાંચક

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

સાસણ ગીરના જંગલમાં કુદરતનું અદભૂત અને ભાગ્યે જ જોવા મળતું દ્રશ્ય પ્રવાસીઓની નજરે ચડયું હતું. જંગલ સફારી દરમ્યાન એક સિંહણે પ્રવાસીઓની જીપ્સીની પાછળ થી અચાનક દોડીને ગાયનો શિકાર કર્યો હતો, જેના જીવંત દ્રશ્યો જોઈને પ્રવાસીઓમાં ભારે કુતૂહલ અને રોમાંચ જોવા મળ્યા હતા.પશુના ઘેરામાંથી ગાય છૂટી પડી અને અજાણતા જ ચપળ સિંહણનો કોળિયો બની ગઈ: લાઈવ હંટના ફૂટેજ સોશ્યલ મીડિયામાં વાયરલ.....સાસણ ગીરના નિયત સફારી રૂટ પર જ્યારે પ્રવાસીઓ જીપ્સીમાં જઈ રહ્યા હતા ત્યારે એક સિંહણ જીપ્સીની પાછળ પાછળ ચાલી રહી હતી. થોડે દૂર સામેના રસ્તેથી એક ગાય અજાણતા દોડતી દોડતી આવી રહી હતી. ગાય જે તરફ આવતી હતી ત્યાં સિંહ હતા તેની ગાયને જાણ ન હતી. સિંહણે પોતાની કુદરતી ચપળતા બતાવતાં જીપ્સી પાછળ છુપાઈ જઈને તક મળ્યે પલકવારમાં ગાય પર હુમલો કર્યો હતો. આ લાઈવ શિકારની સૌથી રોમાંચક વાત એ હતી કે, સિંહણે હુમલો કર્યાની ગણતરીની સેકન્ડોમાં જ નજીકની ઝાડીઓમાંથી અન્ય સિંહ પણ ગાયને શિકાર બનાવવા દોડી આવ્યો હતો. આ દ્રશ્ય જોઈને પ્રવાસીઓ સ્તબ્ધ થઈ ગયા હતા.સામાન્ય રીતે સિંહો સૂતા હોય અથવા રસ્તા પર ચાલતા હોય તેવા દ્રશ્યો જોવા મળતા હોય છે પરંતુ લાઈવ હંટ (જીવંત શિકાર જોવો એ ભાગ્યશાળી પ્રવાસીઓ માટે જ શક્ય બને છે. આ આખી ઘટના પ્રવાસીઓએ પોતાના મોબાઈલ કેમેરામાં કેદ કરી લીધી હતી. વન વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર, જંગલના સફારી રૂટ પર નેસની નજીકમાં માલધારી ઓ પોતાના હક મુજબ માલઢોરનું ચરિયાણ કરાવતા હોય છે.તેવામાં પશુના ઘેરામાંથી ગાય છુટી પડી અને ભડકીને અજાણતા સિંહણના શિકારનો ભોગ બની હતી. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં ભારે વાયરલ થઈ રહ્યો છે.

## ઉપલેટામાં ઘેટીયા સ્કુલ માં ઘેટીયા પરિવાર દ્વારા એમ્બ્યુલન્સ વાવનું સ્પોર્ટ્સ નું લોકાર્પણ યોજાયું

વિજય રાડીયા | ઉપલેટા

ઉપલેટાના વી.પી ગેટીયા સ્કૂલ માં સેવાભાવી ઘેટિયા પરિવારના પરબતભાઈ જસમતભાઈની સેવાકીય વારસાને આગળ ધપાવતા આગામી તા.૧૬ને શનિવારે સાંજે ૬ વાગ્યે વી.પી. ઘેટિયા હાઈસ્કૂલના ગ્રાઉન્ડમાં લોકોની સુખાકારી માટે એમ્બ્યુલન્સ અને સ્પોટર્સ સુવિધાનું લોકાર્પણના કાર્યક્રમ યોજાશે.ઘેટીયા પરિવાર અને કડવા પટેલ સ્પેશ્યલ ગ્રુપ ઉપલેટાના સંયુક્ત ઉપક્રમે આયોજીત કાર્યક્રમમાં કૃષ્ણ ઓઈલ કેકપરિવાર દ્વારા ઉપલેટા નગરની સુવિધાઓમાં વધારો કરવાના ઉમદા વિચાર સાથે સ્વ.રામજીભાઈ પરબતભાઈ ઘેટિયાના પુત્ર પિયુષભાઈ ઘેટિયા દ્વારા બાળકો અને વિદ્યાર્થીઓમાં રમત-ગમત રૂચી વધે તે હેતુથી આધુનિક બોક્સ ક્રિકેટ ગ્રાઉન્ડ અને નગરજનોની અરોગ્યલક્ષી સેવા માટે કડવા પટેલ સોશ્યલ ગ્રુપને નૂતન એમ્બ્યુલન્સનું લોકાઅર્પણનું આયોજન પિયુષભાઈ ઘેટિયા તથા ઘેટિયા પરિવારના સભ્યોના હસ્તે કરવામાં આવ્યું.

## જિલ્લા સંકલન સમિતિ ની બેઠક માં રાજપીપલા ના ધારાસભ્ય એ SOU માં સ્થાનિકો ને રોજગારી નો પ્રશ્ન ઉઠાવ્યો

રાજપીપલા | રાજપીપલા ના ધારાસભ્ય ડો. દર્શના દેશમુખે અત્રે કલેકટર ના અધ્યક્ષ સ્થાને મળેલી સંકલન સમિતિ ની બેઠક માં SOU માં સ્થાનિક લોકો નો રોજગારી નો પ્રશ્ન ઉઠાવ્યો હતો . પ્રાપ્ત માહિતી મુજબ કલેકટર ગંગાસિંગ ના અધ્યક્ષ સ્થાને મળેલી જિલ્લા સંકલન સમિતિ ની બેઠક માં SOU માં જમીન ગુમાવનારા અસરગસ્તો ના પરિવારો ને રોજગારી મળે તેવો પ્રશ્ન ધારાસભ્ય એ ઉઠાવ્યો હતો . અત્રે નોંધનીય છે કે સ્થાનિક અનેક લોકો નોકરી મેળવવા વલખા મારે છે જ્યારે બહાર ના લોકો એજન્સીઓ માં નોકરી પામે છે . ત્યારે સરકારે આ બાબત ગંભીરતા થી લઇ સ્થાનિક લોકો ને નોકરી મળે તેવી વ્યવસ્થા કરવી રહી આ ઉપરાંત ધારાસભ્ય ડો . દેશમુખે જિલ્લાની જર્જરિત આંગણવાડીઓ તેમજ કરજણ નદી ના ઓવારા પાસે નો બંધ પડેલ પુલ પુનઃ ચાલુ કરવા પણ રજુઆત કરી હતી.

# AAP દ્વારા 2027-વિધાનસભા ચૂંટણીઓની તૈયારીઓના ભાગરૂપે મહત્વપૂર્ણ બેઠકનું આયોજન

### AAP પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી, ધારાસભ્યો ગોપાલ ઈટાલીયા, ચૈતર વસાવા, હેમંત ખવા સહિતના નેતાઓ રહ્યા હાજર



અમદાવાદ | ગુજરાતમાં 2027ની વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને આમ આદમી પાર્ટી (AAP) દ્વારા મહત્વપૂર્ણ સંગઠનાત્મક અને વ્યૂહાત્મક બેઠકનું આયોજન કરવામાં આવ્યું. અમદાવાદ ખાતે યોજાયેલી આ બેઠકમાં પાર્ટીના રાષ્ટ્રીય તેમજ પ્રદેશ સ્તરના નેતાઓએ હાજરી આપી અને આગામી ચૂંટણી માટેની તૈયારીઓ અંગે ચર્ચા કરી. બેઠકમાં AAPના ગુજરાત પ્રદેશ પ્રભારી ગોપાલ રાય, સહપ્રભારી દુર્ગેશ પાઠક, સહપ્રભારી દિનેશ મોહનિયા, સહપ્રભારી વિનય મિશ્રા અને સહપ્રભારી ગૌરવ શર્મા ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી, ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા, ધારાસભ્ય ચૈતર વસાવા, ધારાસભ્ય હેમંત ખવા અને નેશનલ જોઈન્ટ સેક્રેટરી રાજુભાઈ સોલંકી સહિત પ્રદેશના અગ્રણીઓ, ફ્રન્ટલ સંગઠનના હોદ્દેદારો તેમજ અન્ય અગ્રણીઓએ બેઠકમાં ભાગ લીધો હતો.બેઠક દરમિયાન 2027ની વિધાનસભા ચૂંટણી માટે પાર્ટીની રણનીતિ, સંગઠન મજબૂત બનાવવાની યોજના, બૂથ સ્તરે કાર્ય વિસ્તરણ અને જનસંપર્ક અભિયાન અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી. પાર્ટીએ રાજ્યભરમાં સંગઠનને વધુ સક્રિય બનાવવાના પ્રયાસો તેજ કરવાની દિશામાં માર્ગદર્શન આપ્યું. બેઠક દરમિયાન પ્રદેશ પ્રભારી ગોપાલ રાયે જણાવ્યું કે, "વિસાવદર માત્ર શરૂઆત હતી, હવે લક્ષ્ય 2027માં ગુજરાતમાં પરિવર્તન લાવવાનું છે." તેમણે વધુમાં જણાવ્યું કે સ્થાનિક સ્વરાજની ચૂંટણી એક યુદ્ધનું મેદાન બની ગઈ હતી અને ખૂબ જ મોટી સંખ્યામાં AAP કાર્યકર્તાઓ અને પદાધિકારીઓને પોલીસ દ્વારા હેરાન કરવામાં આવ્યા હતા અને તેમ છતાં કાર્યકર્તાઓએ મેદાનમાં મજબૂત લડત આપી હતી અને ચૂંટણીમાં સારા પરિણામ આવ્યા હતા. ગુજરાતમાં જનતા હવે નવા વિકલ્પ તરફ આગળ વધી રહી છે અને આગામી સમયમાં આમ આદમી પાર્ટી વધુ મજબૂત સંગઠન સાથે લોકો વચ્ચે પહોંચશે અને 2027 AAP મોટું પરિવર્તન લાવશે.

### રણુજાથી દર્શન કરી પરત ફરતાં ધાનેરાના યાત્રાળુનો અકસ્માત

# ભારતમાલા રોડ પર નીલગાયને બચાવતાં સ્કોર્પિયો પલટી ગઈ, ઘટનાસ્થળે 3નાં મોત, 3ને ઈજા



પાલનપુર | રાજસ્થાનના રણુજાથી દર્શન કરીને પરત ફરી રહેલા બનાસકાંઠાના ધાનેરા તાલુકાના થાવર ગામના યાત્રાળુઓની સ્કોર્પિયોને ગમખ્વાર અકસ્માત નડ્યો છે. બાલોતરા જિલ્લાના આસોતરા પાસે ભારતમાલા રોડ પર દુર્ઘટના બની છે. કાર સામે અચાનક નીલગાય આવી જતાં તેને બચાવવાના પ્રયાસમાં ચાલકે કાબૂ ગુમાવ્યો હતો, જેને પગલે કાર રોડ પર પલટી ખાઈ ગઈ હતી.

આ ભયાનક અકસ્માતમાં 3 લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા છે, જ્યારે અન્ય 3 લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. ઈજાગ્રસ્તોને નાહટા હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે જોધપુર રીફર કરવામાં આવ્યા હતા.

પ્રાપ્ત વિગતો અનુસાર, ધાનેરા તાલુકાના થાવર ગામના શ્રદ્ધાળુઓ રાજસ્થાન સ્થિત રણુજા ખાતે દર્શન કરવા માટે ગયા હતા. દર્શન પતાવીને તમામ લોકો કાર દ્વારા પરત ઘરે ફરી રહ્યા હતા. આ દરમિયાન ભારતમાલા હાઈવે પર એકાએક એક નીલગાય સ્કોર્પિયોની સામે આવી ગઈ હતી. નીલગાયને બચાવવા જતાં કાર ચાલકે સ્ટેયરીંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો અને સ્કોર્પિયો પલટી મારી ગઈ હતી. અકસ્માત એટલો સર્જાયો હતો કે કારમાં સવાર થાવર ગામના 3 શ્રદ્ધાળુઓના ઘટનાસ્થળે જ પ્રાણ પંખેરૂ ઊડી ગયા હતા. જ્યારે અન્ય 3 મુસાફરોને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. અકસ્માતને પગલે હાઈવે પરથી પસાર થતા અન્ય વાહનચાલકો બચાવ કામગીરી માટે દોડી આવ્યા હતા. તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. અકસ્માતની જાણ થતાં જ થાવર ગામ સહિત મૃતકોના પરિવારમાં ભારે શોકનો માહોલ વ્યાપી ગયો છે.

## અમદાવાદ એરપોર્ટ પર બેંગકોકથી લાવવામાં આવેલો 6 કિલો ગાંજો ઝડપાયો, એકની ધરપકડ




અમદાવાદના ઈન્ટરનેશનલ એરપોર્ટ પર એર ઈન્ટેલિજન્સ યુનિટ (AIU)એ ડ્રગ્સની હેરાફેરીના વધુ એક રેકેટનો પર્દાફાશ કર્યો છે. શનિવારે (16મી મે) રાત્રે બેંગકોકથી આવેલા એક પેસેન્જર પાસેથી 6.540 કિલોગ્રામ ગાંજો જપ્ત કરવામાં આવ્યો છે. આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ મારફતે કિંમતી નશીલા પદાર્થની તસ્કરી કરવા બદલ આરોપી પેસેન્જર સામે NDPS એક્ટ હેઠળ ગુનો નોંધી તેની ધરપકડ કરવામાં આવી છે. મળતી માહિતી અનુસાર, એર ઈન્ટેલિજન્સ યુનિટની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે બેંગકોકથી આવી રહેલી ફ્લાઈટમાં ડ્રગ્સનો જથ્થો લવાઈ રહ્યો છે. થાઈ એરવેઝ ઈન્ટરનેશનલની ફ્લાઈટ નંબર TG-343 દ્વારા આ પેસેન્જર બેંગકોકથી અમદાવાદ પહોંચ્યો હતો. એક શંકાસ્પદ પેસેન્જરને અટકાવીને જ્યારે તેના સામાનનું સ્કેનિંગ અને તપાસ કરવામાં આવી, ત્યારે તેની ટ્રોલી બેગમાંથી 6 વેક્યુમ સીલ કરેલા પેકેટો મળી આવ્યા હતા. આ પેકેટો ખોલતા તેમાંથી લીલા રંગનો સૂકા છોડ જેવો પદાર્થ મળ્યો હતો. એરપોર્ટ પર જ પ્રાથમિક ટેસ્ટ કરવામાં આવતા તે ગાંજો હોવાનું સ્પષ્ટ થયું હતું. પકડાયેલા આરોપીની પ્રાથમિક પૂછપરછમાં ચોંકાવનારી વિગતો સામે આવી છે. પકડાયેલો શખસ મૂળ છત્તીસગઢના રાયપુરનો રહેવાસી છે. ખાસ વાત એ છે કે આ પેસેન્જરની આ આખી જિંદગીની પહેલી જ વિદેશ યાત્રા હતી. પહેલા પ્રવાસમાં જ તે મોટી કમાણીની લાલચે ડ્રગ્સ માફિયાઓ માટે 'ડ્રગ કેરિયર' બનીને ગાંજાની હેરાફેરી કરતા રંગેહાથ ઝડપાઈ ગયો હતો.

એરપોર્ટ સુરક્ષા એજન્સીઓ અને પોલીસ હવે આ કેસના મૂળ સુધી પહોંચવા કવાયત હાથ ધરી રહી છે. આ પેસેન્જર બેંગકોકથી કોના કહેવાથી આટલી મોટી માત્રામાં ગાંજો લાવ્યો હતો? અમદાવાદ કે ભારતના અન્ય કયા શહેરમાં આ જથ્થો સપ્લાય કરવાનો હતો? અને આ રેકેટ પાછળ કઈ આંતરરાષ્ટ્રીય ગેંગ સક્રિય છે, તે દિશામાં સઘન પૂછપરછ અને તપાસ શરૂ કરવામાં આવી છે.

# News Brief

## ડ્રેનેજ-ઈજનેર વિભાગ સામે 1.35 લાખ ફરિયાદ, કોર્પોરેટર-અધિકારી મૂંગા-બહેરા! તંત્રએ 'ગૌરવ' લેવા જેવો રેકોર્ડ

અમદાવાદ : અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ડ્રેનેજની કામગીરી માટે ફાળવાતી પૂરેપૂરી ખર્ચ કરવામાં આવતી નથી અને જેના કારણે ટેક્સ ભરવા છતાં લોકોને સુવિધાને સામે હાલાકી જ ભોગવવાનો વારો આવે છે. તંત્રના વાંકે કોટ વિસ્તારમાં ડ્રેનેજ ઉભરાવવી, ગટર અને પાણીની લાઈનમાં લીકેજ કે બંને લાઈન મિક્સ થઈ જવી જેવી 1.35 લાખ ફરિયાદ છેલ્લા 16 મહિનામાં સી.સી.આર.એસ. દ્વારા નાગરિકોએ ઓનલાઈન નોંધાવવાની ફરજ પડી છે.

વર્ષ 2024-25ના વાર્ષિક બજેટમાં સ્ટેન્ડિંગ કમિટીએ ડ્રેનેજની કામગીરી માટે 480 કરોડ રૂપિયા ફાળવ્યા હતા. સુધારેલા અંદાજ મુજબ 249.20 કરોડ રૂપિયા ખર્ચ થયો હતો. કોટ વિસ્તાર જ્યાં છે તેવા મધ્ય ઝોનમાં કેપિટલના કામો કરવા માત્ર 95 કરોડ રૂપિયા ફાળવાયા હતા. કુલ 1.88 લાખ ફરિયાદો પૈકી ડ્રેનેજ-ઈજનેર વિભાગની 1.35 લાખ ફરિયાદ તંત્રની નિષ્ફળતા સૂચવે છે. શહેરના કોટ વિસ્તાર અને મધ્યઝોનમાં આવતા છ વોર્ડની છેલ્લા એક દાયકાથી પણ વધુ સમયથી સતત ઉપેક્ષા કરવામાં આવી રહી છે. આ કારણથી આ છ વોર્ડમાં નળ, ગટર અને પાણી જેવી પ્રાથમિક સુવિધા મેળવવા માટે પણ રહીશો સતત વલખાં મારી રહ્યા છે, એમ કહેવામાં જરાપણ અતિશયોક્તિ નથી. 6 વોર્ડના લોકોની સૌથી મોટી કમનસીબી એ કે, તેમને અભ્યાસુ કોર્પોરેટર મળતા નથી. જે તંત્રના કાન આમળી પૂછી શકે કે, મધ્ય ઝોનના 50થી વધુ વિસ્તારો માટે ઓરમાયું વર્તન કેમ? અન્ય ઝોનમાં એક ફરિયાદ મળતાંની સાથે તંત્ર દોડતું થઈ જાય છે તો મધ્યઝોનના રહીશોને ક્યા કારણથી અન્યાય થઈ રહ્યો છે.

## જામનગરની ઠેબા ચોકડી પાસે અકસ્માતની હારમાળા!, ટ્રકચાલકે એક સાથે પાંચ વાહનોને અડફેટે લીધા

જામનગર | જામનગર શહેરની ભાગોળે અકસ્માત ઝોન તરીકે કુખ્યાત બનેલી ઠેબા ચોકડી પાસે શનિવારે (16મી મે) મોડી રાત્રે વધુ અકસ્માત સર્જાયો છે. પૂરપાટ ઝડપે આવી રહેલા એક ટ્રકે એકસાથે પાંચથી વધુ વાહનોને અડફેટે લેતાં હાઈવે પર ચીસાચીસ અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આ ગંભીર દુર્ઘટનામાં બાઈકચાલક યુવાનને ગંભીર ઈજાઓ પહોંચી છે, જ્યારે અકસ્માતને પગલે હાઈવે પર કિલોમીટરો લાંબો ટ્રાફિક જામ થઈ ગયો હતો.

મળતી માહિતી અનુસાર, ઠેબા ચોકડી નજીક આવેલા બારાડી પેટ્રોલ પંપ પાસે આ ઘટના ઘટી હતી. એક બેફામ ગતિએ દોડતા ટ્રકના ચાલકે સ્ટેયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો અને રસ્તા પર જતા તથા ઊભેલા 5થી વધુ વાહનોને પાછળથી ધડાધડ ટક્કર મારી દીધી હતી. આ અકસ્માતમાં એક બાઈક સવાર યુવાન ટ્રકની અડફેટે આવી જતાં તેને ગંભીર ઈજાઓ થઈ હતી. સ્થાનિક લોકોએ તાત્કાલિક લોહીલુહાણ હાલતમાં તેને સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડ્યો હતો. આ અકસ્માત એટલો જોરદાર હતો કે ભોગ બનેલા વાહનોના કુરચા બોલી ગયા હતા.

અકસ્માતને પગલે ઠેબા ચોકડી હાઈવે પર વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી અને વાહનચાલકો મધરાતે કલાકો સુધી અટવાયા હતા. ઘટનાની જાણ થતાં જ સિટી-એ ડિવિઝન પોલીસની ટીમ કાફલા સાથે ઘટનાસ્થળે દોડી આવી હતી.

## વિસનગરના જુનિયર ફાર્માસિસ્ટની કચ્છ બદલી, ખાતાકીય તપાસના આદેશ...



ગુજરાત | રાજ્યમાં દર્દી હિતને પ્રાથમિકતા આપતા આરોગ્ય વિભાગે વધુ એક કડક કાર્યવાહી હાથ ધરી છે. દવાનો પૂરતો જથ્થો ઉપલબ્ધ હોવા છતાં દર્દીઓને દવા આપવામાં બેદરકારી દાખવવાના મામલે આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરિયાએ વિસનગરમાં ફરજ બજાવતા જુનિયર ફાર્માસિસ્ટ પ્રશાંત શ્રીમાળીની કચ્છ ખાતે બદલી કરવાનો તેમજ તેમની સામે ખાતાકીય તપાસ શરૂ કરવાની સૂચના આપી છે.

આરોગ્ય મંત્રીના નિર્દેશ બાદ કરવામાં આવેલી તપાસમાં ગાંધીનગર ખાતે જરૂરી દવાઓનો પર્યાપ્ત જથ્થો ઉપલબ્ધ હોવાનું સામે આવ્યું હતું. તેમ છતાં દર્દીઓને સમયસર દવા ન મળ્યાની ફરિયાદોને ગંભીરતાથી લઈ આરોગ્ય વિભાગે જવાબદાર કર્મચારી સામે કાર્યવાહી શરૂ કરી છે. આરોગ્ય વિભાગે સ્પષ્ટ કર્યું છે કે, દર્દીઓના આરોગ્ય સાથે કોઈપણ પ્રકારની બેદરકારી સહન કરવામાં આવશે નહીં. સરકારી હોસ્પિટલોમાં આવનારા દર્દીઓને સમયસર, ગુણવત્તાસભર અને સરળ આરોગ્ય સેવા મળે તે માટે સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. રાજ્ય સરકાર દર્દીકેન્દ્રિત આરોગ્ય સેવાઓને વધુ અસરકારક બનાવવા માટે કડક વલણ અપનાવી રહી હોવાનું પણ સૂત્રોએ જણાવ્યું છે.

## ભરૂચ શહેર ખાતે કાર્યરત કે વલ્ડ વાઇડ હ્યુમનકેર ફાઉન્ડેશન દ્વારા વલ્ડ વાઇડ હ્યુમનકેર ફાઉન્ડેશન દ્વારા દીવ્યાંગ વાલીઓના બાળકોને સ્કુલ કિટ વિતરણનો કાર્યક્રમ યોજાયો

મલેક યસદાની,ભરૂચ



દર વર્ષની જેમ આ વર્ષે પણ રવિવારના રોજ ભરૂચ બાયપાસ નજીક પટેલ સોસાયટી પાસે આવેલ વલ્ડ વાઇડ હ્યુમનકેર ફાઉન્ડેશન સંચાલિત બ્લાઈન્ડ એન્ડ ડિસેબલ સેન્ટર ખાતે એવા બાળકો કે જેમના વાલી દિવ્યાંગ છે એવા બાળકોને સ્કુલ કિટ વિતરણનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં શબ્બીર વાઝા વહાલુવાલા તેમજ સાજીદભાઈ સખી પરીએજવાલા તરફથી સ્કુલ કિટનું દાન આપવામાં આવેલુ. જેમાં બાળકોને દરેક વિષયની ગાઈડ, ચોપડા, પેન-પેન્સિલનો સેટ તેમજ પાણીની બોટલ આપવામાં આવી. આ કાર્યક્રમમાં લગભગ ૪૬ જેટલા લાભાર્થીઓએ કિટનો લાભ લીધો. આ કાર્યક્રમમાં શબ્બીરભાઈ વાઝા વ્હાલું વાલા, અબ્દુલભાઈ કામથી, ઈમરાન પટેલ કાઉન્સિલર અને આસીફભાઈ સરપંચ ખોજબલ હાજર રહ્યા હતા. તેમજ આ કાર્યક્રમને સંસ્થાના મેનેજર જાવીદભાઈ, અબ્દુસ્સમદ સાહેબ, સૈયદ રિયાઝબાવા વાઈટ હાઉસ અને સંસ્થાયના સ્ટાફે હાજરી આપીને સફળ બનાવ્યો હતો.

## ખાનગી બસમાં કોથળા ભરીને રાજકોટ લઈ જવાતી 100 કિલો ચાંદી ઝડપાઈ, SGSTની કાર્યવાહી

અમદાવાદ | રાજકોટ એરપોર્ટ પરથી 10 કરોડ રૂપિયાની ચાંદી ઝડપાયા બાદ હવે સ્ટેટ જીએસટી વિભાગે વધુ એક મોટી કાર્યવાહી કરી છે. અમદાવાદના ગીતા મંદિરથી લક્ઝરી બસમાં રાજકોટ તરફ જઈ રહેલા એક શખસ પાસેથી કોથળા ભરેલી 100 કિલો ચાંદીનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે. મળતી માહિતી અનુસાર, સ્ટેટ જીએસટીની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે અમદાવાદથી રાજકોટ જતી ખાનગી લક્ઝરી બસમાં ચાંદીની ગેરકાયદે હેરાફેરી થઈ રહી છે. આ બાતમીના આધારે ગીતા મંદિર વિસ્તારમાં વોચ ગોઠવીને એક શંકાસ્પદ શખસને અટકાવવામાં આવ્યો હતો. તેની પાસે રહેલા કોથળા ભરીની તપાસ કરતા તેમાંથી 100 કિલો ચાંદી મળી આવી હતી.

જીએસટી વિભાગની પ્રાથમિક તપાસમાં આ ચાંદીના જથ્થા અંગે ચોંકાવનારી વિગતો બહાર આવી છે. પકડાયેલા ચાંદીના કુલ જથ્થામાંથી 80 ટકા જથ્થાનું કોઈ પાકું બિલ, હિસાબ કે કાયદેસરના દસ્તાવેજો મળ્યા નથી. આટલી મોટી માત્રામાં ચાંદી પકડાઈ હોવા છતાં, હજુ સુધી કોઈ વેપારીએ



આ માલ પોતાનો હોવાનો સત્તાવાર દાવો કર્યો નથી. હાલમાં ગીતા મંદિરથી પકડાયેલી 100 કિલો ચાંદી મામલે સ્ટેટ જીએસટીએ તપાસ શરૂ કરી છે.

## ગોમતીઘાટમાં સ્નાન કરતી વખતે રાજકોટના બે સગા ભાઈઓ ડૂબ્યા

દ્વારકા | દેવભૂમિ દ્વારકામાં પવિત્ર અધિક માસના પ્રારંભના પહેલા દિવસે જ કરુણ ઘટના બની છે. જગવિખ્યાત ગોમતી નદીના ઘાટ પર આજે (16મી મે) વહેલી સવારે સ્નાન કરતી વખતે રાજકોટના એક જ પરિવારના બે સગા ભાઈઓ અચાનક ઊંડા પાણીમાં ડૂબવા લાગ્યા હતા. સ્થાનિક લોકોએ એક ભાઈને સુરક્ષિત બહાર કાઢી લેવામાં આવ્યો છે, જ્યારે બીજો ભાઈ નદીના તેજ પ્રવાહમાં લાપતા થઈ ગયો છે. આ દુર્ઘટનાને પગલે પવિત્ર તહેવારના માહોલ વચ્ચે સમગ્ર ઘાટ પર હાજર શ્રદ્ધાળુઓમાં ભારે અરેરાટી વ્યાપી ગઈ છે.

મળતી માહિતી અનુસાર, આજથી પવિત્ર ગણાતા અધિક માસનો વિધિવત પ્રારંભ થયો છે. દેવભૂમિ દ્વારકામાં ગોમતી નદીના સ્નાનનું સવિશેષ ધાર્મિક મહત્ત્વ હોવાથી વહેલી સવારથી જ હજારો શ્રદ્ધાળુઓની ભારે ભીડ ગોમતીઘાટ પર ઉમટી પડી હતી. લોકો હરિનામ સ્મરણ સાથે પવિત્ર ડૂબકી લગાવી રહ્યા હતા, ત્યારે જ રાજકોટથી પરિવાર સાથે દર્શનાર્થે આવેલા બે યુવાન ભાઈઓ સ્નાન કરવા માટે પાણીમાં ઉતર્યા હતા.

# ગાંધીનગરમાં તસ્કરોનો તરખાટ:બાયસેગની નવી બિલ્ડિંગમાંથી ₹19.59 લાખનો સેન્ટ્રલ એસીનો કોપર સામાન ચોરાયો

ગાંધીનગર | પાટનગર ગાંધીનગરના હાઈ-સિક્યોરિટી અને અત્યંત સુરક્ષિત ગણાતા વિસ્તારમાં આવેલી મહત્વની સરકારી સંસ્થા 'ભાસ્કરાચાર્ય ઈન્સ્ટિટ્યુટ ઓફ સ્પેસ એપ્લિકેશન એન્ડ જીઓ-ઈન્ફોર્મેટિક્સ' (BISAG-બાયસેગ) ખાતે ચોરીની ઘટના સામે આવી છે. બાયસેગના કેમ્પસમાં બની રહેલી નવીન બિલ્ડિંગને તસ્કરોએ નિશાન બનાવી સેન્ટ્રલ એસી ફિટિંગ માટે રાખવામાં આવેલો રૂ. 19.59 લાખની કિંમતનો કિંમતી કોપરનો જથ્થો ચોરી લીધો છે. આ મામલે ઈન્ફોસિટી પોલીસ મથકે સત્તાવાર ફરિયાદ નોંધાવવામાં આવી છે.

મૂળ દિલ્હીના વતની અને હાલ ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં રહેતા વરુણ રાજકવર અગ્રવાલે આ અંગે પોલીસ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ અનુસાર, તેમના પિતાના નામે 'ધી ક્રિષ્ણા કન્સ્ટ્રક્શન' નામની કંપની કાર્યરત છે, જે સરકારી બાંધકામના મોટા કોન્ટ્રાક્ટ રાખે છે. આ કંપનીને ગાંધીનગર બાયસેગ ખાતે નવી બિલ્ડિંગ બનાવવાનો કોન્ટ્રાક્ટ મળેલો હોવાથી




2023થી ત્યાં બાંધકામની કામગીરી ચાલી રહી છે. નવી બની રહેલી આ આધુનિક બિલ્ડિંગમાં સેન્ટ્રલ એસી ફિટ કરવાનું હોવાથી ગત માર્ચ મહિનામાં એસી ફિટિંગ માટેનો જરૂરી કિંમતી સામાન મંગાવવામાં આવ્યો હતો. આ તમામ સામાન સુરક્ષાના હેતુથી બિલ્ડિંગના ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલા એક ખુલ્લા હોલમાં રાખવામાં આવ્યો હતો. ત્યારબાદ ગત 14 મેના રોજ એસી સિસ્ટમ ફિટિંગનું કામ કરતી એજન્સીના કર્મચારી મનોજભાઈ સાઈટ પર આવ્યા હતા. જ્યારે વરુણ અગ્રવાલ અને તેમના સ્ટોર કીપર કલાકાર મલિક એસીનો સામાન બતાવવા માટે ગ્રાઉન્ડ ફ્લોરના હોલમાં ગયા, ત્યારે ત્યાંના દ્રશ્યો જોઈને તેમના હોશ ઊડી ગયા હતા. હોલમાં એસી મટીરિયલના માત્ર ખાલી બોક્સ પડ્યા હતા અને અંદરથી કિંમતી સામાન ગાયબ હતો.

કંપનીના સત્તાધિશો દ્વારા તુરંત જ બાકી રહેલા સ્ટોકની ગણતરી અને આંતરિક તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં માલૂમ પડ્યું હતું કે, તસ્કરો રૂ. 6,57,720ની કિંમતની કોપર કોઈલ અને રૂ. 13.02 લાખની કિંમતની કોપર પાઈપ મળીને કુલ રૂ. 19,59,585નો કિંમતી સામાન ચોરીને ફરાર થઈ ગયા છે.

એક મહત્વપૂર્ણ સરકારી અને વૈજ્ઞાનિક સંસ્થાના કેમ્પસમાંથી આટલી મોટી ચોરી થતાં સુરક્ષા વ્યવસ્થા સામે ગંભીર સવાલો ઊભા થયા છે. ઈન્ફોસિટી પોલીસે ગુનો નોંધીને આસપાસના સીસીટીવી (CCTV) ફૂટેજ તેમજ ત્યાં કામ કરતા મજૂરોની પૂછપરછના આધારે તસ્કરોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### અંદાજે દસ કરોડ કિંમત સોનાચાંદી બજાર ફફડાટ, સેન્ટ્રલ આઈબી દરોડા તપાસ શરૂ

# રાજકોટ એરપોર્ટ ચારસો કિલો ચાંદી જથ્થો ઝડપાયો

(એજન્સી) રાજકોટ I તા. 17

સ્થાપિત આંતરરાષ્ટ્રીય હવાઈ મથક પરથી કેન્દ્રીય સુરક્ષા એજન્સીઓએ એક સંયુક્ત ઓપરેશન દરમિયાન કરોડો રૂપિયાની કિંમતની કિંમતી કાળા નાણાં સ્વરૂપની ધાતુનો વિશાળ જથ્થો પકડી પાડવામાં અભૂતપૂર્વ સફળતા મેળવી છે. ચોક્કસ બાતમીદારોના નેટવર્ક દ્વારા મળેલી ગુપ્ત માહિતીના આધારે આ સમગ્ર દરોડાની કાર્યવાહીને અત્યંત ગુપ્ત રીતે અંજામ આપવામાં આવ્યો હતો. આટલી મોટી માત્રામાં બિનહિસાબી માલસામાન મળી આવતા સ્થાનિક વેપારી આલમ અને સોના-ચાંદીના બજારમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે અને અનેક મોટા માથાઓના નામ ખુલવાની આશંકા સેવાઈ રહી છે.



પ્રાપ્ત વિગતો અનુસાર, આ આખી કિંમતી ધાતુનો મોટો જથ્થો ઉત્તર પ્રદેશના પવિત્ર અને ઐતિહાસિક શહેર વારાણસીથી વિમાન મારફતે સીધો રાજકોટ મોકલવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન સામે આવ્યું છે કે વારાણસી સ્થિત એક વિખ્યાત વ્યાપારી પેઢી, જે 'સનરાઈઝ પેઢી' ના નામે પોતાનો કારોબાર ચલાવે છે, તેના દ્વારા આ કરોડોની કિંમતનો માલ અહીં રવાના કરવામાં આવ્યો હતો. મીડિયા અહેવાલ અનુસાર, રંગીલા શહેરના સામાકાંઠા વિસ્તારમાં વર્ષોથી સોના-ચાંદીના મોટા વેપાર સાથે સંકળાયેલા એક નામચીન વેપારી માટે આ પાર્સલ મંગાવવામાં આવ્યું હોવાના પ્રાથમિક પુરાવા હાથ લાગ્યા છે જેને પગલે હવે તે દિશામાં આકરી પૂછપરછ શરૂ કરાઈ છે.

આ આખીય ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને કેન્દ્રીય ગુપ્તચર સંસ્થાના ઉચ્ચ અધિકારીઓએ આ મામલાની બાગડોર પોતાના હાથમાં લઈ લીધી છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ કરોડો રૂપિયાનો જથ્થો માત્ર સામાન્ય કરચોરીનો મામલો નથી, પરંતુ તેની પાછળ કોઈ મોટું આંતરરાજ્ય હવાલા નેટવર્ક અથવા ગેરકાયદેસર નાણાકીય લેણદેણ કામ કરી રહી હોવાની તીવ્ર આશંકા છે. સુરક્ષા એજન્સીઓ દ્વારા અત્યારે એરપોર્ટના કાર્ગો વિભાગના તમામ સીસીટીવી ફૂટેજ અને ભૂતકાળના ડિલિવરી રેકોર્ડ્સને ઝીણવટપૂર્વક ખંખાડવામાં આવી રહ્યા છે જેથી જાણી શકાય કે આ પહેલા આવો કેટલો શંકાસ્પદ માલ ગુપ્ત રીતે શહેરમાં ઘુસાડવામાં આવ્યો છે.

આ કેસ માત્ર સોના-ચાંદીના વેપાર પૂરતો મર્યાદિત ન રહેતા, તેની પાછળ પૂર્વયોજિત મોટું આર્થિક કૌભાંડ હોવાના સંકેતો મળી રહ્યા છે. વહીવટી સૂત્રોના જણાવ્યા અનુસાર, આગામી થોડા જ કલાકોમાં આ કેસની સત્તાવાર તપાસમાં આવકવેરા વિભાગ એટલે કે ઈન્કમટેક્સ અને દેશની સર્વોચ્ચ ટેક્સ એજન્સી જીએસટી (GST) વિભાગના ઉચ્ચ અધિકારીઓ પણ કાયદેસર રીતે સામેલ થવાના છે. આ તમામ વિભાગો સાથે મળીને બિલ વગરના આ માલના અસલી માલિકો અને તેના નાણાકીય સ્ત્રોત સુધી પહોંચવા માટે બેંક ખાતાઓ અને પેઢીના ચોપડાઓની તપાસ હાથ ધરશે.

આ આકસ્મિક દરોડાની સીધી અસર સ્થાનિક સોની બજાર પર જોવા મળી રહી છે. જેવી જ એરપોર્ટ પર આટલી મોટી રકમની કિંમતી ધાતુ જપ્ત થયાના સમાચાર વહેતા થયા, સોના-ચાંદીના બજારના અગ્રણી વેપારીઓમાં ભારે દોડધામ મચી ગઈ હતી. ઘણા શંકાસ્પદ તત્વો ભૂગર્ભમાં ઉતરી ગયા હોવાના પણ અહેવાલ છે. કેન્દ્રીય એજન્સીઓ અત્યારે પકડાયેલા માલના વજન અને શુદ્ધતાની ચકાસણી સ્થાનિક સરકારી માન્ય લેબોરેટરીમાં કરાવી રહી છે જેથી કાયદાકીય દસ્તાવેજો મજબૂત કરી શકાય.

## જૂનાગઢમાં કલેક્ટર વગર ફરિયાદ સંકલન બેઠક યોજાઈ છે. અધિક કલેક્ટરે બેઠકનું સંચાલન સંભાળ્યું




જૂનાગઢ | નવાબનગરીના વહીવટી ઈતિહાસમાં કદાચ પ્રથમ વખત એક અત્યંત રસપ્રદ અને આશ્ચર્યજનક ઘટના સામે આવી છે. જિલ્લા સેવા સદન ખાતે અગાઉથી નિર્ધારિત થયેલી ફરિયાદ સંકલન સમિતિની ઉચ્ચ સ્તરીય બેઠકમાં કલેક્ટરની મુખ્ય ખુરશી સાવ ખાલી રાખવામાં આવી હતી. જિલ્લાના ટોચના વહીવટી વડાઓની સામુહિક બદલી થવાના કારણે આ અનોખી પરિસ્થિતિનું નિર્માણ થયું હતું, જેને પગલે વરિષ્ઠ અધિક કલેક્ટરે મુખ્ય વડાની બાજુની ખુરશીમાં બેસીને સમગ્ર વહીવટી પ્રક્રિયાનું સંચાલન કરવું પડ્યું હતું. મીડિયા અહેવાલ અનુસાર, જિલ્લાના કલેક્ટર, મ્યુનિસિપલ કમિશનર અને જિલ્લા વિકાસ અધિકારી જેવા ત્રણેય સર્વોચ્ચ આઈએએસ અધિકારીઓની તાજેતરમાં જ બદલી થઈ ચૂકી છે. આ તમામ પદાધિકારીઓ જૂનાગઢથી છૂટા થઈ ગયા છે પરંતુ તેમના સ્થાને નિયુક્ત થયેલા નવા વહીવટી અધિકારીઓએ હજુ સુધી પોતાનો પદભાર સંભાળ્યો નથી. આ મહત્વપૂર્ણ બેઠકમાં સત્તાધારી પક્ષ ભાજપના ત્રણ ધારાસભ્યો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

## વડોદરાના મહિલાએ કેન્સરને માત આપી આયર્નમેન સ્પર્ધા જીતી, વિયેટનામમાં 49 વર્ષની વયે રચ્યો ઈતિહાસ

(એજન્સી) વડોદરા I તા. 17

સંસ્કારી નગરીના નામે ઓળખાતા વડોદરાના એક પ્રેરણાદાયી નારી શક્તિએ અશક્યને પણ શક્ય કરી બતાવ્યું છે. શહેરના ૪૯ વર્ષીય જાંબાઝ મહિલા પૂજા શાહે જીવલેણ બ્રેસ્ટ કેન્સરના બીજા સ્ટેજની અત્યંત પીડાજનક સારવારમાંથી ઉભા થઈને વિયેટનામમાં આયોજિત દુનિયાની સૌથી અઘરી ગણાતી 'આયર્નમેન' સ્પર્ધા સફળતાપૂર્વક પૂર્ણ કરી છે.



શરીરને તોડી નાખતી કીમોથેરાપી અને ઓપરેશનની પીડા બાદ પણ અદમ્ય ઈચ્છાશક્તિના જોરે આ પ્રતિષ્ઠિત સ્પર્ધા જીતનારા તેઓ વડોદરાના દ્વિતીય મહિલા રમતવીર બન્યા છે. વડોદરા મેરેથોનમાં દોડ્યા બાદ તુરંત જ પૂજાબેનને કેન્સર હોવાનું નિદાન થયું હતું. કેન્સર ત્રીજા તબક્કામાં પ્રવેશે તે પહેલાં જ ઓપરેશન કરીને ગાંઠ કાઢવી પડી હતી અને ત્યારબાદ રેડિયેશનની લાંબી સારવાર શરૂ થઈ હતી. આ આકરી કસોટીના કારણે તેમણે ઓસ્ટ્રેલિયાની સ્પર્ધા જતી કરવી પડી હતી. આમ છતાં, હિંમત હાર્યા વગર તેમણે ચાલુ વર્ષના જાન્યુઆરી મહિનાથી ફરીથી કઠોર પ્રેક્ટિસ શરૂ કરી દીધી હતી. શરૂઆતમાં માત્ર ૫૦૦ મીટર સ્વિમિંગમાં હાંફી જતાં પૂજાબેને પોતાની મહેનતના બળે આત્મવિશ્વાસ પુનઃ પ્રાપ્ત કર્યો હતો. વિયેટનામના દાનાંગ શહેરમાં ૩૫ ડિગ્રી કાળઝાળ ગરમી અને ૭૫ ટકા અસહ્ય ભેજ વચ્ચે આ સ્પર્ધા યોજાઈ હતી. પૂજાબેને માત્ર ૧૬ કલાક અને ૨૧ મિનિટના ટૂંકા ગાળામાં દરિયામાં ૩.૮૦ કિલોમીટર સ્વિમિંગ, ૧૮૦ કિલોમીટર સાયકલિંગ અને છેલ્લે ૪૨ કિલોમીટરની ફૂલ મેરેથોન દોડ પૂરી કરીને વિશ્વને ચોંકાવી દીધું હતું.

## ભારતમાલા હાઈવે પર ભયાનક અકસ્માતમાં ટેમ્પો ડ્રાઈવરનું મોત, ટાયરમાં અવાજ આવતા વાહન ઊભું રાખવું ભારે પડ્યું

(એજન્સી) વડોદરા I તા. 17

ભારતમાલા એક્સપ્રેસવે પર મોડી રાત્રે એક અત્યંત ગોઝારો અને હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો છે. સોનારકૂઇ ગામની સીમમાં હાઈવે પર ટાયર ચેક કરવા માટે ઉભેલા એક આઈશર ટેમ્પાની પાછળ અન્ય એક પૂરપાટ ઝડપે આવતો ટેમ્પો ધડાકાભેર ઘૂસી ગયો હતો. આ ભયાનક ટક્કરમાં પાછળના વાહનના ચાલકનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું છે. અકસ્માત એટલો અતિ ભયાનક હતો કે ટેમ્પાના આગળના ભાગના ફુરચેફુરચા ઊડી ગયા હતા. સ્થાનિક પોલીસે ઘટનાસ્થળે પહોંચીને કાયદેસરની તપાસ શરૂ કરી છે.

મીડિયા અહેવાલ અનુસાર, પંચમહાલ જિલ્લાના ગોધરા શહેરના ભીલોડીયા પ્લોટ વિસ્તારમાં રહેતા ૩૪ વર્ષીય સુફિયાન હુસેનભાઇ હઠિલા ગત રાત્રે પોતાનો ટેમ્પો લઈને ભારતમાલા હાઈવે પરથી પસાર થઈ રહ્યા હતા. આ જ સમયે સોનારકૂઇ ગામ પાસેથી પસાર થતા અન્ય એક ટેમ્પાના ચાલકને પોતાની ગાડીના ટાયરમાંથી અસાધારણ અવાજ આવતો હોવાનો અહેસાસ થયો હતો. આથી તે ડ્રાઈવરે પોતાનું વાહન હાઈવેની સાઈડ પર થોભાવી દીધું હતું અને નીચે ઉતરીને વ્હીલ ચેક કરી રહ્યો હતો, બરાબર તે જ સમયે પાછળથી કાળ બનીને આવેલા સુફિયાનના ટેમ્પાએ તેને અડફેટે લીધો હતો.

### પોલીસ તંત્ર દ્વારા અકસ્માતે મોતનો ગુનો દાખલ

આ ગમખ્વાર ટક્કરમાં સુફિયાન હઠિલાને માથા તેમજ શરીરના ભાગે અત્યંત ગંભીર ઈજાઓ પહોંચી હતી, જેના કારણે લોહીલુહાણ હાલતમાં જ તેમનું પ્રાણપંખેરું ઊડી ગયું હતું. હાઈવે પર અકસ્માતના પગલે મોડી રાત્રે ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. ઘટનાની જાણ થતાં જ વડોદરા તાલુકા પોલીસનો કાફલો સ્થળ પર દોડી ગયો હતો અને ક્રેનની મદદથી હાઈવે પરથી અકસ્માતગ્રસ્ત વાહનોને હટાવી માર્ગ ખુલ્લો કરાવ્યો હતો. પોલીસે મૃતક ડ્રાઈવરના શબને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડીને અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## સુરત કોર્ટે ફિલ્મમેકર અનુરાગ કશ્યપ સામે કેસ નોંધવા આદેશ કર્યાં, બ્રહ્મસમાજ વિરુદ્ધ વાંધાજનક ટિપ્પણી ભારે પડી

(એજન્સી) સુરત I તા. 17

સોશિયલ મીડિયા પર વાણી સ્વાતંત્ર્યના નામે ભદ્ર સમાજ વિશે બેફામ નિવેદનો આપનારા બોલિવૂડના ખ્યાતનામ ફિલ્મમેકર અનુરાગ કશ્યપ કાયદાના સકંજામાં બરાબરના ફસાયા છે. ડાયમંડ સિટીની સ્થાનિક અદાલતે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર બ્રહ્મસમાજ વિરુદ્ધ અત્યંત અપમાનજનક ટિપ્પણી કરવાના ગંભીર મામલે આકરો વલણ અપનાવ્યું છે. અદાલતે તમામ કાનૂની પાસાં અને ડિજિટલ પુરાવાઓને ગ્રાહ્ય રાખીને વિવાદાસ્પદ દિગ્દર્શક વિરુદ્ધ તુરંત જ ફોજદારી ગુનો નોંધી સમન્સ જારી કરવાનો ઐતિહાસિક હુકમ કર્યો છે.



મીડિયા અહેવાલ અનુસાર, ગત વર્ષે એક હિન્દી ચલચિત્રના ટ્રેલર લોન્ચિંગ સમયે ફિલ્મની કેટલીક વાંધાજનક ક્લિપ સામે બ્રહ્મસમાજના સભ્યોએ લોકશાહી ઢબે ભારે વિરોધ પ્રદર્શન કર્યું હતું. આ પ્રદર્શનના પ્રત્યાઘાત રૂપે ગુસ્સે ભરાયેલા ચલચિત્ર નિર્માતાએ પોતાના સત્તાવાર સોશિયલ મીડિયા એકાઉન્ટ પરથી સમગ્ર સમાજને લાંછન લાગે અને જાહેર શાંતિ જોખમાય તેવી દ્વેષપૂર્ણ પોસ્ટ મૂકી હતી. આટલું જ નહીં, ઓનલાઈન પ્લેટફોર્મ પર સવાલ ઉઠાવનારા જાગૃત નાગરિકોને પણ ગંદી ગાળો ભાંડવામાં આવી હતી. આ હીન કૃત્ય સામે સુરતના અગ્રણી સામાજિક કાર્યકર કમલેશ રાવલે ન્યાયના દ્વાર ખખડાવ્યા હતા. ન્યાયિક મેજિસ્ટ્રેટ અક્ષયકુમાર એસ. જાનીની કોર્ટે આ મામલાને ગંભીર ગણીને આરોપી સામે કાયદાકીય પ્રોસેસ ઈસ્યુ કરવાનો આદેશ આપ્યો છે. ફિલ્મમેકરે વિવાદ વધતાં માફી માંગી લીધી હતી, પરંતુ કાનૂની નોટિસ બજવણી છતાં તેઓ હાજર ન થતાં કોર્ટે આકરો નિર્ણય લીધો છે.

## શિનોર હની ટ્રેપ કેસમાં મનિષા અને અહેમદના રિમાન્ડ મંજૂર થયા



શિનોર | વડોદરા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ભારે ચકચાર જગાવનારા હની ટ્રેપ અને બ્લેકમેલિંગના ગુનામાં કાયદાનો સકંજો વધુ મજબૂત બન્યો છે. શિનોર તાલુકાના હની ટ્રેપના આ હાઈપ્રોફાઈલ કેસમાં સ્થાનિક પોલીસે આખરે મુખ્ય સૂત્રધાર મહિલા સહિત બે મુખ્ય આરોપીઓની કાયદેસરની ધરપકડ કરી લીધી છે. પકડાયેલા બંને સાતિર ગુનેગારોને વધુ પૂછપરછ અને તપાસ અર્થે સ્થાનિક અદાલતમાં રજૂ કરવામાં આવ્યા હતા, જ્યાં નામદાર કોર્ટે પોલીસની દલીલો ગ્રાહ્ય રાખીને આરોપીઓના આઠ દિવસના પોલીસ રિમાન્ડ મંજૂર કર્યા છે. ચાલુ વર્ષની ૬ ફેબ્રુઆરીના રોજ શિનોરના એક પ્રતિષ્ઠિત ખેડૂતે નવ જેટલા સાગરીતો વિરુદ્ધ આયોજનબદ્ધ રીતે પ્રેમજાળમાં ફસાવીને અંદાજે રૂપિયા ૭૫.૭૫ લાખની તોતિંગ રકમ પડાવી હોવાની બ્લેકમેલિંગની ફરિયાદ નોંધાવી હતી. આ ગુનાની ગંભીરતાને ધ્યાને રાખીને ખાખી વર્દીધારીઓએ અગાઉ પણ ટોળકીના સભ્યો જેવા કે અનવર મન્સૂરી, સલીમ ઉર્ફે બતક, આશિક પઠાણ અને તેના પુત્ર સહિત અનેક સાગરીતોને જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા.

### લાખોનો મુદ્દામાલ જપ્ત બે ફરાર થયા છે

## સયાજીપુરા APMC દારૂ કટીંગ દરોડો અડધી રાત્રે પોલીસ ત્રાટકી



(એજન્સી) વડોદરા I તા. 17

શહેરના જાણીતા સયાજીપુરા એપીએમસી ફ્રૂટ માર્કેટ પરિસરમાં મોડી રાત્રિના સમયે ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ધમધમી રહી હોવાની ચોક્કસ વિગતોને આધારે સુરક્ષા તંત્રે એક અત્યંત સફળ ઓપરેશન પાર પાડ્યું છે. શાકભાજી અને ફળોના આ મોટા વ્યાપારી કેન્દ્રના એક ચોક્કસ પ્લોટમાં જ્યારે પ્રતિબંધિત તરલ પદાર્થોનું ગેરકાયદેસર રીતે વિતરણ અને કટીંગ થઈ રહ્યું હતું, ત્યારે જ કાયદાના રક્ષકોએ ચારેબાજુથી ઘેરાબંધી કરીને દરોડો પાડ્યો હતો. આ ઓપરેશન દરમિયાન ઘટનાસ્થળેથી મોટી માત્રામાં નશાકારક સામગ્રી સાથે ત્રણ શખ્સોને રંગેહાથ પકડી લેવામાં આવ્યા છે, જ્યારે અન્ય કેટલાક મુખ્ય સુત્રધારો અંધારાનો લાભ લઈને નાસી છૂટવામાં સફળ રહ્યા છે.

આ ચકચારી ઘટનાની વિગત એવી છે કે, ગઈકાલે મધ્યરાત્રિએ આશરે બે વાગ્યાના સુમારે જ્યારે સમગ્ર માર્કેટ યાર્ડ સુમસામ હતું, ત્યારે પ્લોટ નંબર બસો નવ્વાણુંમાં શંકાસ્પદ હલચલ જોવા મળી રહી હતી. મીડિયા અહેવાલ અનુસાર, સ્થાનિક પોલીસ ટીમને અગાઉથી જ ગુપ્ત બાતમી મળી હતી કે આ પ્લોટમાં મોટા પાયે બૂટલેગરો દ્વારા ગેરકાયદેસર માલનું કટીંગ એટલે કે નાના વાહનોમાં હેરાફેરી કરવાની પ્રક્રિયા ચાલી રહી છે. બાતમી સચોટ હોવાના કારણે પોલીસે કોઈ પણ પ્રકારનો સમય બગાડ્યા વિના તુરંત જ દરોડો પાડ્યો હતો, જેના કારણે ત્યાં હાજર તત્વોમાં ભારે નાસભાગ મચી ગઈ હતી. પોલીસે સ્થળ પરથી ત્રણ મજૂર અને વાહન ચાલકોને કોર્ડન કરીને ઝડપી લીધા હતા.

સ્થળ પરથી પકડાયેલા શખ્સોની ઓળખ મેળવી જ્યારે વહીવટી તંત્ર દ્વારા આકરી પૂછપરછ હાથ ધરવામાં આવી, ત્યારે ચોંકાવનારી વિગતો પ્રકાશમાં આવી હતી. ઝડપાયેલા પૈકીના એક શખ્સ, જે છાણી ગામના ભાથુજી ફળિયાનો રહેવાસી છે, તેણે જણાવ્યું કે મુખ્ય બૂટલેગરે તેને તથા દશરથ ગામના પંચમ ગ્રીન ટેનામેન્ટમાં રહેતા તેના અન્ય એક સાથીદારને આ માલની પેટીઓ અન્ય વાહનોમાં ઝડપથી ગોઠવવા માટે સ્પેશિયલ બોલાવ્યા હતા. આ રાત્રિના કામના બદલામાં તેમને માત્ર એક-એક હજાર રૂપિયા આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું. આ સિવાય ત્રીજો શખ્સ જે નવાપુરાના કંસારાવાડી વિસ્તારનો વતની છે, તે આ ગેરકાયદેસર જથ્થો સપ્લાય કરવા માટે પોતાની ચાર વ્હીલર કાર લઈને માર્કેટમાં આવ્યો હોવાની કબૂલાત કરી છે. પોલીસે ઘટનાસ્થળેથી ગુનામાં વપરાયેલી તમામ ચીજવસ્તુઓ અને માલસામાનનો આંકડો તૈયાર કરીને કાયદેસરની જપ્તીની કાર્યવાહી કરી છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, સ્થળ પરથી અંદાજે રૂપિયા છ લાખ ચોવીસ હજારની કિંમતના કુલ ત્રણ હજાર એકસો વીસ નંગ પ્રતિબંધિત લિક્વિડના ક્વાર્ટરિયા મળી આવ્યા છે.

### કોંગ્રેસ ત્રિકોણબાગ ઉગ્ર વિરોધ પ્રદર્શન કરે, મહાપાલિકા મધ્યરાત્રિએ મંદિર તોડી પાડ્યા

# હનુમાનજી મંદિર ડિમોલિશન વિવાદ ભક્તોમાં ભારે રોષ

(એજન્સી) રાજકોટ I તા. 17

મહાનગરપાલિકાના ટાઉન પ્લાનિંગ વિભાગ દ્વારા મધ્યરાત્રિના સમયે ઓચિંતું ડિમોલિશન કરીને ધાર્મિક સ્થાનોને હટાવવામાં આવતા જનતાની ધાર્મિક આસ્થાઓને મોટો આઘાત લાગ્યો છે. શહેરના મવડી સહિતના વિવિધ ક્ષેત્રોમાં વહીવટી તંત્ર દ્વારા હાથ ધરવામાં આવેલી આ આકસ્મિક કાર્યવાહીના વિરોધમાં વિપક્ષી પક્ષો અને સ્થાનિક નાગરિકો રસ્તા પર ઉતરી આવ્યા છે. સૂર્યોદયના સામાન્ય સમયને પડતો મૂકીને રાત્રિના અંધકારમાં લેવાયેલા આ આકરા પગલાંથી ભક્તોમાં ભારે અસંતોષ અને આક્રોશની લાગણી ફાટી નીકળી છે, જેણે હવે એક મોટા રાજકીય આંદોલનનું સ્વરૂપ ધારણ કરી લીધું છે.

શહેરના વોર્ડ નંબર બાર અને તેર સહિતના મવડી વિસ્તારોમાં મધ્યરાત્રિના આશરે દોઢ વાગ્યે મહાપાલિકાનું તંત્ર એકાએક બુલડોઝરો સાથે ત્રાટક્યું હતું. કોઈ પણ પૂર્વ સૂચના કે સ્થાનિક રહેવાસીઓને વિશ્વાસમાં લીધા વિના જ એક સાથે દસ જેટલા પૂજન સ્થાનો, જેમાં મોટા ભાગના પવનપુત્ર હનુમાનજીના પવિત્ર મંદિરો હતા, તેને જમીનદોસ્ત કરી દેવામાં આવ્યા હતા. આ ઘટનાની જાણ વાયુવેગે પ્રસરતા જ સવારથી જ સમગ્ર પંથકમાં તંગદિલી વ્યાપી ગઈ હતી. લોકોનું કહેવું છે કે સત્તાધારી પક્ષે ચૂંટણી સમયે ધર્મના નામે મતો મેળવ્યા અને હવે સત્તાના નશામાં સામાન્ય લોકોની શ્રદ્ધા પર જ બુલડોઝર ફેરવી દીધું છે.

આ અન્યાયી કાર્યવાહી સામે જનતાનો અવાજ બુલંદ કરવા માટે વિપક્ષી પક્ષના અગ્રણી નેતાઓ અને કાર્યકરો મોટી સંખ્યામાં મધ્યસ્થ ત્રિકોણબાગ ચોક ખાતે એકત્રિત થયા હતા. પક્ષના શહેર પ્રમુખ અને વરિષ્ઠ આગેવાનોની આગેવાની હેઠળ યોજાયેલા આ ધરણા પ્રદર્શનમાં તંત્રની નબળી નીતિઓ પર આકરા પ્રહારો



કરવામાં આવ્યા હતા. પ્રદર્શનકારીઓએ હાથમાં પ્રતીકાત્મક ગદા ધારણ કરીને સરકાર વિરોધી સૂત્રોચ્ચારો કર્યા હતા અને 'મંદિરનો ઓટલો તૂટ્યો, ભક્તોનો વિશ્વાસ અડીખમ' જેવા પ્લેકાર્ડ દર્શાવીને પોતાનો ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. વિપક્ષી નેતાઓએ આક્ષેપ કર્યો છે કે સામાન્ય ધાર્મિક સ્થાનો તોડવામાં તત્પરતા દાખવતું તંત્ર શાસક પક્ષના વગદાર નેતાઓના ગેરકાયદેસર બાંધકામો સામે આંખ આડા કાન કરી રહ્યું છે.

માત્ર વિપક્ષ જ નહીં પરંતુ સનાતન સંસ્કૃતિના રક્ષણ માટે કાર્યરત વિવિધ પ્રતિષ્ઠિત ધાર્મિક સંગઠનોએ પણ આ કૃત્યની આકરી ટીકા કરી છે. મીડિયા અહેવાલ અનુસાર, વિશ્વ હિન્દુ પરિષદના અગ્રણીઓએ અગાઉ શાસક પક્ષના ધારાસભ્યો, કોર્પોરેટરો અને જવાબદાર અધિકારીઓને રૂબરૂ મળીને આ પવિત્ર સ્થાનો પર ડિમોલિશન ન કરવા માટે સચોટ રજૂઆતો કરી હતી. શાસકો દ્વારા તે સમયે ડિમોલિશન ન કરવાની ચોક્કસ ખાતરી આપવામાં આવી હોવા છતાં, મધ્યરાત્રિએ છૂપી રીતે મંદિરો તોડી પાડીને વિશ્વાસઘાત કરવામાં આવ્યો છે. સંગઠનના અહેવાલો મુજબ, આ પ્રકારનું કૃત્ય મધ્યકાલીન યુગના આક્રમણખોરોની યાદ અપાવે છે અને લોકશાહી સરકારમાં સ્થાનોનું સંરક્ષણ થવું અનિવાર્ય છે. વહીવટી તંત્ર દ્વારા આ આખી કાર્યવાહી ખૂબ જ ગુપ્ત રીતે આટોપી લેવામાં આવી હતી જેથી કોઈ મોટો કાયદો અને વ્યવસ્થાનો પ્રશ્ન ઊભો ન થાય.

### કેન્સરની સારવાર માટે નવી ટેકનોલોજી વિકસાવી

## MS યુનિવર્સિટીના સંશોધકોને અમેરિકન પેટન્ટ એનાયત કરાઈ

(એજન્સી) વડોદરા I તા. 17

વૈશ્વિક સ્તરે વિજ્ઞાન જગતમાં ભારત અને ગુજરાતનું ગૌરવ વધારતા અતિ મહત્વના સમાચાર સામે આવ્યા છે. વડોદરાની જગવિખ્યાત મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની સાયન્સ ફેકલ્ટીના કેમેસ્ટ્રી વિભાગના પ્રતિભાશાળી સંશોધકોને કેન્સર જેવા જીવલેણ રોગની અત્યંત સચોટ સારવાર માટે એક અદભુત 'નેનો કેરિયર ડ્રગ ડિલિવરી ટેકનોલોજી' વિકસાવવા બદલ ભારત સરકાર બાદ હવે પ્રતિષ્ઠિત અમેરિકન પેટન્ટ એનાયત કરવામાં આવી છે. વૈશ્વિક કક્ષાએ આ સર્વોચ્ચ બહુમાન મેળવનારા ભારતીય વૈજ્ઞાનિકોની સંખ્યા ખૂબ જ મર્યાદિત છે, ત્યારે આ સિદ્ધિથી સંશોધન ક્ષેત્રે નવો ઈતિહાસ રચાયો છે.

મીડિયા અહેવાલ અનુસાર, કેમેસ્ટ્રી વિભાગના પ્રખર અધ્યાપિકા ડો. અર્પિતા દેસાઈના કુશળ માર્ગદર્શન હેઠળ તેમના પૂર્વ રિસર્ચ વિદ્યાર્થી ડો. પ્રિયંકા માથુરે આ ભગીરથ સંશોધન કાર્ય પૂર્ણ કર્યું છે. હાલના સમયમાં



કેન્સરની પરંપરાગત દવાઓના ભારે ડોઝ દર્દીના કેન્સરગ્રસ્ત કોષોની સાથે સાથે તેના તંદુરસ્ત કોષોને પણ ગંભીર નુકસાન પહોંચાડે છે, જેના કારણે માનવ શરીર પર અસહ્ય આડઅસરો જોવા મળે છે. આ મોટી ખામીને દૂર કરવા માટે સંશોધકોએ હળદરમાંથી પ્રાપ્ત થતા કુદરતી કરક્યુમિન કમ્પાઉન્ડને મળતા આવતા ખાસ કેમિકલ બિસહાઈડ્રોક્સિબેન્ઝિલાઈડેન્સીક્લોહેક્સાનોન આધારિત નેનો કેરિયર ડ્રગ ડિલિવરી સિસ્ટમ તૈયાર કરી છે.

### કોન્ટ્રાક્ટરની સુરક્ષા બેદરકારી અંગે પોલીસ તપાસ

## વડોદરાના અકોટામાં ડ્રેનેજ સફાઈ દરમિયાન શ્રમજીવીનું મોત

(એજન્સી) વડોદરા I તા. 17

સાંસ્કૃતિક નગરીના અકોટા વિસ્તારમાં મોડીરાત્રે ડ્રેનેજ લાઈનની સફાઈ કામગીરી દરમિયાન એક અત્યંત કરુણ દુર્ઘટના સર્જાઈ છે. ગટરના ઉંડા મેનહોલની સફાઈ કરતી વખતે અચાનક ઉપરથી નીચે પટાકાયેલા એક પરપ્રાંતીય શ્રમજીવીનું હોસ્પિટલમાં ટૂંકી સારવાર દરમિયાન દર્દનાક મોત નીપજ્યું છે. મોડીરાત્રે બનેલી આ ઘટનાને પગલે સ્થાનિક વહીવટી તંત્ર અને શ્રમજીવી આલમમાં ભારે ખળભળાટ મચી ગયો છે. અકોટા પોલીસે આ મામલે આકસ્મિક મોતનો ગુનો નોંધીને કાયદેસરની તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

પશ્ચિમ બંગાળના માલદા જિલ્લાનો વતની ૩૭ વર્ષીય આરફુલ સેતાબ અલી હક માત્ર એક સપ્તાહ પહેલા જ પોતાના અન્ય સાથી મિત્રો સાથે મજૂરી કામ અર્થે વડોદરા આવ્યો હતો. આ તમામ શ્રમજીવીઓ મુજમહુડા વિસ્તારમાં ખુલ્લામાં પડાવ નાખીને રહેતા હતા. અકોટા દાંડિયાબજાર રોડ પર ગઈકાલે મોડીરાત્રે ગટરલાઈનની સફાઈનું કામ ચાલી રહ્યું હતું, જ્યાં ગટરના મેનહોલમાંથી કાદવ-કચરો કાઢ્યા બાદ અંદર જમા થયેલું ગંદુ પાણી બહાર કાઢવાની પ્રક્રિયા બાકી હતી. આ સમયે આરફુલ હોલની બિલકુલ કિનારે બેઠો હતો અને અચાનક સંતુલન ગુમાવતા તે ઊંડી ગટરમાં ખાબક્યો હતો.

સાથી મજૂર અંદર પડતાં જ અન્ય શ્રમજીવીઓ તાત્કાલિક સીડી લઈને મેનહોલમાં ઉતર્યા હતા અને લોહીલુહાણ હાલતમાં તેને બહાર કાઢી નજીકની ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. જોકે, તેની તબિયત વધુ નાજુક બનતા ગોત્રી હોસ્પિટલમાં ખસેડાયો હતો, જ્યાં સારવાર દરમિયાન તેણે દમ તોડી દીધો હતો. ઘટનાની જાણ થતાં જ અકોટા પોલીસની ટીમે સ્થળ પર પહોંચીને તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. પોલીસે દુર્ઘટનાનું ચોક્કસ કારણ જાણવા માટે શબનું પોસ્ટમોર્ટમ કરાવ્યું છે અને ઘટનાસ્થળે ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીની મદદથી ઝીણવટભરી તપાસ હાથ ધરી છે.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

આજનો દિવસ છેલ્લો છે એ રીતે જીવવાના તથા મનોરંજન પાછળ વધુ પડતો ખર્ચ કરવાના તમારા વલણ પ્રત્યે ધ્યાન આપો. આજે પૈસા અંગે પરિવાર ના સભ્યો માં બોલાચાલી થઈ શકે છે. પૈસા ની બાબત માં તમારે પરિવાર ના બધા સભ્યો ને સ્પષ્ટ રહેવા ની સલાહ આપવી જોઈએ.

**વૃષભ : બ. વ. ઉ.**

સામાજિક જીવન કરતાં સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપજો. આજે તમે સારૂં એવું ધન કમાશો-પણ ધનને તમારી આંગળીઓ વચ્ચેથી સરકી જવા ન દેતા. તમારા પરિવારના કલ્યાણ માટે સખત મહેનત કરો. તમારૂં કાર્ય પ્રેમ અને હકારાત્મક દ્દષ્ટિકોણથી સંચાલિત હોવું જોઈએ લાલચથી નહીં.

**મિથુન : ક. છ. ઘ.**

તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. સમજદારીપૂર્વક સરેલું રોકાણ જ વળતર આપશે-આથી તમે તમારી પરસેવાની કમાણી ક્યાંય રોકો તે પૂર્વે પૂરેપૂરી ખાતરી કરી લેજો.

**કર્ક : ડ. હ.**

સંબંધીઓને મળવા જવા નાનકડી મુસાફરી તમારા રોજિંદા ભાગદોડભર્યા સમયપત્રકમાંથી તમને રાહત તથા હળવાશ આપશે. લાંબા સમયથી તમને ઝકડી રાખનારો એકાંતભર્યો તબક્કો પૂરો થાય છે-લાગે છે કે તમને તમારો સાચો સાથી મળી ગયો છે. કામના સ્થળે જે વ્યક્તિ તમારી સાથે તમારો સુમેળ સૌથી ઓછો હતો.

**સિંહ : મ. ટ.**

હળવા થવા માટે નિકટના મિત્રો સાથે સમય વિતાવજો. આજ ના દિવસે તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે સાથેજ તમને દાન-પુણ્ય પણ કરવું જોઈએ કેમ કે આના થી તમને માનસિક શાંતિ મળશે। વ્યાજબી રહેવાનો પ્રયાસ કરજો.

**કન્યા : પ. ઠ. ણ.**

જૂના મિત્ર સાથે પુર્નમિલન તમારા ઉત્સાહમાં ખાસ્સો એવો વધારો કરશે. તમે જો અન્યોના શબ્દો પર ધ્યાન આપીને રોકાણ કરશો તો આજે આર્થિક નુકસાનની શક્યતા જોવાય છે. બાળકોને લઈને કેટલીક નિરાશાઓ થશે.

**તુલા : ર. ત.**

મિત્રો સાથે સાંજ આહલાદક રહેશે પણ વધુ પડતા ભોજન અને હાર્ડ ડ્રિન્ક અંગે સાવચેત રહેજો. રાત્રી ના સમયે આજે તમને ધન લાભ થવા ની પૂરી શક્યતા છે કે કેમ કે તમારા દ્વારા આપેલું ધન આજે પાછું આવી શકે છે.

**વૃશ્ચિક : ન. ય.**

મિત્રો સહકાર આપશે તથા તમને ખુશ રાખશે. તમામ જવાબદારીઓ તથા આર્થિક વ્યવહારો સાવચેતીપૂર્વક પાર પાડવા. તમારૂં જ્ઞાન તથા સારી રમૂજવૃત્તિ તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરશે. કામ બાકી હોવા છતાં રૉમાન્સ તથા સામાજિક બાબતો તમારા મગજ પર રાજ કરશે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

તમારૂં ઝઘડાખોર વર્તન તમારા શત્રુઓની યાદીમાં વધારો કરશે. કોઈને પણ તમને એટલા ગુસ્સે કરવા ન દો કે જેનો પસ્તાવો તમને પછીથી થાય. આજ ના દિવસે તમે ઘરે થી ઘણી સકારાત્મકતા સાથે નીકળશો પરંતુ કોઈ મોંઘી વસ્તુ ના ચોરી થવા થી તમારું મૂડ ખરાબ થયી શકે છે.

**મકર : ખ. જ.**

દિવસ ની શરૂઆત તમે યોગ અને ધ્યાન થી કરી શકો છો। આવું કરવું તમારા માટે ફાયદાકારક રહેશે અને તમારી અંદર ઉર્જા કાયમ રહેશે। લોકોની જરૂરિયાત શી છે તથા તમારી પાસેથી તેમને ચોક્કસ શું જોઈએ છે તે તમે જાણતા હો એવું લાગે છે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

તમારો વિપુલ આત્મવિશ્વાસ તથા કામનું સરળ સમયપત્રક તમને આજે હળવા થવાનો પૂરતો સમય આપશે. આજે નાણાં સંભાળવામાં તમને મુશ્કેલી પડશે-તમે વધુ પડતો ખર્ચ કરી બેસશો કાં તમારૂં વૉલેટ ખોવાઈ જશે- બેદરકારીને કારણે કેટલુંક નુકસાન ચોક્કસ છે.

**મીન : દ. ચ. ઝ. થ.**

કોઈક સંતપુરુષનાં આશિષતમને માનસિક શાંતિ આપશે. જો તમે છાત્ર છો અને વિદેશ માં જયી ને ભણતર કરવા માંગતા હોવ તો ઘર ની નાણાકીય કટોકટી તમને હેરાન કરી શકે છે. લાગણીશીલ જોખમ તમારી તરફેણમાં જશે.

**અસામાજિક તત્વોનો આતંક**

## સિટી બસ પર પથ્થરમારો મુસાફરોના જીવ તાળવે ચોંટયા

ભાવનગર - વનગર શહેર-જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ દિન પ્રતિદિન કથળી રહી છે અને શહેરમાં મારામારી ચોરી સહિતના બનાવો વધી રહ્યા છે ત્યારે પોલીસ તંત્ર દ્વારા કરવામાં આવતી પ્રજાની સુરક્ષા સામે સવાલ ઉઠયા છે. આવી જ એક ઘટના શહેરના મધ્યમાં આવેલા ઘોઘાગેટ ચોકમાં રીક્ષા ચાલક અને સીટી બસના ડ્રાઈવર વચ્ચે બોલા ચાલી થઈ જતા ટોળાએ બસ પર પથ્થરમારો કર્યો હતો અને બસના મુસાફરો અને ઈજા થઈ હતી અને થોડો સમય સુધી ઘોઘાગેટ પોલીસ ચોકીની બરાબર સામે દોડધામ મચી ગઈ હોવા છતાં પોલીસ હાથ પર હાથ ધરી બેઠી રહી હતી.રીક્ષા ચાલક અને બસના ડ્રાઈવર વચ્ચે સામાન્ય બાબતે બોલાચાલી થઈ જતા મામલો બીચક્યો, બસના કાચ ફોડી તોડફોડ ભાવનગર શહેરના હાર્દ સમા અને ભરચક ગણાતા ઘોઘાગેટ પોલીસ ચોકી પાસે સિટી બસના ડ્રાઈવર અને ગફાર નામના રિક્ષાચાલક વચ્ચે વાહન હટાવવા જેવી સામાન્ય બાબતે ઉગ્ર બોલાચાલી થઈ હતી. આ મામલો એટલો બિચક્યો હતો કે, બંને પક્ષોએ જાહેરમાં જ એકબીજા પર હિંસક હુમલો કરી દીધો હતો અને સિટી બસ પર પથ્થરમારો અને બ્લોકના ઘા જીંકી દેતા બસના મુસાફરો સહિત નાના નાના બાળકોને ઈજા થઈ હતી અને બસમાં રહેલા મુસાફરોની ચીસો નીકળી ગઈ હતી. ઉપરાંત રીક્ષા ચાલકે સિટી બસના ડ્રાઈવરને છરીના ઘા જીંકી દીધા હતા ત્યારે સિટી બસના ડ્રાઈવરે રીક્ષા ચાલકને બ્લોક પર નો ઘા જીંકી દીધો હતો આ મામલો તંગ બન્યો હતો અને ઘોઘાગેટ ચોકમાં નાસભાગ મચી જવા પામી હતી. પરંતુ ઘોઘાગેટ પોલીસ ચોકી સામે જ હોય પોલીસના દર્શન થયા ન હતા. ઘોઘાગેટ પોલીસ ચોકી પાસે જ બસ પર ઈંટ-બ્લોકનો વરસાદની વધારે મળતી માહિતી મુજબ, ઘોઘાગેટ પાસે રોડની વચ્ચે આડી પાર્ક કરેલી રિક્ષાને હટાવવા બાબતે સિટી બસના ડ્રાઈવર કુલદીપસિંહે રિક્ષાચાલકને ટોક્યો હતો. આ વાત પર બંને વચ્ચે મામલો ગરમાયો હતો અને બસચાલકે નીચે ઉતરીને રિક્ષાચાલકને ફડાકો ઝીંકી દીધો હતો.

**ઓનલાઇન સ્વ-ગણતરી, ત્યારબાદ જૂન મહિનામાં હાથ ધરાશે હાઉસ લિસ્ટીંગ ઓપરેશન્સ**

# વસ્તી ગણતરી-૨૦૨૭: પ્રથમ વખત શરૂ થયેલી 'સ્વ-ગણતરી' પહેલમાં સક્રિય ભાગીદારી નોંધાવવા રાજ્ય સરકારની નાગરિકોને અપીલ

(એજન્સી) પાલનપુર | તા.17

ગુજરાતમાં રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જનગણના ૨૦૨૭ અન્વયે આજથી શરૂ થયેલી સ્વ ગણતરીનો રાજ્ય વ્યાપી પ્રારંભ કરાવ્યો છે ત્યારે આજથી તા.31-05-2026 સુધીના નિર્ધારિત 15 દિવસમાં લોકો પોતાની જરૂરી વિગતો જાતે ઓનલાઈન ભરીને આ પ્રક્રિયામાં સહભાગી થઈ શકશે.રાજ્યના વન અને પર્યાવરણ, વાહનવ્યવહાર અને ક્લાયમેટ ચેન્જ રાજ્ય મંત્રીશ્રી પ્રવીણભાઈ માળીએ આજે પોતાના નિવાસસ્થાન ડીસા ખાતેથી પોતાના પરિવારની વિગતો વસ્તી ગણતરી પ્લેટફોર્મ પર ઓનલાઈન ભરીને સ્વ-વસ્તી ગણતરીની શરૂઆત કરાવી હતી. આ પ્રસંગે તેમની સાથે અન્ય સહયોગીઓ તથા અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.



આ પ્રસંગે મંત્રીશ્રી પ્રવીણભાઈ માળીએ જણાવ્યું હતું કે, સેલ્ફ એન્યુમરેશન અંતર્ગત નાગરિકો પોતે જ પોતાની અને પોતાના પરિવારની સચોટ વિગતો ઘરેબેઠા ઓનલાઈન માધ્યમથી નોંધાવી શકે છે, જે પારદર્શક અને સરળ પ્રક્રિયા છે. તેમણે રાજ્યના તમામ નાગરિકોને આ પ્રક્રિયામાં ઉત્સાહભેર જોડાઈ સચોટ માહિતી પૂરી પાડવા અનુરોધ કર્યો હતો.

મંત્રીશ્રીએ જણાવ્યું કે, નાગરિકો દ્વારા આપવામાં આવેલી માહિતી સરકારને ભવિષ્યની લોકકલ્યાણકારી યોજનાઓના આયોજન, વિકાસકાર્યોના અસરકારક અમલીકરણ તેમજ સુદ્રઢ વહીવટી માળખું તૈયાર કરવામાં ખૂબ જ મદદરૂપ સાબિત થશે.

ઉલ્લેખનીય છે કે, વસ્તી ગણતરી એક મહત્વપૂર્ણ રાષ્ટ્રીય કાર્ય છે, જેના દ્વારા વસ્તી, સામાજિક, આર્થિક તથા આવાસ સંબંધિત માહિતી એકત્રિત કરવામાં આવે છે. આ માહિતીના આધારે વિવિધ કલ્યાણકારી યોજનાઓ અને વિકાસલક્ષી કાર્યક્રમોનું આયોજન તથા અમલીકરણ કરવામાં આવે છે.સ્વ-ગણતરીની આ પહેલ નાગરિકોને સરળ, સુરક્ષિત અને અનુકૂળ ડિજિટલ પ્લેટફોર્મ પૂરું પાડે છે તેના થકી નાગરિકો ગમે ત્યાંથી પોતાની માહિતી ઓનલાઇન સબમિટ કરી શકે છે. નાગરિકો https://se.census.gov.in/ પરથી જરૂરી માર્ગ દર્શન દ્વારા તેમની સ્વ-ગણતરી પૂર્ણ કરી શકે છે તેમજસક્રિય નાગરિક ભાગીદારીથી પોતાની વિગતો ઓનલાઈન ભરીને સમયસર અને સચોટ માહિતી પણ આપી શકે છે.વસ્તી ગણતરી-2027માં પ્રથમ વખત સ્વ-ગણતરી પદ્ધતિ રજૂ કરવામાં આવી રહી છે. ગુજરાતમાં આ ગણતરી 17 થી 31 મે, 2026 દરમિયાન વેબ પોર્ટલ પર નાગરિકો પોતાની વિગતો પૂરી પાડીને સ્વ ગણતરી માં ભાગ લઈ શકશે, ત્યારબાદ 1 થી 30 જૂન, 2026 દરમિયાન 1 લાખથી વધુ વસ્તી ગણતરી કાર્યકર્તાઓ દ્વારા હાઉસ લિસ્ટીંગ ઓપરેશન્સ (HLO) હાથ ધરવામાં આવશે.

## સાબરકાંઠા: ખેડબ્રહ્મામાં નદી કિનારે ખેતરમાં ઝાડ પર યુવક-યુવતીના લટકતી હાલતમાં મૃતદેહ મળ્યાં

(એજન્સી) સાબરકાંઠા | તા.17

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા પંથકમાંથી વહેલી સવારે એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. ખેડબ્રહ્મા નજીકથી પસાર થતી હરણાવ નદીના પટ પાસે આવેલા એક સીમ વિસ્તારના ખેતરમાંથી 28 વર્ષીય યુવક અને 21 વર્ષીય યુવતીના મૃતદેહ ઝાડ પર લટકતી હાલતમાં મળી આવતા સમગ્ર પંથકમાં સનાટો વ્યાપી ગયો છે. ઘટનાની જાણ થતાં જ પોલીસનો ઉચ્ચ કાફલો સ્થળ પર દોડી ગયો હતો.મળતી માહિતી અનુસાર, આ ગમખ્વાર ઘટના ખેડબ્રહ્મા નજીક સીમ વિસ્તારમાં આવેલા સ્થાનિક ખેડૂત શૈલેષ ઠાકોરના ખેતરમાં બની હતી. રોજિંદા ક્રમ મુજબ, વહેલી સવારે જ્યારે તે પરિવારજનો ભેંસો લઈને ખેતર તરફ ગયા હતા, ત્યારે ખેતરમાં લોકોની અણધારી ભીડ જોવા મળી હતી. નજીક જઈને જોતા ખેતરમાં આવેલા એક ઝાડ પર અજાણ્યા પુરુષ અને મહિલાના મૃતદેહ લટકી રહ્યા હતા. આ દ્રશ્ય જોતાં જ તેમણે તાત્કાલિક ખેડૂત શૈલેષભાઈ અને ખેડબ્રહ્મા પોલીસને આ અંગે માહિતગાર કર્યા હતા. ઘટનાની ગંભીરતાને પગલે ખેડબ્રહ્મા ટાઉન પોલીસ વિભાગના પોલીસ ઈન્સ્પેક્ટર (PI) ડી.વી. હડાત સહિતના ઉચ્ચ અધિકારીઓનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે મૃતદેહોને નીચે ઉતારી તેમની ઓળખ વિધિ હાથ ધરી હતી, જેમાં મૃતકોની ઓળખમાં મૃતક પુરુષ દીધિયા ગામના મિનેશ ખોખરીયા જેની (ઉંમર 28) હોવાનું સામે આવ્યું છે, જ્યારે મૃતક મહિલા (ઉંમર 21) ચીખલા ગામની ભાણી હોવાનું જણાયું છે.

**માદા દીપડી પાંજરે**

## નાની રાસલી ગામેથી વધુ એક માદા દીપડી પાંજરે પુરાતા લોકોને રાહત

પાવીજેતપુર: પાવીજેતપુર તાલુકા સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લા કેટલાક સમયથી દીપડાઓનો આતંક સતત વધી રહ્યો છે, જેના કારણે સ્થાનિક રહીશોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો હતો. આ દરમિયાન તાલુકાના નાની રાસલી ગામેથી વન વિભાગ દ્વારા ગોઠવવામાં આવેલા પાંજરામાં એક માદા દીપડી આબાદ ઝડપાઈ જતાં સ્થાનિક લોકોએ મોટી રાહત અનુભવી છે.પ્રાપ્ત વિગતો અનુસાર, ગત 14 મેની મોડી રાત્રે સસલાનો શિકાર કરવા જતાં દોઢ વર્ષનું એક દીપડાનું બચ્ચું અવાવરું કૂવામાં ખાબક્યું હતું. જેની જાણ થતાં જ વન વિભાગની ટીમે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ભારે જહેમત બાદ બચ્ચાનું સફળ રેસ્ક્યુ કરી તેનો જીવ બચાવ્યો હતો. જો કે, આ ઘટના બાદ પણ વિસ્તારમાં અન્ય દીપડાઓ સક્રિય હોવાની ગ્રામજનોએ વન વિભાગને રજૂઆત કરી હતી.ગ્રામજનોની રજૂઆત અને ભયને ધ્યાનમાં રાખીને વન વિભાગની ટીમે મોડી સાંજે સમગ્ર વિસ્તારનું સૂક્ષ્મ નિરીક્ષણ કર્યું હતું.


### ભાવનગર એસીબીના પીઆઇએ ફરિયાદ નોંધાવી

ભાવનગર: સરકારી વિભાગોમાં ચાલતા ભ્રષ્ટાચાર સામે એન્ટી કરપ્શન બ્યુરો (ACB) એ ફરી એકવાર કડક વલણ અપનાવ્યું છે. ભાવનગર જિલ્લાના ઘોઘા મામલતદાર કચેરીના તત્કાલીન મામલતદાર અને તેમના આઉટસોર્સિંગ ડ્રાઈવર વિરૂદ્ધ લાંચની માંગણીનો ગુનો નોંધાતા સરકારી આલમમાં ભારે ખળભળાટ મચી ગયો છે. ભાવનગર એસીબીના પીઆઈએ પોતે આ મામલે સત્તાવાર ફરિયાદ નોંધીને કાયદાનો સિંકજો કસ્યો છે. આરોપી અધિકારી હાલ નિવૃત્ત થઈ ચૂક્યા છે, પરંતુ તેમના કાર્યકાળ દરમિયાન આચરેલા ભ્રષ્ટાચાર બદલ હવે તેમની સામે કાયદાકીય ગાળિયો મજબૂત થયો છે.

**ભારતમાલા રોડ પર**

## બનાસકાંઠાના ચૌધરી પરિવારની કાર પલટતા 3નાં મોત, 3 ઈજાગ્રસ્ત

(એજન્સી) બનાસકાંઠા | તા.17




રાજસ્થાનના રણુજાથી દર્શન કરીને પાછા ફરતા બનાસકાંઠાના થાવર ગામના ભક્તોને અકસ્માત નદીઓ છે. રાજસ્થાનના બાલોતરા જિલ્લાથી પસાર થતાં ભારતમાલા હાઈવે પર આસોતરા પાસે કાર સામે અચાનક જ નીલગાય આવી જતાં કાર ચાલકે તેને ટાળવાનો પ્રયાસ કર્યો હતો. જેમાં સ્ટેરિંગ પરથી કાબૂ ગુમાવી દેતા કાર રોડ પર પલટી મારી ગઈ હતી. જેમાં 3 લોકોના મોત થયા છે તો 3 લોકો ઈજાગ્રસ્ત થયા છે.ઘટનાની જાણ હાઈવે ઓથોરીટી અને પોલીસને કરવામાં આવી હતી. પોલીસે ત્યાં પહોંચી મૃતદેહોને પોસ્ટ મોર્ટમ અર્થે ખસેડયા હતા, અકસ્માતે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. ઈજાગ્રસ્તોને નાહટા હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી જે બાદ વધુ સારવાર અર્થે તેમને જોધપુર રિફર કરવામાં આવ્યા છે.

**ભેંસની વસ્તી સૌથી વધુ**

## છેલ્લી પશુ વસ્તી ગણતરી પ્રમાણે જિલલાના તળાજા તાલુકામાં હાઇએસ્ટ 1.78 લાખ પશુઓ

(એજન્સી) ભાવનગર | તા.17

પશુ પાલન વિભાગ દ્વારા વર્ષ ૨૦૧૯-૨૦ દરમિયાન હાથ ધરેલ પશુ વસ્તી ગણતરી પ્રમાણે ખાસ કરીને ઢોર, ભેસ, બકરી, ઘેટા અને ઉટ જેવા દૂધાળા પશુઓની કુલ સંખ્યા ૭.૬૦ લાખથી વધુ નોંધાઇ હતી અને તળાજા તાલુકામાં હાઈએસ્ટ પશુ સંખ્યા ૧.૭૮ લાખ થઈ હતી. જો કે, આ પાંચ વર્ષ દરમિયાન આ સંખ્યામાં પણ વધારો નોંધાયો છે અને નવો સર્વે પૂર્ણ થયાને બે માસ વિતતા હોય તંત્ર હજુ રાહમાં જોવા મળે છે. વર્ષ ૨૦૧૯-૨૦ બાદ નવી ગણતરીની કામગીરી પૂર્ણ થયાને બે માસ વિતવા છતાં તંત્ર રાહમાં માનવ વસ્તી વધવાની સાથો સાથ પશુઓની વસ્તીમાં પણ વધારો થતો હોય છે અને દર પાંચ વર્ષે તેની ગણતરી પણ કરાય છે. છેલ્લી પશુ ગણતરી પ્રમાણે ખાસ કરીને દૂધાળા અને પાલતુ પશુઓમાં ઢોર, ભેંસ, બકરી અને ઘેટાની જો વાત કરીએ તો ભાવનગર જિલ્લામાં કુલ ૭,૬૦,૮૬૩ની સંખ્યા નોંધાયેલી જોવા મળે છે જેમાં માત્ર ભેંસની સંખ્યા સૌથી વધુ ૨,૯૧,૯૩૦ હતી. જ્યારે બકરીની સંખ્યા ૧,૩૨,૧૫૧ અને ઘેટાની સંખ્યા ૧,૧૦,૧૩૩ નોંધાયેલી છે. જ્યારે તાલુકાની વાત કરીએ તો જિલ્લામાં પ્રથમ ક્રમે તળાજામાં ૧,૭૮,૪૧૬ પાલતુ પશુઓ નોંધાયા છે.




જ્યારે ક્રમશઃ મહુવામાં ૧,૩૭,૫૦૯, ભાવનગરમાં ૮૮,૨૮૫, સિહોરમાં ૮૨,૦૪૫, વલ્લભીપુરમાં ૭૬,૦૮૬૩, પાલિતાણામાં ૬૯,૯૨૬, ઘોઘામાં ૬૭,૦૬૧, જેસર ૫૫,૬૦૨, ઉમરાળામાં ૨૫,૭૨૫ અને ગારિયાધારમાં ૨૪,૧૯૫ પશુઓ જેમાં કેટલ, ભેંસ, બકરી, ઘેટા અને ઉંટનો સમાવેશ થાય છે. જે આંકડા ગત પશુ ગણતરીના છે. જે વાટે પાંચ વર્ષે પુનઃ ગણતરીની પ્રક્રિયા પણ પશુપાલન વિભાગ દ્વારા કરવામાં આવી છે અને તે પૂર્ણ પણ થઇ ચુકી છે જેનો રિપોર્ટ બે માસ થવા છતા હજુ તંત્રએ જાહેર કર્યો નથી. સ્વાભાવિક આ આંકડામાં વધારો નોંધાયો હોવાનું બિનસત્તાવાર સુત્રોમાંથી જણાયું છે. ભાવનગર જિલ્લામાં વર્ષ ૧૯-૨૦ના સર્વે મુજબ કુલ ૪૬,૪૨૪ રખડતા કુતરા નોંધાયા હતાં. જો કે, બદલાતા જમાના સાથે ઘરમાં અવનવી બ્રીડના કુતરા પાળવાની ફેશન બની છે ત્યારે સંભવતઃ આ વખતે પાલતુ અને રખડતા બન્ને કુતરાનો સર્વે જાહેર થાય તેવું જણાયું છે.

## બનાસકાંઠા જિલ્લા કલેકટરશ્રી મિહિર પટેલની અધ્યક્ષતામાં જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઈ

(એજન્સી) પાલનપુર | તા.17

બનાસકાંઠા જિલ્લા કલેકટરશ્રી મિહિર પટેલની અધ્યક્ષતામાં આજરોજ કલેક્ટર કચેરી, મિટિંગ હોલ, પાલનપુર ખાતે જિલ્લાની સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઈ હતી. જેમાં ધારાસભ્યશ્રીઓએ વિવિધ વિભાગોને પૂછેલા પ્રશ્નો સંદર્ભે અધિકારીઓ દ્વારા આપેલ જવાબો પરત્વે ચર્ચા કરવામાં આવી હતી.

આ બેઠકમાં જિલ્લા કલેકટરશ્રી દ્વારા મળેલ વિવિધ રજૂઆત બાબતે સંબધિત અધિકારીશ્રીઓ પાસેથી રિવ્યૂ લઈ કામની પ્રગતિનો અહેવાલ ચકાસ્યો હતો તેમજ જરૂરી સૂચના અને માર્ગદર્શન આપ્યું હતું. બેઠકમાં વિવિધ પ્રશ્નો બાબતે આવેલ રજૂઆતો સંદર્ભે તમામ પ્રશ્નોના ઝડપી નિરાકરણ માટે જિલ્લા/તાલુકા અને ગ્રામ્ય કક્ષાએ સંબધિત વિભાગ અને અધિકારીઓ સાથે સંકલન કરી ઝડપી કામ પૂર્ણ કરવા કલેકટરશ્રી મિહિર પટેલે જણાવ્યું હતું.



બેઠકના અધ્યક્ષ વ કલેકટરશ્રીએ જણાવ્યું હતું કે, જિલ્લાના નાગરિકોને સરકારશ્રીની યોજનાઓનો લાભ પહોંચે તથા તમામ કાર્યો સમયમર્યાદામાં પૂર્ણ થાય તે જરૂરી છે. પ્રજાના પ્રશ્નોને તાકીદે ઉકેલવા તથા વિવિધ વિકાસ કામો સત્વરે પૂર્ણ કરવાની જિલ્લાના અમલીકરણ અધિકારીઓને સૂચન કરાયા હતા. આ બેઠકમાં પ્રિ - મોન્સુન કામગીરી ઝડપથી પૂર્ણ કરવા ભાર મુકાયો હતો જેમાં સબંધિત વિભાગે ઝાડી - ઝાંખરા દૂર કરવા, પાણી ભરાતા હોય તેવા સ્થળોએ પૂર્વ તૈયારીઓ કરી રાખવા જણાવ્યું હતું. બેઠકમાં પાણી પુરવઠા, વન વિભાગ, રોડ - રસ્તા, તાલુકા કક્ષાએ મંજૂર થયેલ નવીન એસ.ટી બસ સ્ટેશનની કામગીરી તત્કાલિક પૂર્ણ કરવા સૂચના અપાઈ હતી. બેઠકમાં પાલનપુર ધારાસભ્યશ્રી અનિકેતભાઈ ઠાકર, દાંતા ધારાસભ્યશ્રી કાંતિભાઈ ખરાડી, પોલીસ વડાશ્રી પ્રશાંત સુમ્બે, અધિક જિલ્લા કલેક્ટરશ્રી સી.પી.પટેલ સહિત જિલ્લાના અમલીકરણ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### બુધેલ નજીક કાર અને બાઈક અથડાતાં યુવાનનું સ્થળ પર મોત

ભાવનગર : વનગર સોમનાથ હાઈવે પર બુધેલ નજીક કાર અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાતા ઘોઘાના યુવાનનું સ્થળ પર મોત નિપજ્યું હતું. બનાવ અંગે ગુનો નોંધાયા છે.બાઈક લઈને વાળુકડથી ઘોઘા આવતી હતો ત્યારે અકસ્માત સર્જાયો. ાઈ ભરતભાઈ બેબાભાઈ સોલંકી મોટરસાયકલ નંબર જીજે-૦૪-એફબી-૪૩૧૯ લઈને વાળુકડ ગામે સોલર પેનલ ફિટ કરવા માટે ગયા હતા. સોલર પેનલ ફિટ કરવાનું કામ પૂર્ણ કરી પરત પોતાને ગામ ઘોઘા આવતા હતા તે દરમિયાન ભાવનગર સોમનાથ હાઈવે પર આવેલ બુધેલ નજીક સામેથી આવી રહેલ કાર નંબર જીજે-૦૪-ઈએ-૮૦૦૮ના ચાલકે પોતાનું વાહન પુરઝડપે અને બેફિકરાઈથી ચલાવી બાઈક સાથે અથડાવી દેતા યુવાનને ગંભીર ઈજા પહોંચી હતી. યુવાને ગંભીર ઈજા થવાના કારણે સ્થળ પરજ મોત નિપજ્યું હતું. આ બનાવ સંદર્ભે મૃતકના ભાઈ મુકેશભાઈએ કાર ચાલક વિરૂધ્ધ વરતેજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

**મુસાફરોની માંગને ધ્યાને લઈ વધારાની રેલ સુવિધા શરૂ કરવા નિર્ણય**

## 29મીથી ભાવનગર-શકૂર બસ્તી વચ્ચે સાપ્તાહિક વિશેષ ટ્રેન દોડશે

ભાવનગર : શ્રિમ રેલવે દ્વારા ભાવનગર મંડળના મુસાફરો માટે વધુ એક વધારાની રેલ સુવિધા ઉપલબ્ધ કરાવવાનો નિર્ણય લેવાયો છે. આગામી ૨૯મીથી ભાવનગરથી શકૂર બસ્તી વચ્ચે સાપ્તાહિક વિશેષ ટ્રેન દોડશે. આ રેલ સુવિધા ભાવનગરથી ૨૬ જૂન અને શકૂર બસ્તીથી ૨૭ જૂન સુધી ઉપલબ્ધ રહેશે. ભાવનગરથી દર શુક્રવારે અને શકૂર બસ્તીથી દર શનિવારે ટ્રેન દોડશે, બન્ને દિશામાં ૨૩ સ્ટેશન પર હોલ્ટ અપાયો. ભાવનગર ટર્મિનસથી શકૂર બસ્તી સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન આગામી તા.૨૯-૫થી તા.૨૬-૬ સુધી દર શુક્રવારે બપોરે ૨-૨૦ કલાકે પ્રસ્થાન કરી બીજા દિવસે શનિવારે સવારે ૧૦-૫૫ કલાકે શકૂર બસ્તી પહોંચશે. તેવી જ રીતે શકૂર બસ્તીથી સાપ્તાહિક ટ્રેન તા.૩૦-૫થી તા.૨૭-૬ સુધી દર શનિવારે બપોરે ૧-૧૫ કલાકે ઉપડી બીજા દિવસે રવિવારે સવારે ૮-૫૦ કલાકે ભાવનગર ટર્મિનસ પહોંચશે. આ વિશેષ ટ્રેન બન્ને દિશામાં ભાવનગર પરા, સિહોર, ધોળા, બોટાદ, ધંધુકા, ધોળકા, સરખેજ, ગાંધીગ્રામ, ચાંદખેડા રોડ, મહેસાણા (જં), પાલનપુર (જં), આબુ રોડ, ફાલના, મારવાડ (જં), અમજેર (જં), કિશનગઢ, ફુલેરા, રીંગસ, નીમ કા થાના, નારનૌલ, રેવાડી (જં), ગુડગાંવ અને દિલ્હી કેન્ટ ખાતે હોલ્ટ કરશે. ટિકિટોનું બુકિંગ તા.૧૭-૫ને રવિવારથી યાત્રી આરક્ષણ કેન્દ્રો અને આઈઆરસીટીસીની વેબસાઈટ પરથી શરૂ થશે તેમ વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધકે જણાવ્યું છે.



**દરરોજ હજારો શ્રદ્ધાળુઓ લઈ રહ્યા છે નિશુલ્ક પ્રસાદનો લાભ: અંબાજીમાં શરૂ થયેલી ભોજન યોજનાના તમે પણ દાતા બની શકો છો**

# બનાસકાંઠા કલેક્ટરશ્રી મિહિર પટેલના અધ્યક્ષસ્થાને 'જય અંબે તિથિ ભોજન' યોજના અંતર્ગત રીવ્યુ બેઠક યોજાઈ

(એજન્સી) પાલનપુર | તા.17

ભારતભરના ૫૧ શક્તિપીઠોમાં હ્રદયસ્થાન ગણાતા શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ ખાતે લાખો શ્રદ્ધાળુઓની સુવિધામાં વધારો કરવાના ઉમદા હેતુથી 'જય અંબે તિથિ ભોજન' યોજના ચાલી રહી છે. બનાસકાંઠા જિલ્લા કલેક્ટર અને શ્રી આરાસુરી અંબાજી મંદિર ટ્રસ્ટના અધ્યક્ષશ્રી મિહિર પટેલના અધ્યક્ષસ્થાને આજરોજ કલેકટર કચેરી, પાલનપુર ખાતે જય અંબે તિથિ ભોજન યોજના અંતર્ગત રીવ્યુ બેઠક યોજાઈ હતી.

'અંબિકા અન્નક્ષેત્ર' દ્વારા હાલમાં દરરોજ હજારો યાત્રાળુઓને નિઃશુલ્ક ભોજન પ્રસાદ પીરસવામાં આવે છે. આ વ્યવસ્થાને વધુ સુદ્રઢ બનાવવા અમલી કરાયેલી 'તિથિ ભોજન' યોજના અંતર્ગત, જે દાતા ૧.૫૧ લાખનું દાન અર્પણ કરશે, તેઓ આજીવન તે નિશ્ચિત તિથિ કે તારીખના મુખ્ય દાતા તરીકે નોંધાશે. દર વર્ષે નિર્ધારિત તિથિએ અન્નક્ષેત્ર ખાતે દાતાના નામની તકતી લગાવી તેમના સહયોગની નોંધ



લેવામાં આવશે. આ બેઠકમાં કલેક્ટરશ્રી મિહિર પટેલે જણાવ્યું હતું કે, માઈભક્તો પોતાની પુણ્યતિથિ, જન્મદિવસ કે લગ્ન પ્રસંગ નિમિત્તે આ યોજનામાં જોડાઈ શકે છે. અંબાજી ખાતે કરેલું આ દાન થકી જરૂરિયાતમંદ લોકોને નિઃશુલ્ક ભોજન આપવામાં આવી રહ્યું છે. જિલ્લાના અધિકારીશ્રીઓ પણ આ યોજનામાં પોતાની ભાગીદારી નોંધાવે અને સેવા યજ્ઞમાં જોડાય તે માટે કલેકટરશ્રી દ્વારા અપીલ કરાઈ હતી. વર્તમાન વ્યવસ્થા મુજબ, અન્નક્ષેત્રમાં દરરોજ સવારે ૧૦:૩૦ થી બપોરે ૩:૦૦ અને સાંજે ૬:૦૦ થી રાત્રે ૯:૩૦ કલાક સુધી શુદ્ધ ભોજન પીરસાય છે. મેનુમાં પૂરી-શાક, દાળ-ભાત અને પાપડ જેવી વાનગીઓ તેમજ રવિવાર, પૂનમ અને અષ્ટમી જેવા ખાસ દિવસોએ માતાજીના પ્રિય પ્રસાદ 'મોહનથાળ'નો સમાવેશ થાય છે. સામાન્ય દિવસોમાં અંદાજે ૬ હજાર અને વિશેષ દિવસોએ ૮ હજાર જેટલા ભક્તો આ પ્રસાદનો લાભ લે છે. 'અન્નદાન એ જ સૌથી મોટું દાન' છે તેવી ભાવના સાથે ટ્રસ્ટ દ્વારા તમામ ભક્તોને આ યોજનામાં સહભાગી થવા હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. શક્તિપીઠ અંબાજી ખાતે લાખોની સંખ્યામાં આવતા શ્રધ્ધાળુઓ માટે આ નિશુલ્ક સેવાનું કામ કરવામાં આવતા લોકો આ યોજનાને વખાણી રહ્યા છે. આ પ્રસંગે નિવાસી અધિક જિલ્લા કલેકટરશ્રી સી.પી.પટેલ, અંબાજી વહીવટદાર અને અધિક કલેક્ટરશ્રી કૌશિક મોદી સહિત જિલ્લા સંકલનના તમામ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**શિક્ષણના નામે કરોડોનું કૌભાંડ:**

## પંચમહાલમાં 2.79 કરોડ રૂપિયાની ઉચાપતના આરોપીઓના આગોતરા જામીન નામંજૂર

(એજન્સી) પંચમહાલ | તા.17

વિદ્યાર્થીઓના શિક્ષણ અને સુવિધા માટે સરકારે ફાળવેલી ગ્રાન્ટમાંથી કરોડો રૂપિયાની ઉચાપત કરવાના આ મામલાએ સમગ્ર રાજ્યમાં ચર્ચા જગાવી છે. ગોધરાના મહે. છઠ્ઠા એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજ આર.આર. પટેલની કોર્ટમાં આ કેસની સુનાવણી હાથ ધરવામાં આવી હતી. સુનાવણી દરમિયાન સરકારી વકીલે કોર્ટ સમક્ષ કૌભાંડની ગંભીરતા રજૂ કરતા કડક દલીલો કરી હતી કે, આરોપીઓએ ખોટા અને બોગસ બિલો બનાવીને સરકારની ગ્રાન્ટમાંથી કરોડો રૂપિયા પોતાના ખાતામાં ટ્રાન્સફર કરી લીધા હતા. કાગળ પર મોટો સામાન ખરીદાયો હોવાનું દર્શાવવામાં આવ્યું, પરંતુ વાસ્તવિકતામાં શાળાઓમાં એકપણ સામાન પહોંચાડવામાં આવ્યો જ નહોતો. આ સાથે જ સરકારી નાણાંની લેવડદેવડ રાત્રિના 12.30 વાગ્યે થઈ હોવાનું સામે આવતા આ આખા કૌભાંડની મોડસ ઓપરેન્ડી પર ગંભીર સવાલો ઊભા થયા છે કે આખરે મધરાતે સરકારી નાણાં કોના ઈશારે ટ્રાન્સફર થઈ રહ્યા હતા? સર્વ શિક્ષા અભિયાન હેઠળ વિદ્યાર્થીઓના હિત માટે આવેલી ગ્રાન્ટમાં અંદાજે 2.79 કરોડ રૂપિયાનો મોટો ગોટાળો સામે આવ્યા બાદ, આ મામલે ગોધરા બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગંભીર કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. કોર્ટે ગુનાની ગંભીરતા અને સરકારી નાણાંની ઉચાપતના પુરાવાઓને ધ્યાનમાં રાખીને આરોપીઓને કોઈ પણ પ્રકારની રાહત આપવાનો ઈનકાર કર્યો છે.

# ઈંધણ મોંઘું થતા પ્રજા પર તોળાઈ રહેલો ભાવવધારો

## ભારતીય રાઈડ કંપનીઓ, ઈ-કોમર્સ અને ક્વિક-કોમર્સ ક્ષેત્રની કંપનીઓના ચાર્જીસમાં તથા ટ્રક ઓપરેટરો દ્વારા નૂર દર વધારશે

(એજન્સી) અમદાવાદ | તા 17

પેટ્રોલ અને ડીઝલના ભાવમાં પ્રતિ લિટર રૂ.૩ સુધીનો વધારો થતા ભારતીય રાઈડ-કંપનીઓ, ઈ-કોમર્સ અને ક્વિક-કોમર્સ ક્ષેત્રની કંપનીઓ વધતા લોજિસ્ટિક્સ અને ડિલિવરી ખર્ચ વધારવા માટે તૈયારી કરી રહી છે. નફાના માર્જિન પર અસર પડવાની ચિંતા ઊભી થતા ટ્રક ઓપરેટરો તથા લોજિસ્ટિક કંપનીઓએ નૂર દરમાં વધારો કરવાની હિલચાલ શરૂ કરી છે. દેશભરના ટ્રક ઓપરેટરો તથા લોજિસ્ટિક કંપનીઓ દ્વારા ભાડાંના દરમાં ૩થી ૪ ટકા વધારો થવાની સંભાવના છે. સીએનજીના ભાવમાં પણ પ્રતિ કિલોગ્રામ રૂ. ૨ સુધીનો વધારો કરવામાં આવ્યો છે. ઉદ્યોગના સુત્રોએ જણાવ્યું હતું કે ઈંધણના ભાવમાં વધારો થવાથી ઓપરેશનલ ખર્ચમાં વધારો થઈ શકે છે અને પરિવહન, ડિલિવરી અને ઓનલાઈન માલના ભાવમાં ૧૦ થી ૨૦ ટકાનો વધારો થઈ શકે છે. આની સીધી અસર બાઈક-ટેક્સી અને ડિલિવરી ભાગીદારો પર પડશે, જેમના મોટાભાગના વાહનો પેટ્રોલ પર ચાલે છે.

જો ઈંધણના ભાવ ઊંચા રહેશે તો ભાડામાં ૧૦થી ૨૦ ટકાનો વધારો થઈ શકે છે. ઓછામાં ઓછું આ વધારાનો થોડો ભાગ ગ્રાહકો પર લાદી શકાય છે. રાઈડ-હેઈલિંગ અને ઈ-કોમર્સ કંપનીઓ માટે ઈલેક્ટ્રિક વાહનો લાંબા સમયથી એક વ્યવહારુ વિકલ્પ રહ્યા છે. જોકે, તે ઝડપથી અપનાવવું મુશ્કેલ છે કારણ કે ઉદ્યોગમાં વપરાતી મોટાભાગની બાઈકો હજુ પણ પેટ્રોલ પર ચાલે છે.

તૈયાર ભોજન, કરિયાણા અને પેકેજ્ડ ફૂડ જેવી શ્રેણીઓમાં તાત્કાલિક દબાણ અનુભવાય તેવી શક્યતા છે, જ્યાં ઈંધણના ઊંચા ખર્ચ ઓર્ડર અને ડિલિવરીના ખર્ચ પર સીધી અસર કરે છે. ટ્રક ઓપરેટરો તથા લોજિસ્ટિક કંપનીઓ



આ અગાઉથી જ કાર્યકારી ખર્ચમાં વધારાથી બોજ હેઠળ આવી ગયા છે ત્યારે હવે પેટ્રોલ-ડીઝલના ઊંચા ભાવથી તેમના માર્જિન પર દબાણ આવશે. ટાયર, ટોલ ચાર્જિસ, લ્યુબ્રિકાન્ટસ તથા સ્પેર પાર્ટસની કિંમતોમાં તાજેતરના ભૂતકાળમાં વધારો થયો છે. ક્રુડ તેલના ઊંચા ભાવને પગલે સરકારી ઓઈલ રિફાઈનરીઓની ખોટમાં સતત વધારો થઈ રહ્યો હોવાનું ધ્યાનમાં રાખી તેમને રાહત પૂરી પાડવા સરકારે પેટ્રોલ તથા ડીઝલના ભાવમાં પ્રતિ લિટર રૂપિયા ૩નો વધારો કર્યો છે. પેટ્રોલ તથા ડીઝલના ભાવમાં વધારાને ધ્યાનમાં રાખતા માલસામાનના પરિવહન માટેના નૂર દરમાં ૩થી ૪ ટકાનો વધારો કરવાની ફરજ પડશે. જો કે આ વધારો રુટ પર આધારિત હશે એમ ઓલ ઈન્ડિયા ટ્રાન્સપોર્ટર્સ વેલ્ફેર એસોસિએશનના સુત્રોએ જણાવ્યું હતું. ટ્રાન્સપોર્ટરો આમપણ નજીવા માર્જિન પર કામ કરી રહ્યા છે ત્યારે પેટ્રોલ-ડીઝલનો ખર્ચ વધી જતા નૂર દરમાં વધારો કર્યા સિવાય છૂટકો નથી એમ તેમણે ઉમેર્યું હતું.

### વૈશ્વિક સપ્લાય ચેઈન પર પ્રભુત્વ મેળવવા ચીને સરકારી શક્તિનો દુરુપયોગ શરૂ કર્યો

નવી દિલ્હી: જેનાથી સમગ્ર વિશ્વમાં ચિંતાનો માહોલ છે. અમેરિકાના ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા બહાર પાડવામાં આવેલા એક તાજેતરના અહેવાલમાં સનસનાટીભર્યો દાવો કરવામાં આવ્યો છે કે બેઈજિંગ તેની સરકારી સત્તાનો ઉપયોગ કરીને વૈશ્વિક સપ્લાય ચેઈન પર પ્રભુત્વ જમાવી રહ્યું છે. ચીને માત્ર ઈલેક્ટ્રિક વાહનો, સેમિકન્ડક્ટર્સ અને સ્વચ્છ ઉર્જા જેવા અદ્યતન ક્ષેત્રો પૂરતું જ નહીં, પરંતુ તેના સમગ્ર અર્થતંત્રના દરેક નાના-મોટા હિસ્સામાં સરકારી હસ્તક્ષેપ અને સબસિડી આપવાનું શરૂ કર્યું છે. આ પગલાને કારણે વિશ્વના તમામ દેશો ચીની ઉત્પાદનો પર વધુ નિર્ભર બનવા મજબૂર થઈ રહ્યા છે. "ચાઈનાઝ નેક્સ્ટ જનરેશન ઈન્ડસ્ટ્રિયલ પોલિસી" શીર્ષક ધરાવતા આ અહેવાલમાં જણાવાયું છે કે આંતરરાષ્ટ્રીય દબાણ હોવા છતાં ચીન પાછળ હટવાને બદલે અર્થતંત્રમાં સરકારી દખલગીરી બમણી કરી રહ્યું છે. ચીનની નવી ઔદ્યોગિક નીતિ હવે ઉત્પાદનના પ્રારંભિક તબક્કા (કાચો માલ અને મશીનરી) થી લઈને અંતિમ ઉત્પાદનો, સેવાઓ અને ફ્રન્ટિયર ટેક્નોલોજી સુધી ફેલાઈ ગઈ છે. ભૂતકાળમાં ચીને "મેડ ઈન ચાઈના ૨૦૨૫" કાર્યક્રમ હેઠળ આયાત પરની પોતાની નિર્ભરતા ઘટાડીને સ્થાનિક બજારમાંથી વિદેશી કંપનીઓને સફળતાપૂર્વક બહાર હાંકી કાઢી હતી અને હવે તે જ ફોર્મ્યુલા વૈશ્વિક સ્તરે લાગુ કરવામાં આવી રહી છે.

## News Brief

### બેન્કોના નફાના માર્જિન આગામી નાણાકીય વર્ષમાં ભારે દબાણ હેઠળ રહેવાની ભીતિ

નવી દિલ્હી: દેશના બેન્કિંગ ક્ષેત્ર માટે આગામી સમય આર્થિક મોરચે ભારે પડકારજનક સાબિત થઈ શકે છે. પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા ગલ્ફ વોર એટલે કે વૈશ્વિક યુદ્ધનું આર્થિક સંકટ અને નવા એકાઉન્ટિંગ નિયમોના અમલીકરણને કારણે નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭માં બેન્કોના નફાના માર્જિન પર મોટું દબાણ જોવા મળી શકે છે. એક પ્રતિષ્ઠિત બ્રોકરેજ સંસ્થાના સંશોધન અહેવાલ અનુસાર, માર્ચ ક્વાર્ટરમાં ભારતીય બેન્કોએ પોતાની લોનની ગુણવત્તાને સ્થિર રાખવામાં સફળતા મેળવી છે, પરંતુ પશ્ચિમ એશિયાના તણાવની અસલી નકારાત્મક અસરો ચાલુ નાણાકીય વર્ષના બીજા ભાગમાં સપાટી પર આવે તેવી પ્રબળ આશંકા છે. જો કે, સરકારની વિવિધ ક્રેડિટ ગેરંટી યોજનાઓને કારણે આ ક્ષેત્ર માટે લાંબા ગાળાનો આઉટલુક હજુ પણ હકારાત્મક છે. ગયા વર્ષના ડિસેમ્બર મહિનામાં રેપો રેટમાં કરવામાં આવેલા ૦.૨૫ ટકાના ઘટાડાની સીધી નકારાત્મક અસર માર્ચ ક્વાર્ટરમાં બેન્કોની કમાણી પર જોવા મળી છે. લોન અને થાપણોના વ્યાજદરના સમીકરણો બદલાવાને કારણે સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા (SBIN), યુનિયન બેન્ક અને ઈન્ડિયન બેન્ક જેવી મોટી સરકારી બેન્કોના ચોખ્ખા વ્યાજ માર્જિન (NIM) માં મોટો ઘટાડો નોંધાયો છે. સ્ટેટ બેન્કનું માર્જિન ઘટીને ૨.૮૧ ટકા અને યુનિયન બેન્કનું ૨.૬૪ ટકા પર આવી ગયું છે. સરકારી બેન્કો પાસે એવા લોન ખાતાઓ વધુ છે જે સીધા રેપો રેટ કે ટ્રેઝરી બિલ સાથે જોડાયેલા હોય છે, જેને કારણે વ્યાજદર ઘટતા તેમની લોનની કમાણી તરત જ ઘટી ગઈ હતી.

### આયાત નિર્ભરતા ઘટાડવાનો સંકલ્પ દેશની આર્થિક સ્થિતિને વધુ મજબૂત બનાવશે

નવી દિલ્હી: આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રુડ ઓઈલના ભાવો પ્રતિ બેરલ ૧૦૦ ડોલરની સપાટી વટાવી ચૂક્યા છે અને અમેરિકન ડોલર સામે ભારતીય રૂપિયો ૯૫ ના સ્તરે પહોંચી ગયો છે. આ ગંભીર નાણાકીય કટોકટી વચ્ચે દેશના આર્થિક માળખાને સુરક્ષિત રાખવા માટે એક નવો અને અનોખો રસ્તો અપનાવવામાં આવી રહ્યો છે. રેટિંગ એજન્સી બ્રિકવર્ક રેટિંગ્સના તાજેતરના અહેવાલ અનુસાર, વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા દેશવાસીઓને કરવામાં આવેલી સાત નૈતિક અને વ્યવહારિક અપીલ જો મોટા પાયે અમલમાં આવે, તો ભારત ચાલુ નાણાકીય વર્ષમાં ૩૭.૮ અબજ ડોલરનું વિશાળ વિદેશી ભંડોળ બચાવી શકે છે. સ્વૈચ્છિક રીતે ઈંધણ, સોનું અને ખાતરનો વપરાશ ઘટાડવાથી સરકારને મોંઘવારી નિયંત્રિત કરવામાં ખૂબ મોટી મદદ મળી શકે તેમ છે.સરકાર સમક્ષ અત્યારે મોટો આર્થિક પડકાર એ છે કે જો તેઓ ઈંધણ પરના ટેક્સ ઘટાડે છે તો સરકારી આવક ધોવાઈ જાય છે, અને જો કિંમતોનો બોજ ગ્રાહકો પર નાખે છે તો મોંઘવારી આભને આંબે છે. આ નાજુક સમયમાં આર્થિક સ્થિરતા અને અપીલ નીતિ ખૂબ જ મહત્વની સાબિત થશે. વડાપ્રધાને દેશના નાગરિકોને ઘરેથી કામ (વર્ક ફ્રોમ હોમ) કરવા, બિનજરૂરી વિદેશ પ્રવાસ ટાળવા, સોનાની ખરીદી મુલતવી રાખવા, ઈંધણની બચત કરવા, ખાદ્ય તેલનો વપરાશ ઘટાડવા, પ્રાકૃતિક ખેતી અપનાવવા અને સ્વદેશી ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા વિનંતી કરી છે. આ અપીલનો મુખ્ય ઉદ્દેશ્ય ઉર્જા, વેપાર અને કૃષિ ક્ષેત્રે વિદેશી નિર્ભરતા તોડવાનો છે. નાણાકીય ગણતરીઓ મુજબ, આયાત નિર્ભરતા ઘટાડવાનો સંકલ્પ જો જનતા ઉપાડી લે, તો માત્ર કાચા તેલની આયાતમાં ૧૦ ટકાનો ઘટાડો કરવાથી જ દેશને ૧૩.૪ અબજ ડોલરની સીધી બચત થશે.

### ચાંદીની આયાત પર નિયંત્રણો લાદીને સરકારે આર્થિક મોરચે મોટો નિર્ણય

નવી દિલ્હી: દેશના આર્થિક હિતોના રક્ષણ અને ભારતીય રૂપિયાના મૂલ્યને સ્થિર રાખવા માટે કેન્દ્ર સરકારે એક અત્યંત મહત્વપૂર્ણ અને મોટો વ્યાપારી નિર્ણય લીધો છે. પશ્ચિમ એશિયામાં ચાલી રહેલી ભયાનક ભૌગોલિક-રાજકીય કટોકટી અને આંતરરાષ્ટ્રીય બજારમાં વધી રહેલા દબાણ વચ્ચે સરકારે ચાંદીની આયાત પર નિયંત્રણો લાદી દીધા છે. ખાસ કરીને ૯૯.૯ ટકા શુદ્ધતા ધરાવતી ચાંદીની ઈંટો (બાર) ની આયાતને હવે 'મુક્ત' શ્રેણીમાંથી હટાવીને 'પ્રતિબંધિત' શ્રેણીમાં મૂકી દેવામાં આવી છે. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય હેઠળ કામ કરતા વિદેશ વ્યાપાર મહાનિર્દેશાલય (DGFT) દ્વારા શનિવારે આ અંગેનું સત્તાવાર જાહેરનામું બહાર પાડીને આ નવા આકરા નિયમો તાત્કાલિક અસરથી દેશભરમાં લાગુ કરી દેવામાં આવ્યા છે. વૈશ્વિક સ્તરે ક્રુડ ઓઈલની કિંમતોમાં થઈ રહેલા સતત વધારા અને આંતરરાષ્ટ્રીય સંઘર્ષના કારણે ભારતીય રૂપિયો અમેરિકન ડોલર સામે સતત દબાણ હેઠળ છે. આ પરિસ્થિતિમાં દેશનું આયાત બિલ અતિશય વધી ગયું છે, જે વ્યાપાર ખાધને ભયજનક સ્તરે લઈ જઈ રહ્યું છે. સરકારની આ નવી વિદેશી વ્યાપાર નીતિમાં ફેરફાર કરવાનો મુખ્ય હેતુ વિદેશી હૂંડિયામણના મોટા પ્રવાહને બહાર જતો અટકાવવાનો છે. નવા નિયમો મુજબ, હવેથી કોઈપણ આયાતકારે ઉચ્ચ ગુણવત્તાવાળી ચાંદી અથવા અન્ય કેટેગરીની ચાંદીની આયાત કરવા માટે સરકાર પાસેથી વિશેષ પરમિટ (લાયસન્સ) લેવી અનિવાર્ય બનશે, અને આ સમગ્ર પ્રક્રિયા હવે રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (RBI) ના કડક નિયમો હેઠળ સંચાલિત થશે.

સોલાર ઉર્જા અને સુધારા દ્વારા જ ઉર્જા કટોકટીનો ઉકેલ શક્ય

## વૈશ્વિક તેલ કટોકટી સામે ભારતે નવો આર્થિક રોડમેપ બનાવવો પડશે

નવી દિલ્હી: પશ્ચિમ એશિયામાં વધી રહેલા ભૌગોલિક-રાજકીય તણાવના કારણે વૈશ્વિક સપ્લાય ચેઈન ખોરવાઈ ગઈ છે, જેના લીધે ઉર્જા ખર્ચમાં સતત વધારો થઈ રહ્યો છે. આ ગંભીર વૈશ્વિક તેલ કટોકટી વચ્ચે દેશના અર્થતંત્રને સુરક્ષિત રાખવા માટે નીતિ આયોગના ભૂતપૂર્વ સભ્ય અરવિંદ વિરમાણીએ એક મહત્વપૂર્ણ વ્યૂહાત્મક માર્ગદર્શિકા રજૂ કરી છે. તેમણે જણાવ્યું છે કે ભારતે ટૂંકા ગાળામાં તેલ અને ગેસના વધતા ભાવોના બોજને તબક્કાવાર રીતે વહેંચવો પડશે, જ્યારે લાંબા ગાળા માટે સોલાર ઉર્જા અને સુધારા પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવું પડશે. દેશ પોતાની જરૂરિયાતનું ૭૦ થી ૮૦ ટકા તેલ અને ગેસ આયાત કરતો હોવાથી આ આંતરરાષ્ટ્રીય સંકટની સીધી અસર રાષ્ટ્રીય આવક પર પડી રહી છે. વર્તમાન પરિસ્થિતિમાં વધતા જતા ખર્ચને અર્થતંત્રમાં કેવી રીતે સંતુલિત કરવો તે સૌથી મોટો આર્થિક નીતિઓ અને રોડમેપનો વિષય છે. વિરમાણીના મતે, આ પ્રક્રિયામાં ત્રણ મુખ્ય પાસાઓ સામેલ છે: પ્રથમ, તેલ કંપનીઓ પોતે આ નુકસાનનો કેટલો હિસ્સો સહન કરે છે; બીજું, સરકાર એક્સાઈઝ ડ્યુટીમાં ઘટાડો કરીને ગ્રાહકોને કેટલી રાહત આપે છે; અને ત્રીજું, આ નુકસાનનો કેટલો ભાગ સામાન્ય જનતા અને ઉદ્યોગો પર નાખવામાં આવે છે. વૈશ્વિક સ્તરે ખાતર અને અન્ય કાચા માલના ભાવો વધવાને કારણે સરકારી સબસિડીનું ભારણ પણ આપોઆપ વધી જશે, જે દેશની નાણાકીય સ્થિતિને અસર કરી શકે છે.મધ્યમથી લાંબા ગાળાના આયોજન માટે ભારતે ઉર્જાના વૈકલ્પિક સ્ત્રોતોને પ્રોત્સાહન આપવું જ પડશે, જેમાં સોલાર ઉર્જા સૌથી મોટી તક સમાન છે. કેન્દ્રીય મંત્રાલયના તાજેતરના અહેવાલ મુજબ, વર્ષ ૨૦૨૬ સુધીમાં ભારત વૈશ્વિક સ્તરે અક્ષય ઉર્જા ક્ષમતામાં બ્રાઝિલને પાછળ છોડીને ત્રીજા સ્થાને પહોંચી ગયું છે અને કુલ સૌર ઉર્જા ક્ષમતા ૧૫૦ ગીગાવોટના સીમાચિહ્નને પાર કરી ગઈ છે.

આ નવા નિયમો આગામી ૧ જુલાઈથી અમલમાં આવશે

## નાની NBFCને નોંધણીમાં મુક્તિથી ઈક્વિટી બજારોમાં રોકાણને વેગ મળશે

(એજન્સી) અમદાવાદ | તા 17

ભારતીય રિઝર્વ બેંક એ કેટલીક નાની નોન-બેંકિંગ ફાઈનાન્શિયલ કંપનીઓ (એનબીએફસી) માટે નોંધણીની જરૂરિયાતમાંથી મુક્તિની જાહેરાત કરી છે. નિષ્ણાતોને આશા છે કે આનાથી ઈક્વિટી બજારોમાં તેમની ભાગીદારી વધશે તેમજ મૂડી બજાર ઈકોસિસ્ટમને મજબૂત બનાવશે અને ભાગીદારી સ્તર માટે સકારાત્મક માળખું પૂરું પાડશે.બજારના સહભાગીઓ અને બ્રોકર્સ કહે છે કે ઘણી કંપનીઓ અને સંસ્થાઓ ભૂલથી એનબીએફસી તરીકે વર્ગીકૃત થવાના જોખમને કારણે ઈક્વિટી બજારોમાં જવાનું ટાળી રહી હતી. પરંતુ હવે તેઓ બજારમાં વધુ સક્રિય થઈ શકે છે. આ સંસ્થાઓ નાણાકીય સંપત્તિઓ સંબંધિત આવક મર્યાદાને ઓળંગવાનો ડર રાખતી હતી, જેના કારણે તેમની નોંધણી જરૂરી બની હતી. જાણકારોએ જણાવ્યું હતું કે, આ પગલાથી એવી કંપનીઓ અને સંસ્થાઓને નોંધપાત્ર રાહત મળશે જે નિયમ પાલન પ્રત્યે સભાન છે અને અગાઉ મૂડી બજારોમાં સંપૂર્ણપણે ભાગ લેવામાં ખચકાટ અનુભવતી હતી. તેમને ડર હતો કે તેઓ અજાણતા એનબીએફસી વર્ગીકરણ નિયમો હેઠળ આવી શકે છે. બ્રોકિંગ ઉદ્યોગમાં ઘણા કાયદેસર વ્યવસાયો છે જે અજાણતા એનબીએફસી શ્રેણીમાં આવી ગયા છે કારણ કે તેઓ નાણાકીય સંપત્તિ અને આવક સંબંધિત કેટલીક તકનીકી મર્યાદાઓમાં આવી ગયા છે, ભલે તેઓ ધિરાણ કે ગ્રાહક-સંબંધિત નાણાકીય પ્રવૃત્તિઓમાં સામેલ ન હોય. એપ્રિલમાં, રિઝર્વ બેંક એ એનબીએફસી માટે નોંધણીમાંથી મુક્તિની જાહેરાત કરી હતી જે જાહેર ભંડોળ એકત્ર કરતી નથી, ગ્રાહક વ્યવહારો કરતી નથી અને રૂ. ૧,૦૦૦ કરોડથી ઓછી સંપત્તિ ધરાવે છે. આ સંસ્થાઓને નોંધાયેલ ન હોય તેવી પ્રકાર ૧ એનબીએફસી તરીકે વર્ગીકૃત કરવામાં આવશે. આ નિયમો ૧ જુલાઈથી અમલમાં આવશે.ઘણી એન્ટિટીઓ, ખાસ કરીને પ્રમોટર ઈન્વેસ્ટમેન્ટ કંપનીઓ, ફેમિલી ઈન્વેસ્ટમેન્ટ સ્ટ્રક્ચર્સ, ટ્રેઝરી ફર્મ્સ અને પેસિવ હોલ્ડિંગ કંપનીઓ, અગાઉ ઈક્વિટી માર્કેટમાં તેમના રોકાણો વધારવા અંગે સાવચેત હતી. તેમને ડર હતો કે તેઓ અજાણતામાં એનબીએફસી વર્ગીકરણ નિયમોને આધીન થઈ શકે છે. રિઝર્વ બેંકના આ પગલાથી નિયમો અંગે વધુ સ્પષ્ટતા મળી છે. આનાથી તેઓ લિસ્ટેડ ઈક્વિટી અને અન્ય માર્કેટ ઈન્સ્ટ્રુમેન્ટ્સમાં તેમની વધારાની મૂડીનું રોકાણ કરવામાં વધુ આરામદાયક બનશે.

### જળવિદ્યુત કંપનીના નફામાં ઉછાળો આવતા શેરબજારના રોકાણકારોમાં ભારે ઉત્સાહ

નવી દિલ્હી: દેશના ઊર્જા ક્ષેત્ર માટે સરકારી માલિકીની અગ્રણી કંપની તરફથી ખૂબ જ ઉત્સાહજનક નાણાકીય અને વ્યાપારી પરિણામો સામે આવ્યા છે. કેન્દ્ર સરકાર હસ્તકની અગ્રણી જળવિદ્યુત કંપની એનએચપીસી લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના ચોથા ક્વાર્ટરના અંતે તેના વાર્ષિક ચોખ્ખા નફામાં ૧૭ ટકાનો ભવ્ય ઉછાળો નોંધાવ્યો છે. કંપની દ્વારા શનિવારે જારી કરાયેલા સત્તાવાર અહેવાલ અનુસાર, નાણાકીય વૃદ્ધિની સાથે સાથે કંપનીએ તેના ઈતિહાસમાં અત્યાર સુધીનો સૌથી મોટો રેકોર્ડ બનાવતા એક જ વર્ષમાં ત્રણ મહત્વપૂર્ણ પ્રોજેક્ટ્સ શરૂ કરીને પોતાની વીજ ઉત્પાદન ક્ષમતામાં રેકોર્ડ વધારો કર્યો છે. આ અદભુત પ્રદર્શનને પગલે આગામી દિવસોમાં પાવર સેક્ટરના શેરોમાં તેજી આવવાની સંભાવના વધી ગઈ છે.નાણાકીય વર્ષ ૨૦૨૬ના વાર્ષિક સરવૈયા મુજબ, કંપનીનો સ્ટેન્ડઅલોન પ્રોફિટ આફ્ટર ટેક્સ (ચોખ્ખો નફો) વધીને રૂપિયા ૩,૬૧૮ કરોડના સ્તરે પહોંચી ગયો છે, જે અગાઉના નાણાકીય વર્ષમાં રૂપિયા ૩,૦૮૪ કરોડ હતો.

વૈશ્વિક ફુગાવાનો નવો આંચકો નાણાકીય બજારોની ચિંતામાં વધારો કરશે

## અમેરિકી ફેડરલ રિઝર્વના વ્યાજદર ચાલુ વર્ષે યથાવત રહેવાના સંકેતો

નવી દિલ્હી: વૈશ્વિક નાણાકીય જગતમાંથી એક ખૂબ જ મહત્વના સમાચાર સામે આવી રહ્યા છે, જે વિશ્વભરના શેરબજારો અને અર્થતંત્રો પર વ્યાપક અસર કરી શકે છે. અમેરિકાની મધ્યસ્થ બેન્ક એટલે કે ફેડરલ રિઝર્વ આગામી સમયમાં વ્યાજદરોમાં ઘટાડો કરવાનો પોતાનો નરમ વલણ છોડીને કડક નીતિ અપનાવે તેવી પ્રબળ શક્યતા છે. એક પ્રતિષ્ઠિત નાણાકીય સંશોધન સંસ્થાના અહેવાલ અનુસાર, વર્ષ ૨૦૨૬ના અંત સુધી અમેરિકી ફેડરલ રિઝર્વના વ્યાજદર ઊંચા સ્તરે જ જળવાઈ રહેશે. શ્રમ બજારની નબળાઈ કરતાં અત્યારે મોંઘવારી વધવાનું જોખમ અતિશય વધી ગયું હોવાથી કેન્દ્રીય બેન્ક આ વલણ અપનાવવા મજબૂર બની છે, જેને કારણે બજારમાં વ્યાજદર ઘટવાની તમામ આશાઓ પર હાલ પૂરતું પાણી ફરી વળ્યું છે.નાણાકીય વિશ્લેષકોના જણાવ્યા અનુસાર, અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા સંઘર્ષને કારણે આંતરરાષ્ટ્રીય સ્તરે ઈંધણ અને ખાદ્ય ચીજોના ભાવો સતત વધી રહ્યા છે. વૈશ્વિક ફુગાવાનો નવો આંચકો આપતા આ સંકેતોને કારણે અગાઉ અંદાજવામાં આવેલી વ્યાજદરમાં કપાતની યોજના પાછી ખેંચી લેવામાં આવી છે. જો હોર્મુઝની સામુદ્રધુની લાંબા સમય સુધી બંધ રહેશે અને ઉર્જા સંકટ વધુ ઘેરું બનશે, તો ચાલુ વર્ષના અંતમાં ડિસેમ્બર મહિનામાં વ્યાજદરમાં વધુ ૦.૨૫ ટકાનો વધારો થવાની ૨૦ ટકા જેટલી શક્યતા પણ સેવાઈ રહી છે. ફેડરલ રિઝર્વ માટે હવે તેનો ૨ ટકાનો ફુગાવાનો લક્ષ્યાંક પ્રાપ્ત કરવો અશક્ય લાગી રહ્યો છે. અમેરિકાના મુખ્ય ફુગાવાના અંદાજોમાં પણ મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. સંશોધન અહેવાલ મુજબ, કોર પર્સનલ કન્ઝમ્પશન એક્સપેન્ડિચર (PCE) નો અંદાજ વધારીને ૨.૯ ટકા કરવામાં આવ્યો છે, જ્યારે મુખ્ય ફુગાવાનો આંકડો ૩.૦ થી ૩.૫ ટકાની આસપાસ રહેવાની ધારણા છે.

### બ્રિક્સ દેશો વચ્ચે વ્યાપાર રેકોર્ડ સ્તરે પહોંચતા વૈશ્વિક બજારમાં મોટો ઉલટફેર

ગાંધીનગર: વૈશ્વિક અર્થતંત્રમાં વધી રહેલા ભૌગોલિક-રાજકીય તણાવ અને આર્થિક અનિશ્ચિતતાઓ વચ્ચે ઊભરતા બજારોના શક્તિશાળી સંગઠન 'બ્રિક્સ' (BRICS) તરફથી ખૂબ જ મહત્વના સમાચાર સામે આવ્યા છે. ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં યોજાયેલી વ્યાપાર અને આર્થિક મુદ્દાઓ પરની બ્રિક્સ કોન્ટેક્ટ ગ્રૂપની બીજી બેઠકમાં કેન્દ્રીય વાણિજ્ય સચિવ રાજેશ અગ્રવાલે જણાવ્યું છે કે સભ્ય દેશો વચ્ચેનો પરસ્પર વ્યાપાર અભૂતપૂર્વ ઊંચાઈએ પહોંચ્યો છે. વર્ષ ૨૦૦૩માં જે પરસ્પર વ્યાપાર માત્ર ૮૪ અબજ ડોલર હતો, તે વર્ષ ૨૦૨૪માં તેર ગણો વધીને ૧.૧૭ લાખ કરોડ ડોલરના આકાશી સ્તરે પહોંચી ગયો છે. વાણિજ્ય મંત્રાલય દ્વારા શનિવારે જારી કરાયેલા અહેવાલ મુજબ, આ આંકડો બ્રિક્સ સંગઠનની વધતી જતી આર્થિક તાકાતનો જીવંત પુરાવો છે. કેન્દ્રીય સચિવે પોતાના મુખ્ય સંબોધનમાં ભારપૂર્વક જણાવ્યું હતું કે, બ્રિક્સ દેશો વચ્ચે વ્યાપાર આટલી ઝડપથી વધ્યો હોવા છતાં, તે એકંદર વૈશ્વિક વ્યાપારના માત્ર ૫ ટકા જેટલો જ છે.

રૂપિયાના ઘસારાથી મોંઘવારી વધવાની આશંકા સેવાઈ રહી છે

## પેટ્રોલ તથા ડીઝલના ભાવવધારાથી રિફાઈનરીઓને મોટી રાહત

(એજન્સી) મુંબઈ | તા 17

આર્થિક મોરચે એક નવો વળાંક જોવા મળી રહ્યો છે, જ્યાં ઈંધણની કિંમતોમાં કરાયેલા ફેરફાર બાદ પણ નાણાકીય સ્થિરતા સામે સવાલો ઊભા થયા છે. પેટ્રોલ તથા ડીઝલના ભાવમાં તાજેતરમાં કરાયેલા વધારાથી દેશની તેલ રિફાઈનરીઓને મળેલી અલ્પકાલિક રાહત હવે જોખમમાં મૂકાઈ ગઈ છે. આંતરરાષ્ટ્રીય બજારમાં અમેરિકન ચલણ સામે ભારતીય રૂપિયાની નબળાઈ આગામી દિવસોમાં આ રાહતને સંપૂર્ણપણે ધોઈ નાખશે તેવી પ્રબળ આશંકા છે. નાણાકીય નિષ્ણાતોના મતે, જો સ્થાનિક ચલણનું મૂલ્ય વધુ ઘટશે તો આયાતી ક્રુડ તેલની પડતર કિંમતમાં મોટો ઉછાળો આવશે, જેનાથી મોંઘવારીનો નવો ગ્રાફ તૈયાર થઈ શકે છે.દેશના અગ્રણી બેન્કિંગ સંશોધન અહેવાલ મુજબ, પેટ્રોલ અને ડીઝલના ભાવમાં પ્રતિ લિટર રૂપિયા ૩નો મોટો વધારો ઝીંકવામાં આવ્યો છે. લગભગ ચાર વર્ષના લાંબા ગાળા બાદ સરકારે આ આકરો નિર્ણય શુક્રવારથી અમલી બનાવ્યો છે. આ ભાવવધારાને કારણે ઓઈલ માર્કેટિંગ કંપનીઓને તેમની અન્ડર રિકવરી એટલે કે નુકસાનના ભારણમાંથી અંદાજે રૂપિયા ૫૩,૦૦૦ કરોડ જેટલી માતબર રાહત મળવાની આશા ઊભી થઈ હતી. આ રકમ વર્તમાન નાણાકીય વર્ષમાં દેશની તેલ રિફાઈનરીઓને થનારી અપેક્ષિત ખોટના અંદાજે પંદર ટકા જેટલી થવા જાય છે, જે પ્રાથમિક દ્રષ્ટિએ બજાર માટે સકારાત્મક સંકેત ગણી શકાય.બીજી તરફ, વૈશ્વિક પરિસ્થિતિ અને ડોલરની મજબૂતાઈ ભારતીય અર્થતંત્ર માટે માથાનો દુખાવો બની રહી છે. જો ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૭ દરમિયાન ડોલર સામે ભારતીય રૂપિયાના મૂલ્યમાં વધુ બે રૂપિયાનો ઘસારો નોંધાશે, તો ક્રુડ ઓઈલની લેન્ડિંગ કોસ્ટ એટલે કે દેશમાં તેલ લાવવાનો ખર્ચ અતિશય વધી જશે. પરિણામે, તેલ કંપનીઓ માટે સ્થિતિ ફરી એકવાર 'જૈસે થે' જેવી ગંભીર બની જશે. રૂપિયાની ખરીદશક્તિ નબળી પડવાને કારણે મોંઘા ભાવે ઈંધણ ખરીદવું પડશે, જે આખરે ગ્રાહકોના ખિસ્સા પર જ નવો બોજ બનીને ત્રાટકશે.મીડિયા અહેવાલ અને વિવિધ નાણાકીય સૂત્રો દ્વારા મળતી વિગતો અનુસાર, હાલના તબક્કે દેશની સરકારી તેલ કંપનીઓ પ્રતિદિન રૂપિયા ૧૦૦૦ કરોડ જેટલી જંગી ખોટ સહન કરી રહી છે. જો આ દૈનિક નુકસાનના આંકડાને વાર્ષિક ધોરણે જોવામાં આવે તો આ આંકડો રૂપિયા ૩.૬૦ લાખ કરોડ જેવો આકાશી સ્તરે પહોંચી જાય છે. આ પરિસ્થિતિમાં પેટ્રોલ તથા ડીઝલના ભાવવધારા દ્વારા થયેલી આવક જો રૂપિયાના અવમૂલ્યન પાછળ ખર્ચાઈ જશે.

ઈલેક્ટ્રોનિક્સ આયાતમાં રેકોર્ડ વધારો થતાં નવું સંકટ સર્જાયું

## વ્યાપાર ખાધમાં મોટો ઉછાળો આવતા આર્થિક મોરચે ચિંતા વધી

નવી દિલ્હી: દેશના વૈશ્વિક વ્યાપાર ક્ષેત્રે ચિંતાજનક ચિત્ર સામે આવ્યું છે, જ્યાં આંતરરાષ્ટ્રીય પડકારો અને સ્થાનિક માંગ વચ્ચે સંતુલન બગડતા આર્થિક મોરચે નવું દબાણ ઊભું થયું છે. વર્ષ ૨૦૨૬ દરમિયાન દેશની વ્યાપાર ખાધ સતત દબાણ હેઠળ રહે તેવી પ્રબળ સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે. ક્રુડ તેલના ઊંચા ભાવો, વૈશ્વિક સ્તરે સપ્લાય ચેઈનમાં અવરોધો અને આંતરરાષ્ટ્રીય બજારમાં માંગમાં સંભવિત મંદીના કારણે આગામી મહિનાઓમાં વેપાર સંતુલન વધુ બગડી શકે છે. નાણાકીય વિશ્લેષકોના અહેવાલ મુજબ, ભારતીય રૂપિયાના મૂલ્યમાં થઈ રહેલો ઘસારો નિકાસકારોને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બનવામાં થોડી મદદ કરી શકે છે, પરંતુ એકંદર ચિત્ર હજુ પણ પડકારજનક દેખાઈ રહ્યું છે.તાજેતરના સંશોધન અહેવાલ અનુસાર, દેશની વસ્તુઓની વ્યાપાર ખાધ માર્ચ મહિનાના ૨૧ અબજ ડોલરથી અચાનક વધીને એપ્રિલ



૨૦૨૬માં ૨૮ અબજ ડોલરના સ્તરે પહોંચી ગઈ છે. આ વધારા પાછળ મુખ્યત્વે તેલ અને સોનાની આયાતમાં થયેલો અંદાજે ૨-૨ અબજ ડોલરનો ઉછાળો જવાબદાર છે. જો તેલ અને સોનાને બાદ કરીએ તો પણ, કેમિકલ્સ, ઈલેક્ટ્રોનિક્સ, અયસ્ક અને કૃષિ ક્ષેત્રે આયાત વધવાને કારણે મુખ્ય ખાધ ૯ અબજ ડોલરથી વધીને ૧૩ અબજ ડોલર પર પહોંચી ગઈ છે, જે દેશની આંતરિક આર્થિક સ્થિતિ પર દબાણ દર્શાવે છે.સ્થાનિક બજારમાં ઈલેક્ટ્રોનિક્સ વસ્તુઓની માંગ અવિરતપણે વધી રહી છે, જેને કારણે ઈલેક્ટ્રોનિક્સ આયાતમાં રેકોર્ડ વધારો નોંધાયો છે. આ ક્ષેત્રની ખાધ ૦.૭ અબજ ડોલર વધીને ૭.૬ અબજ ડોલરની અત્યાર સુધીની સર્વોચ્ચ સપાટીએ પહોંચી ગઈ છે. મીડિયા અહેવાલ અનુસાર, એકતરફ સ્થાનિક ગ્રાહકોમાં વિદેશી ટેકનોલોજી અને ઉપકરણોનો ક્રેઝ વધી રહ્યો છે, તો બીજી તરફ આ આયાતી ભારણ દેશની તિજોરી પર સીધી અસર પાડી રહ્યું છે, જે વ્યાપાર સંતુલનને ખોરવવામાં મુખ્ય વિલન સાબિત થયું છે. વૈશ્વિક પરિસ્થિતિને જોતાં નિકાસ ક્ષેત્રે નબળી સ્થિતિ હજુ પણ ચિંતાનો વિષય બનેલી છે. જો કે, ગયા વર્ષના નબળા આધારને કારણે એપ્રિલમાં માલસામાનની નિકાસમાં વાર્ષિક ધોરણે ૧૪ ટકાનો સુધારો જોવા મળ્યો છે, જે માર્ચમાં ૭.૪ ટકાનો ઘટાડો દર્શાવતી હતી. ઈલેક્ટ્રોનિક્સ નિકાસ પણ ૧ ટકાથી વધીને ૧૩ ટકા થઈ છે, પરંતુ શ્રમ-સઘન ઉદ્યોગો (જેમ કે કાપડ અને હસ્તકલા) ની નિકાસમાં હજુ પણ ૯ ટકાનો ઘટાડો ચાલુ છે.

## તંત્રીની કલમે...

**વિક્રમ સંવત 2082, જેઠ સુદ - 02**

# રાધે બેઠી તિલક સવારે, ખંજન નેન નિહારે...

દર ત્રણ વર્ષે એક મહિનો વધારા નો આવે છે જેને હિન્દુ ધર્મ અનુસાર મલમાસ કે પુરષોતમ માસ કહેવામાં આવે છે.આ માસ દરમિયાન દાન,પુણ્ય અને વ્રત એ અનંત એટલે અધિક ગણું થઈ જતું હોય છે. ગુજરાત માં સૌભાગ્ય વતી સ્ત્રીઓ એના પતિ અને પુત્ર ની ઉન્નતિ માટે આખો મહિનો ઉપવાસ,એકટાણા કે ફ્રૂટ અથવા પાણી પર રહીને કરતી હોય છે.ભગવાન વિષ્ણુ ના સ્વરૂપ ની વિધિ વિધાન થી પૂજા ક્થા કરીને પારણા કરવાનો રિવાજ હોય છે.આ માસ એ લોકોના આસ્થા અને વિશ્વાસ નો છે એટલે સ્ત્રીઓ સાથે પુરુષો,દીકરા દીકરીઓ પણ પૂર્ણ પુરુષોતમ માસ નું વ્રત કરતા હોય છે. હિન્દુ પંચાગ એ ચંદ્રની ગતિ અનુસાર બનતું હોય છે સૂર્ય વર્ષ એ ૩૬૫ નું હોય છે ને ચંદ્ર વર્ષ એ ૩૫૪ દિવસનું હોય છે.આ બન્ને વચ્ચે ૧૧ દિવસ નો તફાવત જોવા મળે છે આ ૧૧ દિવસ ને સરભર કરવા માટે ૩૨.૫ મહિને એક વધારા નો મહિનો ઉમેરવા માં આવે છે. વર્ષ ૨૦૨૬ માં ૧૭ જૂને અધિક માસ શરૂ થાય છે ને ૧૫ મી જૂને પૂરો થાય છે. પદ્મ પુરાણ અનુસાર આ વધારા ના માસ ને દેવો,દેવીઓ અને પાર્ષદો સ્વીકારવા તૈયાર નહતા એટલે ભગવાન શ્રી કૃષ્ણ એ મલમાસ ને પોતાનું નામ આપીને એની પવિત્રતા અન્ય પવિત્ર માસ કરતા અનેક ગણી વધારી દીધી હતી.ભગવાન શ્રી કૃષ્ણ એ મલમાસ ને વરદાન આપતા કહ્યું હતું કે પુરૂષોતમ માસ ધાર્મિક લોકો સાથે પાપી,નરાધમ પણ પૂરી પવિત્રતા થી કરશે તો એને પાપ ના બંધન માંથી મુક્ત કરીશ.ભગવાન શ્રી કૃષ્ણ એ મનુષ્ય ના હૃદય માં આત્મા સ્વરૂપે નિવાસ કરે છે એટલે એ મનુષ્ય ના કર્મ થી અવગત હોય છે. ગૌ,બ્રાહ્મણ અને સ્ત્રી ને ધરા પર ના અમૃત કીધા છે એટલે ભુલ થી પણ ભૂલ માં ગૌ,બ્રાહ્મણ અને સ્ત્રી પરના અત્યાચાર ને ભગવાન સ્વીકારતા નથી.પૃથ્વી પર થતા યજ્ઞ યાગ એ બ્રાહ્મણ દ્વારા વેદ ગાન અને ગૌ માતા ના ઘી વગર શક્ય નથી. શાસ્ત્ર કહે છે કે સ્ત્રી એ પુરુષ ના પુણ્ય ની અડધો અડધ અધિકારી છે એટલે સ્ત્રીની હાજરી વગર ધાર્મિક કાર્યો થતા નથી. રામાયણ માં માતા જાનકી જી ધરા ની અંદર સમાઈ ગયા ત્યારે ભગવાન શ્રી રામ એ માતા જાનકી ની સુવર્ણ મૂર્તિ બનાવડાવી ને અશ્વ મેઘ યજ્ઞ કર્યો હતો. ભગવાન શ્રી કૃષ્ણ એ એના પુત્રો,પુત્રો અને પિતરાઈ ને નૃગ રાજા ની ક્થા સંભળાવી ને સમજાવ્યું હતું કે ભૂલ થી ભુલ માં બ્રાહ્મણ નું ધન એની ઈચ્છા વગર કે બળ જબરી થી લેવામાં આવે તો મૃત્યુ બાદ અધમ યોનિ માં કરોડો વર્ષ વિતાવવા પડે છે.ગરીબ અપ્રિતિગૃહી બ્રાહ્મણ ની ગાય ભૂલ થી નૃગ રાજા ના વડા માં આવી જતા એણે એ ગાય બીજા બ્રાહ્મણ ને દાન આપતા મહાદાની નૃગ રાજા ને કરોડો વર્ષ કાચિંડા બની ને જીવવું પડ્યું હતું.પવિત્ર પુરુષોતમ માસમાં બ્રાહ્મણો ને દાન આપવાનો મહિમા વધારે છે. ક્થા: એકવાર શિવરાત્રિ ના પર્વ માં વૃંદાવન વાસીઓ અંબિકા તીર્થ ગયા.આખો દિવસ ઉપવાસ અને ભગવાન શિવ ની પૂજા અર્ચના કરીને વિતાવ્યા બાદ બધા એ નક્કી કર્યું કે એક રાત્રિ અંબિકા વન માં વિતાવીશું. વહેલી સવારે નંદ બાબા નિત્ય દૈનિક પૂજા માટે ઉઠીને જળ માં સ્નાન કરવા જતા હતા ત્યાં એક વિકરાળ ભૂખ્યા અજગરે એ કોળિયો બનાવવાના હેતુ નંદબાબા ને મુખ માં પકડી લીધા. અજગર ના મુખ માં ફસાયેલ નંદબાબા એ બેટા!!કૃષ્ણ બચાવો..બેટા!!બલરામ બચાવો ની ચીસ પાડી ત્યારે ભગવાન શ્રી કૃષ્ણ એ જમણા પગ ના અંગૂઠા થી અજગર ને સ્પર્શ કર્યો.ભગવાન શ્રી કૃષ્ણ નો સ્પર્શ થતાંજ અજગર નું સ્વરૂપ ત્યજી ને રૂપ રૂપ ના અંબાર ગાંધર્વ સુદર્શન પ્રગટ થયા. જ્યારે ભગવાન શ્રી કૃષ્ણ એ ગાંધર્વ સુદર્શન ને એના અજગર સ્વરૂપ વિશે પૂછ્યું ત્યારે સુદર્શન એ કહ્યું કે અષ્ટા વક્ર કદરૂપા બ્રાહ્મણો ના સમૂહ ના બેઢાંગા રૂપની મશ્કરી મજાક કરતા શ્રાપ નો અધિકારી બન્યો છું. મિત્રો,ભૂલ થી પણ ભૂલ માં અન્ય ના રૂપ,દેખાવ ની મજાક ઉડાવશો નહી. આ સૃષ્ટી માં ઈશ્વરે બધા ને કંઈક ન કંઈક ગુણો આપ્યા છે અષ્ટા વક્ર બ્રાહ્મણ એ ધરા પર ના સૌથી વિદ્વાન બ્રાહ્મણો ના સમૂહ છે.પૂર્ણ પુરુષોતમ માસ એ લોકો ને નીતિ,રીતિ અને સમજ માં બદલાવ કરવાનો સંદેશો આપે છે. એક ટાઈમ જમો કે બે ટાઈમ પણ અન્ય માટે તમારા મુખ માંથી નિંદનીય શબ્દો નીકળે છે તો આખા માસ નું વ્રત એળે જાય છે. દર વર્ષે પવિત્ર પુરુષોતમ માસ નું આગમન થતા જ આનંદ ની હેલી એ ચડી ને ધરતી અનરાધાર વરસાદ વરસાવે છે. ભલે અત્યારે આપણે બધા ૪૫ ડિગ્રી ગરમી માં શેકાઈ છીએ પણ ટૂંક સમયમાં તોફાની વરસાદ ગુજરાત માં આવ્યો સમજજો.

# આધ્યાત્મિક ભાવનાનો મહોત્સવ: માલેગાવ (સાપુતારા) ખાતે 20 મેના રોજ વિશાળ સંતસંગ્ર કાર્યક્રમ

ડાંગ : અનંત શ્રી વિભૂષિત જગદગુરુ રામાનંદાચાર્ય શ્રીમદ નરેન્દ્રાચાર્યજી ના આશીર્વાદથી રામાનંદ સંપ્રદાય ડાંગ દ્વારા આહવા તાલુકાના માલેગાવ (સાપુતારા) ખાતે તારીખ 20/05/2026 બુધવારના રોજ સાપ્તાહિક સંતસંગ્ર કેન્દ્રમાં વિશાળ આધ્યાત્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમ અંતર્ગત બપોરે ૨:૦૦ કલાકથી પાલખી યાત્રા, હરીપાઠ તેમજ સાંજ આરતીનું આયોજન કરવામાં આવશે. આ પ્રસંગે કાલીદાસ ઉરાડે ઉપસ્થિત રહી ભાવિકોને આધ્યાત્મિક-ભક્તિમાર્ગ અંગે અમૂલ્ય માર્ગદર્શન આપશે.




પ્રવચનમાં સંસારમાં રહીને ભક્તિ કેવી રીતે કરવી, ભક્તિ દ્વારા જીવનને ઉત્તમ અને સુખમય કેવી રીતે બનાવી શકાય તેમજ આધ્યાત્મિક જીવનના વિવિધ પાસાઓ અંગે વિસ્તૃત સમજ આપવામાં આવશે. આ કાર્યક્રમમાં ડાંગ સહિત દૂર દૂરથી મોટી સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત રહેવાના છે. સાથે સાથે નજીકના નાશિક જિલ્લો માંથી પણ ભાવિકોની હાજરી નોંધાવાની છે.

માલેગાવ સેવા કેન્દ્ર તથા આહવા તાલુકાના પદાધિકારીઓ દ્વારા કાર્યક્રમની તૈયારીઓ પુરજોશમાં ચાલી રહી છે. આયોજક મંડળ દ્વારા સર્વે ભાવિકોને આ આધ્યાત્મિક કાર્યક્રમમાં હાજર રહી ધર્મલાભ લેવા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી દાદાને દિવ્ય વાઘા અને ફૂલોનો અદભુત શણગાર

નરેન્દ્ર દવે જૂનાગઢ

સાળંગપુર તા.૧૭ પવિત્ર અધિક જેઠ માસ (પુરુષોત્તમ માસ) નિમિત્તે સાળંગપુરધામમાં ભક્તિમય માહોલ, એક મહિના સુધી ચાલનારા શ્રી હનુમાન ચાલીસા યજ્ઞનો પ્રારંભ શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત વિશ્વપ્રસિદ્ધ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર, સાળંગપુરધામ ખાતે પવિત્ર 'અધિક જેઠ માસ' (પુરુષોત્તમ માસ) નિમિત્તે વિશેષ ધાર્મિક ઉત્સવોનું આયોજન કરવામાં આવ્યું છે. અધિક માસમાં 'મારા દાદાને અધિક શણગાર'ની વિશેષ સેવા અંતર્ગત આજે તા. ૧૭-૦૫-૨૦૨૬, રવિવારના રોજ દાદાના દરબારમાં ભક્તિ અને કલાનો અદભુત સંગમ જોવા મળ્યો હતો. પ.પૂ. શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા) ની પ્રેરણાથી અને કોઠારી શ્રી વિવેકસાગર દાસજી સ્વામીના માર્ગદર્શન હેઠળ આજે શ્રીકષ્ટભંજનદેવ દાદાને અત્યંત દિવ્ય અને આકર્ષક વાઘા ધરાવવામાં આવ્યા હતા. આ સાથે જ દાદાના મુખ્ય સિંહાસનને ગુલાબના



સુગંધિત ફૂલોનો ઉપયોગ કરીને અત્યંત કલાત્મક અને નયનરમ્ય રીતે સજાવવામાં આવ્યું હતું. દાદાના ચરણોમાં કાજુકતરી, બરફી, પેંડા અને સુખડી સહિતની અનેક અવનવી મીઠાઈઓનો ભવ્ય છપ્પન ભોગ અન્નકૂટ,૨૦૦ કિલો જાંબુ,૧૦૮ સુખડીનો અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. વહેલી સવારે ૦૫:૪૫ કલાકે પૂજારી સ્વામી દ્વારા દાદાની મંગલમય શણગાર આરતી કરવામાં આવી હતી. રવિવારની રજા અને પવિત્ર માસ હોવાથી વહેલી સવારથી જ હજારોની સંખ્યામાં હરિભક્તો સાળંગપુરધામ ખાતે ઉમટી પડ્યા હતા અને દાદાના આ અલૌકિક સ્વરૂપના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

# સોમનાથ રેલવે સ્ટેશનના પુનર્વિકાસ પ્રોજેક્ટમાં હોટેલ અને આતિથ્ય વ્યવસાય માટેના વ્યાવસાયિક અવસરો અંગે ચર્ચા

નરેન્દ્ર દવે જૂનાગઢ

પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળ હેઠળ પુનર્વિકાસ પામતા સોમનાથ રેલવે સ્ટેશન ખાતે ઉપલબ્ધ કરાવવામાં આવી રહેલા વ્યાવસાયિક ક્ષેત્રના ઉપયોગ અને આવક સર્જનની સંભાવનાઓ અંગે ચર્ચા કરવા માટે અપર મંડળ રેલ પ્રબંધક (એડીઆરએમ) શ્રી ઋત્વિક શર્મા, ભાવનગરના અધ્યક્ષ સ્થાને એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. બેઠકનું સંકલન વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક, ભાવનગર શ્રી અતુલ કુમાર ત્રિપાઠી દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં હોટેલ અને રિયલ એસ્ટેટ ક્ષેત્ર સાથે જોડાયેલા પ્રતિષ્ઠિત ઉદ્યોગપતિઓ અને મેનેજરોએ ભાગ લીધો હતો. બેઠક દરમિયાન સોમનાથ રેલવે સ્ટેશનના બિલ્ડિંગની ત્રીજા અને ચોથા માળ પર ઉપલબ્ધ આશરે 6000 ચોરસ મીટર વિસ્તારને દીર્ઘકાલીન લીઝના આધારે હોટેલ અને આતિથ્ય વ્યવસાયના વિકાસ માટે ઉપયોગમાં લેવા અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. સોમનાથ રેલવે સ્ટેશનનો પુનર્વિકાસ કાર્ય આશરે રૂ.157 કરોડના અંદાજિત ખર્ચે કરવામાં આવી રહ્યો છે. આ પ્રોજેક્ટ અંતર્ગત આધુનિક મુસાફર સુવિધાઓ સાથે ઉચ્ચ ગુણવત્તાની વ્યાવસાયિક માળખાકીય સુવિધાઓ પણ વિકસાવવામાં આવી રહી છે, જેથી મુસાફરો અને પર્યટકોને વધુ સારી સેવાઓ ઉપલબ્ધ થઈ શકે. બેઠક દરમિયાન ઉપસ્થિત હિતધારકોને પ્રસ્તાવિત માળખાકીય સુવિધાઓ, સોમનાથ વિસ્તારની પર્યટન સંભાવનાઓ અને ઉપલબ્ધ વ્યાવસાયિક અવસરો અંગેનું વિસ્તૃત પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું. હિતધારકોએ પ્રોજેક્ટની વ્યાવસાયિક વ્યવહારિકતા અંગે મુસાફર પ્રોફાઈલ વિશ્લેષણ, પર્યટકોના રોકાણની સંભાવનાઓ, હોટેલ આયોજન અને સંચાલન સંબંધિત વિવિધ સૂચનો રજૂ કર્યા. સાથે જ સોમનાથ, દ્વારકા અને ગીરને જોડતા એકીકૃત પર્યટન પરિપથ (ટૂરિસ્ટ સર્કિટ) વિકસાવવાના સૂચનો પર પણ ચર્ચા કરવામાં આવી. રેલવે અધિકારીઓએ માહિતી આપી કે સ્ટેશન પરિસરમાં જરૂરી મૂળભૂત માળખાકીય સુવિધાઓ અને ઉપયોગિતા સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

**ટોડિયા અને મથલ નદી પરનો પુલ હવે કોની રાહ જોઈ રહ્યો ?**

# અધૂરા કામ વચ્ચે વાહન વ્યવહાર શરૂ થતા સ્થાનિકોમાં અકસ્માતની ભીતિ

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા તાલુકાના ટોડિયા અને મથલ નદી પર બની રહેલા પુલ ઉપર હજુ કામ ચાલુ હોવા છતાં મોટા વાહનોની અવરજવર શરૂ થઈ ગઈ હોવાનું સામે આવ્યું છે. કેટલાક વાહનો પુલની નીચેના માર્ગ પરથી પસાર થાય છે, જ્યારે અનેક વાહનો સીધા પુલ પરથી ફૂલ સ્પીડમાં દોડતા જોવા મળી રહ્યા છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ પુલ ઉપર હાલમાં કોઈપણ પ્રકારની સલામતી વ્યવસ્થા, ગાર્ડ, બેરીકેટ કે સ્પીડ બમ્પ મુકવામાં આવ્યા નથી. બંને તરફથી ઝડપભેર આવતા વાહનોને કારણે અકસ્માત સર્જાવાની શક્યતા વધી રહી છે. સાથે સાથે પુલ ઉપર કામ કરતા મજૂરો માટે પણ આ સ્થિતિ જોખમરૂપ બની રહી છે.

સતર્કતા ના ભાગરૂપે જાગૃત નાગરિક અને ઉગેડીના પૂર્વ ઉપ



સરપંચ હભુભાઈ એચ. રબારીએ તંત્રનું ધ્યાન દોરતા જણાવ્યું હતું કે જ્યાં સુધી પુલનું સંપૂર્ણ કામ પૂર્ણ ન થાય ત્યાં સુધી પુલ પર વાહન વ્યવહાર બંધ રાખવામાં આવે અને બંને તરફ યોગ્ય બેરીકેટ, ગાર્ડ તેમજ ચેતવણીના બોર્ડ મુકવામાં આવે, જેથી કોઈપણ પ્રકારની જાનહાની કે દુર્ઘટના ટાળી શકાય.

ગ્રામજનો દ્વારા પણ તાત્કાલિક સુરક્ષાના જરૂરી પગલાં ભરવાની માંગ ઉઠી રહી છે.


# જળ અને વૃક્ષોનું સંરક્ષણ સમયની માંગ : "જળ વગરનું જીવન સુકા બાવળ સમાન"

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

આજના આધુનિક યુગમાં વિકાસની દોડ વચ્ચે માનવજાત પ્રકૃતિથી દૂર થઈ રહી છે. સતત વધતી ગરમી, ઘટતો વરસાદ, સૂકાતા જળસ્ત્રોતો અને વૃક્ષોની અંધાધૂંધ કાપણીને કારણે પર્યાવરણ પર ગંભીર અસર પડી રહી છે. પાણી વગર જીવનની કલ્પના અશક્ય છે, છતાં આજે પાણીનો બેફામ વેડફાટ થઈ રહ્યો છે.

"જળ વગરનું જીવન આ સુકા બાવળ સમાન છે" – આ માત્ર કહેવત નથી, પરંતુ ભવિષ્યની ચેતવણી છે. જો આજે જ પાણી અને વૃક્ષોનું સંરક્ષણ નહીં કરવામાં આવે તો આવનારી પેઢીને તરસ, દુષ્કાળ અને પર્યાવરણના સંકટનો સામનો કરવો પડશે.

વૃક્ષો પ્રકૃતિનું અમૂલ્ય દાન છે. વૃક્ષો વરસાદ લાવવામાં મદદરૂપ બને છે, હવા શુદ્ધ રાખે છે અને પર્યાવરણનું સંતુલન જાળવે છે. પરંતુ શહેરો અને ગામડાઓમાં વિકાસના નામે વૃક્ષોની કાપણી વધી રહી છે. જેના કારણે ગરમીનું પ્રમાણ વધતું જાય છે અને



જળસ્તર પણ નીચે જઈ રહ્યું છે.

પર્યાવરણપ્રેમીઓ અને જાગૃત નાગરિકો દ્વારા લોકોને પાણી બચાવવા, વરસાદી પાણીનો સંગ્રહ કરવા અને વધુમાં વધુ વૃક્ષો વાવવા અપીલ કરવામાં આવી રહી છે. શાળાઓ, સામાજિક સંસ્થાઓ અને યુવાનો દ્વારા વૃક્ષારોપણ અભિયાન અને જળ જાગૃતિ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે, જે પ્રશંસનીય પ્રયાસ છે.

દરેક વ્યક્તિએ પોતાના દૈનિક જીવનમાં પાણીનો યોગ્ય ઉપયોગ કરવો જોઈએ. નળ ખુલ્લા ન રાખવા, વરસાદી પાણીનો સંગ્રહ કરવો, વૃક્ષોનું જતન કરવું અને વધુમાં વધુ વૃક્ષો વાવવાના સંકલ્પ સાથે આગળ આવવું સમયની જરૂરિયાત બની છે.

# સોમનાથ રેલવે સ્ટેશનના પુનર્વિકાસ પ્રોજેક્ટમાં હોટેલ અને આતિથ્ય વ્યવસાય માટેના વ્યાવસાયિક અવસરો અંગે ચર્ચા

નરેન્દ્ર દવે જૂનાગઢ

પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળ હેઠળ પુનર્વિકાસ પામતા સોમનાથ રેલવે સ્ટેશન ખાતે ઉપલબ્ધ કરાવવામાં આવી રહેલા વ્યાવસાયિક ક્ષેત્રના ઉપયોગ અને આવક સર્જનની સંભાવનાઓ અંગે ચર્ચા કરવા માટે અપર મંડળ રેલ પ્રબંધક (એડીઆરએમ) શ્રી ઋત્વિક શર્મા, ભાવનગરના અધ્યક્ષ સ્થાને એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. બેઠકનું સંકલન વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક, ભાવનગર શ્રી અતુલ કુમાર ત્રિપાઠી દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં હોટેલ અને રિયલ એસ્ટેટ ક્ષેત્ર સાથે જોડાયેલા પ્રતિષ્ઠિત ઉદ્યોગપતિઓ અને મેનેજરોએ ભાગ લીધો હતો. બેઠક દરમિયાન સોમનાથ રેલવે સ્ટેશનના બિલ્ડિંગની ત્રીજા અને ચોથા માળ પર ઉપલબ્ધ આશરે 6000 ચોરસ મીટર વિસ્તારને દીર્ઘકાલીન લીઝના આધારે હોટેલ અને આતિથ્ય વ્યવસાયના વિકાસ માટે ઉપયોગમાં લેવા અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. સોમનાથ રેલવે સ્ટેશનનો પુનર્વિકાસ કાર્ય આશરે રૂ.157 કરોડના અંદાજિત ખર્ચે કરવામાં આવી રહ્યો છે. આ પ્રોજેક્ટ અંતર્ગત આધુનિક મુસાફર સુવિધાઓ સાથે ઉચ્ચ ગુણવત્તાની વ્યાવસાયિક માળખાકીય સુવિધાઓ પણ વિકસાવવામાં આવી રહી છે, જેથી મુસાફરો અને પર્યટકોને વધુ સારી સેવાઓ ઉપલબ્ધ થઈ શકે. બેઠક દરમિયાન ઉપસ્થિત હિતધારકોને પ્રસ્તાવિત માળખાકીય સુવિધાઓ, સોમનાથ વિસ્તારની પર્યટન સંભાવનાઓ અને ઉપલબ્ધ વ્યાવસાયિક અવસરો અંગેનું વિસ્તૃત પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું. હિતધારકોએ પ્રોજેક્ટની વ્યાવસાયિક વ્યવહારિકતા અંગે મુસાફર પ્રોફાઈલ વિશ્લેષણ, પર્યટકોના રોકાણની સંભાવનાઓ, હોટેલ આયોજન અને સંચાલન સંબંધિત વિવિધ સૂચનો રજૂ કર્યા. સાથે જ સોમનાથ, દ્વારકા અને ગીરને જોડતા એકીકૃત પર્યટન પરિપથ (ટૂરિસ્ટ સર્કિટ) વિકસાવવાના સૂચનો પર પણ ચર્ચા કરવામાં આવી. રેલવે અધિકારીઓએ માહિતી આપી કે સ્ટેશન પરિસરમાં જરૂરી મૂળભૂત માળખાકીય સુવિધાઓ અને ઉપયોગિતા સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

# જીવદયાની અનોખી પહેલ: "દરેક ઘરેથી એક પાણી કુંડું મુકીયે" અને હરિપર ગામે માળા-કુંડા વિતરણ

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

ઉનાળાની કડક ગરમીને ધ્યાનમાં રાખીને જીવ વાત્સલ્ય ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા "દરેક ઘરેથી એક પાણી કુંડું" નામનું અનોખું જીવદયા અભિયાન શરૂ કરવામાં આવ્યું છે.

આ અભિયાનનો મુખ્ય હેતુ એ છે કે દરેક ઘર, શાળા, મંદિર અને જાહેર સ્થળે પાણીનું કુંડું મૂકવામાં આવે, જેથી ગરમીના સમયમાં તરસતા પક્ષીઓને પાણી મળી રહે અને તેમની જીવદયા થઈ શકે. ટ્રસ્ટ દ્વારા લોકોને અપીલ કરવામાં આવી છે કે દરેક વ્યક્તિ આ અભિયાનમાં જોડાઈને પોતાના ઘર આસપાસ પક્ષીઓ માટે પાણીની વ્યવસ્થા કરે. આ નાનકડો પ્રયાસ પર્યાવરણ અને જીવદયાના સંરક્ષણમાં મહત્વપૂર્ણ ફાળો આપી શકે છે.



સાથે જ હરિપર ગામ (તા. નખત્રાણા) ખાતે નીતિનભાઈ પટેલ દ્વારા પક્ષીઓ માટે માળા તેમજ પાણીના કુંડાઓ લગાવવામાં આવ્યા હતા. આ સેવાકીય કાર્યથી પક્ષીઓને આશ્રય અને પાણીની સુવિધા મળી રહેશે. ગ્રામજનોમાં પણ આ પહેલને લઈને ખુશી અને પ્રશંસા જોવા મળી હતી.

આ બંને પહેલો જીવદયા, પર્યાવરણ સંરક્ષણ અને માનવતાનો સુંદર સંદેશ આપે છે અને સમાજમાં જાગૃતિ ફેલાવે છે.

# યાત્રિયોની સુવિધા માટે ભાવનગર મંડળની અનેક મહત્વપૂર્ણ ટ્રેનોના સમયમાં ફેરફાર

## સુધારેલી સમયસારણી 23 અને 24 મે, 2026થી અમલમાં આવશે

યાત્રિયોને વધુ સારી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા તેમજ રેલવે સંચાલનને વધુ સુગમ, વ્યવસ્થિત અને સમયબદ્ધ બનાવવા માટે પશ્ચિમ રેલવે દ્વારા ભાવનગર મંડળમાંથી સંચાલિત થતી અનેક મહત્વપૂર્ણ મુસાફર ટ્રેનોના સમયમાં ફેરફાર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ ટ્રેનોની સુધારેલી સમયસારણી અનુક્રમે 23 અને 24 મે, 2026થી અમલમાં આવશે.

ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીના જણાવ્યા અનુસાર નીચે મુજબની ટ્રેનોના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે:

**1. ટ્રેન નં. 22990** મહુવા-બાંદ્રા ટર્મિનસ એક્સપ્રેસ ટ્રેનના સમયમાં ફેરફાર 23 મે, 2026થી અમલમાં આવશે. ટ્રેન મહુવાથી હાલના નિર્ધારિત સમય 17:55 કલાકના બદલે 17:30 કલાકે પ્રસ્થાન કરશે. એટલે કે, આ ટ્રેન મહુવાથી 25 મિનિટ વહેલી રવાના થશે. ઉપરાંત રાજુલા જંક્શન, સાવરકુંડલા અને લીલીયા મોટા સ્ટેશનોના સમયમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે. ત્યારબાદના સ્ટેશનોના સમયમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

**2. ટ્રેન નં. 19256** મહુવા-સુરત એક્સપ્રેસ ટ્રેનના સમયમાં ફેરફાર 24 મે, 2026થી અમલમાં આવશે. ટ્રેન મહુવાથી હાલના નિર્ધારિત સમય 17:55 કલાકના બદલે 17:30 કલાકે પ્રસ્થાન કરશે. એટલે કે, આ ટ્રેન પણ મહુવાથી 25 મિનિટ વહેલી રવાના થશે. રાજુલા જંક્શન, સાવરકુંડલા, લીલીયા મોટા અને દામનગર સ્ટેશનોના સમયમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે. ત્યારબાદના સ્ટેશનોના સમય યથાવત્ રહેશે.

**3. ટ્રેન નં. 20966** ભાવનગર ટર્મિનસ-સાબરમતી ઈન્ટરસિટી એક્સપ્રેસ ટ્રેનના સમયમાં ફેરફાર 23 મે, 2026થી અમલમાં આવશે. ભાવનગર ટર્મિનસથી ધોળા સ્ટેશન સુધીના સમયમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. બોટાદ સ્ટેશનથી ટ્રેન હાલના નિર્ધારિત સમય 07:25 કલાકના બદલે 07:39 કલાકે પ્રસ્થાન કરશે. પરિણામે આગળના સ્ટેશનોના સમયમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે.

**4. ટ્રેન નં. 09215/09216** ભાવનગર-ગાંધીગ્રામ-ભાવનગર TOD સ્પેશિયલ ટ્રેનોના સમયમાં ફેરફાર 23 મે, 2026થી અમલમાં આવશે. ટ્રેન નં. 09215 ગાંધીગ્રામ-ભાવનગર TOD સ્પેશિયલના ધંધુકા, બોટાદ અને ધોળા સ્ટેશનોના સમયમાં નાનો ફેરફાર કરવામાં આવ્યો છે. ટ્રેન ગાંધીગ્રામથી પોતાના નિર્ધારિત સમયે જ પ્રસ્થાન કરશે અને ભાવનગર ટર્મિનસ પર હાલના નિર્ધારિત સમય મુજબ જ પહોંચશે.

ટ્રેન નં. 09216 ભાવનગર-ગાંધીગ્રામ TOD સ્પેશિયલના પ્રારંભિક પ્રસ્થાન સમયમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. સિહોર સ્ટેશનથી પ્રસ્થાન સમયમાં નાનો ફેરફાર કરવામાં આવતા આગળના સ્ટેશનોના સમયમાં પણ સુધારો કરવામાં આવ્યો છે.

**5. ટ્રેન નં. 09211** ગાંધીગ્રામ-બોટાદ TOD સ્પેશિયલ ટ્રેનના સમયમાં ફેરફાર 23 મે, 2026થી અમલમાં આવશે. ગાંધીગ્રામથી પ્રસ્થાન સમય યથાવત્ રહેશે. સરખેજથી આગળના સ્ટેશનોના પ્રસ્થાન સમયમાં નાનો ફેરફાર કરવામાં આવ્યો છે.

**6. ટ્રેન નં. 09529/09530** ભાવનગર-ધોળા-ભાવનગર TOD સ્પેશિયલ ટ્રેનોના સમયમાં ફેરફાર 24 મે, 2026થી અમલમાં આવશે. ટ્રેન નં. 09529 ધોળા-ભાવનગર TOD સ્પેશિયલ ધોળાથી હાલના નિર્ધારિત સમય 11:50 કલાકના બદલે 11:30 કલાકે પ્રસ્થાન કરશે.

# દિવ્યાંગોના પ્રશ્નોને લઈ ભુજમાં મહત્વપૂર્ણ બેઠક યોજાશે

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

દિવ્યાંગ અધિકાર મંચ કચ્છ દ્વારા આગામી તા. 18 મે 2026ના રોજ ભુજ ખાતે મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. બેઠકમાં કચ્છ જિલ્લાના તમામ દિવ્યાંગ ભાઈઓ અને બહેનોને હાજરી આપવા અનુરોધ કરવામાં આવ્યો છે. આ બેઠક દરમિયાન દિવ્યાંગોના પડતર પ્રશ્નો જેમ કે પેન્શન સહાય, સરકારી લાભો તેમજ અન્ય સમસ્યાઓ અંગે ચર્ચા કરવામાં આવશે. સાથે સાથે ભુજ તાલુકા પ્રમુખની નિમણૂક પણ કરવામાં આવનાર હોવાથી ભુજ તાલુકામાંથી સેવા આપવા ઈચ્છુક વ્યક્તિઓને બેઠકમાં ઉપસ્થિત રહી પોતાની ઈચ્છા વ્યક્ત કરવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

ખાસ નોંધ મુજબ કચ્છ જિલ્લાના તમામ તાલુકા પ્રમુખોને ફરજિયાત હાજરી આપવા જણાવાયું છે. બેઠકનું આયોજન ખેંગાર બાગ ખાતે સવારે 11 વાગ્યે રાખવામાં આવ્યું છે. આ અંગે માહિતી માલશી વેલજી માતંગ દ્વારા આપવામાં આવી હતી.

# અંજારમાં પક્ષીઓ માટે પક્ષીઘર અને પાણીના કુંડાઓનું વિતરણ

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

કચ્છ જીલ્લાના અંજાર ખાતે સુનિલભાઈ મહેશ્વરી તથા તેમની સેવાભાવી ટીમ અને જીવ વાત્સલ્ય ટીમ દ્વારા ઉનાળાની ગરમીમાં તરસતા પક્ષીઓ માટે અનોખી સેવા પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી હતી. ટીમ દ્વારા વિવિધ સ્થળોએ પક્ષીઓ માટે પક્ષીઘર તેમજ પાણીના કુંડાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવાકીય અભિયાનમાં સમાજના આગેવાનો, મહિલાઓ અને યુવાનો ઉત્સાહપૂર્વક જોડાયા હતા. ઉનાળાની કડક ગરમીમાં પક્ષીઓને પાણી અને આશ્રય મળી રહે તે હેતુથી આ પહેલ કરવામાં આવી હોવાનું



આયોજકોએ જણાવ્યું હતું. સુનિલભાઈ મહેશ્વરીએ જણાવ્યું હતું કે, "માનવતા માત્ર માણસો સુધી સીમિત નથી, પરંતુ મૂંગા જીવજંતુઓ અને પક્ષીઓ પ્રત્યે પણ આપણી જવાબદારી છે. જીવ વાત્સલ્ય ટીમ દ્વારા તમામ નાગરિકોને પોતાના ઘર, દુકાન અથવા આંગણે પાણીનો કુંડો મૂકવા અપીલ કરવામાં આવી હતી. આ સેવા કાર્યને સ્થાનિક લોકો દ્વારા સરાહનીય ગણાવવામાં આવ્યું હતું અને વધુ લોકો આવી માનવતાભરી પહેલમાં જોડાય તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.

# ખેડા શાંતિ એશિયાસ્ટિક સ્કૂલનું ધોરણ 12નું 100% પરિણામ

(એજન્સી) ખેડા । તા. 17

ખેડા કેમ્પમાં આવેલી શાંતિ એશિયાસ્ટિક સ્કૂલે ધોરણ 12માં 100% પરિણામ મેળવ્યું છે. આ ઉત્કૃષ્ટ પરિણામને કારણે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ખુશીનો માહોલ છવાયો છે. શાળાની વિદ્યાર્થીનીઓએ મેદાન માર્યું હતું, જ્યારે વિદ્યાર્થીઓએ પણ સારો દેખાવ કર્યો હતો.

ધોરણ 10ના પરિણામમાં પ્રાચી પટેલે 95.40% ગુણ સાથે શાળામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. અન્ય તેજસ્વી વિદ્યાર્થીઓમાં શ્રવણી સાવંત (89.20%), વિવેક રબારી (85.40%), રુદ્રરાજ રાવલ (85.20%) અને શ્રેયાંસ દ્વિવેદી (84.60%)નો સમાવેશ થાય છે.

ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહમાં ખુશી ભાનુશાલી 94% ગુણ સાથે પ્રથમ ક્રમે રહી હતી. શ્લોક પાસી 89.20% સાથે બીજા ક્રમે, શુભમ પટેલ 81.00% સાથે ત્રીજા ક્રમે, ધ્રુવરાજ સિંહ 80.40% સાથે ચોથા ક્રમે અને દર્શિલ રામ રખિયાની 80% ગુણ સાથે પાંચમા ક્રમે આવ્યા હતા.

ધોરણ 12 વાણિજ્ય પ્રવાહમાં આયુષ કુમારે 93.00% ગુણ મેળવીને પ્રથમ સ્થાન હાંસલ કર્યું હતું. રિધિ સેથલ 89.20%, યશસ્વી કે. પટેલ 86.40%, દીપક જાંગડ 85.60% અને અંશ દસવાણી 83% ગુણ સાથે અનુક્રમે બીજા, ત્રીજા, ચોથા અને પાંચમા ક્રમે રહ્યા હતા.

# નડિયાદમાં 7.5 કરોડના ખર્ચે કેનાલ-પુલનું નવીનીકરણ શરૂ

(એજન્સી) ખેડા । તા. 17

ખેડા જિલ્લા મહી નડિયાદ સિંચાઈ વિભાગ દ્વારા નડિયાદ શહેરમાંથી પસાર થતી નડિયાદ શાખા નહેરમાં કોલેજ ફોલથી લઈને પીપલગ સીઆર સુધીની નહેરના નવીનીકરણની મહત્વપૂર્ણ કામગીરી શરૂ કરવામાં આવી છે. આ પ્રોજેક્ટ અંતર્ગત સિંચાઈનું પાણી બંધ કરીને અંદાજે 2 કિલોમીટર લાંબી નહેરનું વ્યાપક મરામત કામ હાથ ધરવામાં આવી રહ્યું છે. આ કામગીરી પાછળ તંત્ર દ્વારા કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે, જેનાથી આગામી સમયમાં ખેડૂતો અને સ્થાનિક નાગરિકોને મોટો ફાયદો થશે. આ નવીનીકરણ પ્રોજેક્ટ અંતર્ગત નહેરમાં આવેલા વર્ષો જૂના અને મહત્વના 2 પુલને તોડીને તેના સ્થાને તદ્દન નવા બ્રિજ બનાવવાની કામગીરી પણ સાથે જ શરૂ કરી દેવામાં આવી છે. મહી નડિયાદ સિંચાઈ વિભાગના અધિકારીઓના જણાવ્યા અનુસાર, આશરે 3.5 કરોડ રૂપિયાના ખર્ચે કેનાલના મરામતની કામગીરી કરવામાં આવી રહી છે.

# નડિયાદમાં દબાણ કેસની અદાવતમાં પાડોશીઓનો હુમલો

(એજન્સી) નડિયાદ । તા. 17

નડિયાદમાં રસ્તાના ગેરકાયદેસર દબાણ બાબતે ચાલી રહેલા કોર્ટ કેસની અદાવતમાં પાડોશીઓએ એક દંપતી પર હુમલો કર્યો છે. આ ઘટનામાં પાડોશમાં રહેતા એક જ પરિવારના સાત સભ્યોએ આધેડ હેમરાજભાઈ રબારી અને તેમના પત્ની મધુબેન પર પથ્થરમારો કર્યો હતો, જેમાં મધુબેનને ઈજા પહોંચી હતી. આરોપીઓએ ધારીયું લઈને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. આ મામલે નડિયાદ ટાઉન પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે. ફરિયાદ મુજબ, નડિયાદના શીતલ સિનેમા પાછળ આવેલી પ્રકાશ નગર સોસાયટીમાં રહેતા પશુપાલક હેમરાજભાઈ ઉર્ફે હેમંતભાઈ રજાભાઈ રબારીએ પડોશમાં રહેતા જીતુભાઈ બાથાભાઈ તળપદા અને તેમના પરિવારના સાત સભ્યો સામે ફરિયાદ નોંધાવી છે. હેમરાજભાઈના ઘરની બાજુમાં ચામુંડા માતાનું મંદિર છે, જેની સામે જીતુભાઈ તળપદાનું મકાન છે.

# સિદ્ધપુરમાં વસ્તી ગણતરી 2027 સ્વગણના પ્રારંભ

(એજન્સી) સિદ્ધપુર । તા. 17

સિદ્ધપુરમાં વસ્તી ગણતરી 2027 અંતર્ગત સ્વગણના (સેલ્ફ એન્યુમરેશન) પ્રક્રિયાનો પ્રારંભ થયો છે. ધારાસભ્ય બળવંતસિંહ રાજપૂતે પ્રથમ નાગરિક તરીકે પોતાની વિગતો નોંધાવીને આ ડિજિટલ સુવિધાનો શુભારંભ કરાવ્યો. ભારત સરકારની આ ઓનલાઈન પહેલ 17 મે થી 31 મે દરમિયાન કાર્યરત રહેશે. આ પહેલ હેઠળ નાગરિકો ઘરે બેઠા પોતાના પરિવારની વિગતો ઓનલાઈન નોંધાવી શકશે. આ ડિજિટલ પ્રક્રિયા સમયની બચત કરશે અને માહિતીની ચોકસાઈ તથા ગોપનીયતા જાળવવામાં મદદરૂપ થશે. દેશના વિકાસ અને સુશાસન માટે વસ્તી ગણતરી અત્યંત મહત્વપૂર્ણ છે. આ રાષ્ટ્રીય ઝુંબેશ અંતર્ગત વિધાનસભા વિસ્તારના તમામ નાગરિકોને વસ્તી ગણતરી 2027માં સક્રિય સહભાગી બનવા અને સ્વગણના દ્વારા પોતાની વિગતો ઓનલાઈન નોંધાવવા માટે આહવાન કરવામાં આવ્યું છે.

## પાટણ યુનિવર્સિટીમાં 10 વર્ષે CAS ઇન્ટરવ્યૂ યોજાયા

# કુલપતિની પહેલથી 7 અધ્યાપકને પ્રમોશન, લાંબા સમયથી અટકેલી પ્રક્રિયા પૂર્ણ

(એજન્સી) પાટણ । તા. 17

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણમાં છેલ્લા 10 વર્ષથી અટકેલી કેરિયર એડવાન્સમેન્ટ સ્કીમ (CAS) અંતર્ગત પ્રમોશનની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી છે. વર્તમાન કુલપતિ પ્રોફેસર કે.સી. પોરીયા અને રજીસ્ટ્રાર ડો. રોહિત દેસાઈના નેતૃત્વ હેઠળ આ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.

યુનિવર્સિટીના હોસ્પિટલ મેનેજમેન્ટ ખાતે યોજાયેલા ઈન્ટરવ્યૂમાં કુલ 7 અધ્યાપકોને બઢતી આપવામાં આવી છે. જેમાં 5 એસોસિયેટ પ્રોફેસરોને પ્રોફેસર તરીકે અને અન્ય 2 પ્રોફેસરોને આસિસ્ટન્ટ પ્રોફેસરના ગ્રેડમાં લેવલ વધારીને પ્રમોશન અપાયું છે.

છેલ્લા 8 થી 10 વર્ષથી અનેક અધ્યાપકોના પ્રોફેસર તરીકેના પ્રમોશન અટકી પડ્યા હતા. અગાઉના કુલપતિઓ દ્વારા CAS માટેના ઈન્ટરવ્યૂ યોજવામાં આવ્યા ન હતા, જેના કારણે અધ્યાપકોમાં ભારે અસંતોષ પ્રવર્તી રહ્યો હતો.

આ પરિસ્થિતિ વચ્ચે વર્તમાન કુલપતિ પ્રોફેસર કે.સી. પોરીયાએ શિક્ષણના હિતમાં મહત્વપૂર્ણ પહેલ કરીને CASના પેન્ડિંગ ઈન્ટરવ્યૂ માટે માર્ગ મોકળો કર્યો. આ પ્રક્રિયા માટે દિલ્હી, રાજસ્થાન તેમજ અન્ય યુનિવર્સિટીઓમાંથી નિષ્ણાતોની પેનલ બોલાવીને યુજીસીની કેરિયર એડવાન્સમેન્ટ સ્કીમ અંતર્ગત ઈન્ટરવ્યૂ યોજવામાં આવ્યા હતા.

આ ઈન્ટરવ્યૂ પ્રક્રિયા દરમિયાન કેમેસ્ટ્રી વિભાગના પ્રોફેસર સંગીતા શર્માનું સિનિયર પ્રોફેસર તરીકે ઈન્ટરવ્યૂ કરવામાં આવ્યું હતું. જોકે, જુનિયરને પ્રમોશન અને સિનિયરને અન્યાયના મુદ્દે શિક્ષણ જગતના જાણકારોમાં વિવાદ સર્જાવાની શક્યતાઓ ચર્ચાઈ રહી છે.

## એક્સપ્રેસ વે પર વલસાડ,વાપી અને સેલવાસ ઈન્ટરચેન્જ-લિંક રોડ સાથે ચાલકોને જોડાણ



(એજન્સી) વડોદરા । તા. 17

વડોદરાથી મુંબઈ વિરાર સુધીનો વડોદરા-મુંબઈ એક્સપ્રેસવે સંપૂર્ણ રીતે ગ્રીનફિલ્ડ છે. એટલે કે તે સીધો નેશનલ હાઈવે 48 સાથે સતત જોડાયેલો નથી,પરંતુ અલગ-અલગ સ્થળોએ ઈન્ટરચેન્જ-લિંક રોડ દ્વારા NH-48 સાથે જોડાણ અપાયું છે. વડોદરાથી વિરાર સુધીમાં કુલ 10 સ્થળે ઈન્ટરચેન્જ-લિંક રોડનો સમાવેશ થાય છે. જેમાં વલસાડ-નવસારીમાં લિંક રોડ આધારિત કનેક્ટિવિટી વધુ છે. જયારે મોટા શહેરો પાસે જ મુખ્ય ઈન્ટરચેન્જ હોવાથી વાહન ચાલકોને મોટી રાહત મળી રહી છે. સાથે સાથે મહારાષ્ટ્ર-ગુજરાત બોર્ડર તરફ બંને હાઈવે (વિરારથી વાપી) પેરેલલ ચાલે વાપી, વલસાડ, દાનહમાં ત્રણય સ્થળે એક્સપ્રેસ વેના એન્ટ્રી-એક્ઝિટ પોઈન્ટ આપવામાં છે. આ ત્રણેય સ્થળે ઉદ્યોગોની સંખ્યા વધુ હોવાથી અવર-જવર માટે મોટી કનેકિવિટી મળી રહેશે. જો કે વલસાડ જિલ્લામાં હજુ પણ એક્સપ્રેસ વેની કામગીરી બાકી છે. હાલ થોડી ઝડપથી કામગીરી ચાલી રહી છે, પરંતુ સમગ્ર કામ પૂર્ણ થતાં હજુ એકથી દોઢ વર્ષ લાગશે. આમ વલસાડ, વાપી અને સંઘ પ્રદેશના લોકોએ એક્સપ્રેસ વે માટે રાહ જોવી પડશે. વડોદરા અહીં શરૂઆતમાં જ NH-48 સાથે મજબૂત જોડાણ છે.

## પાટણમાં ઢોર પકડવા ગયેલી પાલિકા ટીમ પર હુમલો

# સેનેટરી ઇન્સ્પેક્ટરને ધમકી, ઢોર રોડ પર ભગાડ્યા, બે નામજોગ અને બે અજાણ્યા વિરુદ્ધ પોલીસ ફરિયાદ

(એજન્સી) પાટણ । તા. 17

પાટણ શહેરના જુના પાવરહાઉસ વિસ્તારમાં રખડતા ઢોર પકડવા ગયેલી નગરપાલિકાની ટીમ પર પશુપાલકોએ હુમલો કર્યો હતો. પશુપાલકોએ પાલિકા કર્મચારીઓની ફરજમાં અડચણ ઊભી કરી, પાંજરાનો દરવાજો ખોલી ઢોરોને જાહેર રોડ પર ભગાડ્યા હતા. આ મામલે પાટણ નગરપાલિકાના સેનેટરી ઈન્સ્પેક્ટરે બે નામજોગ અને બે અજાણ્યા શખ્સો વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે.

ઘટના 16 મે, 2026 ના રોજ બપોરના 3:45 વાગ્યાની આસપાસ બની હતી. પાટણ નગરપાલિકાના સેનેટરી ઈન્સ્પેક્ટર આસમાન કરશનલાલ પાલ ઓફિસે હાજર હતા ત્યારે ઢોર પકડવાની ટીમના કર્મચારી સોલંકી જયેશભાઈ કનુભાઈએ તેમને ફોન પર જાણ કરી હતી. તેમણે જણાવ્યું કે, જુના પાવરહાઉસ ખાતે રખડતી ગાયો પકડીને પાંજરામાં પૂરી છે, પરંતુ કેટલાક સ્થાનિક લોકો લાકડીઓ લઈને માથાકૂટ કરી રહ્યા છે. આ માહિતી મળતા જ સેનેટરી ઈન્સ્પેક્ટર તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા હતા.

ઘટનાસ્થળે પાટણના રહેવાસી ભરવાડ લાલાભાઈ ગોકાભાઈ, ભરવાડ ગોકાભાઈ અને અન્ય બે અજાણ્યા શખ્સો હાથમાં લાકડીઓ સાથે હાજર હતા.

પાલિકાની ટીમે કાયદેસરની ફરજ બજાવતી હોવાનું જણાવતા આ શખ્સો ઉશ્કેરાઈ ગયા હતા અને જાહેરમાં ગાળાગાળી કરી હતી.

આરોપીઓએ ઢોર ભગાડવાના ઈરાદે પાંજરાનો દરવાજો ખોલી નાખ્યો હતો. જાહેર રોડ પર વાહનો અને લોકોની અવરજવર હોવા છતાં, અકસ્માત સર્જાઈ શકે છે તે જાણતા હોવા છતાં આરોપીઓએ ઢોરોને રસ્તા પર ભગાડ્યા હતા.

## આહવા-સુબિર માર્ગ પર વાયરલ થયેલા "ઉઘરાણી" વીડિયોને લઈ આહવા પોલીસનું સ્પષ્ટીકરણ

ડાંગ | આહવા-સુબિર માર્ગ ઉપર વાહનચાલકો પાસેથી ઉઘરાણી કરવામાં આવતી હોવાના વાયરલ વીડિયોને લઈ આહવા પોલીસ સ્ટેશન દ્વારા પ્રેસનોટ જાહેર કરી સમગ્ર મામલે સ્પષ્ટતા કરવામાં આવી છે.પોલીસના જણાવ્યા અનુસાર, વાયરલ વીડિયોની ઉચ્ચ કક્ષાએ તપાસ કરાતા જાણવા મળ્યું હતું કે મહિન્દ્રા મેક્સ જીપ નંબર GJ15BB1875 ના ચાલક રતુભાઈ અવસુભાઈ પવાર, રહેવાસી રઘોડી ગામ, તાલુકા સુબિર, સીટબેલ્ટ વગર વાહન ચલાવતા ઝડપાયા હતા. ટ્રાફિક પોલીસ દ્વારા તેમને ઈ-ચલણ નંબર GJ337718260515174706 મારફતે રૂ. 500 નો કાયદેસર દંડ ફટકારવામાં આવ્યો હતો અને દંડની રકમ ઓનલાઈન વસૂલ કરી તેની નોંધ ઈ-ચલણ રજિસ્ટરમાં પણ કરવામાં આવી હોવાનું પોલીસએ જણાવ્યું છે.પ્રેસનોટમાં વધુમાં જણાવાયું છે કે વાયરલ વીડિયોમાં દેખાતા પોલીસ કર્મચારીએ ફરજના ભાગરૂપે પ્રામાણિકપણે કામગીરી કરી હતી અને કોઈપણ પ્રકારનું ગેરકાયદેસર કૃત્ય કર્યાનું તપાસમાં સામે આવ્યું નથીઆ મામલે સોશિયલ મીડિયામાં પ્રસરી રહેલી "ઉઘરાણી" સંબંધિત ચર્ચાઓને લઈ આહવા પોલીસ દ્વારા મીડિયાને સચોટ માહિતી નોંધ લેવા વિનંતી કરવામાં આવી .

## રતનપુર નજીક સીઝ કરેલા હિટાચી મશીનની ચોરી : નદીના પટમાંથી ચોરી થતાં પોલીસ ફરિયાદ

aકમલેશ પટેલ .સંખેડા

તા.10 મે ના રોજ રતનપુર (ક) * ગામે ઓરસંગ નદીના પટમાં ખાણ ખનિજ વિભાગ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન હિટાચી મશીન _સીઝ કરવામાં આવ્યું હતું. મશીન ચાલુ ન થઈ શકવાના કારણે તેને – નદીના ઘેડ ઉપર જ સુરક્ષિત – જગ્યાએ મૂકીને તેની દેખરેખ રાખવામાં આવી રહી હતી.ફરિયાદમાં જણાવ્યા અનુસાર, તા.15 ના રોજ સાંજના આશરે પાંચેક વાગ્યે જ્યારે જિલ્લા પુરવઠા અધિકારી અને તેમની ટીમ રતનપુર (ક) બ્લોક-ડી વિસ્તારમાં તપાસ અર્થે ગયા. ત્યારે સીઝ કરેલું હિટાચી મશીન તેના મૂળ સ્થાને નહોતું. મશીનને કોઈ અજાણ્યા ઈસમો ઓરસંગ નદીમાં નીચે ઉતારી, રતનપુર બ્લોક-ડી વિસ્તારમાંથી મળી આવેલ હતું. ચોકાવનારી વાત તો એ છે કે જ્યારે અધિકારી દ્વારા સીજ કરેલ હિટાચી મશીન બ્લોકમાંથી ચલવીને બહાર કાઢવા આવ્યું હતું અને સ્થળ પર સિક્યુરિટી પણ મૂકવામાં આવ્યા હતા તો એ છતાય ગામડી ખનીજ ખાતા ની મિલી ભગત હોય એમ અધિકારી ગયા બાદ સિક્યુરિટી નીહાજરીમાં જો મશીન પાછું બ્લોકમાં ઉતરી જાય અને પછી અધિકારી દ્વારા મશીન બગડી ગયેલું હોય એમ કહેવામાં આવે તે ક્યા સુધી યોગ્ય છે તેવી ચર્ચા ઊઠવા પામી છે અને મહત્વની વાત તો એ છે કે આ વાતની જાણભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ ખાતાના રોયલ્ટી ઈન્સ્પેક્ટરે આ મામલે અજાણ્યા બનતા ચોર ઈસમો ની વિરુદ્ધ ફરિયાદ પણ નોંધાવી છે.

## પોટલીયા તળાવ પર ડેમ બાંધવા માંગ:લીમડા સરપંચે મુખ્યમંત્રીને રજૂઆત કરી, 20થી વધુ ગામોને લાભ



(એજન્સી) સાબરકાંઠા । તા. 17

વિજયનગર તાલુકાના લીમડા ગામના સરપંચ કડવાજી પાંડોરે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને સિંચાઈ મંત્રીને લેખિત રજૂઆત કરી છે. આ રજૂઆતમાં જાલેટી-લીમડા ગામની હદમાં આવેલા પોટલીયા તળાવ પર ડેમ બનાવવાની માંગ કરવામાં આવી છે, જેથી આસપાસના 20થી વધુ ગામોને સિંચાઈ અને પીવાના પાણીનો લાભ મળી શકે. રજૂઆત અનુસાર, વિજયનગર તાલુકાના પાલ પટ્ટા, જાલેટી પટ્ટા અને ચિઠોડા પટ્ટાના 20થી વધુ ગામોમાં હાલમાં કોઈ જળાશય નથી. આથી, ખેડૂતો સંપૂર્ણપણે ચોમાસુ ખેતી પર નિર્ભર રહે છે. પૂરતો વરસાદ ન પડે તો શિયાળા સુધી બોર-કુવામાં પાણી રહેતું નથી, જેના કારણે ખેડૂતોને ભારે હાલાકી ભોગવવી પડે છે અને પાણીની તંગીનો સામનો કરવો પડે છે. જાલેટી-લીમડા અને દઢવાવને જોડતા રસ્તા નજીક આવેલા પોટલીયા તળાવ પર ડેમ બનાવવામાં આવે તો ચોમાસામાં ભરાતા પાણીનો વધુ સંગ્રહ થઈ શકે છે. આનાથી પાલ પટ્ટા, જાલેટી પટ્ટા અને ચિઠોડા પટ્ટામાં ભૂગર્ભ જળસ્તર ઊંચા આવશે.

## ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યાં, ફાયર વિભાગની ટીમે 10 હજાર લીટર પાણીનો ઉપયોગ કરી બુઝાવી



(એજન્સી) હિંમતનગર । તા. 17

હિંમતનગર તાલુકાના કરણપુર ગામ નજીક આવેલા રાજા વિહત સ્ક્રેપના ગોડાઉનમાં આજે આગ લાગી હતી. આ ઘટના નેશનલ હાઈવે પર ક્રિષ્ના હોટલ પાસે બની હતી. આગ લાગતા ધૂમાડાના ગોટેગોટા જોવા મળ્યાં હતા. આગની જાણ થતાં જ હિંમતનગર ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. હિંમતનગર ફાયર વિભાગના ફાયર ઓફિસર મયંક પટેલે ટેલિફોનિક વાતચીતમાં જણાવ્યું હતું કે, આગનો કોલ મળતાની સાથે જ એક મિની ટેન્ડર અને એક બ્રાઉઝર (ફાયર એન્જિન) ઘટનાસ્થળે રવાના કરવામાં આવ્યા હતા. ફાયર ટીમે લગભગ પોણા કલાકની જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. આગ બુઝાવવા માટે કુલ 10 હજાર લીટર પાણીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

# રાજુલાના ખારી ગામે ખુલ્લા કૂવામાં ખાબકેલી સિંહબાળનું વન વિભાગ દ્વારા ગણતરીના કલાકોમાં દિલધડક અને સફળ રેસ્કયૂ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ



અમરેલી જિલ્લાના રાજુલા વન્યજીવ રેન્જ હેઠળ આવતા બાબરિયાધાર રાઉન્ડના ખારી ગામે એક સિંહબાળ ખુલ્લા કૂવામાં ખાબકતાં વન વિભાગની ટીમ દ્વારા તાત્કાલિક અને પ્રશંસનીય રેસ્કયૂ ઓપરેશન હાથ ધરીને તેનો જીવ બચાવી લેવામાં આવ્યો છે. વન વિભાગના અધિકારીઓ અને સ્ટાફની ત્વરિત સજાગતાને કારણે માત્ર અઢી કલાકની અંદર જ આ દિલધડક રેસ્કયૂ કામગીરીને સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર, ખારી ગામમાં આવેલી રાણીંગભાઈની વાડી વિસ્તારમાં આશરે ૧ થી ૨ વર્ષની ઉંમરની એક માદા સિંહબાળ (સિંહ માદા) અચાનક ખુલ્લા કૂવામાં પડી ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ મોટી ખેરાળી બીટનો સ્ટાફ અને વન વિભાગની રેસ્કયૂ ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. જીપીએસ લોકેશન ના આધારે વન વિભાગે ચોક્કસ આયોજનબદ્ધ રીતે બપોરે બરાબર ૧૨:૦૦ વાગ્યે બચાવ કામગીરીની શરૂઆત કરી હતી.આ કપરા ઓપરેશનમાં વન વિભાગના આર.એફ.ઓ. (RFO) શ્રી મકવાણા સાહેબના સીધા માર્ગદર્શન હેઠળ ઈન્ચાર્જ રાઉન્ડ ફોરેસ્ટર મહેશભાઈ માંગાણી, આર. આર. રાજગોર, એચ. આર. બારૈયા, જે. એસ. ઢાપા તેમજ ફોરેસ્ટ ગાર્ડ અંબારામભાઈ રાવલ, વી. જે. રબારી અને રાહુલભાઈ ચૌહાણ સહિતના સ્ટાફે મોરચો સંભાળ્યો હતો. તેમની સાથે ટ્રેકર યુનિસભાઈ, ભરતભાઈ, યુવરાજભાઈ તેમજ વનમિત્ર ભાવેશભાઈ, હનુભાઈ અને રેલ્વે સેવક પ્રાગજીભાઈએ પણ ભારે જહેમત ઉઠાવી હતી. જ્યારે રેસ્કયૂ ટીમના સભ્ય ભરતભાઈ અને ડ્રાઈવર દેસૂરભાઈ, જયદીપભાઈ તથા મહેશભાઈએ પોતાની ફરજ ખૂબ જ ઉત્સાહપૂર્વક બજાવી હતી. સમગ્ર ટીમની કૂનેહપૂર્વકની સખત મહેનતને કારણે બપોરે ૨:૪૯ વાગ્યે સિંહબાળને કૂવામાંથી સહેજ પણ ઈજા પહોંચાડ્યા વિના સુરક્ષિત રીતે બહાર કાઢી લેવામાં આવી હતી.

# ખાંભા સ્મશાન ખાતે રૂ. ૧.30 લાખના ખર્ચે બનેલ લોખંડના શેડનું લોકાર્પણ અને તકતી અનાવરણ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ



ખાંભા, તા. ૧૭ મે ૨૦૨૬ રવિવાર: ખાંભા ગામના સ્મશાન ખાતે આજરોજ સવારે ૧૦:૧૫ કલાકે દાતાશ્રી સલીમભાઈ બોઘાણી (હાલ અમેરિકા) દ્વારા રૂ. ૧,૩૦,૦૦૦ (અંકે રૂપિયા એક લાખ ત્રીસ હજાર પુરા) ના ખર્ચે નિર્માણ પામેલ લોખંડના શેડનું ભાવભર્યું લોકાર્પણ તથા દાતા તકતીનું અનાવરણ કરવામાં આવ્યું હતું. સલીમભાઈ બોઘાણી વતનથી દૂર અમેરિકામાં વસવાટ કરતા હોવા છતાં માદરે વતન પ્રત્યેની લાગણી અને સેવાભાવનાથી પ્રેરાઈને તેમણે સ્મશાનમાં આવતા સ્વજનોની સુવિધા માટે આ શેડ બનાવી આપ્યો છે. તડકો, વરસાદ કે શિયાળામાં અંતિમક્રિયા સમયે લોકોને મુશ્કેલી ન પડે તે ઉમદા હેતુથી આ સેવાકાર્ય હાથ ધરવામાં આવ્યું છે. શાસ્ત્રી શ્રી મહેશદાદા વ્યાસ દ્વારા શાસ્ત્રોક્ત વિધિ સાથે આ શેડનું લોકાર્પણ અને તકતીનું અનાવરણ કરવામાં આવ્યું હતું આ પ્રસંગેઆ પ્રસંગે શ્રી ઈરફાનભાઈ બોઘાણી, ખાંભા પૂર્વ સરપંચ પ્રતિનિધિ બાબાભાઈ ખુમાણ, વ્યવસ્થાપક કૌશિકભાઈ માણલકિયા, નટુભાઈ વી. વાળા દિનુભાઈ જોબનપુત્રા, તથા રાજુભાઈ હરિયાણી, સૂર્યકાન્ત ભાઈ જોષી, સાજનભાઈ ધંધુકિયા,ગીરીશભાઈ બાબરીયા, ધનાભાઈ,તથા દાનુભાઈ, પત્રકાર મિત્રો શ્રી સુરેશભાઈ મકવાણા, ભાવેશભાઈ મકવાણા (ફૌજી), હસમુખભાઈ શિયાળ સહિત ના અગ્રણી હાજર રહ્યા હતા.

## લીમડા ચોકમાં આખલા બાખડતા વાહનચાલકો કલાકો સુધી અટવાયા

(એજન્સી) પોરબંદર । તા. 17

શહેરના હાર્દ સમાન ગણાતા લીમડા ચોક વિસ્તારમાં ભરચક ટ્રાફિક વચ્ચે બે આખલાઓ વચ્ચે હિંસક યુદ્ધ છેડાતા વાહનચાલકો અને રાહદારીઓમાં ભારે નાસભાગ મચી ગઈ હતી. બે આખલાઓ રોડની વચ્ચોવચ આવીને એકબીજા સાથે આખલા યુદ્ધે ચડતા મુખ્ય માર્ગ પરનો વાહન વ્યવહાર સંપૂર્ણપણે થંભી ગયો હતો. આ ઘટનાને કારણે કલાકો સુધી કિલોમીટરો લાંબો ટ્રાફિક જામ સર્જાયો હતો. લીમડા ચોક જેવા વ્યસ્ત વિસ્તારમાં અચાનક બે આખલાઓ શિંગડા ભરાવીને લડવા લાગ્યા હતા. આ લડાઈ એટલી ઉગ્ર હતી કે આખલાઓ રસ્તા પર ઉભેલા કેટલાક દ્વિચક્રી વાહનો સાથે પણ અથડાયા હતા, જેના કારણે વાહનોને નુકસાન થયું હતું. આખલાઓ ગમે ત્યારે વાહનો તરફ ધસી આવે તેમ હોવાથી વાહનચાલકો પોતાના વાહનો મૂકીને આજુબાજુની દુકાનોમાં ભરાઈ ગયા હતા. લાંબા સમય સુધી આખલાઓનું યુદ્ધ ચાલુ રહેવા છતાં મહાનગરપાલિકાની ઢોર પકડવા કોઈ તંત્ર ઘટનાસ્થળે ડોકાયું ન હતું.

## વિશાળ શોભાયાત્રા અને પોથીયાત્રાથી ગુંજ્યું મોરઝર ગામ : સંતો-મહંતોના દીપપ્રાગટ્યથી શ્રીરામકથાનો મંગલ પ્રારંભ

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

મોરઝર ખાતે સંત પુંજલદાદા મંદિરે ધ્વજારોહણ મહોત્સવ અને શ્રીરામકથાના પાવન પ્રસંગે ભક્તિમય માહોલ સર્જાયો હતો. આનંદસર સ્થિત શિવ મંદિરેથી વાજતે-ગાજતે વિશાળ શોભાયાત્રા અને પોથીયાત્રા નીકળી હતી, જેમાં મોટી સંખ્યામાં ભાવિકો, સંતો-મહંતો અને ગ્રામજનો જોડાયા હતા. "જય સિયારામ" અને "જીનામ"ના જયઘોષથી સમગ્ર મોરઝર ગામ ગુંજી ઉઠ્યું હતું. કથા સ્થળે પહોંચ્યા બાદ સંતો-મહંતો અને મહામંડલેશ્વરોના હસ્તે દીપપ્રાગટ્ય કરીને શ્રીરામકથાનો મંગલ પ્રારંભ કરવામાં આવ્યો હતો. કથાકાર માતાજી કનકેશ્વરી દેવીએ કચ્છની ધરાને સંતો, શૂરવીરો અને દાતાઓની પવિત્ર ભૂમિ ગણાવી હતી અને દાદા મેકરણ તથા સંત પુંજલદાદાની પરંપરાને યાદ કરી હતી.આ પ્રસંગે પૂ. મહામંડલેશ્વર ૧૦૦૮ મુળજીરાજા કાપડી, પૂ. મહંત વેલજીરાજા કાપડી, મહંત દિલીપ રાજા કાપડી, મહંત ભરતરાજા કાપડી સહિત અનેક સંતો-મહંતોએ આશીર્વચન આપ્યા હતા. પ્રાંથળિયા આહિર સમાજના ૧૪ ગામોના દાતાશ્રીઓ અને સેવાભાવી કાર્યકરો સમગ્ર આયોજનમાં અગ્રેસર રહ્યા હતા. મહાપ્રસાદ, ચા-પાણી અને ભાવિકો માટે વિશેષ સુવિધાઓ ઉભી કરવામાં આવી હતી. વિવિધ સમિતિઓ દ્વારા આયોજનને સફળ બનાવવા સતત સેવા આપવામાં આવી રહી છે.કાર્યક્રમનું સંચાલન ગોવિંદભાઈ કાપડીએ કર્યું હતું. સમગ્ર પંથકમાં શ્રીરામકથાને લઈને ભક્તિ અને આનંદની લાગણી છવાઈ ગઈ હોવાનું પાર્થદાદા કાપડીએ જણાવ્યું હતું.

# દર ત્રણ વર્ષે એક મહિનો વધારા નો આવે છે જેને મલમાસ કે પુરષોતમ માસ કહેવામાં આવે છે

રાધે બેઠી તિલક સવારે,
ખંજન નેન નિહારે

દર ત્રણ વર્ષે એક મહિનો વધારા નો આવે છે જેને હિન્દુ ધર્મ અનુસાર મલમાસ કે પુરષોતમ માસ કહેવામાં આવે છે.આ માસ દરમિયાન દાન,પુણ્ય અને વ્રત એ અનંત એટલે અધિક ગણું થઈ જતું હોય છે. ગુજરાત માં સૌભાગ્ય વતી સ્ત્રીઓ એના પતિ અને પુત્ર ની ઉન્નતિ માટે આખો મહિનો ઉપવાસ,એકટાણા કે ફ્રૂટ અથવા પાણી પર રહીને કરતી હોય છે.ભગવાન વિષ્ણુ ના સ્વરૂપ ની વિધિ વિધાન થી પૂજા કથા કરીને પારણા કરવાનો રિવાજ હોય છે.આ માસ એ લોકોના આસ્થા અને વિશ્વાસ નો છે એટલે સ્ત્રીઓ સાથે પુરુષો,દીકરા દીકરીઓ પણ પૂર્ણ પુરુષોતમ માસ નું વ્રત કરતા હોય છે. હિન્દુ પંચાગ એ ચંદ્રની ગતિ અનુસાર બનતું હોય છે સૂર્ય વર્ષ એ ૩૬૫ નું હોય છે ને ચંદ્ર વર્ષ એ ૩૫૪ દિવસનું હોય છે.આ બન્ને વચ્ચે ૧૧ દિવસ નો તફાવત જોવા મળે છે આ ૧૧ દિવસ ને સરભર કરવા માટે ૩૨.૫ મહિને એક વધારા નો મહિનો ઉમેરવા માં આવે છે. વર્ષ ૨૦૨૬ માં ૧૭ જૂને અધિક માસ શરૂ થાય છે ને ૧૫ મી જૂને પૂરો થાય છે. પદ્મ પુરાણ અનુસાર આ વધારા ના માસ ને દેવો,દેવીઓ અને પાર્ષદો સ્વીકારવા તૈયાર નહતા એટલે ભગવાન શ્રી કૃષ્ણ એ મલમાસ ને પોતાનું નામ આપીને એની પવિત્રતા અન્ય પવિત્ર માસ કરતા અનેક ગણી વધારી દીધી હતી.ભગવાન શ્રી કૃષ્ણ એ મલમાસ ને વરદાન આપતા કહ્યું હતું કે પુરૂષોતમ માસ ધાર્મિક લોકો સાથે પાપી,નરાધમ પણ પૂરી પવિત્રતા થી કરશે તો એને પાપ ના બંધન માંથી મુક્ત કરીશ.ભગવાન શ્રી કૃષ્ણ એ મનુષ્ય ના હૃદય માં આત્મા સ્વરૂપે નિવાસ કરે છે એટલે એ મનુષ્ય ના કર્મ થી અવગત હોય છે. ગૌ,બ્રાહ્મણ અને સ્ત્રી ને ધરા પર ના અમૃત કીધા છે એટલે ભુલ થી પણ ભૂલ માં ગૌ,બ્રાહ્મણ અને સ્ત્રી પરના અત્યાચાર ને ભગવાન સ્વીકારતા નથી. પૃથ્વી પર થતા યજ્ઞ યાગ એ બ્રાહ્મણ દ્વારા વેદ ગાન અને ગૌ માતા ના ઘી વગર શક્ય નથી. શાસ્ત્ર કહે છે કે સ્ત્રી એ પુરુષ ના પુણ્ય ની અડધો અડધ અધિકારી છે એટલે સ્ત્રીની હાજરી વગર ધાર્મિક કાર્યો થતા નથી. રામાયણ માં માતા જાનકી જી ધરા ની અંદર સમાઈ ગયા ત્યારે ભગવાન શ્રી રામ એ માતા જાનકી ની સુવર્ણ મૂર્તિ બનાવડાવી ને અશ્વ મેઘ યજ્ઞ કર્યો હતો.

સખી,આજની ઘડી તે રળિયામણી,
મારા વ્હાલા જી આવ્યાની વધામણી જી રે..

ભગવાન શ્રી કૃષ્ણ એ એના પુત્રો,પુત્રો અને પિતરાઈ ને નૃગ રાજા ની કથા સંભળાવી ને સમજાવ્યું હતું કે ભૂલ થી ભુલ માં બ્રાહ્મણ નું ધન એની ઈચ્છા વગર કે બળ જબરી થી લેવામાં આવે તો મૃત્યુ બાદ અધમ યોનિ માં કરોડો વર્ષ વિતાવવા પડે છે.ગરીબ અપ્રિતિગૃહી બ્રાહ્મણ ની ગાય ભૂલ થી નૃગ રાજા ના વડા માં આવી જતા એણે એ ગાય બીજા બ્રાહ્મણ ને દાન આપતા મહાદાની નૃગ રાજા ને કરોડો વર્ષ કાચિંડા બની ને જીવવું પડ્યું હતું.પવિત્ર પુરુષોતમ માસમાં બ્રાહ્મણો ને દાન આપવાનો મહિમા વધારે છે.

કથા: એકવાર શિવરાત્રિ ના પર્વ માં વૃંદાવન વાસીઓ અંબિકા તીર્થ ગયા.આખો દિવસ ઉપવાસ અને ભગવાન શિવ ની પૂજા અર્ચના કરીને વિતાવ્યા બાદ બધા એ નક્કી કર્યું કે એક રાત્રિ અંબિકા વન માં વિતાવીશું. વહેલી સવારે નંદ બાબા નિત્ય દૈનિક પૂજા માટે ઉઠીને જળ માં સ્નાન કરવા જતા હતા ત્યાં એક વિકરાળ ભૂખ્યા અજગરે એ કોળિયો બનાવવાના હેતુ નંદબાબા ને મુખ માં પકડી લીધા. અજગર ના મુખ માં ફસાયેલ નંદબાબા એ બેટા!!કૃષ્ણ બચાવો.. બેટા!!બલરામ બચાવો ની ચીસ પાડી ત્યારે ભગવાન શ્રી કૃષ્ણ એ જમણા પગ ના અંગૂઠા થી અજગર ને સ્પર્શ કર્યો.ભગવાન શ્રી કૃષ્ણ નો સ્પર્શ થતાંજ અજગર નું સ્વરૂપ ત્યજી ને રૂપ રૂપ ના અંબાર ગાંધર્વ સુદર્શન પ્રગટ થયા. જ્યારે ભગવાન શ્રી કૃષ્ણ એ ગાંધર્વ સુદર્શન ને એના અજગર સ્વરૂપ વિશે પૂછ્યું ત્યારે સુદર્શન એ કહ્યું કે અષ્ટા વક્ર કદરૂપા બ્રાહ્મણો ના સમૂહ ના બેઢાંગા રૂપની મશ્કરી મજાક કરતા શ્રાપ નો અધિકારી બન્યો છું.



અધિક માસ

- રુપાલી દવે

મિત્રો,ભૂલ થી પણ ભૂલ માં અન્ય ના રૂપ,દેખાવ ની મજાક ઉડાવશો નહી. આ સૃષ્ટી માં ઈશ્વરે બધા ને કંઈક ન કંઈક ગુણો આપ્યા છે અષ્ટા વક્ર બ્રાહ્મણ એ ધરા પર ના સૌથી વિદ્વાન બ્રાહ્મણો ના સમૂહ છે.પૂર્ણ પુરુષોતમ માસ એ લોકો ને નીતિ,રીતિ અને સમજ માં બદલાવ કરવાનો સંદેશો આપે છે. એક ટાઈમ જમો કે બે ટાઈમ પણ અન્ય માટે તમારા મુખ માંથી નિંદનીય શબ્દો નીકળે છે તો આખા માસ નું વ્રત એળે જાય છે.

પવિત્ર પુરુષોતમ માં થતા કાર્યો:

૧ માનસિક,શારીરિક અને ભાષણ માં સંયમ રાખવો આવશક છે.

૨ પુરુષોતમ માસ દરમિયાન ભગવાન શ્રી કૃષ્ણ ની પૂજા અર્ચના અને કથા વાર્તા માં વિતાવવું જરૂરી છે.

૩ આ માસ માં ગરીબો ને દાન આપવું,પીપળા ની પૂજા કરવી જોઈએ.

૪ શ્રીમદ્ ભાગવત,ગીતાજી,૨૫૨ વૈષ્ણવો ની કથા ના પાઠ નિયમિત કરવા જોઈએ.

૫ આખા માસ દરમિયાન આવતી એકાદશી નું વ્રત કરવું જોઈએ કેમકે ભગવાન શ્રી કૃષ્ણ ને એકાદશી નું વ્રત પ્રિય છે

શું ન કરવું જોઈએ:

૧ આ માસ દરમિયાન લગ્ન,વાસ્તુ,ગૃહ પ્રવેશ વગેરે જેવા ધાર્મિક કાર્યો ન કરવા જોઈએ.

૨ નવું ઘર,સોના ચાંદી અને વાહન ની ખરીદી પુરષોતમ માસ માં કરવા જોઈએ નહી.

દર વર્ષે પવિત્ર પુરુષોતમ માસ નું આગમન થતા જ આનંદ ની હેલી એ ચડી ને ધરતી અનરાધાર વરસાદ વરસાવે છે. ભલે અત્યારે આપણે બધા ૪૫ ડિગ્રી ગરમી માં શેકાઈ છીએ પણ ટૂંક સમયમાં તોફાની વરસાદ ગુજરાત માં આવ્યો સમજજો.

ચાલો સખી પૂજન કરવા જઈએ નંદ રાય ને દ્વાર,
નંદ રાણી બોલાવો ગોપાલ ને ઉઘાડો હવેલીના દ્વાર

હિન્દુ ધર્મ સંસ્કૃતિમાં દર ત્રણ વર્ષે આવતા 'મલમાસ' એટલે કે 'અધિક માસ' નું એક વિશિષ્ટ સ્થાન છે. આ માસને ભગવાન શ્રીકૃષ્ણએ પોતાનું સર્વોચ્ચ નામ આપીને 'પુરૂષોત્તમ માસ' તરીકે પવિત્રતા અર્પી છે. આ માસ દરમિયાન કરવામાં આવતા દાન, પુણ્ય, ભક્તિ અને વ્રતનું ફળ અનંત ગણું થઈ જતું હોવાથી શ્રદ્ધાળુઓ માટે આ સમયગાળો આધ્યાત્મિક ઉર્જા મેળવવાનો મહાઉત્સવ બની જાય છે. ગુજરાત સહિત દેશભરમાં આ માસ દરમિયાન કથા-વાર્તા અને ધાર્મિક ઉત્સવોની હેલી જોવા મળે છે.

આપણા હિન્દુ પંચાંગની રચના ચંદ્રની ગતિ પર આધારિત છે. સામાન્ય રીતે સૂર્ય વર્ષ ૩૬૫ દિવસનું હોય છે, જ્યારે ચંદ્ર વર્ષ ૩૫૪ દિવસનું હોય છે. આ બંને વર્ષો વચ્ચે દર વર્ષે ૧૧ દિવસનો તફાવત સર્જાય છે. આ તફાવતને વૈજ્ઞાનિક રીતે સરભર કરવા માટે દર ૩૨.૫ મહિને (આશરે ત્રણ વર્ષે) પંચાંગમાં એક વધારાનો મહિનો ઉમેરવામાં આવે છે, જેને આપણે અધિક માસ કહીએ છીએ. ચાલુ વર્ષ ૨૦૨૬ ની વાત કરીએ તો, આગામી ૧૭ જૂન ૨૦૨૬ થી આ પવિત્ર અધિક માસનો પ્રારંભ થવા જઈ રહ્યો છે, જે ૧૫ જુલાઈ ૨૦૨૬ ના રોજ પૂર્ણ થશે.

અધિક માસની શાસ્ત્રોક્ત કથા અનુસાર, શરૂઆતમાં આ વધારાના માસને કોઈ દેવી-દેવતાઓ સ્વીકારવા તૈયાર નહોતા, જેથી તે 'મલમાસ' તરીકે ઓળખાયો અને નિંદનીય બન્યો. આથી ભગવાન શ્રીકૃષ્ણએ દયા લાવીને તેને પોતાનું ઉત્તમ નામ 'પુરુષોત્તમ' આપ્યું અને વરદાન આપ્યું કે આ માસમાં જે કોઈ પણ પવિત્રતાથી ભક્તિ કરશે, તેના તમામ પાપો નષ્ટ થશે. શાસ્ત્રોમાં રાજા નૃગની કથા દ્વારા બ્રાહ્મણ અને ગરીબોના ધનનો અનાદર ન કરવાનો મહિમા સમજાવવામાં આવ્યો છે. જ્યારે અંબિકા વનમાં અજગર બનેલા ગાંધર્વ સુદર્શનના પ્રસંગ દ્વારા ભગવાન કૃષ્ણએ આપણને બોધ આપ્યો છે કે, ભૂલથી પણ ક્યારેય કોઈ વ્યક્તિના કદરૂપા દેખાવ કે શારીરિક ખામીની મજાક ઉડાવવી જોઈએ નહીં, કારણ કે ઈશ્વરે દરેક જીવમાં કોઈને કોઈ વિશેષ ગુણ મૂક્યા છે. વ્રતના નિયમો અને પરંપરા: શું કરવું અને શું ન કરવું?

મીડિયા અહેવાલો અને ધાર્મિક ગ્રંથોના આધારે પુરુષોત્તમ માસ દરમિયાન ભક્તો માટે કેટલાક કડક નિયમો અને પરંપરાઓ દર્શાવવામાં આવી છે, જેનું પાલન કરવું અનિવાર્ય છે:

શું કરવું (પવિત્ર કાર્યો):

માનસિક અને વાણીનો સંયમ: આખો મહિનો ઉપવાસ કે એકટાણા કરવા સાથે વાણી પર સંયમ રાખવો જરૂરી છે. કોઈની નિંદા કરવાથી વ્રત એળે જાય છે.

ધાર્મિક પાઠ: શ્રીમદ્ ભાગવત, ગીતાજી અને ૨૫૨ વૈષ્ણવોની વાર્તાનું નિયમિત પઠન કે શ્રવણ કરવું.

દાન અને પૂજા: ગરીબોને અન્ન-વસ્ત્રનું દાન આપવું, ગૌસેવા કરવી અને પીપળાના વૃક્ષની પૂજા કરવી. આ માસમાં આવતી બંને એકાદશીનું વ્રત અવશ્ય કરવું.

શું ન કરવું (વર્જિત કાર્યો):

માંગલિક કાર્યો પર રોક: પુરુષોત્તમ માસ દરમિયાન લગ્ન, જનોઈ, વાસ્તુ પૂજન કે ગૃહ પ્રવેશ જેવા મોટા ધાર્મિક કે માંગલિક કાર્યો કરવામાં આવતા નથી.

નવી ખરીદી ટાળવી: આ સમયગાળામાં નવું મકાન, સોના-ચાંદીના દાગીના કે નવા વાહનોની ખરીદી ન કરવાની પરંપરા છે.

હાલ ભલે સમગ્ર ગુજરાત ૪૫ ડિગ્રી જેટલી આકરી ગરમીમાં શેકાઈ રહ્યું હોય, પરંતુ પરંપરાગત માન્યતા મુજબ પુરુષોત્તમ માસના આગમન સાથે જ મેઘરાજા મહેરબાન થાય છે અને ટૂંક સમયમાં જ ગુજરાતમાં તોફાની અને અનરાધાર વરસાદ સાથે વાતાવરણમાં ઠંડક પ્રસરી જશે તેવી આશા સેવાઈ રહી છે.

# વિકીના બર્થ-ડે પર કેટરિનાએ પહેલો ફેમિલી ફોટો શેર કર્યો

## બગીચામાં સાદગીથી 'વિહાનના પપ્પા'ની કેક કાપી, VICKETની પરફેક્ટ લાઇફનું સિક્રેટ ખોલ્યું






(એજન્સી) મુંબઇ | તા 17

બોલિવૂડના 'છાવા' એટલે કે વિકી કૌશલે 16 મેના રોજ પોતાનો 38મો જન્મદિવસ ઉજવ્યો. આ દિવસને વધુ ખાસ બનાવવા માટે પત્ની કેટરિના કૈફે કોઈ બાંધછોડ કરી નહોતી. આ સાથે જ પતિના બર્થ ડે પર કેટરિનાએ ચાહકોને પણ સરપ્રાઈઝ આપ્યું હતું. તેણે પહેલો ફેમિલી ફોટો શેર કર્યો હતો અને વિકી માટે પ્રેમભર્યો મેસેજ પણ લખ્યો.

કેટરિનાએ ફોટોની સાથે કેપ્શનમાં લખ્યું, 'જન્મદિવસ મુબારક... એ જ જગ્યા, 2 વર્ષ પછી અને કેટલું બધું બદલાઈ ગયું છે. પ્રાર્થના, ધીરજ અને શ્રદ્ધા . અને આજે આપણે આપણા નાનકડા દેવદૂત સાથે ખૂબ જ આનંદપૂર્વક તારો જન્મદિવસ ઉજવી રહ્યા છીએ. મારું હૃદય આનંદથી ભરેલું અને કૃતજ્ઞ છે. છેલ્લા કેટલાક વર્ષોમાં તું 99% સમય (ઠીક છે, કદાચ 98%) એક સંત જેવી ધીરજ સાથે શક્તિ, પ્રેમ અને પ્રકાશના સ્તંભ સમાન રહ્યો છે.

કેટરિનાએ આગળ લખ્યું, 'હું તને માત્ર એટલા માટે પ્રેમ નથી કરતી કે તું જે વ્યક્તિ છે (એક અનુકરણીય માણસ જેના જેવી પ્રમાણિકતા મળવી મુશ્કેલ છે), પરંતુ એટલા માટે પણ કરું છું કારણ કે હું તને જે અગણિત પ્રશ્નો પૂછું છું, તેને તું રસપૂર્વક સાંભળે છે, તું મને એ બાબતોના જવાબો આપે છે જેના વિશે કદાચ તને પણ ખબર નહીં હોય... (હા, હવે તું પૌરાણિક કથાઓ, AI, વોટરપ્રૂફિંગ, મેકઅપ, સ્વાસ્થ્ય, બિઝનેસ અને સામાન્ય રીતે બધી જ 'જો આવું થાય તો' વાળી પરિસ્થિતિઓ અને તેની વચ્ચેની દરેક બાબતોનો નિષ્ણાત બની ગયો છે.)'

કેટરિનાએ વિકીના જન્મદિવસ માટે પ્રાર્થના કરતા કહ્યું કે, 'હું પ્રાર્થના કરું છું કે, તું સવારે જાગે અને મારા પ્રશ્નો શરૂ થાય તે વચ્ચેના સમયમાં તને એક બ્લેક કોફી (કદાચ 2) પીવા માટે થોડી વધારાની પળો અને સમય મળી રહે.'

કેટરિના કૈફે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર કેટલાક ફોટો શેર કરીને પતિ વિકી કૌશલને જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવી. આ દરમિયાન તેણે દીકરા વિહાનની ઝલક દેખાડી. કેટરિનાએ પોસ્ટ કરેલા ફોટોમાં વિહાન ગ્રે રંગનું જેકેટ પહેરેલો જોવા મળી રહ્યો છે. તેની ક્યુટ હરકતો જોઈને વિકી કૌશલ અને કેટરિના કૈફ પણ ખડખડાટ હસી રહ્યા છે. જોકે, કપલે દીકરાનો ચહેરો દેખાડ્યો નહોતો.

વિકી કૌશલે પોતાનો બર્થ ડે ઉજવવા માટે કોઈ મોટી ભપકાદાર પાર્ટી કે ગ્રાન્ડ સેલિબ્રેશનના બદલે સાદગી ભરેલી પણ પોતાના પ્રેમાળ વ્યક્તિઓ સાથેની ખાસ ક્ષણો પસંદ કરી. વિકી અને કેટરિનાએ બગીચામાં જન્મદિવસ ઉજવ્યો. આ દરમિયાન કેટરિના કૈફ બેજ કલરનો શર્ટ પહેરેલી જોવા મળી, જ્યારે બર્થ ડે બોય વિકીએ બ્લેક ટીશર્ટ અને નેવી બ્લુ જેકેટ પહેર્યા છે. ફોટોમાં એક કેક દેખાઈ રહી છે, જેના પર 'હેપી બર્થ ડે પાપા' લખેલું છે અને બ્લુ અને વ્હાઈટ કલરના નાના નાના હાર્ટ બનેલા છે.

તેઓ બગીચામાં ચટ્ટાઈ પાથરીને બેઠાં છે. વિકી કેટરિનાના ખોળામાં માથું રાખીને ખડખડાટ હસતો દેખાઈ રહ્યો છે. સાથે જ એક ઓશિકું અને ગુલાબી અને સફેદ રંગોના ફૂલોનો ગુલદસ્તો પણ દેખાઈ રહ્યો છે. વિકી અને વિહાનના કપડાં પરથી અંદાજો લગાવી શકાય છે કે તેઓ કોઈ ઠંડી જગ્યાએ (વિદેશમાં) છે.



### પિતા શામ કૌશલે પણ પ્રેમ વરસાવ્યો

કેટરિના ઉપરાંત વિકીના પિતા અને પ્રખ્યાત એક્શન ડિરેક્ટર શામ કૌશલે પણ દીકરા વિકી સાથેનો અનસીન ફોટો શેર કરીને તેને આશીર્વાદ આપ્યા છે. તેમણે લખ્યું, જન્મદિવસની ખૂબ ખૂબ શુભેચ્છાઓ દીકરા. ભગવાનના આશીર્વાદ હંમેશા તારા પર બન્યા રહે. તારા માટે હંમેશા પ્રેમ, આશીર્વાદ અને શુભેચ્છાઓ. તારા જેવો દીકરો મેળવીને હું ખૂબ ખુશ અને ભાગ્યશાળી અનુભવી રહ્યો છું. ભગવાનની કૃપા જળવાઈ રહે દીકરા.' પછી તેમણે પંજાબીમાં લખ્યું, 'જોર દી જપ્પી'.

શામ કૌશલે પોસ્ટ કરેલા ફોટોમાં તેઓ અને વિકી ઘરે સોફા પર બેઠેલા જોવા મળે છે. વિકીએ બ્લુ ટીશર્ટ અને સફેદ પજામા પહેરેલો છે. દરમિયાન તેમની વચ્ચે વિહાનની કેટલીક સ્ટોરી બુક્સ અને પિક્ચર બુક્સ જોવા મળી રહી છે. સાથે જ બાજુમાં રાખેલા કન્ટેનરમાં વિહાનના કપડાં પણ દેખાઈ રહ્યા છે.

# થલાપતિ વિજય અને ત્રિશા વિશે પ્રશ્ન પૂછાતા એક્ટ્રેસ ભડકી

## માલવિકા મોહનને કહ્યું- 'લોકો ફક્ત સનસનાટી ફેલાવવા પ્રશ્નો પૂછે છે'; લાંબા સમયથી અફેરની ચર્ચા



(એજન્સી) મુંબઇ | તા 17

એક્ટ્રેસ માલવિકા મોહનનને તાજેતરમાં એક ઈવેન્ટ દરમિયાન સાઉથ સુપરસ્ટાર અને તમિલનાડુના મુખ્યમંત્રી થલાપતિ વિજય અને સાઉથ સ્ટાર ત્રિશા કૃષ્ણન વિશે પ્રશ્ન પૂછવામાં આવ્યો. આના પર માલવિકા નારાજ થઈ ગઈ. બાદમાં તેણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X (અગાઉ ટ્વિટર) પર ટ્વીટ કરીને કહ્યું કે, 'કેટલાક પ્રશ્નો માત્ર સનસનાટી ફેલાવવાના ઉદ્દેશ્યથી પૂછવામાં આવ્યા હતા.'

માલવિકાએ X પર લખ્યું, 'હું ગઈકાલે એક ઈવેન્ટમાં ગઈ હતી. ત્યાં હાજર તમિલનાડુ મીડિયા અને તમામ પત્રકારો માટે મારા મનમાં પૂરો આદર છે, પરંતુ કેટલાક લોકોએ વારંવાર એવા પ્રશ્નો પૂછ્યા, જે બિલકુલ જરૂરી નહોતા અને માત્ર સનસનાટી ફેલાવનારા હતા.'

એક્ટ્રેસે આગળ લખ્યું, 'થલાપતિ વિજયને હું છેલ્લા સાત વર્ષથી ઓળખું છું. હું તેમનો ખૂબ આદર કરું છું અને તેમને મારા મિત્ર માનીને પોતાને ભાગ્યશાળી સમજું છું. તેમની સફર ખરેખર ખૂબ જ શાનદાર રહી છે. હું ઈચ્છીશ કે આગળથી મીડિયા વાતચીત દરમિયાન બધા લોકો આદર અને સમજદારી જાળવી રાખે, જેથી કોઈને અસ્વસ્થતા અનુભવાય નહીં. આભાર.'

ખરેખર, ચેન્નઈમાં આયોજિત એક પ્રમોશનલ ઈવેન્ટ દરમિયાન માલવિકાને પૂછવામાં આવ્યું હતું કે, એક્ટ્રેસ ત્રિશા કૃષ્ણન અવારનવાર વિજય સાથે ઘણી જગ્યાએ જોવા મળે છે, તો શું તેમને પણ તેમની સાથે મુસાફરી કરવાની કોઈ રીત ખબર છે? આ પ્રશ્ન પર માલવિકા નારાજ થઈ ગઈ અને તેણે જવાબ આપ્યો, 'તમે મને કેવા-કેવા પ્રશ્નો પૂછી રહ્યા છો?'

નોંધનીય છે કે છેલ્લા કેટલાક સમયથી ત્રિશાને અભિનેતા અને તમિલનાડુના મુખ્યમંત્રી વિજય સાથે જોડવામાં આવી રહી છે. જોકે, વિજય અને ત્રિશાએ અત્યાર સુધી તેમના સંબંધો વિશે જાહેરમાં કોઈ નિવેદન આપ્યું નથી.

ત્રિશા શુક્રવારે ચેન્નઈમાં પોતાની નવી રિલીઝ થયેલી ફિલ્મ 'કરુપ્પુ'ના સ્ક્રીનિંગમાં પહોંચી હતી. આ દરમિયાન ડિરેક્ટર આરજે બાલાજી અને એક્ટર કાર્થી પણ હાજર હતા. થિયેટરમાંથી બહાર નીકળતી વખતે તૃષા પોતાની કારમાં બેઠી હતી. તેણે બ્લેક ટી-શર્ટ અને જીન્સ પહેર્યું હતું. આ જ દરમિયાન એક ફેને કહ્યું, 'થલાપતિને કહેજો કે મેં તેમના ખબરઅંતર પૂછ્યા છે.'

આના પર તૃષાએ હસતાં હસતાં જવાબ આપ્યો, 'કંદીપા (ચોક્કસ).' આ દરમિયાન તેનો ચહેરો શરમથી લાલ થઈ ગયો હતો. પહેલાં તો તેણે તરત જ ચાહકો સામેથી નજર હટાવી લીધી અને માથું નીચે કરીને ફોનમાં ધ્યાન પરોવી લીધું. જોકે, ચાહકોએ 'ત્રિશાત્રિશા' નામ લેતાં તેણે ફરી ફોનમાંથી મોં ઊંચું કર્યું હતું અને ચાહકો તરફ હાથ હલાવીને તેમનું અભિવાદન પણ કર્યું હતું. ઉલ્લેખનીય છે કે છેલ્લા કેટલાક સમયથી ત્રિશાનું નામ સાઉથસુપરસ્ટાર અને તમિલનાડુના નવનિયુક્ત મુખ્યમંત્રી સી. જોસેફ વિજય ઉર્ફ થલાપતિ વિજય સાથે નામ જોડાઈ રહ્યું છે. જોકે, વિજય અને ત્રિશાએ અત્યાર સુધી તેમના સંબંધોને લઈને જાહેરમાં કોઈ નિવેદન આપ્યું નથી. તાજેતરમાં સીએમ વિજયના એક નિર્ણયની પણ ઘણી ચર્ચા થઈ, જેમાં તેણે ત્રિશાની ફિલ્મ 'કરુપ્પુ' માટે 9 વાગ્યાના મોર્નિંગ શો (સ્પેશિયલ સ્ક્રીનિંગ) માટે વિશેષ પરવાનગી આપી.

# 'જ્હોનમાં જેમ્સ બોન્ડ જેવો ચાર્મ છે' : શેખર કપૂરે નવા જેમ્સ બોન્ડ માટે જ્હોનની ભલામણ કરી

(એજન્સી) મુંબઇ | તા 17

ફિલ્મમેકર શેખર કપૂરે 'જેમ્સ બોન્ડ' ફ્રેન્ચાઈઝીને લઈને મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે, જો ડેનિયલ ક્રેગ પછી કોઈ ભારતીય એક્ટર 007 બની શકે છે, તો તે જ્હોન અબ્રાહમ છે. તેમનું આ નિવેદન સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યું છે.

એમેઝોન MGM સ્ટુડિયોએ તાજેતરમાં પુષ્ટિ કરી છે કે, 'નવા જેમ્સ બોન્ડની શોધ શરૂ થઈ ગઈ છે.' આ દરમિયાન શેખર કપૂરે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X (અગાઉ ટ્વિટર) પર જ્હોન અબ્રાહમનું નામ સૂચવ્યું. તેમણે લખ્યું, 'ડેનિયલ ક્રેગ પછી આગામી જેમ્સ બોન્ડ જ્હોન અબ્રાહમ હોવો જોઈએ. તેમની પાસે 'શેકન નોટ સ્ટર્ડ' વાળી પર્સનાલિટી અને બોન્ડ જેવો ચાર્મ છે.' શેખર કપૂરે પોતાની પોસ્ટમાં યાદ અપાવ્યું કે ડેનિયલ ક્રેગને બોન્ડના રોલ માટે તેમની ફિલ્મ 'એલિઝાબેથ' જોયા પછી પસંદ કરવામાં આવ્યા હતા.

આથી તેમનું આ નિવેદન વધુ ચર્ચામાં આવ્યું. શેખર કપૂરના વખાણ પર જ્હોન અબ્રાહમે તરત પ્રતિક્રિયા આપી. જ્હોને X પર લખ્યું, 'સર, તમારા શબ્દોથી હું ખૂબ જ સન્માનિત અનુભવી રહ્યો છું. તમે દુનિયા પહેલા ડેનિયલ ક્રેગની ક્ષમતા ઓળખી હતી. આથી તમારું આ કહેવું મારા માટે ખૂબ જ મહત્વ ધરાવે છે.' જ્હોને રમુજી અંદાજમાં આગળ લખ્યું, 'હવે હું મારી માર્ટીની ઓર્ડર કરવાની પ્રેક્ટિસ શરૂ.

# મૌની રોય-સૂરજ વચ્ચે સૌ સારાં વાનાં થઈ ગયાં! : અલગ થવાની જાહેરાત કરી

## હવે ફરી સોશિયલ મીડિયા પર એકબીજાને ફોલો કર્યાં

(એજન્સી) મુંબઇ | તા 17

એક્ટ્રેસ મૌની રોય હાલમાં તેના પતિ અને બિઝનેસમેન સૂરજ નાંબિયાર સાથે છૂટાછેડાને લઈને ચર્ચામાં છે. તાજેતરમાં બંનેએ એકબીજાને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પરથી અનફોલો કરીને અલગ થઈ રહ્યા હોવાની પુષ્ટિ કરી હતી. હવે મૌની અને સૂરજે ફરીથી શનિવારે એકબીજાને ઈન્સ્ટાગ્રામ પર ફોલો કરવાનું શરૂ કરી દીધું છે.

પહેલાં નોંધવામાં આવ્યું હતું કે મૌની અને સૂરજ ઈન્સ્ટાગ્રામ પર એકબીજાને ફોલો કરી રહ્યા ન હતા. જોકે, હવે બંને ફરીથી એકબીજાની ફોલોઈંગ લિસ્ટમાં દેખાઈ રહ્યા છે.

મૌનીએ તેના લગ્નની તસવીરો અને સૂરજ સાથેની જૂની પોસ્ટ્સ પણ એકાઉન્ટમાંથી હટાવી નથી. એક્ટ્રેસના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર હજુ પણ લગ્ન અને જૂની પળોની ઘણી તસવીરો હાજર છે. જ્યારે, સૂરજના પ્રોફાઈલ પર મૌની સાથે જોડાયેલી માત્ર એક તસવીર દેખાઈ રહી છે, જેમાં તેનો ચહેરો દેખાતો નથી.

ગુરુવારે મૌની અને સૂરજે ઈન્સ્ટાગ્રામ પર એક સંયુક્ત નોટ જાહેર કરીને જણાવ્યું હતું કે તેઓ તેમના લગ્ન સમાપ્ત કરી રહ્યા છે. મૌની રોય અને સૂરજ નાંબિયારે ઈન્સ્ટાગ્રામ પર લખ્યું, 'અમે મીડિયાના કેટલાક વર્ગો દ્વારા અમારા અંગત જીવનમાં બિનજરૂરી અને દખલગીરીભર્યા ધ્યાન પર નિરાશા વ્યક્ત કરીએ છીએ. અમે જણાવવા માંગીએ છીએ કે અમે અલગ થવાનો નિર્ણય લીધો છે અને આ બાબતોને ખાનગી રીતે અને સૌહાર્દપૂર્ણ રીતે ઉકેલવા માટે જરૂરી સમય લઈ રહ્યા છીએ.' મૌનીએ આગળ લખ્યું, 'કાલ્પનિક વાર્તાઓ અને ઘસી કાઢેલા જૂઠાણાં ફેલાવીને અમારા અંગત જીવનને સનસનીખેજ બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે, જે અમારા સંબંધોની વાસ્તવિકતાને પ્રતિબિંબિત કરતા નથી. બદલાતી જતી અંગત પ્રાથમિકતાઓ પર વિચાર કર્યા પછી, અમે પરસ્પર આદર અને સમજણ સાથે અલગ રસ્તે આગળ વધવાનું પસંદ કર્યું છે.'





# સલમાને ઉધાર લઈને પિતા માટે ઘડિયાળ ખરીદી હતી: કિંમત હતી 9 લાખ રૂપિયા

(એજન્સી) મુંબઇ | તા 17

સલમાન ખાને તાજેતરમાં જણાવ્યું કે- તેણે સૌથી પહેલી મોંઘી વસ્તુ પોતાના પિતા માટે ખરીદી હતી. એક્ટરે કહ્યું કે તેણે પિતા માટે રોલેક્સની ઘડિયાળ ખરીદી હતી.

વેરાયટી ઈન્ડિયાને આપેલા ઈન્ટરવ્યૂમાં સલમાને કહ્યું, 'જ્યારે મેં ફરીથી ઘડિયાળો પહેરવાનું શરૂ કર્યું ત્યારે મારા પિતાએ તે જ ઘડિયાળ મને પહેરવા માટે આપી દીધી. તે સમયે મારી પાસે એટલા પૈસા નહોતા, પરંતુ મને મારા પિતા માટે તે ઘડિયાળ ગમી ગઈ હતી.' તેણે જણાવ્યું કે તે સમયે તે ઘડિયાળની કિંમત લગભગ 9 લાખ રૂપિયા હતી. સલમાન પાસે ફક્ત 4 લાખ રૂપિયા હતા. બાકીના પૈસા તેણે ઉધાર લઈને તે ઘડિયાળ ખરીદી હતી અને પોતાના પિતાને આપી હતી.

સલમાને આગળ કહ્યું, 'જ્યારે મેં તે ઘડિયાળ મારા પિતાને બતાવી, ત્યારે તેણે કહ્યું કે તેં હજી બરાબર કામ કરવાનું પણ શરૂ નથી કર્યું અને તેં આ બધું કરવાનું શરૂ કરી દીધું? શું તું પોતાને બ્રુનેઈનો સુલતાન (રાજા) સમજે છે? આ ઘડિયાળ બહુ નકામી વસ્તુ છે.' પરંતુ બાદમાં સલીમ ખાને ઘડિયાળને જોઈને કહ્યું હતું, 'ઓહ, આ તો જ્વેલરીનો પીસ છે.'

સલમાને આગળ કહ્યું કે તેમણે પોતાના જીવનના 26-28 વર્ષ સુધી ઘડિયાળો પહેરવાનું બંધ કરી દીધું હતું. હવે જો લોકો તેને અલગ-અલગ ઘડિયાળો પહેરેલા જુએ છે, તો તેનો અર્થ એ નથી કે તે બધી ઘડિયાળો તેની છે. તેમણે કહ્યું, 'મારી પાસે ફક્ત તે એક રોલેક્સ છે, બાકી બધી મિત્રોની છે.'

આ જ ઈન્ટરવ્યુમાં સલમાને જણાવ્યું કે તેણે આજ સુધી ક્યારેય કોઈ ફિલ્મની સ્ક્રિપ્ટ નથી વાંચી. તેણે કહ્યું, 'મેં મારા જીવનમાં ક્યારેય સ્ક્રિપ્ટ નથી વાંચી. મેં સ્ક્રિપ્ટ લખી છે, પણ વાંચી નથી.' સલમાને પોતાની કારકિર્દીમાં મુખ્યત્વે 'ચંદ્રમુખી', 'વીર' અને 'દબંગ 3' જેવી ફિલ્મોની સ્ટોરી લખી છે.

વર્ક ફ્રન્ટની વાત કરીએ તો, સલમાન જલ્દી જ ફિલ્મ 'માતૃભૂમિ: મે વોર રેસ્ટ ઈન પીસ'માં જોવા મળશે. આ ફિલ્મમાં ચિત્રાંગદા સિંહ પણ હશે. પહેલાં આ ફિલ્મનું નામ 'બેટલ ઓફ ગલવાન' હતું. ફિલ્મની રિલીઝ ડેટ પહેલાં 17 એપ્રિલ હતી, જે ટાળી દેવામાં આવી છે અને નવી તારીખની હજુ જાહેરાત થઈ નથી. ઉપરાંત, સલમાને એક્ટ્રેસ નયનતારા સાથે પોતાની બીજી આગામી ફિલ્મનું શૂટિંગ શરૂ કરી દીધું છે, જેનું અત્યારે નામ SVC63 છે.

વેરાયટી ઈન્ડિયાના રિપોર્ટ અનુસાર, સલમાન ડિરેક્ટર જોડી રાજ નિદિમોરુ અને કૃષ્ણા ડી.કે. સાથે એક સુપરહીરો એક્શન ફિલ્મમાં પણ કામ કરી શકે છે. એવી પણ ચર્ચા છે કે આ પ્રોજેક્ટમાં તે કરીના કપૂર ખાન સાથે કામ કરી શકે છે. સલમાને 1988માં આવેલી ફિલ્મ બીવી હો તો ઐસીથી બોલિવૂડ ડેબ્યૂ કર્યું હતું. જોકે, આ ફિલ્મમાં તેણે સપોર્ટિંગ રોલ ભજવ્યો હતો.

# 'ધમાલ 4'ની રિલીઝ ડેટ 3જી વખત ટળી

## અક્ષય કુમારની 'વેલકમ ટુ ધ જંગલ' માટે ક્લીન વિન્ડો, અજય દેવગણે મિત્રતા નિભાવી...




(એજન્સી) મુંબઇ | તા 17

અજય દેવગણ અને અક્ષય કુમારની મિત્રતા ફરી ચર્ચામાં છે. સમાચાર છે કે અજયે 'ધમાલ 4'ની રિલીઝ ડેટ આગળ વધારી દીધી છે, જેથી અક્ષયની 'વેલકમ ટુ ધ જંગલ'ને બોક્સ ઓફિસ પર ક્લીન વિન્ડો મળી શકે.


પહેલા 'ધમાલ 4' ફિલ્મ 4 જુલાઈ 2026ના રોજ રિલીઝ થવાની હતી. હવે ફિલ્મ 17 જુલાઈ 2026ના રોજ સિનેમાઘરોમાં આવશે. જ્યારે 'વેલકમ ટુ ધ જંગલ' 26 જૂન 2026ના રોજ રિલીઝ થશે. બંને મોટી મલ્ટીસ્ટારર કોમેડી ફિલ્મો છે. મેકર્સ નહોતા ઈચ્છતા કે બંને ફિલ્મોના બિઝનેસ પર અસર પડે.

સૂત્રો અનુસાર, અજય દેવગન અને અક્ષય કુમારે વાતચીત કર્યા બાદ આ નિર્ણય લીધો. બંને લાંબા સમયથી મિત્રો છે અને બોક્સ ઓફિસ ક્લેશની અસર સમજે છે. ઈન્ડસ્ટ્રીમાં આ નિર્ણયને સકારાત્મક પગલું માનવામાં આવી રહ્યું છે.

એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

ભારતીય ક્રિકેટમાં સુપરસ્ટાર કલ્ચર મુદ્દે

## બે દિગ્ગજો સામસામે ખેલાડી મહેનત કરીને જ હીરો બને છે





(એજન્સી) નવી દિલ્હી | તા. 17

ભારતીય ક્રિકેટ ટીમના ડ્રેસિંગ રૂમની અંદરથી 'સુપરસ્ટાર કલ્ચર' સદંતર નાબૂદ કરવાના મુદ્દે રમત જગતમાં એક બહુ મોટો વૈચારિક ટકરાવ સામે આવ્યો છે. પૂર્વ મુખ્ય કોચ રાહુલ દ્રવિડે વર્તમાન મુખ્ય કોચ ગૌતમ ગંભીરની કડક વિચારધારા સામે પોતાનો તદ્દન અલગ પક્ષ રજૂ કરીને આડકતરો આકરો જવાબ આપ્યો છે. દ્રવિડે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે, દરેક રમતને આગળ વધારવા માટે પોતાના હીરો અને પ્રભાવશાળી સુપરસ્ટાર્સની જરૂર હોય જ છે, કારણ કે કોઈ પણ ખેલાડી રાતોરાત કે મહેનત વગર આ સ્થાને પહોંચી શકતો નથી.

ગૌતમ ગંભીર સતત એ વાત પર ભાર મૂકી રહ્યા છે કે ભારતીય ટીમમાં વ્યક્તિગત રેકોર્ડ કે સુપરસ્ટાર કલ્ચરના બદલે માત્ર ટીમની જીત અને સામૂહિક સફળતાને જ સર્વોચ્ચ સ્થાન મળવું જોઈએ. આ ગંભીર ચર્ચા વચ્ચે એક પોડકાસ્ટમાં વાતચીત દરમિયાન રાહુલ દ્રવિડે જણાવ્યું કે, ભારત જેવા વિશાળ દેશમાં સતત શાનદાર પ્રદર્શન કર્યા વગર કોઈ ખેલાડી કરોડો ફેન્સની આશાઓનો હિસ્સો બની શકતો નથી. ખેલાડી મેદાન પર પોતાનું લોહી-પરસેવો વહાવીને જ મહાન બને છે.

દ્રવિડે પોતાના સુવર્ણ જમાનાને યાદ કરતા સચિન તેંડુલકર, સૌરવ ગાંગુલી, વીવીએસ લક્ષ્મણ અને વીરેન્દ્ર સેહવાગ જેવા મહાન ખેલાડીઓના પ્રદાનનો ખાસ ઉલ્લેખ કર્યો હતો. તેમણે ઉમેર્યું કે, આ ખેલાડીઓએ માત્ર પોતાના અંગત સ્કોરબોર્ડ મજબૂત નથી કર્યા, પરંતુ તેમના જ દમદાર પ્રદર્શનને કારણે ભારતીય ક્રિકેટને વૈશ્વિક મંચ પર એક નવી, સન્માનજનક અને અત્યંત મજબૂત ઓળખ પ્રાપ્ત થઈ છે જેને નકારી શકાય નહીં.

તાજેતરમાં ગૌતમ ગંભીરના માર્ગદર્શન હેઠળ ભારતીય ટીમને ન્યૂઝીલેન્ડ અને સાઉથ આફ્રિકા સામે ઘરઆંગણે રમાયેલી ટેસ્ટ સિરીઝમાં કારમી હારનો સામનો કરવો પડ્યો છે.



વૈશ્વિક ચેસ મંચ પર ભારતનો દબદબો

## સુપર ચેસ ક્લાસિક પ્રજ્ઞાનાન્ધાએ કીમર સામે મેચ ડ્રો કરી

બુકારેસ્ટ | રોમાનિયાની રાજધાની બુકારેસ્ટમાં રમાઈ રહેલી પ્રતિષ્ઠિત ગ્રાન્ડ ચેસ ટૂરની 'સુપર ચેસ ક્લાસિક' ટૂર્નામેન્ટમાં ભારતના યુવા અને તેજસ્વી ગ્રાન્ડમાસ્ટર આર. પ્રજ્ઞાનાન્ધાએ પોતાની અદભુત રમતથી વૈશ્વિક સ્તરે ભારતનો ડંકો વગાડ્યો છે. ત્રીજા રાઉન્ડની અત્યંત રોમાંચક મેચમાં પ્રજ્ઞાનાન્ધાએ જર્મનીના મજબૂત ખેલાડી વિન્સેન્ટ કીમર સામે મેચ ડ્રો રમીને ટૂર્નામેન્ટમાં પોતાની સંયુક્ત લીડ જાળવી રાખી છે. અગાઉના રાઉન્ડમાં શાનદાર જીત મેળવ્યા બાદ ભારતીય ખેલાડી હાલ ફુલ ફોર્મમાં જોવા મળી રહ્યો છે. પ્રજ્ઞાનાન્ધાએ અગાઉના રાઉન્ડમાં ઉઝબેકિસ્તાનના જવોખીર સિંદારોવ સામે મેળવેલી શાનદાર જીતના આધારે કુલ ત્રણમાંથી બે પોઈન્ટ મેળવ્યા છે. આ સ્કોર સાથે તે ફ્રાન્સના મેક્સિમ વાચિયર-લાગ્રેવ તેમજ હોલેન્ડના અનીશ ગીરી અને જોર્ડન વેન ફોરેસ્ટ જેવા દિગ્ગજો સાથે સંયુક્ત રીતે પ્રથમ સ્થાને અડગ છે. સ્પર્ધામાં ભાગ લઈ રહેલા કુલ દસ ખેલાડીઓમાંથી અડધા ખેલાડીઓ હાલ સમાન પોઈન્ટ સાથે ટાઈ પર ચાલી રહ્યા છે. પ્રજ્ઞાનાન્ધા સફેદ મહોરાં સાથે રમી રહ્યો હોવા છતાં જર્મનીના કીમરે તેને બરાબરની ટક્કર આપી હતી. પ્રજ્ઞાનાન્ધાએ ઓપનિંગમાં નિમ્ઝો ઈન્ડિયન સામે કેપાબ્લાન્કા વેરિએશન અજમાવ્યું હતું, જેની સામે કીમરે શરૂઆતમાં જ એક પ્યાદાનું બલિદાન આપીને રમત પર પકડ મજબૂત કરી લીધી હતી. મેચ આગળ વધતા બંને ખેલાડીઓ હાથી અને નાના મહોરાંની એન્ડગેમ સ્થિતિમાં પહોંચ્યા હતા, જ્યાં ૬૪ ચાલના અંતે બંને ખેલાડીઓએ પરસ્પર સહમતિથી મેચ ડ્રો જાહેર કરી હતી.

શુભમન ગિલ અને જોસ બટલરની લડત એળે ગઈ, ફિન એલન અને અંગકૃષ રઘુવંશીની તોફાની બેટિંગ

# IPLમાં કોલકાતા નાઈટ રાઈડર્સની દબદબાભરી જીત

(એજન્સી) અમદાવાદ | તા. 17



વિશ્વની સૌથી લોકપ્રિય ટી-૨૦ ક્રિકેટ લીગમાં શનિવારે રમાયેલા એક અત્યંત રોમાંચક અને હાઈ-સ્કોરિંગ મુકાબલામાં કોલકાતા નાઈટ રાઈડર્સે શાનદાર રમતનું પ્રદર્શન કરીને ગુજરાત ટાઈટન્સને ૨૯ રનથી પરાજય આપ્યો છે. મસાલેદાર ચોગ્ગા-છગ્ગાની આ રમત જોવા ઉમટેલા હજારો દર્શકોથી સ્ટેડિયમ ગુંજી ઉઠ્યું હતું. ટોસ હારીને પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી કોલકાતાની ટીમે નિર્ધારિત ૨૦ ઓવરમાં માત્ર ૨ વિકેટ ગુમાવીને ૨૪૭ રનનો એક વિરાટ સ્કોર ખડક્યો હતો. જેના જવાબમાં સ્થાનિક ગ્રાઉન્ડ પર રમી રહેલી ગુજરાત ટાઈટન્સની ટીમ ૨૦ ઓવરમાં ૪ વિકેટ ગુમાવીને ૨૧૮ રન જ બનાવી શકી હતી. આ મેચમાં બંને ટીમો તરફથી કુલ છ અડધી સદી નોંધાઈ હતી, જે આ સીઝનનો એક અનોખો કીર્તિમાન છે.

કોલકાતા તરફથી ઈનિંગની શરૂઆત કરવા આવેલા ઓપનિંગ બેટ્સમેન ફિન એલને મેદાનના ચારેય ખૂણે રનનો વરસાદ કર્યો હતો. તેણે માત્ર ૩૫ બોલમાં ૧૦ ગગનચુંબી સિક્સર અને ૪ આકર્ષક ફોરની મદદથી ૯૩ રનની એક વિસ્ફોટક અને યાદગાર ઈનિંગ રમી હતી. તેણે માત્ર ૨૧ બોલમાં પોતાની ફિફ્ટી પૂરી કરીને વિરોધી બોલરોની લાઈન અને લેન્થ બગાડી નાખી હતી. જો કે, તે સ્પિનર આર. સાઈ કિશોરના એક બોલ પર મોટો શોટ મારવાની લાલચમાં લોંગ ઓન પર રાશિદ ખાનના હાથે કેચ આઉટ થયો હતો અને માત્ર ૭ રન માટે પોતાની સદી ચૂકી ગયો હતો. આ ઈનિંગ દરમિયાન આઈપીએલના ઈતિહાસમાં બીજી વખત એક જ મેચમાં ૧૦ સિક્સર ફટકારીને તેણે વૈભવ સૂર્યવંશી અને અભિષેક શર્માના જૂના રેકોર્ડની બરાબરી કરી લીધી છે.

કેપ્ટન અજિંક્ય રહાણે વહેલો આઉટ થયા બાદ, યુવા ખેલાડી અંગકૃષ રઘુવંશીએ બખૂબી જવાબદારી સંભાળી હતી. તેણે ૪૪ બોલમાં ૪ ફોર અને ૭ સિક્સરની મદદથી અણનમ ૮૨ રનની શાનદાર ઈનિંગ રમીને સ્કોરબોર્ડને ગતિ આપી હતી. તેને મધ્યક્રમમાં કેમરૂન ગ્રીનનો મજબૂત સાથ મળ્યો હતો, જેણે માત્ર ૨૮ બોલમાં ૩ ફોર અને ૪ સિક્સર સાથે અણનમ ૫૨ રન ફટકારીને ટીમને ૨૪૭ના વિશાળ સ્કોર સુધી પહોંચાડી દીધી હતી. ગુજરાત તરફથી મોહમ્મદ સિરાજ અને સાઈ કિશોરને ૧-૧ સફળતા મળી હતી, જ્યારે યુવા બોલર કાર્તિક ત્યાગી પોતાની ૪ ઓવરમાં ૫૯ રન આપીને સૌથી મોંઘો સાબિત થયો હતો. જંગી લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી ગુજરાત ટાઈટન્સની શરૂઆત પણ જોરદાર રહી હતી. ઓપનર સાઈ સુધર્સને ૨૮ બોલમાં ૬ ફોર અને ૩ સિક્સર સાથે અણનમ ૫૩ રન બનાવીને પાયો મજબૂત કર્યો હતો. ત્યારબાદ કેપ્ટન શુભમન ગિલે મોખરેથી આગેવાની લેતા ૪૯ બોલમાં ૫ ફોર અને ૭ સિક્સરની મદદથી ૮૫ રનની શાનદાર કેપ્ટન ઈનિંગ રમી હતી. ઈંગ્લેન્ડના વિસ્ફોટક બેટ્સમેન જોસ બટલરે પણ ૩custom બોલમાં ૫ ફોર અને ૨ સિક્સર સાથે ૫૭ રન જોડીને મેચને અંત સુધી જીવંત રાખી હતી. પરંતુ અંતિમ ઓવરોમાં નિશાંત સિંધુ (૧ રન) અને રાહુલ તેવાતિયા (૨ રન) સસ્તામાં આઉટ થઈ જતાં ગુજરાતની ટીમ જીતની રેખા ઓળંગી શકી નહોતી.

રમત જગતમાં હરિયાણાની દીકરીનો મોટો સનસનાટીભર્યો વિજય

# સાક્ષીએ વજન ઘટાડીને કોમનવેલ્થ, એશિયન ગેમ્સની ટીમમાં સ્થાન મેળવ્યું



(એજન્સી) નવી દિલ્હી | તા. 17

ભારતીય રમતગમતના ઈતિહાસમાં મહિલા બોક્સિંગ ક્ષેત્રે એક અત્યંત પ્રેરણાદાયી અને સનસનાટીભર્યા સમાચાર સામે આવ્યા છે. હરિયાણાના ભિવાની જિલ્લાના નાના એવા ધનાના ગામની ૨૫ વર્ષીય મહિલા મુક્કાબાજ સાક્ષી ચૌધરીએ અશક્યને શક્ય કરી બતાવ્યું છે. સાક્ષીએ માત્ર પોતાનું વજન ઘટાડીને નવી કેટેગરીમાં પ્રવેશ નથી કર્યો, પરંતુ દેશની દિગ્ગજ બોક્સરોને ધૂળ ચટાડીને આ વર્ષે યોજાનારી ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સ અને ટોક્યો એશિયન ગેમ્સની ભારતીય ટીમમાં પોતાનું સ્થાન સો ટકા પાકું કરી લીધું છે.

સાક્ષી છેલ્લા પાંચ વર્ષથી ૫૪ કિલોગ્રામ વજન વર્ગમાં બોક્સિંગ કરી રહી હતી. પરંતુ આગામી આંતરરાષ્ટ્રીય રમતોની પસંદગી ટ્રાયલ્સમાં ભાગ લેવા માટે તેણે પોતાનું વજન ઘટાડીને ૫૧ કિલોગ્રામ કરવું અનિવાર્ય હતું. હરિયાણાના ઘરોમાં અત્યંત પ્રિય એવા ઘી, ગોળ અને રોટલીના મિશ્રણથી બનતા 'ચુરમા' અને તમામ પ્રકારના કાર્બોહાઈડ્રેટ્સનો તેણે કડક ત્યાગ કર્યો હતો. દિવસ દરમિયાન માત્ર એક રોટલી ખાઈને તેણે ત્રણ કિલો વજન ઘટાડવાનું અઘરું લક્ષ્ય હાંસલ કર્યું હતું. પસંદગી પ્રક્રિયા દરમિયાન સાક્ષીનો સામનો દેશની સૌથી શક્તિશાળી બોક્સરો સાથે થયો હતો. સેમિફાઈનલમાં સાક્ષીએ અકલ્પનીય પ્રદર્શન કરતા બે વખતની વર્લ્ડ ચેમ્પિયન નિખત ઝરીનને પરાજય આપ્યો હતો. આ મોટો ઉલટફેર કર્યા બાદ, તેણે ફાઈનલમાં વર્તમાન વર્લ્ડ અને એશિયન ચેમ્પિયન મીનાક્ષી હુડાને પણ માત આપીને ખળભળાટ મચાવી દીધો હતો. વર્ષ ૨૦૧૨ ના લંડન ઓલિમ્પિક્સમાં વિજેન્દર સિંહના પ્રદર્શનથી પ્રેરિત થઈને બોક્સિંગ શરૂ કરનાર સાક્ષીના કરિયરની આ સૌથી મોટી સફળતા છે.

## હાર્દિક પંડ્યાના બીજા લગ્નની અફવાઓથી સો. મીડિયા પર હલચલ

### ઉદયપુરમાં લગ્નની ચર્ચા અને વાયરલ પોસ્ટનું સત્ય



(એજન્સી) મુંબઈ | તા. 17

ભારતીય ક્રિકેટ જગતનો અતિ લોકપ્રિય ઓલરાઉન્ડર અને ચાલુ આઈપીએલ ૨૦૨૬ માં મુંબઈ ઈન્ડિયન્સની કમાન સંભાળી રહેલો કેપ્ટન હાર્દિક પંડ્યા ફરી એકવાર હેડલાઈન્સમાં આવ્યો છે. મેદાન પરના પોતાના શાનદાર પ્રદર્શનની સાથે સાથે પોતાની અંગત જિંદગીના કારણે હંમેશા મીડિયાના આકર્ષણનું કેન્દ્ર રહેતો આ ખેલાડી અત્યારે ડિજિટલ પ્લેટફોર્મ્સ પર જોરદાર ચર્ચાનો વિષય બન્યો છે. સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા કેટલાક અહેવાલોમાં એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે હાર્દિક પંડ્યા ખૂબ જ ટૂંક સમયમાં તેની લેડી લવ માહિકા શર્મા સાથે લગ્નના બંધનમાં બંધાવા જઈ રહ્યો છે. આ સમાચારો વહેતા થતાં જ તેના અસંખ્ય ચાહકોમાં આશ્ચર્ય અને ઉત્સુકતાનો માહોલ જોવા મળી રહ્યો છે.

વિવિધ ઓનલાઈન પ્લેટફોર્મ પર વાયરલ થઈ રહેલી વિગતો અનુસાર, એવી અટકળો લગાવવામાં આવી રહી છે કે ચાલુ ટૂર્નામેન્ટની વ્યસ્ત મેચોની વચ્ચે જ આગામી ૨૨ મેના રોજ રાજસ્થાનના ઐતિહાસિક અને શાહી શહેર ઉદયપુરમાં આ લગ્ન પ્રસંગ યોજાશે. આ વાયરલ પોસ્ટ્સમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે આ ભવ્ય સમારોહને સંપૂર્ણપણે ખાનગી રાખવામાં આવશે, જેમાં માત્ર બંને પક્ષના પરિવારના સભ્યો, અતિ નજીકના સંબંધીઓ અને ખાસ મિત્રો જ ઉપસ્થિત રહેશે. જો કે, આ અહેવાલો વાયુવેગે પ્રસરતાની સાથે જ બજારમાં ચર્ચાઓનું જોર વધી ગયું છે કે શું ખરેખર હાર્દિક પંડ્યા આટલી ઉતાવળમાં બીજી વખત લગ્ન કરવા જઈ રહ્યો છે?

જ્યારે અમારા પત્રકારો અને વિશ્લેષકો દ્વારા આ વાયરલ પોસ્ટ શેર કરનારા સોશિયલ મીડિયા એકાઉન્ટ્સની ખૂબ જ ઝીણવટભરી અને ટેકનિકલ તપાસ કરવામાં આવી, ત્યારે આ આખો મામલો માત્ર એક અફવા હોવાનું સાબિત થયું છે.

રાષ્ટ્રીય સ્ક્વોશ ચેમ્પિયનશિપમાં ભારતીય જોડીનો નવો ઈતિહાસ

અભય સિંહ સાથે પુરુષ ડબલ્સનો ખિતાબ જીત્યો

## જોશના ચિનાપ્પા અને વેલવન સેન્થિલકુમારે બેવડી સિદ્ધિ મેળવી



ચેન્નાઈ | તમિલનાડુની રાજધાની ચેન્નાઈ સ્થિત ઈન્ડિયન સ્ક્વોશ એકેડેમીમાં રમાયેલી ત્રીજી રાષ્ટ્રીય ડબલ્સ સ્ક્વોશ ચેમ્પિયનશિપમાં રમત જગતનો એક અદભુત નવો ઈતિહાસ રચાયો છે. દેશના સ્ટાર ખેલાડીઓ વેલવન સેન્થિલકુમાર અને જોશના ચિનાપ્પાએ અપ્રતિમ રમતનું પ્રદર્શન કરીને પોતપોતાની કેટેગરીમાં બેવડી સિદ્ધિ એટલે કે ડબલ ધમાકો કર્યો છે. આ બંને ખેલાડીઓએ પુરુષ અને મહિલા વિભાગમાં સત્તાવાર રીતે ટ્રોફી જીત્યા બાદ, મિક્સ ડબલ્સનો ખિતાબ પણ પોતાના નામે કરીને મેદાન ગજવ્યું છે. મહિલા ડબલ્સની ફાઈનલમાં ટોચની ક્રમાંકિત જોશના ચિનાપ્પા અને રાધિકા સીલનની જોડીએ શરૂઆતથી જ દબદબો જાળવી રાખ્યો હતો. તેમણે બિનક્રમાંકિત જેનેટ વિધિ અને પૂજા આરતીની જોડીને ૧૧-૮, ૧૧-૪ થી ખૂબ જ સરળતાથી હરાવીને ટ્રોફી જીતી લીધી હતી. બીજી તરફ, પુરુષ ડબલ્સની ફાઈનલમાં વેલવન સેન્થિલકુમાર અને અભય સિંહની જોડીએ સૂરજ કુમાર ચંદ અને રાહુલ બૈથાની જોડીને ૧૧-૮, ૧૧-૫ થી હરાવીને સતત ત્રીજી વખત આ રાષ્ટ્રીય ખિતાબ પોતાના નામે જાળવી રાખ્યો છે. ટૂર્નામેન્ટની સૌથી હાઈપ્રોફાઈલ ગણાતી મિક્સ ડબલ્સની ફાઈનલ મેચમાં જોશના અને વેલવનની જોડીનો સામનો અભય સિંહ અને રાધિકા સીલનની જોડી સામે થયો હતો. પ્રથમ ગેમમાં જોશના અને વેલવને શરૂઆતથી જ સાત-ત્રણની મજબૂત લીડ મેળવીને આ ઈનિંગ ૧૧-૭ થી જીતી લીધી હતી. જો કે, બીજી ગેમમાં અભય અને રાધિકાએ જોરદાર વાપસી કરીને સાત-ચારની લીડ મેળવી લેતા મેચ અત્યંત રોમાંચક વળાંક પર આવી ગઈ હતી.

પશ્ચિમ બંગાળમાં ચૂંટણી બાદ વકરી હિંસા

## રાજકીય હિંસાનો ભયાનક પ્રકોપ એથ્લેટ સ્વપ્ના બર્મનના ઘર પર હુમલો

(એજન્સી) કોલકાતા | તા. 17

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીના પરિણામો જાહેર થયા બાદ રાજ્યમાં ફાટી નીકળેલી ભયાનક રાજકીય હિંસાનો ભોગ હવે દેશનું ગૌરવ વધારનારા આંતરરાષ્ટ્રીય સ્તરના ખેલાડીઓ પણ બની રહ્યા છે. એશિયન ગેમ્સમાં ભારતને સુવર્ણ ચંદ્રક અપાવનારી પ્રખ્યાત મહિલા એથ્લેટ અને અખિલ ભારતીય તૃણમૂલ કોંગ્રેસની ઉમેદવાર સ્વપ્ના બર્મનના ઘર પર અજાણ્યા તોફાની તત્વોએ જીવલેણ હુમલો કરીને આગ લગાવી દીધી હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. આ હિંસક હુમલા બાદ સમગ્ર રાજ્યના રાજકારણમાં ભારે ખળભળાટ મચી ગયો છે.

જલ્પાઈગુડી જિલ્લાની રાજગંજ વિધાનસભા બેઠક પરથી તૃણમૂલ કોંગ્રેસના ઉમેદવાર તરીકે ચૂંટણી લડેલી સ્વપ્ના બર્મનની એક રહેણાંક મિલકતને શુક્રવારે રાત્રે સળગાવી દેવામાં આવી હતી. સદનસીબે ઘટના સમયે તે મકાનની અંદર કોઈ હાજર ન હોવાથી મોટી જાનહાનિ ટળી ગઈ છે. આ ભયાનક આકાશી આફત જેવા હુમલાથી આઘાતમાં સરી પડેલી સ્વપ્નાએ સોશિયલ મીડિયા પર લખ્યું કે, "જો મને ખબર હોત કે રાજકારણમાં આટલી હિંસા હોય છે, તો હું ક્યારેય આ ક્ષેત્રમાં ન આવી હોત."



તૃણમૂલ કોંગ્રેસના જનરલ સેક્રેટરી અભિષેક બેનર્જીએ આ ઘટનાનો વીડિયો શેર કરીને વિરોધ પક્ષ પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે જણાવ્યું કે દેશને વૈશ્વિક મંચ પર સન્માન અપાવનાર ખેલાડીને માત્ર એટલા માટે નિશાન બનાવવામાં આવી રહી છે કારણ કે તેણે એક ચોક્કસ પક્ષ સાથે ઊભા રહેવાનું નક્કી કર્યું હતું.

આઈપીએલ // ગુજરાત ટાઈટન્સ વિરુદ્ધ કોલકાતાનો દબદબો, વૈભવ અને અભિષેકના રેકોર્ડની બરાબરી થઈ

# 10 સિક્સ 4 ફોર 21 બોલમાં ફિફ્ટી ફિન એલનની વિસ્ફોટક બેટિંગ

(એજન્સી) કોલકાતા | તા. 17

ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૬ ની હાઈ વોલ્ટેજ મેચમાં ક્રિકેટના મેદાન પર રનનો ભયાનક વિસ્ફોટ જોવા મળ્યો છે. ગુજરાત ટાઈટન્સ સામે રમાયેલી રોમાંચક ટક્કરમાં કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) ના ધુંઆધાર ઓપનિંગ બેટ્સમેન ફિન એલને પોતાના બેટથી આક્રમક તોફાન મચાવી દીધું છે. સનસનાટીભરી બેટિંગ કરતા એલને માત્ર ૨૧ બોલમાં અડધી સદી ફટકારીને સ્ટેડિયમમાં હાજર હજારો ચાહકોને ઝૂમવા પર મજબૂર કરી દીધા હતા. આ તોફાની ઈનિંગ દરમિયાન તેણે ભારતીય યુવા બેટરો વૈભવ સૂર્યવંશી અને અભિષેક શર્માના એક અતિ પ્રતિષ્ઠિત રેકોર્ડની બરાબરી પણ કરી લીધી છે.

### માત્ર ૩૫ બોલમાં મેદાન ગજવ્યું અને સદી ચૂકી ગયો







સૂત્રો દ્વારા મળતી સત્તાવાર માહિતી અનુસાર, ઓપનર ફિન એલનની અકલ્પનીય બેટિંગના કારણે કોલકાતાએ બે વિકેટના ભોગે ૨૪૭ રનનો જંગી સ્કોર ખડકી દીધો હતો. એલન માત્ર ૩૫ બોલમાં ૧૦ ગગનચુંબી સિક્સર અને ૪ આકર્ષક ફોરની મદદથી ૯૩ રન બનાવી આઉટ થયો હતો. ચાલુ સીઝનની બીજી સદી ફટકારવાની તેની પાસે સુવર્ણ તક હતી, પરંતુ સ્પિનર આર. સાઈ કિશોરના બોલ પર મોટો શોટ રમવાના પ્રયાસમાં તે લોંગ ઓન પર રાશિદ ખાનના હાથે કેચ આઉટ થઈ ગયો હતો.

આઈપીએલની એક જ ઈનિંગમાં સૌથી વધુ વખત ૧૦ કે તેથી વધુ સિક્સર ફટકારનારા વિસ્ફોટક બેટ્સમેનોની યાદીમાં ફિન એલન હવે સંયુક્ત રીતે બીજા ક્રમે પહોંચી ગયો છે. વૈભવ અને અભિષેક પણ બે-બે વખત આ કારનામું કરી ચૂક્યા છે. આ યાદીમાં વેસ્ટ ઈન્ડિઝનો પૂર્વ ઓપનર ક્રિસ ગેલ ચાર વખત ૧૦ કે તેથી વધુ સિક્સર ફટકારીને પ્રથમ સ્થાને અડગ છે. આ ઉપરાંત એલને અગાઉ દિલ્હી કેપિટલ્સ સામે પણ ૪૭ બોલમાં ૧૦૦ રનની અણનમ ઈનિંગ રમી હતી.

કોલકાતા નાઈટ રાઈડર્સ તરફથી એક આઈપીએલ મેચમાં સૌથી વધુ સિક્સર ફટકારવાના મામલામાં ફિન એલન હવે ત્રીજા સ્થાને આવી ગયો છે. વર્ષ ૨૦૦૮ ની ઓપનિંગ મેચમાં બ્રેન્ડન મેક્કુલમે બેંગલુરુ સામે ૧૩ સિક્સર ફટકારી હતી, જ્યારે વર્ષ ૨૦૧૮ માં આન્દ્રે રસેલે ચેન્નાઈ સામે ૧૧ સિક્સર મારી હતી.

વૈશ્વિક ક્રિકેટ જગતમાં ભારે રાજદ્વારી સસ્પેન્સ

# ભારત-પાક. તણાવ વચ્ચે અમદાવાદ આવશે PCB ચીફ મોહસીન નકવી

(એજન્સી) અમદાવાદ | તા. 17

ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૬ ના ફાઈનલ મેચના રોમાંચ વચ્ચે, ગુજરાતના આંગણે ક્રિકેટ જગતની સૌથી મોટી રાજદ્વારી બેઠક યોજાવા જઈ રહી છે. આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલ (ICC) દ્વારા અમદાવાદમાં એક અત્યંત હાઈપ્રોફાઈલ બોર્ડ મિટિંગનું આયોજન કરવામાં આવ્યું છે. પરંતુ આ મિટિંગ પહેલા ભારત અને પાકિસ્તાન વચ્ચેના વણસેલા સંબંધોને કારણે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB) ના ચેરમેન મોહસિન નકવી અમદાવાદ આવશે કે નહીં, તે અંગે ભારે રહસ્ય અને અનિશ્ચિતતા સર્જાઈ છે જેના કારણે ક્રિકેટ જગતમાં ખળભળાટ મચી ગયો છે.

આગામી ૨૧ મેના રોજ આઈસીસી ચીફ એક્ઝિક્યુટિવ્સ કમિટીની મહત્વની વર્ચ્યુઅલ બેઠક યોજાશે. ત્યારબાદ ૩૦ અને ૩૧ મેના રોજ આઈસીસી બોર્ડની મુખ્ય અને નિર્ણાયક બેઠક અમદાવાદમાં રૂબરૂ યોજવાનું નક્કી કરાયું છે. સામાન્ય રીતે તમામ સભ્ય દેશોના વડાઓ આ બેઠકમાં પ્રત્યક્ષ હાજરી આપતા હોય છે, પરંતુ વર્તમાન સરહદી તણાવ અને વિવાદોને જોતા મોહસિન નકવી ભારત આવવાની હિંમત કરશે કે ઓનલાઈન જોડાશે તે હજુ સુધી સ્પષ્ટ થઈ શક્યું નથી.



ભારતની ટીમે એશિયા કપ ૨૦૨૫ ની ફાઈનલ મેચમાં પાકિસ્તાનને કચડીને શાનદાર વિજય મેળવ્યો હતો.

ભારત મેચ જીત્યું હોવા છતાં પાકિસ્તાની બોર્ડના ચીફ નકવી ટ્રોફી અને મેડલ લઈને ભાગી ગયા હતા, જે રમત જગતનો સૌથી મોટો વિવાદ બન્યો હતો. આ ટ્રોફી હજુ સુધી ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડને સોંપવામાં આવી નથી અને તેને દુબઈ સ્થિત પાકિસ્તાનની ઓફિસમાં છુપાવીને રાખવામાં આવી હોવાના અહેવાલો છે.

### અમેરિકાના રાજકારણમાં ભારે હોબાળો મચી ગયો, સરકારી સંસાધનો અને પ્રાઈવેટ જેટનો દુરુપયોગ

# FBI ડાયરેક્ટર કાશ પટેલ ફરી મોટા વિવાદમાં ફસાયા

(એજન્સી) વોશિંગ્ટન । તા. 17

વિશ્વની સૌથી શક્તિશાળી ગુપ્તચર અને તપાસ સંસ્થાના સર્વોચ્ચ વડા તરીકે ફરજ બજાવતા વરિષ્ઠ અધિકારી પર સરકારી નાણાં અને અતિ આધુનિક સત્તાવાર સુવિધાઓનો પોતાના અંગત વૈભવ અને મોજશોખ માટે બેફામ ઉપયોગ કરવાનો અત્યંત ગંભીર આક્ષેપ મૂકવામાં આવ્યો છે. એક આંતરરાષ્ટ્રીય સ્તરના પ્રતિષ્ઠિત અખબાર દ્વારા બહાર પાડવામાં આવેલા સનસનાટીપૂર્ણ અહેવાલ બાદ વૈશ્વિક રાજદ્વારી આલમ અને સત્તાધારી પક્ષોમાં મોટો ભૂકંપ આવી ગયો છે. સત્તાવાર પ્રવાસના બહાને પોતાની મિત્ર સાથે આલીશાન રિસોર્ટ, ખાનગી વિમાન અને કરોડો રૂપિયાના સંગીત કાર્યક્રમોની મજા માણવાની આ ઘટનાએ નૈતિકતાના તમામ ધોરણો સામે મોટા સવાલો ઊભા કર્યા છે.

મીડિયા અહેવાલ દ્વારા જાહેર કરાયેલી ચોંકાવનારી વિગતો મુજબ, છેતાલીસ વર્ષીય ઉચ્ચ અધિકારી કાશ પટેલ પોતાની સત્તાવીસ વર્ષીય મહિલા મિત્ર એલેક્સિસ વિલ્કિન્સ સાથે વોશિંગ્ટનથી ફિલાડેલ્ફિયા જવા માટે ખાસ સરકારી ગલ્ફસ્ટ્રીમ વિમાનનો ઉપયોગ કરીને રવાના થયા હતા. આ મુસાફરી કોઈ દેશહિતના ગુપ્ત મિશન માટે નહીં, પરંતુ એક જાણીતા કન્ટ્રી મ્યુઝિક કોન્સર્ટનો આનંદ માણવા માટે કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે. આ કાર્યક્રમ દરમિયાન સ્ટેડિયમમાં જે અતિવિશિષ્ટ ખાનગી સ્યુટ બુક કરવામાં આવ્યો હતો, તેનું એક રાતનું ભાડું અંદાજે ૩૫,૦૦૦ થી ૫૦,૦૦૦ અમેરિકી ડોલર જેટલું જંગી હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે. આ આખી લક્ઝરી સફર દરમિયાન દેશના ભદ્ર સુરક્ષા સ્ટાફ અને વિમાન ચાલકોએ રાત્રે મોડે સુધી ફરજિયાત વધારાની ફરજ બજાવવી પડી હતી.

સરકારી ખર્ચે મોજશોખ કરવાનો કાશ પટેલ માટે આ કોઈ પ્રથમ કિસ્સો નથી, આ અગાઉ પણ તેઓ આવી જ બાબતો માટે વિરોધ પક્ષોના નિશાન પર આવી ચૂક્યા છે. વિતેલા વર્ષે જુલાઈ અને ઓગસ્ટ





મહિના દરમિયાન તેમની હવાઈ ટાપુઓની મુલાકાત પણ અત્યંત વિવાદાસ્પદ સાબિત થઈ હતી. ૧૯૪૧ના ઐતિહાસિક હુમલામાં શહીદ થયેલા અમેરિકી સૈનિકોના પવિત્ર સ્મારક નજીક તેમણે પોતાની ગર્લફ્રેન્ડ સાથે ખાસ વીઆઈપી દરિયાઈ ડાઈવિંગ એટલે કે સ્નોર્કલિંગનો આનંદ લીધો હોવાના ગંભીર આક્ષેપો થયા હતા. આ સિવાય યુરોપમાં યોજાયેલી વિન્ટર ઓલિમ્પિક્સ દરમિયાન ઈટાલીના મિલાન શહેરમાંથી પણ તેમનો એક વિડીયો સામે આવ્યો હતો, જેમાં તેઓ સરકારી પ્રોટોકોલ ભૂલીને પુરુષ હોકી ટીમના રમતવીરો સાથે જીતની ઉજવણી કરતા અને બિયર ગટકાવતા નજરે પડ્યા હતા. આ તમામ બાબતો સત્તાવાર હોદ્દાના દુરુપયોગ તરફ આંગળી ચીંધે છે.

આ ગંભીર આક્ષેપો સામે આવ્યા બાદ તપાસ સંસ્થા અને તેના સત્તાવાર પ્રવક્તા બેન વિલિયમસન તરત જ પોતાના વડાના બચાવાત્મક રોલમાં આવી ગયા છે. એજન્સીના સત્તાવાર નિવેદન અનુસાર, આ તમામ પ્રવાસો દેશની સુરક્ષા વ્યવસ્થા અને નિર્ધારિત પ્રોટોકોલનો એક અનિવાર્ય ભાગ હતા. હવાઈ ટાપુના પ્રવાસ અંગે ખુલાસો કરતા જણાવાયું છે કે તે ઈન્ડો-પેસિફિક કમાન્ડના કમાન્ડિંગ જનરલના સત્તાવાર આમંત્રણ પર લશ્કરી બેઝની મુલાકાત હતી, કોઈ અંગત વેકેશન નહોતું. વળી, પર્લ હાર્બર દુર્ઘટનાના બચેલા સૈનિકોના પરિવારોએ પણ આ પ્રવાસ સામે કોઈ વાંધો ઉઠાવ્યો નથી.

### જાપાનના ન્યૂક્લિયર પ્લાન્ટમાં

# રેડિયોએક્ટિવ વરાળ લીક થતા હડકંપ



(એજન્સી) ટોક્યો । તા. 17

ટેક્નોલોજીની દ્રષ્ટિએ અત્યંત અદ્યતન ગણાતા જાપાન દેશના ઉત્તર-પૂર્વીય વિસ્તારમાં આવેલા મિયાગી પ્રીફેક્ચરમાંથી એક અત્યંત ચિંતાજનક અહેવાલ સામે આવ્યો છે. અહીં કાર્યરત ઓનાગાવા ન્યુક્લિયર પાવર સ્ટેશનના બીજા નંબરના પરમાણુ રિએક્ટરને એક મોટી આકસ્મિક ખામીના કારણે તાત્કાલિક અસરથી બંધ કરી દેવાની ફરજ પડી છે. પ્લાન્ટના ટર્બાઇન બિલ્ડિંગની અંદરના ભાગમાં અત્યંત જોખમી રેડિયોએક્ટિવ વરાળ એટલે કે કિરણોત્સર્ગી બાષ્પ દેખાતા તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. ઓપરેટર કંપની દ્વારા શુક્રવારે સાંજે આશરે ૫:૧૦ વાગ્યે આ ગંભીર ટેક્નિકલ ખામી શોધી કાઢવામાં આવી હતી અને સંભવિત મોટી હોનારતને રોકવા માટે રિએક્ટરને અધવચ્ચે જ અટકાવી દેવામાં આવ્યું છે.

પરમાણુ પ્લાન્ટનું સંચાલન કરતી તોહોકુ ઈલેક્ટ્રિક પાવર કંપનીએ સત્તાવાર નિવેદનમાં સ્પષ્ટતા કરી છે કે ટર્બાઇન બિલ્ડિંગમાં જોવા મળેલી રેડિયોએક્ટિવ વરાળ ખૂબ જ અલ્પ માત્રામાં હતી. સદનસીબે આ ઝેરી બાષ્પ બહારના પર્યાવરણમાં લીક થઈ નથી, જેથી આસપાસના જનજીવન પર કોઈ તાત્કાલિક ખતરો નથી. માત્ર સાવચેતી અને ઊંડી તપાસના હેતુથી જ આ આખી પ્રણાલીને સ્થગિત કરવામાં આવી છે. આ સાથે જ કંપનીએ શુક્રવારે રાત્રે આ જ વિસ્તારમાં આવેલા ૬.૪ની તીવ્રતાના શક્તિશાળી ભૂકંપ સાથે આ ઘટનાને કોઈ સીધો સંબંધ હોવાનો સ્પષ્ટ ઈનકાર કર્યો છે. પરંતુ સ્થાનિક રહેવાસીઓમાં હજુ પણ ભારે ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.

આ સમગ્ર ઘટનાક્રમ એટલા માટે વધુ આઘાતજનક અને ચિંતાજનક માનવામાં આવી રહ્યો છે કારણ કે આ બીજા નંબરનું રિએક્ટર નિયમિત સમારકામ અને સુરક્ષા તપાસ માટે લાંબા સમયથી બંધ હતું. તેને ચાલુ અઠવાડિયાના સોમવારે જ તમામ મંજૂરીઓ બાદ ફરીથી ધમધમતું કરવામાં આવ્યું હતું. આગામી ૯ જૂનથી આ મહત્વપૂર્ણ પ્લાન્ટમાંથી વ્યાપારી ધોરણે મોટા પાયે વીજળીનું ઉત્પાદન શરૂ થવાનું હતું, પરંતુ તે પહેલા જ આ નવી આફત આવી પડી છે. ઉલ્લેખનીય છે કે ઓનાગાવા પ્લાન્ટ માર્ચ ૨૦૧૧માં આવેલા વિનાશક ભૂકંપ અને સુનામીની મહાહોનારત બાદથી સંપૂર્ણપણે બંધ પડ્યો હતો. આ પ્લાન્ટના ત્રણેય રિએક્ટર ફુકુશિમા દાઈચી પ્લાન્ટ જેવા જ 'બોઈલિંગ વોટર' પ્રકારના છે, જ્યાં ૨૦૧૧માં ઈતિહાસની સૌથી ભયાનક પરમાણુ દુર્ઘટના સર્જાઈ હતી.

#### મિહામા પ્લાન્ટમાં પણ સર્જાયો હતો આવો જ સર્જાયો હતો વિવાદ

જાપાનના પરમાણુ મથકોમાં લીકેજ થવાની આ ચાલુ મહિનાની કોઈ પ્રથમ ઘટના નથી. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ પહેલા ૮ મેની વહેલી સવારે સેન્ટ્રલ જાપાનના ફુકુઇ પ્રીફેક્ચરમાં આવેલા મિહામા ન્યુક્લિયર પાવર પ્લાન્ટના ત્રીજા નંબરના રિએક્ટરમાં પણ વરાળ લીક થવાનો મોટો કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો. હાઈ-પ્રેશર ટર્બાઈન પાસે વરાળ લીક થતાં જ સવારે ૪:૧૦ વાગ્યે કટોકટીનું એલર્ટ જાહેર કરાયું હતું અને માત્ર ૧૫ મિનિટમાં જ આખા રિએક્ટરને મેન્યુઅલી એટલે કે માનવ હસ્તક્ષેપ દ્વારા બંધ કરી દેવાયું હતું. જો કે, કન્સાઈ ઈલેક્ટ્રિક પાવર કંપનીના જણાવ્યા અનુસાર, મિહામા પ્લાન્ટની વરાળમાં કોઈ રેડિયોએક્ટિવ પદાર્થ નહોતો. આ મિહામા રિએક્ટર ૧૯૭૬થી કાર્યરત છે અને લાંબા સમય બાદ ૨૦૨૧માં ફરી શરૂ કરાયું હતું.

## ન્યૂઝ બ્રીફ

#### રશિયાના રાષ્ટ્રપતિના કડક અંદાજ વચ્ચે ભરી મહેફિલમાં હાથ પકડનાર મહિલા કોણ



મોસ્કો । વિશ્વભરમાં પોતાના કડક વલણ અને પાવરફુલ અંદાજ માટે જાણીતા રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિન સાથે જોડાયેલો એક અત્યંત ચોંકાવનારો વીડિયો હાલ સોશિયલ મીડિયા પર જોરદાર વાયરલ થઈ રહ્યો છે. ક્રેમલિનના એક હાઈ પ્રોફાઈલ સત્તાવાર વીઆઈપી સમારોહ દરમિયાન લાઈવ સ્ટેજ પર એક બેબાક મહિલાએ અચાનક જ રાષ્ટ્રપતિનો હાથ પકડી લીધો હતો. આ અણધાર્યા પગલાથી આંતરરાષ્ટ્રીય મંચ પર મોટા નેતાઓને ધ્રુજાવનારા પુતિન પોતે પણ એક ક્ષણ માટે અસહજ થઈ ગયા હતા અને શરમથી લાલચોળ થઈ ગયેલા જોવા મળ્યા હતા. લાઈવ સ્ટેજ પર રશિયન રાષ્ટ્રપતિનો હાથ મજબૂતીથી ખેંચીને પકડી રાખનારી આ મહિલા કોઈ સામાન્ય વ્યક્તિ નથી, પરંતુ રશિયાની સુપરફેમસ સેલિબ્રિટી અને ટીવી એન્કર ટીના કંડેલાકી છે. ક્રેમલિનના કાર્યક્રમમાં જ્યારે પુતિન મીડિયા જગતની હસ્તીઓને સન્માનિત કરી રહ્યા હતા, ત્યારે ટીના મેડલ અને ગુલદસ્તો લીધા બાદ કેમેરા સામે ફોટો પડાવવા માટે રાષ્ટ્રપતિનો હાથ પકડીને ઉભી રહી ગઈ હતી.

#### મિડલ ઈસ્ટમાં ભારે તણાવની સ્થિતિ, ઈરાન અને અમેરિકા વચ્ચે સૈન્ય ટકરાવ




વોશિંગ્ટન । પશ્ચિમ એશિયા એટલે કે મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા ભારે રાજદ્વારી ગજગ્રાહ અને હોર્મુઝની સમુદ્રી સરહદે સર્જાયેલી સુરક્ષા કટોકટી વચ્ચે અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની એક સોશિયલ મીડિયા પોસ્ટે સમગ્ર વિશ્વને યુદ્ધના મુખે લાવીને ઊભું રાખી દીધું છે. પ્રમુખ ટ્રમ્પે પોતાના સત્તાવાર સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર એક અત્યંત રહસ્યમય અને આક્રમક સૈન્ય સંકેતો આપતી તસવીર શેર કરી છે. આ સનસનાટીભર્યા અહેવાલ બાદ વૈશ્વિક બજારો અને આંતરરાષ્ટ્રીય સંરક્ષણ વર્તુળોમાં તનાવપૂર્ણ શાંતિ છવાઈ ગઈ છે. ટ્રમ્પે શેર કરેલી આધુનિક કમ્પ્યુટર જનરેટેડ તસવીરમાં અમેરિકા અને ઈરાનના શક્તિશાળી યુદ્ધજહાજો સમુદ્રની અધવચ્ચે આમને-સામને નૌસૈનિક યુદ્ધની સ્થિતિમાં જોવા મળી રહ્યા છે. આ ફોટોના કેપ્શનમાં ટ્રમ્પે કડક શબ્દોમાં લખ્યું છે કે, "આ વાવાઝોડા પહેલાની શાંતિ છે."

### વૈશ્વિક બજારો અને ભૌગોલિક સમીકરણોમાં હડકંપ, ચીપ ઈન્ડસ્ટ્રી સોદો અને આંતરરાષ્ટ્રીય રાજકારણ

# ટ્રમ્પના વિધાનોથી તાઈવાન સંકટ વધુ ઘેરું બન્યું

(એજન્સી) બૈજિંગ । તા. 17

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ચીનના તાજેતરના પ્રવાસ બાદ પૂર્વ એશિયાના ભૌગોલિક અને વ્યાપારી સમીકરણોમાં એકાએક મોટો ગરમાવો આવી ગયો છે. ચીન સાથે થયેલા અબજો ડોલરના વેપારી કરાર બાદ, પ્રમુખ ટ્રમ્પે તાઈવાન મુદ્દે આશ્ચર્યજનક વલણ અપનાવતા સમગ્ર વિશ્વના રાજદ્વારી આલમમાં આંચકો ફેલાઈ ગયો છે. અગાઉ તાઈવાનની સુરક્ષા માટે કટિબદ્ધ દેખાતા અમેરિકાએ હવે આ નાના ટાપુ દેશને ચીનના દબાણ સામે શાંત રહેવાની અને વિવાદ ન વધારવાની સ્પષ્ટ સલાહ આપી દીધી છે. એક દાયકા પછી ચીનની ધરતી પર પગ મૂકનારા પહેલા અમેરિકી પ્રમુખ બનેલા ટ્રમ્પના આ નિવેદને આંતરરાષ્ટ્રીય સંબંધોના નિષ્ણાતોને પણ વિચારતા કરી મૂક્યા છે.

#### વિવાદનું મુખ્ય કેન્દ્ર અને ટેક્નોલોજી ક્ષેત્રનો મોટો સોદો

સમગ્ર વિવાદના મૂળમાં સેમીકન્ડક્ટર ચિપ્સ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સાથે જોડાયેલો અત્યંત કિંમતી વ્યવસાય રહેલો છે. મીડિયા અહેવાલ અનુસાર, ચાલુ વર્ષે જાન્યુઆરી માસમાં અમેરિકા અને તાઈવાન વચ્ચે ૨૫૦ અબજ ડોલરનો એક ઐતિહાસિક સોદો થયો હતો. આ કરાર હેઠળ તાઈવાને અમેરિકાના ટેકનોલોજી અને ચિપ મેન્યુફેક્ચરિંગ ઉદ્યોગમાં બહુ મોટું મૂડીરોકાણ કરવાનું વચન આપ્યું હતું, જેથી અમેરિકાની ધરતી પર ફરીથી આ ઉત્પાદન ક્ષેત્ર ધમધમી ઉઠે. આ ડીલને પ્રોત્સાહન આપવા માટે અમેરિકાએ આયાત શુલ્ક પણ ૨૦ ટકાથી ઘટાડીને ૧૫ ટકા કર્યો હતો. જો કે, આ સોદો થયાના ગણતરીના મહિનાઓમાં જ અમેરિકી પ્રમુખે એવું નિવેદન આપ્યું છે કે તાઈવાને ભૂતકાળમાં અમેરિકાનો આખો ચિપ બિઝનેસ ચોરી લીધો છે, જેના કારણે સ્થાનિક ઉદ્યોગોને નુકસાન થયું હતું.



#### ચીનની સીધી ધમકી અને અમેરિકાનું નરમ વલણ

પ્રમુખ ટ્રમ્પ જ્યારે ચીનની મુલાકાતે હતા ત્યારે ત્યાંના રાષ્ટ્રીય વડા શી જિનપિંગે અત્યંત કડક શબ્દોમાં ચેતવણી આપી હતી કે તાઈવાનનો મુદ્દો ચીન માટે એક અંતિમ રેડ લાઈન સમાન છે. જો અમેરિકા આ બાબતમાં સાવધાનીપૂર્વક નહીં વર્તે તો બંને મહાસત્તાઓ વચ્ચે ભયંકર લશ્કરી સંઘર્ષ અને ટક્કર અનિવાર્ય બનશે. આ સાથે જ ચીને તાઈવાનને આપવામાં આવનારા ૧૪ અબજ ડોલરના પ્રસ્તાવિત શસ્ત્ર સોદાને તાત્કાલિક અસરથી રદ કરવાની માંગ પણ અમેરિકા સામે મૂકી દીધી છે. તાઈવાનને આશા હતી કે અમેરિકા પોતાના જૂના વલણ પર અડગ રહીને ચીનને જડબાતોડ જવાબ આપશે, પરંતુ તેનાથી તદ્દન વિપરીત પરિસ્થિતિ સર્જાઈ છે.

એક આંતરરાષ્ટ્રીય સમાચાર સંસ્થાને આપેલી મુલાકાતમાં પ્રમુખ ટ્રમ્પે ભૌગોલિક પરિસ્થિતિનો હવાલો આપતા જણાવ્યું હતું કે અમેરિકા પૃથ્વીના બીજા છેડેથી એટલે કે ૯,૫૦૦ માઈલ દૂર જઈને યુદ્ધ ન લડી શકે. તાઈવાન એક નાનો ટાપુ છે જે ચીનની મુખ્ય ભૂમિથી માત્ર ૫૯ માઈલના અંતરે આવેલો છે, જ્યારે ચીન એક અતિ શક્તિશાળી દેશ છે. તેમણે ભૂતકાળના અમેરિકી પ્રમુખોની નીતિઓની ટીકા કરતા કહ્યું કે અગાઉના શાસકોની અણસમજના કારણે જ તાઈવાન આ ક્ષેત્રમાં આટલું મજબૂત બની શક્યું છે. ટ્રમ્પે તાઈવાનને આશ્વાસન આપતા એમ પણ ઉમેર્યું કે જ્યાં સુધી તેઓ પ્રમુખ પદે છે ત્યાં સુધી ચીન લશ્કરી હુમલો નહીં કરે, પરંતુ તાઈવાને પોતે પણ શાંતિ જાળવી રાખવી પડશે.

અમેરિકાના આ વલણના કારણે માત્ર તાઈવાન જ નહીં, પરંતુ જાપાન અને દક્ષિણ કોરિયા જેવા અન્ય મિત્ર દેશોમાં પણ ફફડાટ ફેલાયો છે. જો અમેરિકા આ પ્રકારે તાઈવાનનો સાથ છોડી દેશે, તો વૈશ્વિક સેમીકન્ડક્ટર સપ્લાય ચેઈન પર ચીનનો સંપૂર્ણ કબજો થઈ જશે, જે વૈશ્વિક અર્થતંત્ર માટે વિનાશક સાબિત થઈ શકે છે. બજારના વિશ્લેષકો માને છે કે આ રાજકીય અસ્થિરતાના કારણે આગામી દિવસોમાં ટેકનોલોજી શેરોમાં મોટો કડાકો જોવા મળી શકે છે.



#### ચીને આપેલી ગીફ્ટ્સ બર્નર ફોન્સ યુએસ પત્રકારોએ કચરાપેટીમાં નાખી દીધા

બૈજિંગ । બે મહાશક્તિઓ વચ્ચે ચાલી રહેલા રાજદ્વારી અને સરહદી ગજગ્રાહ વચ્ચે બૈજિંગ એરપોર્ટ પર એક અભૂતપૂર્વ અને ચોંકાવનારી ઘટના સામે આવી છે. અમેરિકા પાછા ફરતી વખતે એર-ફોર્સ-વન વિમાનમાં સવાર થતાં પહેલાં અમેરિકી પ્રતિનિધિ મંડળ અને પત્રકારોએ ચીન સરકાર તરફથી મળેલી તમામ સત્તાવાર ભેટ સોગાદોને વિમાનની સીડી પાસે રાખેલી કચરાપેટીમાં પધરાવી દીધી હતી. જાસૂસી અને સાયબર સુરક્ષાના જોખમોને ધ્યાનમાં રાખીને લેવાયેલા આ આકરા પગલાથી વૈશ્વિક રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો છે. ચીની યજમાનો દ્વારા આપવામાં આવેલા ઈલેક્ટ્રોનિક ઉપકરણો, ખાસ બર્નર ફોન્સ, લેપલ પીન્સ અને સ્મૃતિ ચિહ્નો જેવા તમામ સાધનો આ કચરાપેટીમાં ફેંકી દેવાયા હતા.

## ભૂરાજકીય તણાવમાં મોટો ગરમાવો ગંગાનું પાણી મળશે પછી જ સંબંધો સુધરશે

(એજન્સી) ઢાકા । તા. 17

દક્ષિણ એશિયાના ભૂરાજકારણમાં નદીઓના જળ વિવાદે ફરી એકવાર સરહદી તણાવ વધાર્યો છે. બાંગ્લાદેશમાં તાજેતરમાં જ સત્તા પર આવેલી નવી સરકારે ભારત સાથેના દ્વિપક્ષીય સંબંધોને લઈને એક અત્યંત આકરો અને મોટો દાવ ખેલ્યો છે. સત્તાધારી પક્ષે સ્પષ્ટ ચેતવણી આપી છે કે ભારત સાથેના ભવિષ્યના તમામ સંબંધોનો રસ્તો હવે ગંગા નદીના પાણીની વહેંચણી પર જ નક્કી થશે. વર્ષ ૧૯૯૬માં થયેલી ૩૦ વર્ષની ઐતિહાસિક જળ સંધિ હવે તેના અંતિમ તબક્કામાં છે, ત્યારે પડોશી દેશના આ આક્રમક વલણથી નવી દિલ્હીના વિદેશ મંત્રાલયમાં ભારે દોડધામ મચી ગઈ છે.

સૂત્રો દ્વારા મળતી સત્તાવાર માહિતી અનુસાર, ભારત અને બાંગ્લાદેશ વચ્ચે થયેલો ગંગા જળ કરાર આ વર્ષે ડિસેમ્બરમાં પૂરો થઈ રહ્યો છે. ઢાકામાં આયોજિત એક સત્તાવાર કાર્યક્રમ દરમિયાન બાંગ્લાદેશના ગ્રામીણ વિકાસ મંત્રી મિર્ઝા ફખરુલ ઈસ્લામ આલમગીરે ભારતને આકરો સંદેશ આપ્યો છે કે, હવે પછીની નવી સંધિ બાંગ્લાદેશના નાગરિકોના હિતોને ધ્યાનમાં રાખીને જ થવી જોઈએ. તેમણે માગ કરી છે કે જ્યાં સુધી નવો કરાર ફાઈનલ ન થાય ત્યાં સુધી જૂની વ્યવસ્થા નિર્બાધપણે ચાલુ રહેવી જોઈએ અને આ કરાર કોઈ ચોક્કસ સમય મર્યાદા માટે સીમિત ન હોવો જોઈએ.

બાંગ્લાદેશ ભારતમાંથી વહેતી ૫૪ જેટલી નદીઓ પર નિર્ભર છે, જેમાં ગંગા નદી ત્યાં 'પદ્મા' તરીકે ઓળખાય છે. બાંગ્લાદેશનો આરોપ છે કે ભારતના ફરાક્કા બેરેજના કારણે ઉનાળાની ઋતુમાં તેમના તરફ પાણીનો પ્રવાહ ઘટી જાય છે, જેનાથી નદીઓ સુકાઈ રહી છે અને કૃષિ ક્ષેત્રને મોટું નુકસાન થાય છે.

## દેશના અર્થતંત્ર પર મોટો પ્રહાર ભારતને મોટો ઝટકો ટ્રમ્પે રશિયન ક્રૂડ ઓઈલ ખરીદવાની છૂટ ન આપી

#### USના કડક વલણથી દેશમાં ચિંતા, પેટ્રોલ ડીઝલ મોંઘા થવાના એંધાણ

(એજન્સી) નવી દિલ્હી । તા. 17

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા ભારે લશ્કરી તણાવ અને હોર્મુઝની સામુદ્રધુનીમાં નાકાબંધી જેવી ગંભીર પરિસ્થિતિ વચ્ચે વૈશ્વિક ઈંધણ બજારમાંથી ભારત માટે અત્યંત આંચકાજનક સમાચાર સામે આવ્યા છે. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે રશિયન કાચા તેલની ખરીદી પર ભારત સહિતના દેશોને આપેલી અસ્થાયી પ્રતિબંધ મુક્તિ આગળ વધારવાનો સાફ ઈનકાર કરી દીધો છે. શનિવારે આ સમયમર્યાદા પુરી થતાં જ દેશના આર્થિક ક્ષેત્રે મોટો ખળભળાટ મચી ગયો છે, જેના કારણે આગામી દિવસોમાં દેશમાં ઈંધણના ભાવ આસમાને પહોંચવાની આશંકા છે.

સૂત્રો દ્વારા મળતી સત્તાવાર માહિતી અનુસાર, માર્ચ મહિનામાં અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધ



જેવી સ્થિતિ સર્જાતા વૈશ્વિક બજારમાં તેલનો પુરવઠો જાળવી રાખવા માટે અમેરિકાએ રશિયન તેલના પરિવહન પર કામચલાઉ છૂટ આપી હતી. જો કે, રશિયા આ કમાણીનો ઉપયોગ યુદ્ધ ફંડ માટે કરતું હોવાનો આક્ષેપ કરીને યુરોપિયન દેશો સતત વિરોધ કરી રહ્યા હતા. આ આંતરરાષ્ટ્રીય દબાણના કારણે વ્હાઈટ હાઉસે આખરે નમતું જોખીને આ રાહત કાયમ માટે બંધ કરવાનો મોટો નિર્ણય લીધો છે.

મીડિયા અહેવાલ અનુસાર, મિડલ ઈસ્ટમાંથી તેલનો સપ્લાય એકાએક એકસઠ ટકા જેટલો ઘટી ગયા બાદ, ભારત સરકારી તિજોરી બચાવવા માટે મોટા પાયે રશિયા પાસેથી સસ્તું ક્રૂડ ઓઈલ આયાત કરી રહ્યું હતું.

છેલ્લા બે મહિનામાં રશિયા ભારતનો સૌથી મોટો સપ્લાયર દેશ બન્યો હતો, જ્યાંથી રોજનું આશરે પંદર લાખ બેરલ કરતા વધુ તેલ ખરીદાતું હતું. હવે અમેરિકાના આકરા વલણના લીધે સસ્તું તેલ મેળવવું મુશ્કેલ બનશે.

આર્થિક નિષ્ણાતોના મતે, ભારતે હજુ હમણાં જ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં પ્રતિ લીટર ત્રણ રૂપિયાનો વધારો ઝીંક્યો છે, જેની સાથે સીએનજીના ભાવ પણ વધ્યા છે. આ આંતરરાષ્ટ્રીય રાજદ્વારી ગજગ્રાહ જો લાંબો ચાલશે તો સરકારી તેલ કંપનીઓ દેશમાં ફરી એકવાર ઈંધણના ભાવમાં મોટો ભડકો કરવા માટે મજબૂર બનશે, જેની સીધી અસર સામાન્ય નાગરિકોના ખિસ્સા પર પડશે.

હેકિંગ | વૈશ્વિક રોકાણકારોમાં ભારે ચિંતા અને ફફડાટ, અદ્યતન એઆઈ મોડેલ્સનો ઉપયોગ કરી સાયબર હુમલા

## ક્રિપ્ટો બજારમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આધારિત હેકિંગનો મોટો આંચકો

(એજન્સી) નવી દિલ્હી । તા. 17

વૈશ્વિક સ્તરે ઝડપથી વિકસી રહેલા આભાસી ચલણ એટલે કે ક્રિપ્ટો બજાર પર અત્યાર સુધીનો સૌથી ગંભીર અને અત્યંત આધુનિક સાયબર હુમલો થયો છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (કૃત્રિમ બુદ્ધિમત્તા) ટેક્નોલોજીથી સજ્જ વૈશ્વિક હેકરોના જૂથે ડિજિટલ કરન્સી માર્કેટમાંથી અંદાજે ૬૦૦ મિલિયન ડોલર (કરોડો રૂપિયા) ની અભૂતપૂર્વ લૂંટ ચલાવી છે. આ આંચકાજનક ઘટનાના કારણે ૧૩૦ અબજ ડોલરના વિશાળ ક્રિપ્ટો સેક્ટરમાં ભારે હડકંપ મચી ગયો છે. લૂંટની આ ચોંકાવનારી પદ્ધતિ સામે આવ્યા બાદ રોકાણકારો પોતાની મૂડીની સુરક્ષાને લઈને ભારે અસમંજસ અને ચિંતામાં મુકાઈ ગયા છે, જેના કારણે બજારમાં મોટો ગભરાટ ફેલાયો છે.

એપ્રિલ મહિના દરમિયાન હેકર્સ દ્વારા બે મોટા આયોજનબદ્ધ હુમલાઓ કરવામાં આવ્યા હતા. આ હુમલાની તીવ્રતા એટલી ભયાનક હતી કે તેના પરિણામે બજારના એક પ્રતિષ્ઠિત અને અગ્રણી



પ્લેટફોર્મ પરથી ગભરાયેલા રોકાણકારોએ માત્ર બે જ દિવસની અંદર આશરે ૯ અબજ ડોલર જેટલી જંગી રકમ પાછી ખેંચી લીધી છે. રોકાણકારો દ્વારા સામૂહિક રીતે નાણાં ઉપાડી લેવાના કારણે સંબંધિત ડિજિટલ નાણાકીય કંપનીઓને વ્યાપક આર્થિક ફટકો પડ્યો છે અને તેમની રોજિંદી કામગીરી સંપૂર્ણપણે ખોરવાઈ ગઈ છે. સાયબર સુરક્ષા નિષ્ણાતો આ ઘટનાને ક્રિપ્ટો ઈતિહાસની સૌથી મોટી કટોકટી તરીકે જોઈ રહ્યા છે.

સાયબર સુરક્ષાના અગ્રણી વિશ્લેષકોના જણાવ્યા અનુસાર, આ ચોરીમાં પરંપરાગત પદ્ધતિઓને બદલે અદ્યતન એઆઈ મોડેલ્સનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. હેકરોએ આ ટેક્નોલોજીની મદદથી બજારની નબળાઈઓ અને ચોક્કસ ટાર્ગેટ શોધી કાઢીને અત્યંત જટિલ વ્યુહરચના તૈયાર કરી હતી. બ્લોકચેન ફોરેન્સિક ક્ષેત્રની અગ્રણી સંસ્થાઓના સત્તાવાર અહેવાલ મુજબ, આ આંતરરાષ્ટ્રીય કાવતરા પાછળ ઉત્તર કોરિયાના કુખ્યાત હેકર જૂથો સક્રિય હોવાની પ્રબળ આશંકા સેવાઈ રહી છે. સૌથી ચિંતાજનક બાબત એ છે કે, અગાઉ સાયબર હુમલા કરવા માટે અત્યંત ઊંડા ટેકનિકલ જ્ઞાન અને વર્ષોના અનુભવની જરૂર પડતી હતી, પરંતુ હવે બજારમાં સરળતાથી ઉપલબ્ધ એઆઈ ટૂલ્સના સબસ્ક્રિપ્શન ખરીદીને સામાન્ય ગુનેગારો પણ પળવારમાં 'એલિટ હેકર' જેવી ઘાતક ક્ષમતા મેળવી રહ્યા છે.

## વૈશ્વિક આરોગ્ય કટોકટી દરિયાની વચ્ચે ક્રૂઝમાં ઘાતક વાઈરસનો વિસ્ફોટ

(એજન્સી) રોટરડેમ । તા. 17

કોરોનાકાળની ભયાનક યાદો તાજી કરાવતી એક અત્યંત ચિંતાજનક ઘટના દરિયાની અધવચ્ચે સામે આવી છે, જ્યાં 'એમવી હોન્ડિયસ' નામના પ્રવાસી ક્રૂઝ શિપ પર જીવલેણ 'હેન્ટા વાઈરસ'નો મોટો વિસ્ફોટ થયો છે. આ ભયાનક રોગચાળો ફેલાતાની સાથે જ વૈશ્વિક સ્તરે હડકંપ મચી ગયો છે. આગામી સોમવારે આ જહાજ નેધરલૅન્ડ્સના રોટરડેમ બંદરે પહોંચવાનું છે, પરંતુ પ્રજાની સુરક્ષાને ધ્યાનમાં રાખીને સરકારે સમગ્ર જહાજ અને તેના તમામ ક્રૂ સભ્યોને આગામી ૬ અઠવાડિયા માટે ફરજિયાત ક્વોરેન્ટાઈન કરવાનો કડક આદેશ જારી કર્યો છે.

નેધરલૅન્ડ્સના આરોગ્ય મંત્રી સોફી હર્મન્સ અને વિદેશ મંત્રી ટોમ બેરેન્ડસને આ મામલે દેશની સંસદને માહિતગાર કરી છે. આંતરરાષ્ટ્રીય હેલ્થ રેગ્યુલેશન હેઠળ વાઈરસના સંક્રમણને યુરોપમાં ફેલાતો અટકાવવા માટે આ યુદ્ધના ધોરણે નિર્ણયો લેવાયા છે. જહાજ પર સવાર સ્થાનિક નાગરિકોને તેમના ઘરોમાં જ નજરકેદ એટલે કે હોમ ક્વોરેન્ટાઈન કરવામાં આવશે, જ્યારે વિદેશી નાગરિકો માટે ખાસ સરકારી આઈસોલેશન સેન્ટરો તૈયાર કરવામાં આવ્યા છે. ક્રૂઝ ઓપરેટર કંપની 'ઓશનવાઈડ એક્સપિડિશન્સ' દ્વારા જાહેર કરાયેલા સત્તાવાર આંકડા મુજબ આ લક્ઝરી શિપ પર હાલ ૨૫ ક્રૂ મેમ્બર્સ અને ૨ તબીબી કર્મચારીઓ સહિત કુલ ૨૭ લોકો જીવન-મરણ વચ્ચે ઝોલા ખાી રહ્યા છે. સંક્રમિતોમાં ફિલિપાઈન્સના ૧૭, નેધરલૅન્ડ્સના ૪, યુક્રેનના ૪, રશિયાનો ૧ અને પોલેન્ડના ૧ નાગરિકનો સમાવેશ થાય છે. આ તમામ સભ્યોની તબિયત પર ખાસ મેડિકલ બુલેટિન દ્વારા નજર રાખવામાં આવી રહી છે.

## મુખ્યમંત્રી વિજયની ભવ્ય જીત બાદ રાજકીય ગરમાવો વધ્યો

# તમિલનાડુનું રાજકારણ અને અફવાઓ પર રજનીકાંતે આક્રોશ ઠાલવ્યો

(એજન્સી) ચેન્નાઈ | તા 17

દક્ષિણ ભારતના સિનેમા જગતથી લઈને રાજકીય ગલિયારાઓમાં અત્યારે ભારે હલચલ જોવા મળી રહી છે. તમિલનાડુની તાજેતરની વિધાનસભા ચૂંટણીમાં જોસેફ વિજયની નવી રાજકીય પાર્ટી ટીવીકે (TVK) એ સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી આવીને અન્ય પક્ષોના સમર્થનથી સરકાર બનાવી લીધી છે. વિજયના મુખ્યમંત્રી બન્યા બાદ સુપરસ્ટાર રજનીકાંત પૂર્વ મુખ્યમંત્રી એમ કે સ્ટાલિનને મળવા ગયા હતા, જેને લઈને સોશિયલ મીડિયા પર ભારે અફવાઓ શરૂ થઈ હતી કે રજનીકાંતને વિજયની ઈર્ષ્યા થઈ રહી છે. આ પાયાવિહોણી ટીકાઓથી અત્યંત નારાજ થઈને અભિનેતાએ ચેન્નાઈ સ્થિત પોતાના નિવાસસ્થાને એક કટોકટીની પત્રકાર પરિષદ બોલાવીને આક્ષેપ કરનારાઓને આકરા શબ્દોમાં સંભળાવ્યું હતું.




સુપરસ્ટાર રજનીકાંતનો જડબાતોડ જવાબ સોશિયલ મીડિયા પર વાયરલ

પ્રેસ કોન્ફરન્સ દરમિયાન પોતાનો પક્ષ રજૂ કરતા સુપરસ્ટાર રજનીકાંતનો જડબાતોડ જવાબ સોશિયલ મીડિયા પર ટ્રેન્ડ થઈ રહ્યો છે. તેમણે ગુસ્સા સાથે સ્પષ્ટ કર્યું કે, "હું પોતે ક્યારેય સક્રિય રાજકારણમાં નથી, તેથી વિજયના મુખ્યમંત્રી બનવાથી મને ઈર્ષ્યા થવાનો કોઈ પ્રશ્ન જ ઊભો થતો નથી. મારે વિજયની ઈર્ષ્યા શા માટે કરવી જોઈએ? હા, જો કમલ હાસન મુખ્યમંત્રી બન્યા હોત તો કદાચ મને થોડી ઈર્ષ્યા થઈ શકી હોત! હું બિનજરૂરી અને નકામી બાબતો પર બોલું તેવો કોઈ સસ્તો કે લો-સ્ટાન્ડર્ડ માણસ નથી."

તેમણે વધુમાં જણાવ્યું કે તેમની અને વિજય વચ્ચે આશરે ૨૫ વર્ષનો મોટો ઉંમરનો તફાવત છે અને તેમણે વિજયને કારકિર્દીના શરૂઆતના દિવસોથી નજીકથી જોયો છે. મુખ્યમંત્રી વિજયની ભવ્ય જીત અંગે ખુશી વ્યક્ત કરતા તેમણે કહ્યું કે તેઓ આ અદભુત સફળતાથી અત્યંત ઉત્સાહિત છે. રજનીકાંતે સ્વીકાર્યું કે પોતાની પ્રથમ જ ચૂંટણીમાં વિજય આટલી મોટી સીમાચિહ્નરૂપ જીત મેળવીને સીધા જ મુખ્યમંત્રી પદ સુધી પહોંચી જશે તે જોઈને તેઓ પણ એક ક્ષણ માટે આશ્ચર્યચકિત થઈ ગયા હતા, પરંતુ ચૂંટણી પરિણામો જાહેર થતાની સાથે જ તેમણે વ્યક્તિગત રીતે વિજયને ફોન કરીને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

બીજી તરફ, ચૂંટણીમાં પરાજયનો સામનો કરનાર ડીએમકે (DMK) પ્રમુખ એમ કે સ્ટાલિન સાથેની તેમની મુલાકાતને તમિલનાડુમાં સરકાર બનાવવા માટે ચાલી રહેલી કોઈ ગુપ્ત નાણાકીય કે રાજકીય ડીલ સાથે જોડી દેવામાં આવી હતી. મીડિયા અહેવાલ અને વિવિધ રાજકીય સૂત્રો દ્વારા મળતી વિગતો અનુસાર, રજનીકાંતે આ ગંદા પ્રચારનો વિરોધ કરતા કહ્યું કે સ્ટાલિન સાથે તેમનો સંબંધ ત્રણ દાયકા એટલે કે ૩૦ વર્ષ જૂનો છે અને તેઓ માત્ર એક મિત્ર તરીકે તેમની સાંત્વના આપવા ગયા હતા. તમિલનાડુનું રાજકારણ અને અફવાઓ આ ગંદા સ્તરે પહોંચી જશે તેની તેમણે કલ્પના પણ નહોતી કરી. તેમણે ભારપૂર્વક કહ્યું કે જો તેઓ અત્યારે મૌન રહેશે, તો લોકો અફવાઓને જ સાચું માની લેશે, તેથી લોકશાહીમાં આવી ખોટી વાતો સામે અવાજ ઉઠાવવો અનિવાર્ય છે.

### જમીયત ઉલેમા-એ-હિન્દનો આક્ષેપ દેશમાં વધી રહેલા કોમી તણાવ સામે ચિંતા વ્યક્ત કરી

નવી દિલ્હી: દેશમાં તાજેતરમાં યોજાયેલી પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીના પરિણામો બાદ દેશનું રાજકીય તાપમાન અચાનક વધી ગયું છે. નવી દિલ્હીમાં યોજાયેલી બે દિવસીય કાર્યકારી સમિતિની બેઠક બાદ, મુસ્લિમ સંગઠન જમીયત ઉલેમા-એ-હિન્દ (JUH) ના પ્રમુખ મૌલાના અર્શદ મદનીએ કેન્દ્ર સરકાર અને પશ્ચિમ બંગાળની નવી સરકાર પર ગંભીર આક્ષેપો કર્યા છે. મદનીએ રવિવારે દાવો કર્યો હતો કે દેશમાં લઘુમતીઓને દબાવવા માટે 'ધમકીની રાજનીતિ' અને ઈસ્લામિક પ્રતીકો પર વ્યવસ્થિત હુમલા કરવામાં આવી રહ્યા છે, જે લોકશાહી માટે અત્યંત ચિંતાજનક બાબત છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે મુસ્લિમોને ક્યારેય બળજબરી કે દબાણથી ઝુકાવી શકાશે નહીં.સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર એક સત્તાવાર નિવેદન જારી કરીને મૌલાના મદનીએ દેશની બંધારણીય સંસ્થાઓના મૌન સામે પણ સવાલો ઉઠાવ્યા છે. આ વિવાદનું મુખ્ય કારણ પશ્ચિમ બંગાળના નવ નિયુક્ત મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારી દ્વારા લેવાયેલો તાજેતરનો મોટો નિર્ણય છે. પશ્ચિમ બંગાળમાં નવો આદેશ જાહેર કરતા મુખ્યમંત્રીએ આગામી ૧૮ મેથી રાજ્યની તમામ સરકારી અને સરકારી અનુદાનિત શાળાઓમાં 'વંદે માતરમ્' નું ગાયન ફરજિયાત બનાવવાની જાહેરાત કરી છે.

## News Brief

### દીકરાની નજરો સામે માતાએ ટ્રેન નીચે ઝંપલાવ્યું, શરીરના 100થી વધુ ટુકડાં ટ્રેક પર વિખરાયા




(એજન્સી) ગુરુગ્રામ | તા 17

ગુરુગ્રામના ગઢી હરસરુ અને બસઈ રેલવે સ્ટેશન વચ્ચે શુક્રવાર સાંજે એક અત્યંત આઘાતજનક અને હૃદયદ્રાવક દેનારો કિસ્સો સામે આવ્યો છે. જ્યાં એક 47 વર્ષીય મહિલાએ પોતાના જવાન દીકરાની નજર સામે ટ્રેન આગળ કૂદીને આત્મહત્યા કરી લીધી હતી. ટ્રેનની સ્પીડ એટલી વધારે હતી કે, મહિલાના શરીરના ફુરચા ઉડી ગયા હતા. જે રેલવે ટ્રેક પર આશરે 1 કિલોમીટર દૂર સુધી ફેલાઈ ગયા હતા. આ ભયાનક દ્રશ્ય જોઈને દીકરો અને ત્યાં હાજર લોકો આઘાતમાં સરી પડ્યા હતા. મૃતક મહિલાની ઓળખ 47 વર્ષીય સવિતા તરીકે થઈ છે. રેલવે પોલીસ (GRP) ના જણાવ્યા અનુસાર, શુક્રવારે સાંજે દિલ્હીથી જેસલમેર જઈ રહેલી સ્વર્ણ નગરી એક્સપ્રેસ ગુરુગ્રામ સ્ટેશનથી રવાના થઈને રેવાડી તરફ જઈ રહી હતી. ટ્રેન જ્યારે બસઈ અને ગઢી હરસરુ વચ્ચે પહોંચી ત્યારે સવિતા અચાનક ટ્રેનની સામે આવી ગઈ હતી. ટ્રેનના લોકો પાઈલટે તરત જ કંટ્રોલ રૂમને જાણ કરી, ત્યારબાદ જીઆરપીની ટીમે ઘટનાસ્થળે પહોંચીને ક્ષત-વિક્ષત થયેલા મૃતદેહના ભાગોને એકત્ર કરી પોસ્ટમોર્ટમ માટે મોકલ્યા હતા. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, સવિતાના પતિનું માત્ર ચાર મહિના પહેલા જ કેન્સરના કારણે અવસાન થયું હતું. પતિના નિધન બાદથી જ સવિતા ઊંડા આઘાતમાં હતી અને માનસિક રીતે ખૂબ પરેશાન રહેતી હતી. આ જ માનસિક તણાવ અને ડિપ્રેશનના કારણે તેણે શુક્રવારે સાંજે પોતાના 22 વર્ષના દીકરાની સામે આ પગલું ભરી લીધું. દીકરો તેને બચાવવા માટે કઈક પગલું ભરે કે રોકે, તે પહેલા જ બધું ખતમ થઈ ગયું હતું. પોલીસ હાલમાં આ મામલે પરિવારના અન્ય સભ્યો અને દીકરાની પૂછપરછ કરી રહી છે.

### બીજી ઘટના: પ્લોટના વિવાદમાં સાસુ પર કાર ચઢાવી, દીકરાઓ પર ચાકુથી હુમલો!

ગુરુગ્રામના હરિ નગર વિસ્તારમાંથી પણ એક સળગતો કિસ્સો સામે આવ્યો છે, જ્યાં માત્ર ૩૦ ચોરસ વારના પ્લોટના વિવાદમાં વહુના પિયરિયાઓ દ્વારા સાસુ અને જેઠ-દિયર પર જીવલેણ હુમલો કરવામાં આવ્યો હોવાનો આરોપ છે. હુમલાખોરોએ સાસુને જાનથી મારી નાખવાના ઈરાદાથી તેમના પર કાર ચઢાવી દીધી હતી, જેના કારણે મહિલાના પગમાં ફ્રેક્ચર થયું છે. આટલું જ નહીં, આરોપીઓએ દિયર પર ચાકુથી હુમલો કર્યો હતો. આ હિંસક મારામારીમાં પીડિત મહિલાના બંને દીકરાઓ પણ ગંભીર રીતે ઘાયલ થયા છે. પીડિત મહિલાની ફરિયાદના આધારે ગુરુગ્રામના સેક્ટર-37 પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધીને પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

### નીટ પેપર લીક વિવાદ અંગે કર્ણાટક યુથ કોંગ્રેસ આગામી દિવસોમાં રણશિંગું ફૂંકશે

બેંગલુરુ: દેશભરમાં મેડિકલ પ્રવેશ પરીક્ષા 'નીટ-યુજી ૨૦૨૬' (NEET-UG) ને લઈને ચાલી રહેલા ભયાનક પેપર લીક વિવાદે હવે મોટું રાજકીય સ્વરૂપ ધારણ કરી લીધું છે. આ કથિત કૌભાંડના વિરોધમાં અને દેશના અંદાજે ૨૪ લાખ પ્રભાવિત વિદ્યાર્થીઓના સમર્થનમાં કર્ણાટક યુથ કોંગ્રેસે આગામી ૨૧ મેના રોજ બેંગલુરુ ખાતે એક વિશાળ 'રાજભવન ચલો' વિરોધ માર્ચનું આયોજન કર્યું છે. આ આંદોલનમાં કોંગ્રેસના અનેક વરિષ્ઠ રાષ્ટ્રીય અને રાજ્યોના નેતાઓ ભાગ લેવાના હોવાથી દક્ષિણ ભારતમાં રાજકારણ ગરમ થઈ ગયું છે. કર્ણાટક યુથ કોંગ્રેસના પ્રમુખ એચ. એસ. મંજુનાથે રવિવારે મીડિયા સમક્ષ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, કેન્દ્રની ભાજપ સરકાર આટલા મોટા પેપર લીક વિવાદની જવાબદારી સ્વીકારવામાં સંપૂર્ણપણે નિષ્ફળ રહી છે. તેમણે આક્ષેપ કર્યો કે આ કૌભાંડમાં ભાજપ અને તેના સમર્થકો સીધી રીતે સંકળાયેલા છે. સરકાર માત્ર સીબીઆઈ (CBI) તપાસના ખોટા દાવા કરીને અસલી ગુનેગારોને બચાવવાનો પ્રયાસ કરી રહી છે અને કોઈ નક્કર કાયદાકીય કાર્યવાહી કરવામાં આવતી નથી, જેના કારણે યુથ કોંગ્રેસનું ઉગ્ર આંદોલન કરવું અનિવાર્ય બન્યું છે. મંજુનાથે ઉમેર્યું કે દેશના અંતરિયાળ ગામડાઓ અને શહેરોના વિદ્યાર્થીઓને સમાન તકો મળે તે હેતુથી આ સમાન પરીક્ષા પદ્ધતિ લાવવામાં આવી હતી. પરંતુ આ ભ્રષ્ટાચારના કારણે દિવસ-રાત મહેનત કરનારા તેજસ્વી વિદ્યાર્થીઓને અન્યાય થયો છે. ગરીબ પરિવારોએ લોન લઈને બાળકોને ભણાવ્યા છે અને હવે તેમને ફરીથી પરીક્ષા આપવા દબાણ કરવામાં આવી રહ્યું છે, જે માનસિક રીતે અત્યંત આઘાતજનક છે. કર્ણાટક જેવા રાજ્યોમાં જ્યાં પેપર લીકની કોઈ ઘટના બની નથી, ત્યાંના આશરે ૧.૭૦ લાખ વિદ્યાર્થીઓ માટે પુનઃ પરીક્ષા અને વિરોધ પ્રદર્શનના માહોલ વચ્ચે જૂના પરિણામોને જ યથાવત રાખવાની ઉગ્ર માંગ કરવામાં આવી છે.

## બોર્ડ દ્વારા કાઉન્સિલિંગ સેન્ટર શરૂ કરાયા

# CBSE હેલ્પલાઈન અને સપોર્ટ દ્વારા વિદ્યાર્થીઓની મુંઝવણોનું તાત્કાલિક નિવારણ કરાશે

નવી દિલ્હી: સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) દ્વારા રવિવારે વિદ્યાર્થીઓ અને વાલીઓની સુવિધા માટે એક મહત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી છે. ધોરણ ૧૨ ના વાર્ષિક પરિણામો જાહેર થયા બાદ વિદ્યાર્થીઓમાં જોવા મળતા માનસિક તણાવ, મૂંઝવણો અને ગુણ ચકાસણી સંબંધિત પ્રશ્નોના ઉકેલ માટે બોર્ડ દ્વારા ટેલિ-કાઉન્સિલિંગ હેલ્પલાઈન અને ઈમેલ સપોર્ટ સિસ્ટમ શરૂ કરવામાં આવી છે. સીબીએસઈ હેલ્પલાઈન અને સપોર્ટ અંતર્ગત સત્તાવાર સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર માહિતી આપતા બોર્ડે જણાવ્યું છે કે વિદ્યાર્થીઓ કોઈપણ પ્રકારના ડર વગર બોર્ડનો સંપર્ક કરી માર્ગદર્શન મેળવી શકે છે.બોર્ડના સત્તાવાર પરિપત્ર મુજબ, વિદ્યાર્થીઓ, વાલીઓ અને શાળાઓ પરીક્ષા, પરિણામ અથવા મૂલ્યાંકન અંગેની મહત્વપૂર્ણ માહિતી મેળવવા અને માનસિક તણાવ ઘટાડવા માટે ટોલ-ફ્રી નંબર ૧૮૦૦-૧૧-૮૦૦૪ પર સંપર્ક કરી શકે છે. આ ઉપરાંત વૈકલ્પિક વ્યવસ્થા તરીકે resultcbse2026@cbseshiksha.in પર ઈમેલ પણ કરી શકાશે. બોર્ડે ખાસ ચેતવણી આપી છે કે અગાઉના ગુગલ ઈમેલ આઈડી હેક થયું હોવાથી તેના પર કોઈએ પત્રવ્યવહાર કરવો નહીં. બોર્ડ વિદ્યાર્થીઓની સમસ્યાઓ પ્રત્યે સંપૂર્ણ સંવેદનશીલતા દાખવી રહ્યું છે.ધોરણ ૧૨ ના પરિણામો જાહેર થતાં આ વર્ષે કુલ પાસ થવાની ટકાવારી ૮૫.૨૦% નોંધાઈ છે, જે ગયા વર્ષની સરખામણીમાં ૩.૯% નો ઘટાડો દર્શાવે છે. આ વર્ષે કુલ ૧૮,૫૭,૫૧૭ વિદ્યાર્થીઓએ પરીક્ષા માટે નોંધણી કરાવી હતી. આ પરિણામોમાં પણ પરંપરાગત રીતે ગર્લ્સે ૮૮.૮૬% પાસિંગ રેટ સાથે બોયઝ (૮૨.૧૩%) કરતાં ઘણું સારું પ્રદર્શન કર્યું છે. જ્યારે ટ્રાન્સજેન્ડર વિદ્યાર્થીઓએ ૧૦૦% પરિણામ મેળવ્યું છે. તંદુરસ્ત સ્પર્ધા જાળવી રાખવા માટે બોર્ડે કોઈ મેરિટ લિસ્ટ જાહેર કર્યું નથી, પરંતુ ૫.૩૨% વિદ્યાર્થીઓએ ૯૦% થી વધુ ગુણ મેળવ્યા છે. પ્રાદેશિક સ્તરે ત્રિવેન્દ્રમ ૯૫.૬૨% સાથે દેશમાં પ્રથમ ક્રમે રહ્યું છે.બીજી તરફ, સીબીએસઈ દ્વારા શૈક્ષણિક માળખામાં પણ મોટો ફેરફાર કરવામાં આવ્યો છે.

## સોલ્ટ લેક સ્ટેડિયમ અને સરકારી પોર્ટલ પર દેખાઈ અસર

# મમતા સરકારની ઓળખ જ શુભેન્દુ અધિકારીએ ભૂંસી કાઢી, 'વિશ્વ બાંગ્લા' લોગોની જગ્યાએ હવે અશોક સ્તંભ

(એજન્સી) પશ્ચિમ બંગાળ | તા 17

પશ્ચિમ બંગાળમાં સત્તા પરિવર્તન થયા બાદ મુખ્યમંત્રી શુભેન્દુ અધિકારીના નેતૃત્વ હેઠળની નવી ભાજપ સરકારે રાજ્યની વહીવટી અને રાજકીય ઓળખ બદલવાની પ્રક્રિયા અત્યંત ઝડપી બનાવી દીધી છે. તૃણમૂલ કોંગ્રેસ (TMC) અને મમતા બેનરજી શાસનની ઓળખ ગણાતા 'બિસ્વ બાંગ્લા' (વિશ્વ બાંગ્લા) લોગોને હવે તમામ સત્તાવાર પ્લેટફોર્મ અને જાહેર માળખા પરથી તબક્કાવાર દૂર કરવામાં આવી રહ્યો છે. તેના સ્થાને હવે ભારતના રાષ્ટ્રીય પ્રતીક 'અશોક સ્તંભ'ને રાજ્યની મુખ્ય સરકારી ઓળખ તરીકે સ્થાપિત કરવામાં આવી રહ્યો છે.આ મોટા રિબ્રાન્ડિંગની સૌથી પહેલી અને મોટી અસર કોલકાતાના પ્રતિષ્ઠિત સોલ્ટ લેક સ્ટેડિયમમાં જોવા મળી હતી, જ્યાંથી 'બિસ્વ બાંગ્લા'નું ચિહ્ન હટાવીને રાષ્ટ્રીય પ્રતીક મૂકી દેવાયું છે. રાજ્ય સરકારના સત્તાવાર મુખ્ય વેબ પોર્ટલ 'એગીયે બાંગ્લા'નો લુક હવે સંપૂર્ણપણે બદલી નાખવામાં આવ્યો છે. અગાઉ આ પોર્ટલ પર મમતા સરકારની ઓળખ ગણાતી સફેદ અને વાદળી કલરની થીમ હતી, જેને હવે કેસરી રંગથી બદલી દેવામાં આવી છે. હવે પોર્ટલ પર વ્હાઈટ બેકગ્રાઉન્ડ સાથે રાષ્ટ્રીય પ્રતીક અશોક સ્તંભ અને મુખ્યમંત્રી શુભેન્દુ અધિકારીનો ફોટો મૂકવામાં આવ્યો છે. આ ઉપરાંત પ્રવાસન, ઉદ્યોગ અને કૃષિ જેવા તમામ સરકારી વિભાગોના ડિજિટલ ચિહ્નોને પણ કેસરી ગ્રાફિક્સ સાથે ફરીથી ડિઝાઈન કરવામાં આવ્યા છે. આ બ્રાન્ડ અને લોગો 16 સપ્ટેમ્બર 2013ના રોજ તત્કાલીન મમતા બેનરજી સરકાર દ્વારા લોન્ચ કરવામાં આવ્યા હતા. તેને બંગાળની સાંસ્કૃતિક ઓળખ, હસ્તકલા અને પર્યટનના પ્રતીક તરીકે રજૂ કરાયા હતા. બંગાળી અક્ષર "B" (બ) ની



આસપાસ ડિઝાઈન કરાયેલો આ લોગો છેલ્લા 13 વર્ષથી રાજ્યના દરેક સરકારી પ્રોજેક્ટ, વેબસાઈટ અને ઈમારતો પર ફરજિયાત દર્શાવવામાં આવતો હતો.અગાઉ ભાજપના નેતા મુકુલ રોયે આરોપ લગાવ્યો હતો કે આ લોગો વ્યક્તિગત માલિકીનો છે. જોકે તે સમયે મુખ્યમંત્રી મમતા બેનરજીએ સ્પષ્ટતા કરી હતી કે આ લોગો તેમણે પોતે ડિઝાઈન કર્યો છે અને રાજ્ય સરકારને કોઈપણ રોયલ્ટી લીધા વિના વાપરવા આપ્યો છે.સરકારના આ નિર્ણયનો બચાવ કરતા ભાજપના વરિષ્ઠ નેતાઓએ દલીલ કરી છે કે કોઈ વ્યક્તિ વિશેષ દ્વારા ડિઝાઈન કરાયેલો લોગો ક્યારેય પણ લોકશાહીમાં રાજ્ય સરકારની પ્રાથમિક ઓળખ ન હોવો જોઈએ. સત્તાવાર સરકારી કાર્યો અને દસ્તાવેજો માટે બંધારણીય રીતે સ્વીકૃત 'અશોક સ્તંભ' જ સૌથી સર્વોચ્ચ અને યોગ્ય પ્રતીક છે.

### ગ્રેટ નિકોબાર પ્રોજેક્ટનો વિરોધ કરતા જયરામ રમેશે સંરક્ષણ મંત્રીને પત્ર લખ્યો

નવી દિલ્હી: કેન્દ્ર સરકારના મહત્વાકાંક્ષી 'ગ્રેટ નિકોબાર આઈલેન્ડ પ્રોજેક્ટ' સામે વિરોધનો સૂર વધુ તીવ્ર બન્યો છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને રાજ્યસભાના સાંસદ જયરામ રમેશે રવિવારે દેશના સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહને એક આકરો પત્ર લખીને આ પ્રોજેક્ટ સામે ગંભીર વાંધા ઉઠાવ્યા છે. રમેશે આક્ષેપ કર્યો છે કે સરકાર રાષ્ટ્રીય સુરક્ષાના બહાના હેઠળ એક શુદ્ધ વ્યાપારી પ્રોજેક્ટને આગળ ધપાવી રહી છે, જે ભવિષ્યમાં પ્રદેશ માટે ભયાનક પર્યાવરણીય વિનાશ નોતરી શકે છે. આ પૂર્વે તેઓ પર્યાવરણ અને આદિવાસી બાબતોના મંત્રાલયોને પણ પત્ર લખીને પોતાની ચિંતા વ્યક્ત કરી ચૂક્યા છે. જયરામ રમેશે પોતાના પત્રમાં જણાવ્યું છે કે, ગત ૧૦ અને ૧૩ મેના રોજ તેમણે સંબંધિત કેન્દ્રીય મંત્રીઓને પત્ર લખીને પ્રોજેક્ટની મંજૂરી પ્રક્રિયા પર શંકા વ્યક્ત કરી હતી. તેમણે દાવો કર્યો કે વન અધિકાર અધિનિયમ, ૨૦૦૬ ની જોગવાઈઓનું સંપૂર્ણ ઉલ્લંઘન કરીને આદિવાસી સમુદાયોના વ્યક્તિગત અને સામૂહિક અધિકારો છીનવી લેવામાં આવ્યા છે.

### NFR RPF ચોરીના આરોપીઓની તાત્કાલિક ધરપકડ કરીને મુસાફરોની સલામતી સુનિશ્ચિત કરે છે

માલીગાંવ | ઉત્તરપૂર્વ સરહદી રેલ્વેના રેલ્વે સુરક્ષા દળ (RPF) એ ફરી એકવાર ઝોનમાં વિવિધ સ્થળોએ સફળતાપૂર્વક કામગીરી હાથ ધરીને મુસાફરોની સલામતી અને સુરક્ષા પ્રત્યેની તેની મજબૂત પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ કરી છે.12 મે, 2026 ના રોજ, ગુવાહાટીના ડ્રગ વિરોધી ટુકડીએ ટ્રેન નં. 22450 (નવી દિલ્હી - ગુવાહાટી) નોર્થઈસ્ટ સંપર્ક ક્રાંતિ એક્સપ્રેસમાં મુસાફરોના સામાનની ચોરી કરવાના આરોપમાં એક વ્યક્તિને પકડી પાડ્યો હતો. તેની પાસેથી આશરે 30,000 ની કિંમતના બે ચોરાયેલા મોબાઈલ ફોન મળી આવ્યા હતા. આરોપીને, જપ્ત કરાયેલી વસ્તુઓ સાથે, GRP/ગુવાહાટીને સોંપવામાં આવ્યો હતો, જ્યાં ભારતીય દંડ સંહિતા (IPC) ની સંબંધિત કલમો હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે.તે જ દિવસે અન્ય એક કાર્યવાહીમાં, RPF/પોસ્ટ/કટિહાર (પૂર્વ)




ના કર્મચારીઓએ કટિહાર રેલ્વે સ્ટેશન પર એક વ્યક્તિને પકડી પાડ્યો હતો. તેની પાસેથી આશરે 32,000 ની કિંમતનો ચોરાયેલો મોબાઈલ ફોન મળી આવ્યો હતો. ત્યારબાદ આરોપીને GRP/ કટિહારને સોંપવામાં આવ્યો હતો. BNS ની સંબંધિત કલમો હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો.પોતાની કડક કાર્યવાહી ચાલુ રાખીને, 13 મે, 2026 ના રોજ, રંગિયાથી CBI ટીમે રંગિયા રેલ્વે સ્ટેશન પર ટ્રેન નં. 15933 (ન્યૂ તિનસુકિયા - અમૃતસર) એક્સપ્રેસમાં મુસાફરી કરી રહેલા એક વ્યક્તિને પકડી પાડ્યો હતો, જેની પાસેથી આશરે 25,000 ની કિંમતના બે ચોરાયેલા મોબાઈલ ફોન મળી આવ્યા હતા. આરોપીને વધુ કાનૂની કાર્યવાહી માટે GRP/રંગિયાને સોંપવામાં આવ્યો હતો.આ સફળ કામગીરી મુસાફરો અને તેમના સામાનની સલામતી અને સુરક્ષા સુનિશ્ચિત કરવામાં RPF કર્મચારીઓની સતર્કતા અને ત્વરિત કાર્યવાહી દર્શાવે છે. ઉત્તરપૂર્વ સરહદી રેલ્વે સલામત અને કાર્યક્ષમ મુસાફરી વાતાવરણ પૂરું પાડવા માટે પ્રતિબદ્ધ છે.

### દારૂના ભાવમાં મોટો ફેરફાર કરીને કર્ણાટક સરકારે દેશમાં નવો રેકોર્ડ બનાવ્યો

બેંગલુરુ: દારૂ અને બિયરના વેચાણ તેમજ તેની કિંમતો નક્કી કરવાની પદ્ધતિમાં કર્ણાટક સરકારે એક ઐતિહાસિક અને ક્રાંતિકારી ફેરફાર કર્યો છે. કર્ણાટક રાજ્ય આબકારી વિભાગે રાજ્યમાં વેચાતી તમામ બ્રાન્ડના દારૂ અને બિયરની મહત્તમ છૂટક કિંમતો (MRP) માં સુધારો કરીને નવી યાદી જાહેર કરવાનો આદેશ આપ્યો છે. આ મોટો ફેરફાર નવી અમલમાં આવેલી 'આલ્કોહોલ-ઈન-બેવરેજ' (AIB) આધારિત એક્સાઈઝ ડ્યુટી માળખાને કારણે થયો છે. આ નવીનતમ સિસ્ટમ અપનાવનાર કર્ણાટક સમગ્ર ભારતમાં સૌપ્રથમ રાજ્ય બની ગયું છે, જે દારૂ ઉદ્યોગમાં સરકારી નિયંત્રણો મુક્ત કરવાની દિશામાં એક મોટું કદમ માનવામાં આવે છે. આ નવી આબકારી નીતિનો અમલ કરવા અંગેની સત્તાવાર જાહેરાત મુખ્યમંત્રી દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ ના રાજ્ય બજેટ ભાષણ દરમિયાન કરવામાં આવી હતી. આ બજેટ ઘોષણા અને કિંમતો અંગેની પ્રતિબદ્ધતાને પૂર્ણ કરતા સરકારે ગત ૮ મે ૨૦૨૬ ના રોજ એક વિશેષ નોટિફિકેશન બહાર પાડીને 'કર્ણાટક એક્સાઈઝ રૂલ્સ ૧૯૬૮' માં જરૂરી સુધારા કર્યા હતા.

## ભીડ તમાશો જોતી રહી, વીડિયો બનતા રહ્યા

# 3 મહિલાને અર્ધનગ્ન કરી સરઘસ કાઢ્યું

(એજન્સી) થાણે | તા 17

મહારાષ્ટ્રના થાણે જિલ્લાના ઉલ્હાસનગરના એક વિસ્તારમાંથી કાયદો-વ્યવસ્થા અને સામાજિક માનસિકતા પર ગંભીર સવાલો ઉભા કરતી એક અત્યંત ચોંકાવનારી ઘટના સામે આવી છે. અહીં સ્થાનિક જાત પંચાયતના આદેશ સામે ન ઝૂકવા બદલ અને સમાન અધિકાર માંગવા બદલ ત્રણ લાચાર મહિલાઓના જાહેરમાં વાળ કાપી, તેમના કપડાં ફાડી અર્ધનગ્ન અવસ્થામાં 2 કિલોમીટર સુધી રસ્તા પર અપમાનજનક સરઘસ કાઢવામાં આવ્યું છે.મળતી માહિતી મુજબ, થોડા સમય પહેલાં સ્થાનિક જાત પંચાયતે એક તઘલખી ફરમાન બહાર પાડીને એક સમુદાયના પીડિત પરિવારનો સામાજિક બહિષ્કાર કર્યો હતો અને તેમના મંદિર પ્રવેશ પર પ્રતિબંધ લગાવી દીધો હતો. તાજેતરમાં જ્યારે મંદિરમાં એક ધાર્મિક કાર્યક્રમ અને ભંડારો યોજાયો ત્યારે આ પરિવારના એક યુવકે પાબંદીનો વિરોધ કર્યો અને સવાલ કર્યો કે "અમારો શું વાંક છે, અમે મંદિર કેમ ન આવી શકીએ?" યુવકનું મંદિર જવું ત્યાંના કેટલાક વગદાર લોકોને પસંદ ન આવ્યું અને તેમણે લાકડી-દંડા સાથે યુવકના ઘર પર હુમલો કરી દીધો.શુક્રવારે સવારે આશરે 10 વાગ્યે, ફરિયાદી કાંતા પ્રેમ રાજપૂત (50), તેમની બહેન ગીતા રાજપૂત અને પુત્રી અંજલિ આ હુમલાની ફરિયાદ નોંધાવવા માટે 'મધ્યવર્તી પોલીસ સ્ટેશન' જઈ રહ્યા હતા. ત્યારે જ રસ્તામાં હડકમાતા ચોક પાસે આરોપીઓએ તેમને ઘેરી લીધા હતા.



આરોપીઓએ ત્રણેય મહિલાઓને અધવચ્ચે રસ્તા પર ઘસીટી, તેમના કપડાં ફાડી નાખ્યા અને કાતર વડે સરેઆમ તેમના વાળ કાપી નાખ્યા હતા.ક્રૂરતાની હદ તો ત્યારે પાર થઈ ગઈ જ્યારે આરોપીઓએ ત્રણેય પીડિત મહિલાઓના ગળામાં જૂતા-ચંપલની માળા પહેરાવી દીધી અને વિઠ્ઠલવાડી સ્ટેશન સુધી આશરે બે કિલોમીટર સુધી રસ્તા પર તેમનું સરઘસ કાઢ્યું. આ દરમિયાન પીડિતોને રસ્તામાં અનેક લોકોના પગે પડવા માટે પણ મજબૂર કરાયા હતા. આ ભયાનક બર્બરતા વખતે રસ્તા પર સેંકડો લોકોની ભીડ હાજર હતી, પરંતુ કોઈ એક પણ વ્યક્તિ મહિલાઓની મદદે ન આવી. લોકો મૂકપ્રેક્ષક બનીને પોતાના મોબાઈલમાં વીડિયો ઉતારતા રહ્યા, જે હવે સોશિયલ મીડિયા પર વાયરલ થતાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે.

## જીએસટી વિભાગમાં નોકરી અપાવવાના બહાને દુરુપયોગ કરાયો

# દિલ્હીમાં 128 કરોડના બનાવટી GST ઈનવોઈસ કૌભાંડનો પર્દાફાશ

(એજન્સી) નવીદિલ્હી | તા 17

દિલ્હી પોલીસની આર્થિક ગુના શાખા (ઈઓડબલ્યુ) એ બનાવટી કંપનીઓ અને નકલી ઈનવોઈસના નેટવર્ક દ્વારા ચલાવાતા જીએસટી કૌભાંડનો પર્દાફાશ કરી ૧૨૮ કરોડ રૂપિયાની છેતરપિંડીમાં સંડોવાયેલા છ જણને અટક કર્યા છે. આરોપીઓએ કોઈ માલ કે સેવા, હકીકતમાં પૂરા પાડયા સિવાય બનાવટી કંપનીઓ ચલાવી, બોગસ જીએસટી ઈનવોઈસ બનાવ્યા અને જૂઠા ઈનપુટ ટેક્સ ક્રેડિટ (આઈટીસી) ઉપજાવી કાઢયા, એમ આર્થિક ગુના શાખા (ઈકોનોમિક ઓફેન્સીસ વિંગ) એ નિવેદનમાં જણાવ્યું છે. ઈઓડબલ્યુ ટીમે ૧૫ મેએ દિલ્હી - એનસીઆરના અલગ - અલગ સ્થળોએ દરોડા પાડીને રાજકુમાર દીક્ષિત, અમર કુમાર, વિભાષકુમાર મિત્રા, નીતિન વર્મા, મોહંમદ વસીમ અને આબિદને અટક કર્યા છે. ૨૪ માર્ચે મેસર્સ આર.કે. એન્ટરપ્રાઈઝિસ નામની બનાવટી પેઢી સામે ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો હેઠળ જીએસટી ઠગાઈનો કેસ નોંધાયો છે. ફરિયાદીએ જણાવ્યું કે એના આધાર કાર્ડ, પાન કાર્ડ, વીજ બિલ અને બાયોમેટ્રિક વિગતોનો, જીએસટી વિભાગમાં નોકરી અપાવવાના બહાને દુરુપયોગ કરાયો છે. પોલીસ તપાસમાં જણાવ્યું કે, ભોગ બનેલાની જાણબહાર સપ્ટેમ્બર, ૨૦૨૫માં પેઢી ઊભી કરાઈ હતી, જેનો ૧૨૮ કરોડથી વધુ રકમના વિનિમય (ટ્રાન્ઝેકશન) માટે ઉપયોગ કરાયો હતો. બનાવટી કંપનીના નામે




લગભગ ૧૦ કરોડ રૂપિયાની ખોટેખોટી ઈનપુટ ટેક્સ ક્રેડિટ મેળવવામાં આવી હતી, એમ ઈઓડબલ્યુના નિવેદનમાં ઉમેરાયું છે. ટેકનિકલ દેખરેખ, જીએસટી રેકોર્ડનું પૃથ્થકરણ, બેન્કિંગ વિનિમય, ઈમેઈલ આઈડી તથા અન્ય ડિજિટલ પુરાવા વગેરેને સાંકળતી તપાસમાં સ્પષ્ટ થયું છે કે હજી ભાગતા ફરતા દીક્ષિત અને દિલીપકુમાર કૌભાંડમાં મુખ્ય કાવતરાખોરો છે.

સિટી એક્સપ્રેસ
MONDAY 18 MAY-2026
AHMEDABAD

### JEE એડવાન્સની બે સેશનમાં પરીક્ષા યોજાઈ

અમદાવાદ | દેશની સર્વોચ્ચ એન્જિનિયરિંગ સંસ્થાઓ (IIT અને NIT)માં પ્રવેશ મેળવવા માટેની પ્રતિષ્ઠિત 'જેઈઈ એડવાન્સ' પરીક્ષા આજે (17 મે) યોજાઈ હતી. તાજેતરમાં મેડિકલ પ્રવેશ પરીક્ષા 'NEET'ના પેપર લીક વિવાદ બાદ યોજાઈ રહેલી આ મહત્ત્વની પરીક્ષા આપવા માટે વિવિધ શહેરો અને રાજ્યોમાંથી વિદ્યાર્થીઓ અમદાવાદ આવ્યા હતાં. શહેરમાં મુખ્યત્વે બોપલ (TCS આયોન ડિજિટલ ઝોન) અને ઓઢવ ખાતે પરીક્ષા કેન્દ્રો ફાળવવામાં આવ્યા હતાં. ધોરણ 12 પછી એન્જિનિયરિંગ ક્ષેત્રે કારકિર્દી બનાવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે આ પરીક્ષાનું વિશેષ મહત્ત્વ છે.

### 43.2°C સાથે સુરેન્દ્રનગર અગનભઠ્ઠી બન્યું, રાજકોટ બીજા નંબર પર

અમદાવાદ | રાજ્યના તાપમાનમાં 15 મેના રોજ થયેલા સામાન્ય ઘટાડા બાદ ફરી વધારો નોંધાયો છે. ગઈકાલે પાંચ શહેરોમાં ગરમીનો પારો 42 ડિગ્રીને પાર પહોંચી રહ્યો હતો. 43.2 ડિગ્રી સાથે સુરેન્દ્રનગર સૌથી ગરમ શહેર રહ્યું હતું, જ્યારે રાજકોટ 42.7C સાથે બીજા નંબર પર રહ્યું હતું.છેલ્લા 24 કલાકમાં થયેલા મહત્તમ તાપમાનના વધારાની વાત કરીએ તો સૌથી વધુ સુરતમાં 3.4C નોંધાયો છે. જ્યારે સુરેન્દ્રનગરમાં 1.7C, ભુજમાં 2.7C, અમરેલીમાં 1.6C, રાજકોટમાં 1C અને દીવમાં 1 ડિગ્રી સેલ્સિયસનો વધારો નોંધાયો છે. બાકીને શહેરમાં સામાન્ય વધ-ઘટ જોવા મળી છે.



# ગૃહમંત્રી અમિત શાહે 'મિલિયન માઇન્ડ્સ ટેક સિટી'નું ઉદ્ઘાટન કર્યું

## ગુજરાતનો પ્રથમ IGBC પ્લેટિનમ રેટેડ SEZ IT પાર્ક, 70 હજારથી વધુ હાઈ-સ્કિલ્ડ નોકરીઓ સર્જાશે

અમદાવાદ | કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહ ત્રાગડ ખાતે ગણેશ હાઉસિંગ દ્વારા "મિલિયન માઈન્ડ્સ ટેક સિટી"નું ઉદ્ઘાટન કર્યું હતું. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી ઉપસ્થિત રહ્યા હતાં. USD 1.5 બિલિયનના રોકાણ સાથે ગુજરાતનું પ્રથમ IGBC પ્લેટિનમ રેટેડ SEZ IT પાર્ક તૈયાર કરવામાં આવ્યું છે.

પ્રોજેક્ટથી 70 હજારથી વધુ હાઈ-સ્કિલ્ડ નોકરીઓ સર્જાવાની સંભાવના છે. અમદાવાદને GCC અને ટેક્નોલોજી કંપનીઓ માટે નવું હબ બનાવવાનો દાવો કરવામાં આવ્યો છે. IBM, TCS, Valtech, Withum અને Searce સહિત વૈશ્વિક કંપનીઓએ 8 લાખ સ્ક્વેર ફૂટ લીઝિંગ કર્યું છે. AICTE મંજૂર GREMI સીટી કેમ્પસનું પણ ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. અમદાવાદ-ગાંધીનગર કોરિડોરને ઈનોવેશન અને નોલેજ ઈકોનોમીનું કેન્દ્ર બનાવવાનો વિઝન છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે, અમદાવાદમાં મિલિયન માઈન્ડ ટેક પાર્ક અને ગણેશ રિયલ એસ્ટેટ મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યૂટનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. આજે ગુજરાતના ભવિષ્ય માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સપનું જોયું છે તેના માટેના મોટા વિઝનને સફળ કરવા જઈ રહ્યા છીએ. અનેક રાજ્યો ઔદ્યોગિક ક્ષેત્રે આગળ વધ્યા છે. ઉદ્યોગોનું ખૂબ મોટું ઈન્ફ્રાસ્ટ્રક્ચર ગુજરાત જેવું ક્યાંય નથી. મેન્યુફેક્ચરીગ, ગ્રીન એનર્જી, રોકાણ વગેરે ક્ષેત્રે સારું કર્યું કર્યું છે.



શાહે કહ્યું કે, ગણેશ ગ્રુપના બંને ભાઈઓને અભિનંદન અને તમારા વ્યવસાયથી અલગ વિચાર્યું અને આ ક્ષેત્રમાં તમે આગળ વધો. આ ટેક પાર્કનું ઉદ્ઘાટન કર્યું છે. 1100 કરોડના ખર્ચે પાર્ક બનાવવામાં આવ્યું છે. 9000 પ્રોફેશનલ માટે આ ટેક પાર્કમાં થવાનું છે. પહેલા મે પિયુષ ગોયલને જવાનું કહ્યું હતું પરંતુ જ્યારે શેખર પટેલે મને બધું બતાવ્યું અને ખાસ કરીને ત્રાગડમાં બન્યું છે ત્યારે મેં આવવા કહ્યું હતું.

અમિત શાહે જણાવ્યું હતું કે, વર્ષ 1997માં ત્રાગડમાં પહેલા કઈ જ નહોતું. આજે મે ત્રાગડ જોઈ ખૂબ જ આનંદ થયો છે. આ પ્રથમ ફેઝ છે. કુલ 7 ફેઝમાં બનવાનું છે. આગામી પાંચ વર્ષમાં અહીંયા 63,000થી વધુ નોકરીની તકો ઊભી થવાની છે. જો ટાઉન પ્લાનિંગ સારું ન હોય તો શહેર સારું બને નહી. 30,000 સ્કવેર ફિટમાં બનેલા ગણેશ રિયલ એસ્ટેટ મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યૂટમાં 300 છોકરાઓ અભ્યાસ કરશે. 100 એકરમાં સંપૂર્ણ રીતે બની જશે ત્યારે ખૂબ સારી બાબત છે. તેમને વધુમાં કહ્યું કે, ખૂબ મોડી શરૂઆત છે પરંતુ સારી બાબત છે કે શરૂઆત થઈ ચૂકી છે. AI અને ડીપ ટેક ભવિષ્યની અર્થ વ્યવસ્થા છે. આપણે ઘણા ક્ષેત્રોમાં પાછળ હતા. આજે દરેક ક્ષેત્રમાં ફાઉન્ડર બન્યું છે. ભવિષ્યમાં ટેક પાર્ક આગળ વધશે. હાઈ ટેક યુથ આપણી પાસે છે. આ બંને પ્રકલ્પ ક્ષેત્રમાં ગુજરાતને આગળ વધારવામાં મોટો ભાગ ભજવશે.

તેમણે કહ્યું કે, વૈષ્ણોદેવી સર્કલ નજીક અમદાવાદ-ગિફ્ટ સિટી-ગાંધીનગર હાઈ ગ્રોથ કોરિડોરમાં આશરે 65 એકર વિસ્તારમાં વિકસાવવામાં આવી રહેલી આ ટેક સિટીમાં ગ્રેડ-એ ઓફિસ સ્પેસ, રહેણાંક સુવિધાઓ, રિટેલ અને હોસ્પિટાલિટી ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ દ્વારા આશરે 70 હજારથી વધુ ઉચ્ચ કુશળતા ધરાવતી રોજગારીનું સર્જન થશે.

આ ટેક પાર્કમાં કૃત્રિમ બુદ્ધિમત્તા (AI), રોબોટિક્સ, સેમિકન્ડક્ટર સહિતના અદ્યતન ક્ષેત્રોમાં સંશોધન, નવીનતા અને ટેક્નોલોજી વિકાસને પ્રોત્સાહન આપવામાં આવશે. રાજ્યમાં વૈશ્વિક સ્તરની ટેક્નોલોજી ઈકોસિસ્ટમ વિકસાવવામાં આ પ્રોજેક્ટ મહત્વપૂર્ણ સાબિત થશે તેવી તેમણે આશા વ્યક્ત કરી હતી.

મિલિયન માઈન્ડસ ટેક સિટી ઉદ્ઘાટન પ્રસંગે રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, દેશમાં સૌએ વિકાસની રાજનીતિને વધારી છે. પશ્ચિમ બંગાળના વિજય બદલ કેન્દ્રીય ગૃહ મંત્રીને અભિનંદન પાઠવું છું. ગુજરાત આજે ભારતના વિકાસનું મોડલ બન્યું છે. ગુજરાત અનેક ક્ષેત્રે પ્રગતિ કરી છે. મિલિયન માઈન્ડ ટેક પ્રોજેક્ટ હજારો રોજગારીની તકો ઊભી કરશે. સરકારની IT અને GCC પોલિસીથી IT સેક્ટર ખૂબ પ્રગતિ કરશે. AI સ્પેશિયલિસ્ટથી લઈ એન્જિયર ઊભા થશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, હવે રાજ્ય આઈટી, ઈનોવેશન અને ટેકનોલોજી આધારિત અર્થતંત્ર તરફ આગળ વધી રહ્યું છે. 'મિલિયન માઈન્ડ્સ ટેક પાર્ક' ગુજરાતના ટેકનોલોજી આધારિત વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. ડિજિટલ ઈકોનોમી, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, સેમીકન્ડક્ટર, ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર અને નોલેજ બેઝ્ડ સર્વિસીસ ક્ષેત્રે ગુજરાત 2.0નું સ્વપ્ન સાકાર થઈ રહ્યું છે. રાજ્ય સરકારની આઈટી પોલિસી તથા જીસીસી પોલિસી તેમજ કેન્દ્ર સરકારની પ્રોત્સાહક નીતિઓના કારણે ગુજરાતમાં આઈ.ટી સેક્ટરનો ઝડપી વિકાસ થશે.

તેમણે જણાવ્યું કે, ગિફ્ટ સિટી આજે વૈશ્વિક નાણાકીય અને ટેકનોલોજી ઈકોસિસ્ટમ તરીકે વિકસી રહ્યું છે, જ્યારે સાણંદ અને ધોલેરા SIR વિસ્તારમાં વિકસતી સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમ ગુજરાતને સેમિકન્ડક્ટર હબ તરીકે સ્થાપિત કરશે. મિલિયન માઈન્ડ ટેક સિટી માટે ગણેશ હાઉસિંગ ગ્રુપના શેખર પટેલને અભિનંદન પાઠવું

# બેંગકોકથી અમદાવાદની ફલાઈટમાંથી 6 કિલો ગાંજા સાથે એક શખસ ઝડપાયો
# અમદાવાદ એરપોર્ટ આવેલા મુસાફર પાસેથી વિદેશી સિગારેટનો જથ્થો પકડાયો

અમદાવાદ | અમદાવાદ આંતર રાષ્ટ્રીય એરપોર્ટ પર નશીલા પદાર્થો સહિત વિદેશી સિગારેટની દાણચોરીનું પ્રમાણ વધતું જાય છે. જો કે કસ્ટમ વિભાગના અધિકારીઓની બાજ નજરના કારણે દાણચોરી કરનારા શખ્સો ઝડપાઈ જાય છે. આજે વહેલી સવારે તથા ત્યારબાદ આવેલી બે ફલાઈટમાં આવેલા મુસાફરોને ઝડપી લઈને ગાંજો (ભાંગ) અને વિદેશી સિગારેટનો જથ્થો પકડી પાડવામાં આવ્યો છે.

આંતર રાષ્ટ્રીય બજાર કિંમત કરોડો રૂપિયા થાય છે. 6 કિલો ગાંજા સાથે એક વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે. નશીલા પદાર્થના વધતા જતા ચલણને ધ્યાનમાં લઈને સરકાર તરફથી તેને ડામવા માટે કાયદામાં કડક જોગવાઈ કરવામાં આવી હોવા છતાં થોડા ઘણાં નાણાં માટે કેરિયરો જોખમ ઉઠાવે છે.

ચોક્કસ ગુપ્ત માહિતી અને પેસેન્જર પ્રોફાઈલિંગના આધારે, એર ઈન્ટેલિજન્સ યુનિટ (AIU), એસવીપીઆઈ એરપોર્ટ, અમદાવાદના અધિકારીઓએ 16/17 મેં ની રાત્રે થાઈ એરવેઝ ઈન્ટરનેશનલ ફ્લાઈટ નં. TG - 343 દ્વારા બેંગકોકથી અમદાવાદ પહોંચેલા એક ભારતીય નાગરિકને અટકાવ્યો હતો.

મુસાફરના સામાનની તપાસ દરમિયાન, અધિકારીઓને ટ્રોલી બેગમાં છુપાયેલા લીલા



રંગના સૂકા છોડ જેવા પદાર્થવાળા 6 વેક્યુમ-સીલબંધ પેકેટો મળી આવ્યા હતા. જે જપ્ત કરીને પરીક્ષણ કરાવતા તે પદાર્થ ગાંજો (ભાંગ) માટે પોઝિટિવ હોવાનું જાણવા મળ્યું હતું.

કુલ 6.540 કિલોગ્રામ પ્રતિબંધિત પદાર્થ જપ્ત કરવામાં આવ્યો હતો અને નાર્કોટિક ડ્રગ્સ અને સાયકોટ્રોપિક સબસ્ટન્સ એક્ટ, 1985ની જોગવાઈઓ હેઠળ જપ્ત કરવામાં આવ્યો હતો. અને NDPS એક્ટ, 1985ની જોગવાઈઓ અનુસાર મુસાફરની ધરપકડ કરવામાં આવી હતી. પ્રાથમિક પૂછપરછમાં મુસાફર છત્તીસગઢના રાયપુરનો હતો અને તે તેની પહેલી વિદેશ યાત્રા હતી. તે ક્યાંથી અને કેમ લાવ્યો હતો તેમજ કોના માટે લાવ્યો હતો તે દિશામાં વધુ તપાસ ચાલુ છે.

આજે તારીખ 17 મેં ના રોજ અબુ ધાબીથી એતિહાદ એરવેઝની ફ્લાઈટ EY- 246 દ્વારા અમદાવાદ આવેલા બે મુસાફરો પાસેથી માન્ચેસ્ટર અને ડનહિલ બ્રાન્ડની વિદેશી મૂળની સિગારેટની કુલ 16,600 લાકડીઓ જપ્ત કરવામાં આવી હતી. આ મુસાફરો પૈકી એક મલપ્પુરમ અને બીજો કોઝિકોડનો છે. આ સિગારેટનો જથ્થો કસ્ટમ્સ એક્ટ, 1962ની જોગવાઈઓ હેઠળ જપ્ત કરવામાં આવ્યો છે. તેમની બાબતમાં પણ વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# RBIની કરન્સી ચેસ્ટમાંથી રૂ. 8.70 કરોડની ઉચાપત

### ભંગારના બહાને રાત્રિના સમયે રોકડ સગેવગે કરી, ઓડિટ કરતા જોઈન્ટ કસ્ટોડીયનનો ભાંડો ફૂટી ગયો




અમદાવાદ | કાલુપુર ગાંધીરોડ ફુવારા પાસે આવેલી બેંક ઓફ બરોડાની મુખ્ય શાખામાં RBIની કરન્સી ચેસ્ટમાંથી જોઈન્ટ કસ્ટોડિયને 8.70 કરોડ રૂપિયાની ઉચાપત કરી હોવાનું સામે આવ્યુ છે.બેન્કમાં ઓડિટ કરતા 500ના દરની 174 રીમ ઓછી જણાઈ હતી.જેથી તપાસ કરતા જોઈન્ટ કસ્ટોડિયને આરબીઆઈના ઈ-કુબેર પોર્ટલ પર ખોટા સર્ટિફિકેટ અને ચેસ્ટ સ્લીપ સબમીટ કરીને એક્સેલ શીટમાં પણ ચેડા કર્યા હતા.આ અંગે બેંકના ચીફ મેનેજરે જોઈન્ટ કસ્ટોડિયન સામે કાલુપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોધાવી છે.

ત્રાગડમાં રહેતા હરીહર દેવમ કાલુપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે તે ગાંધીરોડ પર આવેલ બેન્ક ઓફ બરોડામાં ચીફ મેનેજર તરીકે નોકરી કરે છે.તેમની બેન્કમાં રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા તરફથી રૂપિયા મૂકવા માટેની તિજોરી ( કરન્સી ચેસ્ટ ) રાખવામાં આવી છે.તેમાં આરબીઆઇ તરફથી આવેલ રોકડ મૂકવામાં આવે છે. જે રોકડ તમામ બેન્કોને જરૂરિયાત મુજબ બ્રાન્ચમાંથી મોકલવામાં આવે છે. જે કરન્સી ચેસ્ટ પર બેન્ક તરફથી એક કસ્ટોડિયન અને જોઈન્ટ કસ્ટોડિયન મૂકવામાં આવે છે.જેમાં જોઈન્ટ કસ્ટોડિયન તરીકે ચાંદખેડાના હરસિધ્ધભાઈ કડીયારને નોકરીએ રાખ્યા હતા. ત્યારે કરન્સી ચેસ્ટ બંનેની હાજરીમાં ખોલવામાં આવે છે. જ્યારે તિજોરીમાં વધુ રકમની લોડિંગ અનલોડિંગ કરવાની હોય ત્યારે આરબીઆઇ દ્વારા નિયુક્ત કરેલ કોન્ટ્રાક્ટરને જાણ કરતા હોય છે. તે કોન્ટ્રાક્ટર લેબરોને મોકલતા હોય છે. ત્યારે લેબર તરીકે ઘણી વખત જુલ્ફીકાર અંસારી અને તેનો પુત્ર સુલ્તાન અહેમદ અંસારી તથા બીજા લેબરો આવે છે.

બાદમાં 13 એપ્રિલ 2026થી હરસિધ્ધભાઈએ તાવ આવ્યો છે કહીને રજા લઈને બેન્કમાં નોકરી પર આવાનું બંધ કરી દીધુ હતુ. પરંતુ તે જ દિવસે રાત્રે હરસિધ્ધ બે લેબરો સાથે બેન્કમાં જઈને બોક્સો લઈ જતો હતો. જેથી સિક્યુરિટીએ મેનેજરને જાણ કરતા હરસિધ્ધને ફોન કરતા ભંગારના બોક્સ લઈ જઉ છું તેમ કહીને ગેરમાર્ગે દોર્યા હતા. મેનેજરે અનેકવાર મેઈલ, પત્ર અને ફોનથી જાણ કરી હોવા છતા આવ્યો ન હતો. \

# નકલી વિમલ અને મહક બનાવતું કારખાનું ઝડપાયું
# ઓઢવના વિજય એસ્ટેટમાં SOGનો દરોડો

(એજન્સી) અમદાવાદ | તા. 17

નકલીમાં બાકી હતું તો હવે પાન મસાલા પણ મળી આવ્યા છે. અમદાવાદના ઓઢવ વિસ્તારમાં આવેલા વિજય એસ્ટેટમાં એક કારખાનામાં દરોડો પાડી એસઓજીએ નકલી પાનમસાલા બનાવી વેચાણ કરતા એક શખસને ઝડપી પાડ્યો છે. પોલીસે ઘટનાસ્થળેથી મશીન સહિત નકલી પાન મસાલાનો જથ્થો જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી છે.

શહેરની ખાનગી કંપનીના પ્રોપરાઈટર હિરેન પટેલે SOG ને માહિતી આપી હતી કે ઓઢવામાં વિજય એસ્ટેટમાં એક વ્યક્તિ નકલી વિમલ અને મહક પાન મસાલા બનાવીને અન્ય શહેરોમાં વેચી રહ્યો છે,જેના આધારે SOG ની ટીમે ઓઢવના શેડમાં રેડ કરી હતી ત્યારે શેડમાથું શબ્બીરઅલી શેખ મળી આવ્યો હતો.આ ઉપરાંત શેડમાંથી વિમલ પાન મસાલા ના 2000પેકેટ,મહક પાન મસાલા ના 100પેકેટ, પાન



મસાલાની છૂટક પડીકી,સોપારી,પેપર રોલ પ્લાસ્ટિકના પાઉચ,મોબાઈલ ફોન સહિત કુલ 3.34 લાખ રૂપિયાનો મુદ્દામાલ પણ મળી આવ્યો હતો. આરોપીની પૂછપરછ કરતા સામે આવ્યું હતું.

# કન્સલટન્સીના ડેપ્યુટી મેનેજરે વિદ્યાર્થીઓની ફીની ઉચાપત કરી : 10.83 લાખ ફી લઈને જમા ન કરાવી

(એજન્સી) અમદાવાદ | તા. 17

અમદાવાદમાં વિઝાના નામે લોકો સાથે છેતરપિંડીના બનાવ બનતા હોય છે, ત્યારે હવે કન્સલટન્સીના ડેપ્યુટી મેનેજરે વિદ્યાર્થીઓની ફીના પૈસા બારોબર લઈ લીધા છે. મેનેજરે ફીની રકમ ના તો યુકેની યુનિવર્સિટીમાં જમા કરાવી કે ના વિદ્યાર્થીઓને પરત આપી હતી. જેથી કન્સલ્ટન્સી દ્વારા એલિસબ્રિજ પોલીસ સ્ટેશનમાં ડેપ્યુટી મેનેજર વિરોધ ફરિયાદ નોંધાવવામાં આવી છે.

વડોદરામાં રહેતા જયદીપસિંહ રાઠોડે એલીસબ્રીજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે, તેઓ આંબાવાડી ખાતે આવેલા કેરિયર ક્રાફ્ટ કન્સલ્ટન્સી નામની સ્ટડી એબ્રોડ એજ્યુકેશન કંપનીમાં સિનિયર મેનેજર તરીકે ફરજ બજાવે છે. તેની અમદાવાદની બ્રાંચમાં ઋષિલ શાહ ડેપ્યુટી મેનેજર તરીકે ફરજ બજાવતો હતો. ઋષિલ કંપનીની તમામ પ્રક્રિયાથી વાકેફ હતો. ઋષિલની કામગીરી ઉપર શંકા જતા તપાસ કરવામાં આવી ત્યારે



સામે આવ્યું હતું કે, ઋષિલ શાહે માર્ચથી નવેમ્બર 2025 દરમિયાન કંપનીમાં આવતા વિદ્યાર્થીઓ કે તેમના વાલીઓ પાસેથી યુકેની યુનિવર્સિટીના બેન્ક એકાઉન્ટમાં ફી જમા કરાવવાના બદલે પોતાના પર્સનલ બેંક એકાઉન્ટમાં અને રોકડ મારફતે કુલ 29.30 લાખ રૂપિયા મેળવ્યા હતા, જેમાંથી વાલીઓને ટુકડે ટુકડે 18.30 લાખ આપ્યા હતાં. પરંતુ બાકીના 10.83 લાખ રૂપિયા પરત આપ્યા નહોતા. ઋષિલે આ પૈસા યુકેની યુનિવર્સિટીમાં ફીના પણ જમા પણ કરાવ્યા નહોતા.

# ગૌવંશનું માંસ વેચવાના કેસમાં 3 આરોપીઓને 8 વર્ષની કેદ : 250 કિલો ગૌમાંસ જપ્ત કર્યું હતું

અમદાવાદ | વર્ષ 2019માં રખિયાલ ખાતે પોલીસને મળેલી બાતમીના આધારે રખિયાલ પોલીસ સ્ટેશનની ટીમે દરોડો પાડીને દુકાનમાંથી ગેરકાયદેસર રીતે વેચાતું આશરે 250 કિલો જેટલું ગૌમાંસ ઝડપી પાડ્યું હતું. જેની કિંમત 37 હજાર જેટલી આંકવામાં આવી હતી. આ સાથે માંસ કાપવા માટે વપરાતી એક લોખંડની છરી પણ જપ્ત કરવામાં આવી હતી.

FSL અધિકારી દ્વારા સ્થળ પરથી માંસના 6 સેમ્પલ લેવામાં આવ્યા હતા, જેમાંથી 4 સેમ્પલમાં ગાયની પ્રજાતિનું માંસ હોવાની પુષ્ટિ થઈ હતી. ત્યારબાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સ્લોટર હાઉસ અધિકારીઓની મદદથી આ માંસનો યોગ્ય રીતે નિકાલ કરવામાં આવ્યો હતો. આરોપીઓ સામે ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમ, 2017 , IPC, ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ વગેરેની કલમો અંતર્ગત ગુન્હોહતો. અમદાવાદ સીટી સેશન્સ કોર્ટે 8 પુરાવાઓ, 7 સાક્ષીઓની જુબાનીઓ અને દલીલોની આખરી ચકાસણી કરીને આરોપી સમીર શેખ, ઝફરખાન પઠાન, અને મોહમ્મદ અઝમલ શેખને દોષિત ઠેરવીને 8 વર્ષની કેદ અને પ્રત્યેકને 2 લાખનો દંડ ફટકાર્યો છે.

# ગુજરાતમાં વસતી ગણતરીનો પ્રારંભ, આ ચાર સવાલ પહેલીવાર પૂછાશે

(એજન્સી) ગાંધીનગર | તા. 17

રાજ્યમાં આજથી (17 મેને રવિવાર) વસતી ગણતરીની શરૂઆત થઈ છે. લોકો 31 મે સુધી સેલ્ફ એન્યુમેરેશન (જાતે માહિતી અપલોડ કરવી) કારી શકશે. બે તબક્કામાં થનારી વસતી ગણતરી માટે પ્રથમ તબક્કામાં 1 જૂનથી 30 જૂન દરમિયાન તમામ ઘરની ગણતરી કરાશે. ઘરના મુખ્ય વ્યકિતને વસતી ગણતરી કરવા આવનાર કર્મચારી દ્વારા 33 સવાલ પૂછવામાં આવશે. જ્યારે બીજા તબક્કાની વસતી ગણતરી 9 ફેબ્રુઆરી 2027થી 28 ફેબ્રુઆરી, 2027 સુધી થશે.

ગુજરાતમાં કૂલ 1.10 લાખ કર્મચારીઓ વસતી ગણતરીની કામગીરીમાં જોડાશે. શિક્ષકો અને પ્રોફેસરો દ્વારા વસતી ગણતરીની કામગીરીમાંથી મુક્ત રાખવાની માગ કરવામાં આવી રહી છે. ત્યારે વસતી ગણતરી નિયામકે કહ્યું હતું કે, આ બાબતે સરકાર અંતિમ નિર્ણય કરશે.

રાજ્યમાં 15 વર્ષ બાદ યોજાઈ રહેલી વસતી ગણતરીના પ્રથમ તબક્કાનો 1 જૂનથી પ્રારંભ થશે. 1 જૂનથી 30 જૂન દરમિયાન તમામ ઘરોની ગણતરી કરાશે. કર્મચારીઓ દ્વારા 33 સવાલોના જવાબ મેળવાશે. લોકો જાતે પણ 17 મેથી 31 મે દરિયાન ઓનલાઈન પોતાની માહિતી અપલોડ કરી શકશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઓનલાઈન માધ્યમથી પરિવારની વિગતો ભરીને ગુજરાતમાં 'વસ્તી ગણતરી-2027' અંતર્ગત પ્રથમ વખત શરૂ કરાયેલી ડિજિટલ સ્વ-ગણતરી પદ્ધતિનો ઔપચારિક પ્રારંભ કરાવ્યો છે. મુખ્યમંત્રીએ આ મહત્વપૂર્ણ રાષ્ટ્રીય કવાયતમાં સૌને સક્રિયપણે ભાગ લેવા અનુરોધ કર્યો છે. સુરતમાં કેન્દ્રીય મંત્રી સીઆર પાટીલે સેલ્ફ એન્યુમેરેશન કર્યું છે.

કેન્દ્રીય જળશક્તિ મંત્રી સીઆર પાટીલે આ રાષ્ટ્રીય પ્રક્રિયા અંગે મહત્વનું નિવેદન આપતા જણાવ્યું હતું કે, જનગણના 2027 એ દેશના ભાવી વિકાસ અને આયોજન માટે ભારત સરકાર દ્વારા હાથ ધરાતી સૌથી મહત્વપૂર્ણ રાષ્ટ્રીય પ્રક્રિયાઓમાંની એક છે. વસ્તી ગણતરીમાંથી પ્રાપ્ત થતા ડેટાના આધારે જ સરકાર ભવિષ્યની નીતિઓ નક્કી કરે છે. આરોગ્ય, શિક્ષણ, આવાસ, સંસાધનોનું યોગ્ય વિતરણ અને અન્ય જનકલ્યાણકારી યોજનાઓના અસરકારક અમલીકરણ માટે આ આંકડા ખૂબ જ જરૂરી છે. જો આંકડા સાચા હશે, તો જ વિકાસનો લાભ યોગ્ય લોકો અને છેવાડાના વિસ્તારો સુધી પહોંચાડી શકાશે.

મંત્રી સીઆર પાટીલે નાગરિકોને આશ્વાસન આપતા જણાવ્યું છે કે, જનગણના દરમિયાન લોકોએ આપેલી તમામ માહિતી કાયદા મુજબ સંપૂર્ણપણે ગુપ્ત રાખવામાં આવે છે. આ માહિતીનો ઉપયોગ માત્ર આંકડાકીય વિશ્લેષણ અને વિકાસલક્ષી હેતુઓ માટે જ થાય છે. વસ્તી ગણતરીના આધારે જે સચોટ આંકડા સામે આવશે, તેનાથી નીતિ આયોગ, કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારોને પોતાના વાર્ષિક બજેટમાં યોગ્ય જોગવાઈઓ કરવામાં મોટી મદદ મળશે. સચોટ ડેટાના કારણે જ જનહિતના કામો વધુ સારી રીતે હાથ ધરી શકાશે અને સામાન્ય જનતાને તેનો મોટો ફાયદો મળશે.

રાજ્યના તમામ જિલ્લા, મહાનગરપાલિકા, નગરપાલિકા તેમજ ગામડાઓમાં વસતી ગણતરી યોજાશે. આ વસતી ગણતરીમાં 1,10,598 હાઉસલિસ્ટિંગ બ્લોક્સ (HLBs), 1,09,038 ગણતરીદારો તેમજ 18,254 સુપરવાઈઝરનો સમાવેશ થાય છે. આ અભિયાનને સફળ બનાવવા માટે ગણતરીદારો, સુપરવાઈઝર અને અન્ય વસતી ગણના અધિકારીઓને ત્રણ તબક્કામાં તાલીમ આપવામાં આવી રહી છે.